આન્તોન ચેખોવ

લઘુનવલો અને નવલિકાઓ



આન્તોન ચેખોવ

લઘુનવલો અને નવલિકાઓ

(૧૮૮૪–૧૯૦૩)

પ્રગતિ પ્રકાશન

મોસ્કો

А. П. ЧЕХОВ

Повести и рассказы

на языке гуджарати

અનુવાદક — અતુલ સવાણી

ચિત્રકાર — લેઓનીદ ઝૂસ્માન

વાચકોને

અમારા આ પ્રકાશનના વસ્તુ, ભાષા, રંગરૂપ તથા છપાઈ જેવા પ્રત્યેક અંગ વિશે આપના અભિપ્રાયો મેળવતાં અમને અત્યંત આનંદ થશે. નવાં પ્રકાશનો વિશે આપનાં સલાહસૂચનોનું અમારા કાર્યાલયમાં સાભાર સ્વાગત થશે.

પ્રગતિ પ્રકાશન
૧૭, ઝુબોવ્સ્કી બૂલવાર,
મોસ્કો (સોવિયેત સંઘ)

સોવિયેત સંઘમાં મુદ્રિત

પ $\frac{70301-371}{014(01)-79}$ 854—79 4702010100

અનુક્રમણિકા

આન્તોન ચેખોવ

લેખક—મક્સીમ ગોર્કી

તેમણે એક વાર મને કુચુક-કોઈ ગામે આવવાનું આમંત્રણ આપ્યું. તે ત્યાં બે માળના સફેદ મકાનમાં રહેતા હતા અને તેમની પાસે જમીનનો નાનકડો પ્લૉટ હતો. તેમણે અણથંભ વાતો કરતાં કરતાં પોતાની "જાયદાદ" મને બતાવી.

"મારી પાસે ઢગલાબંધ પૈસા હોત તો મેં અહીંયાં ગામોના માંદા શિક્ષકો માટે આરોગ્યભવન બંધાવ્યું હોત. એવું મકાન કે જેમાં પુષ્કળ હવાઉજાસ હોય, પાર વગરનાં હવાઉજાસ હોય, મોટી મોટી બારીઓ અને ઊંચી છત હોય. વળી સરસ મઝાનું પુસ્તકાલય હોય, તરેહવાર સંગીતવાદ્યો હોય, મધમાખીઓ ઉછેરવાની વ્યવસ્થા હોય, શાકભાજીનો વાડો હોય, ફળોદ્યાન હોય. અને હું ખેતીવાડી, હવામાન વિજ્ઞાન, વગેરે સંબંધી વ્યાખ્યાનોની ગોઠવણ કરું—ભલા આદમી, શિક્ષકોએ તો બધી જાણકારી હાંસલ કરી લેવી જોઈએ, બધી જ."

તેમણે એકાએક થંભી જઈને ઉધરસ ખાધી, ત્રાંસી નજર મારી તરફ નાખી, અને મધુર મૃદુ સ્મિત કર્યું. તેમના સ્મિતમાં એવી પ્રબળ મોહિની છે કે સામા માણસને તેમની વાત એકાગ્ર ધ્યાનથી સાંભળવી જ પડે.

"મારાં સ્વપ્નોનું ગાન સાંભળવામાં તમને કંટાળો આવે છે? મને આ વાત કરવાનું બહુ ગમે છે. રશિયાનાં ગામોમાં સારા, બુદ્ધિશાળી, સુશિક્ષિત શિક્ષકોની સખત જરૂર છે એ હકીકત તમે જાણતા હોત તો આ વાત તમને સહેલાઈથી સમજાઈ ગઈ હોત. રશિયામાં આપણે શિક્ષકો માટે અસાધારણ સંજોગો પેદા કરવા જ પડે એમ છે, અને તે પણ બને એટલા જલદી, કારણ કે આપણે સમજીએ છીએ કે લોકોને સર્વાંગી કેળવણી નહિ મળે તો અપૂરતી પકવેલી ઈંટો વડે બાંધેલી ઈમારત જેવી રીતે ઢળી પડે એવી જ રીતે રાજ્ય ભાંગી પડશે. શિક્ષકે અદાકાર હોવું જોઈએ, કલાકાર હોવું જોઈએ, તેને પોતાના કામ પ્રત્યે ઉત્કટ પ્રેમ હોવો જોઈએ. પરંતુ આપણા શિક્ષકો તો મજૂરો છે, અરધું શિક્ષણ પામેલા માણસો છે, તેઓ જેટલી રાજીખુશીથી હદપારીની સજા વેઠવા જાય એટલી જ રાજીખુશીથી બાળકોને ભણાવવા ગામોમાં જાય છે. તેઓ ભૂખે મરતા હોય છે, કચડાયેલા હોય છે, આજીવિકા ખોઈ બેસવાની કાયમી દહેશતમાં સબડતા હોય છે. આવશ્યક છે કે શિક્ષક ગામમાં પહેલા નંબરનો નાગરિક હોય, કિસાનોના તમામ સવાલોના જવાબ આપી શકે, કિસાનો તેની શકિતને માન્ય કરે, તેની તરફ પૂરું ધ્યાન આપે અને આદર બતાવે, કોઈ તેની સામે બરાડા પાડવાની... તેના મોભાને ઉતારી પાડવાની હિંમત ન કરે. આપણે ત્યાં સૌ એમ કરતા હોય છે—ગામનો પોલીસ, દોલતમંદ દુકાનદાર, પાદરી, નિશાળનો પૅટ્રન, મુખી, અને પેલો અમલદાર કે જે સ્કૂલ ઇન્સ્પેક્ટર તરીકે ઓળખાતો હોવા છતાં શિક્ષણના સંજોગો સુધારવાનું કામ કરવાને બદલે જિલ્લા અધિકારીઓના પરિપત્રોને અક્ષરશઃ અમલમાં મૂકવાની જ એકમાત્ર ફિકરમાં ડૂબેલો રહેતો હોય છે. લોકોને શિક્ષણ આપવાનું—ખ્યાલ

રાખો કે લોકોને શિક્ષણ આપવાનું—કાર્ય જેને સોંપવામાં આવે છે એવા માણસને માંડ પેટ ભરાય એટલો ટુકડો નીરી દેવાની વાત જ બેહૂદી છે. એવી હાલતને કોઈ રીતે સાંખી ન જ લેવાય કે જેમાં એ માણસને ચીંથરેહાલ રહેવું પડતું હોય, ભેજવાળી ખંડેર જેવી નિશાળમાં ટાઢે થરથરવું પડતું હોય, હવાની આવજાના ખરાબ બંદોબસ્તને લીધે સગડીના ધુમાડાના ગોટાઓનું ઝેર શ્વાસમાં લેવું પડતું હોય, કાયમ શરદીનો રોગી બની રહેવું પડતું હોય, અને ત્રીસ વર્ષની ઉંમરે ગળાનો સોજો, સંધિવા, તથા ક્ષય જેવા સંખ્યાબંધ રોગોનું ઘર બની જવું પડતું હોય. એ તો આપણે માટે નામોશીની વાત છે! આપણા શિક્ષકોને વરસમાં નવથી દસ મહિના અરણ્યવાસી જોગી જેવું જીવન જીવવું પડે છે, તેમને વાત કરવા કોઈ માણસ મળતું નથી, તેઓ એકલતાને લીધે તેમ જ પુસ્તકો કે આનંદવિનોદ વગર જડ જેવા બની જાય છે. અને તેઓ મિત્રોને પોતાને ત્યાં મળવા બોલાવે તો લોકો તેમને અસંતોષી—ચાલાક માણસો તરફથી બેવકૂફોને દહેશતમાં નાખી દેવા માટે વાપરવામાં આવતો મૂર્ખાઈભર્યો શબ્દ—ગણવા લાગે છે... આ બધું ઘૃણાસ્પદ છે... મહાન અને અત્યંત મહત્ત્વનું કાર્ય કરતા માનવીઓની એક જાતની ઠેકડી છે. તમને ખબર છે, હું જ્યારે કોઈ શિક્ષકને મળું છું ત્યારે મને તેની હાજરીમાં ભારે અકળામણ થાય છે—તેના સંકોચને કારણે, તેના બેહાલ કપડાંને કારણે. મને એવી લાગણી થાય છે કે શિક્ષકની કંગાલ હાલત માટે જાણે હું જ કોઈ રીતે કસૂરવાર છું, હા, મને ખરેખર એવી લાગણી થાય છે!"

એક પળ થંભી જઈને તે હાથ લાંબા કરતા હળવા અવાજે બોલ્યા:

"કેવો બેહૂદો ને કઢંગો છે આપણો આ રશિયા દેશ!"

ઊંડી ગ્લાનિની છાયાથી તેમની સુંદર આંખો ઘેરી બની ગઈ, આંખોને ખૂણે કરચલીઓની મઝાની જાળી રચાઈ ગઈ, એથી તેમની નજર જાણે વધારે ગહન બની ગઈ. તે આસપાસ નજર ફેરવીને ખુદ પોતાને વિશે જ મજાક કરતા બોલ્યા:

"જોયું ને—કોઈ ઉદારવાદી અખબારનો લાંબોલચક અગ્રલેખ તમને સંભળાવી દીધો! ચાલો, તમારી ધીરજના ઈનામ તરીકે તમને થોડીક ચા પિવડાવું..."

તેમની બાબતમાં ઘણી વાર એમ બનતું. એક પળે ઉત્સાહથી, ગંભીરતાથી, અને નિખાલસતાથી વાત કરતા હોય, અને બીજી જ પળે ખુદ પોતાને વિશે તથા પોતાના શબ્દો વિશે મજાક કરીને હસી લેતા હોય. શબ્દોનું મૂલ્ય, સ્વપ્નોનું મૂલ્ય, જાણનારા માનવીની સૂક્ષ્મ સંદેહશીલતા એ મૃદુ ગમગીન હાસ્ય નીચેથી સાફ વરતાઈ આવતી. તેમની મોહક વિનમ્રતા અને સહજ મૃદુતા એ હાસ્યમાં પણ સમાયેલી રહેતી.

અમે કંઈ બોલ્યા વગર પાછાં ઘર તરફ પગલાં માંડયાં. હવામાં હૂંફ હતી, મનોહર પ્રકાશમય વાતાવરણ હતું. સૂર્યનાં તેજસ્વી કિરણોમાં ચળકી રહેલાં મોજાંનો અવાજ સંભળાઈ રહ્યો હતો. ખીણમાં કોઈ કૂતરું કશીક બાબતની ખુશી જાહેર કરતું ભસી રહ્યું હતું. ચેખોવે મારા હાથમાં હાથ પરોવી લીધો, અને ઉધરસને લીધી તૂટક અવાજે ધીમે ધીમે કહ્યું:

"નામોશીની અને ભારે અફસોસની વાત છે, પણ ખરી વાત છે—ઘણા માણસો કૂતરાંની ઈર્ષ્યા કરતાં હોય છે..."

અને પછી હસતાં હસતાં ઉમેર્યું:

"આજે મારી બધી વાતો બુઢાપાના લવારા જેવી લાગે છે—એટલે એમ કે ઘડપણ આવી ગયું."

મને ઘણી ઘણી વાર તેમની પાસેથી સાંભળવા મળતું:

"જુઓ... એક શિક્ષક હમણાં જ આવ્યો છે... માંદો છે... પરણેલો છે—તમે એને કંઈ મદદ ન કરી શકો? હાલ પૂરતો બંદોબસ્ત તો મેં કરી દીધો છે..."

અથવા:

"સાંભળો, ગોર્કી! એક શિક્ષક તમને મળવા માગે છે. માંદગીમાં ખાટલાવશ છે. તમે જઈને એને મળી આવો, જશો ને?"

અથવા:

"એક શિક્ષિકાએ પુસ્તકો મંગાવ્યાં છે..."

ક્યારેક એ "શિક્ષક" જોડે મારી મુલાકાત તેમના ઘરમાં જ થઈ જતી: સામાન્ય શિક્ષક, પોતાની જ અકળામણની સભાનતાથી તેનું મોં રાતું થઈ ગયેલું હોય, ખુરશીની કિનાર પર બેઠો હોય, શબ્દો વીણી વીણીને બને એટલી સરળતાથી તથા "શિક્ષિત" રીતે બોલવાની કોશિશ કરતો હોય, અથવા લેખકની નજરમાં મૂઢ ન દેખાવાની મુરાદમાં તદ્દન લીન થઈ ગયેલા વિકૃત રીતે શરમાળ માણસની અતિ-પરિચિતતાની વૃત્તિ જાહેર કરીને, કદાચ એ ઘડીએ જ તેના ભેજામાં ઝબકી ગયેલા સવાલોની ઝડી આન્તોન પાવ્લોવિચની ઉપર વરસાવી રહ્યો હોય.

અણઘડ કથનને આન્તોન પાવ્લોવિચ ધ્યાનથી સાંભળે, ગમગીન આંખોને ઝગમગાવી દઈને લમણાની કરચલીઓને રમતે ચડાવી દેતું સ્મિત કરે, અને ઊંડા, મૃદુ, દબાયેલા અવાજે બોલવાનું શરૂ કરે, સાદા અને સ્પષ્ટ તેમ જ જીવન

સાથે ગાઢ સંકળાયેલા શબ્દોનો ઉપયોગ કરે, સાંભળનારની બેચેની તરત જ ઓસરી જાય અને તે સ્વસ્થ બની જાય, ડહાપણ હાંકવાની કોશિશો બંધ કરી દે અને પરિણામે વધારે સમજુ તથા વધારે ઉત્સુક બને...

એવો એક શિક્ષક મને યાદ છે—ઊંચો, પાતળો, ફિક્કા કરમાયેલા ચહેરાવાળો, અનેં ગમગીન રીતે ચિબુક તરફ ઢળતા લાંબા વાંકડિયા નાકવાળો. તે આન્તોન પાવ્લોવિચની સામે બેઠો બેઠો પોતાની ઘેરી આંખો વડે તેમના ચહેરા ઉપર એકધારી મીટ માંડીને ઘોઘરા રોતલ અવાજે ગણગણી રહ્યો હતો:

"શૈક્ષણિક સત્રના આખા ગાળા દરમિયાન જીવનના સંજોગોમાંથી એકત્રિત થયેલા એવા પ્રકારના અનુભવો માનસિક જમેલાના રૂપમાં સંચિત થતા હોય છે જે આસપાસના જગત પ્રત્યે વસ્તુલક્ષી વલણની જરાક જેટલીયે શક્યતાને તદ્દન ખતમ કરી નાખે છે. જગત તો બેશક તેને લગતી આપણી પોતાની વિભાવના સિવાય બીજું કશું નથી..."

અહીંયાં તે તત્ત્વજ્ઞાનની ભૂમિ પર પહોંચી ગયો અને બરફ ઉપર લપસી પડતા દારૂડિયાની જેમ લપસી પડવા લાગ્યો.

"કહો તો," ચેખોવે સ્વસ્થ અને હેતાળ અવાજે પૂછ્યું, "તમારા જિલ્લામાં બાળકોને ઢીબી નાખતા હોય એવા શિક્ષકો કોણ કોણ છે?"

શિક્ષક ખુરશીમાંથી ઠેકડો મારતો ઊભો થઈ ગયો અને રીસે ભરાઈને હાથ હલાવવા લાગ્યો.

"શું? હું? કદી નહિ! હું બાળકોને મારું?

તે નારાજ થઈને છીંકોટા કરવા લાગ્યો.

"તમે ઉશ્કેરાઈ ન જાઓ," આન્તોન પાવ્લોવિચે તેને શાંત પાડવા માટે હોઠ મલકાવીને આગળ કહ્યું. "મેં ક્યાં કહ્યું છે કે તમે ઢીબો છો? પણ મને છાપામાં વાંચેલું યાદ આવે છે કે તમારા જિલ્લામાં કોઈ શિક્ષક બાળકોને મારતો..."

શિક્ષક પાછો બેસી ગયો, અને મોં પર બાઝેલો પરસેવો લૂછીને તથા રાહતનો શ્વાસ લઈને ઊંડા ઘોઘરા અવાજે બોલ્યો:

"ખરી વાત છે. એક શિક્ષકની બાબતમાં એમ હતું. માકારોવ. પણ એમાં અચરજ જેવું કંઈ નથી! ગજબની વાત છે પણ સમજાય એવી છે. પરણેલો છે, ચાર છોકરાં છે, વહુ માંદી છે, પોતે પણ ક્ષયનો રોગી છે, પગાર વીસ રૂબલ... અને નિશાળ ભંડકિયા જેવી છે, શિક્ષક માટે એક જ ઓરડી છે. એવા સંજોગોમાં તો માણસ સ્વર્ગના દેવદૂતને પણ જરાક સરખા વાંક બદલ તમાચો ચોડી દે, અને નિશાળનાં છોકરાં દેવદૂતો જેવાં જરાય નથી હોતાં, ખરું કહું છું!"

થોડીક જ વાર પહેલાં ભવ્ય શબ્દોના ઉપયોગ વડે ચેખોવને પ્રભાવિત કરવાની કોશિશોમાં અટવાઈ ગયેલો એ આદમી અચાનક જ પોતાનું વાંકડિયું નાક અશુભસૂચક રીતે હલાવતો પથ્થરો જેવા, સાદા અને વજનદાર, શબ્દો બોલવા લાગ્યો, રશિયન ગામમાં ચાલતી જિંદગીના કાળમુખા કુટિલ સત્ય ઉપર ઝળહળતો પ્રકાશ પાથરી દેતા શબ્દો બોલવા લાગ્યો...

શિક્ષકે વિદાય લેતી વેળા ચેખોવનો નાનકડો, કરમાઈ ગયેલો, અને પાતળી આંગળીઓવાળો હાથ પોતાના બેઉ હાથમાં લઈને દબાવ્યો.

"હું જાણે ઉપરી અમલદારને મળવા જતો હોઉં એવી લાગણી લઈને તમને મળવા આવેલો," તેણે કહ્યું. "મારી કાયા થરથર કંપી રહી હતી. હું ફાંકેબાજી કરવા લાગ્યો, મારો ઇરાદો તમને બતાવી આપવાનો હતો કે હું પણ કંઈક છું, પણ હવે હું જાઉં છું ત્યારે મને એવી લાગણી થાય છે કે બધું બરાબર સમજતા એક સરસ ગાઢ મિત્રની વિદાય લઈ રહ્યો છું. બધું બરાબર સમજવાની બાબત કેવી અદ્ભુત છે! તમારો આભાર. હું જાઉં છું. સુખદ, મૂલ્યવાન વિચાર ભેગો લઈને જાઉં છું: મહાન માનવીઓ સાવ સાદા હોય છે, બહેતર સમજતા હોય છે, અમારા જેવા બિચારા મર્ત્ય જીવોની વધારે નિકટ હોય છે, અમે જેમની વચ્ચે જિંદગી ગુજારીએ છીએ એ તમામ કંગાલો કરતાં વધારે નિકટ હોય છે. આવજો, હું તમને કદી નહિ ભૂલું."

તેનું નાક ફરકવા લાગ્યું, તેના હોઠ જાણે ઢીલા થઈને મઝાનો મલકાટ કરવા લાગ્યા, અને તેણે અણધાર્યું ઉમેર્યું:

"નઠારા લોકો કમનસીબ પણ હોય છે — દોજખમાં જાય!"

તે ચાલ્યો ગયો ત્યારે આન્તોન પાવ્લોવિચે નજર તેની પાછળ પાછળ લંબાવતાં કહ્યું: "અચ્છો આદમી. પણ હવે બહુ ઝાઝા દિવસ ભણાવશે નહિ."

"કેમ?"

"એનો ખેધો લેશે... આખરે એને કાઢી મૂકીને જ જંપશે."

થોડી વાર થંભીને તેમણે ધીમા મૃદુ અવાજે ઉમેર્યું:

"આયાઓ નાનાં બચ્ચાંને બિવડાવવા ધુમાડિયાં સાફ કરનારા મજૂર તરફ આંગળી ચીંધતી હોય છે, રશિયામાં ઇમાનદાર આદમી એ મજૂર જેવો જ હોય છે..."

મને લાગે છે કે આન્તોન પાવ્લોવિચની હાજરીમાં દરેક માણસને અજાણ્યે જ ઝંખના થતી હોય છે કે પોતે વધારે સાદાઈ અપનાવે, સત્યને વધારે વફાદાર રહે, પોતે જેવો હોય એવો જ આગળ આવે. મેં ઘણા પ્રસંગોએ જોયું છે કે તેમની હાજરીમાં લોકો ભવ્ય પુસ્તકિયાં વાક્યોના ઠઠારાને, ફૅશનેબલ અદાઓને, અને જેવી રીતે જંગલીઓ કોચલાંનો તથા માછલીના દાંતનો શણગાર સજતા હોય છે એવી જ રીતે રશિયનો યુરોપિયનો જેવા દેખાવાની તાલાવેલીમાં જે બીજી સસ્તી નિર્માલ્ય વસ્તુઓના વાઘા પહેરતા હોય છે એ તમામ ચીજોને ફગાવી દેતા હોય છે. આન્તોન પાવ્લોવિચને માછલીના દાંત અને કૂકડાનાં પીંછાં ગમતાં નહિ. માનવ-પ્રાણીઓ તરફથી "ઓજસમય દેખાવા" ખાતર ધારણ કરવામાં આવતું ઠાઠમાઠનું, ખાલી રણકતું, પરાયું બધું જોઈને તેમને અકળામણ થતી. મારા ધ્યાનમાં આવેલું કે તે એવો ઠઠમાઠ કરેલા કોઈ માણસને મળે ત્યારે એ માણસના અસલ ચહેરા તથા ચેતનમય આત્માને વિકૃત કરી દેતા દંભી તથા ક્ષુલ્લક સાજશણગારથી તેને મુકત કરી દેવાનો અદમ્ય આવેગ તેમના મનમાં જાગતો. આન્તોન પાવ્લોવિચ આખી જિંદગી પોતાના આત્માને અનુસરતા રહ્યા હતા, પોતાનું અસલ વ્યકિતત્વ જ જાહેર કરતા, પોતાના અંતરને સદા મુકત રાખતા, અને આન્તોન ચેખોવ પાસેથી કેટલાક લોકોની અપેક્ષાઓને તથા બીજા વધારે તોછડા લોકોની માગણીઓને મુદ્દલ ધ્યાનમાં ન લેતા. તેમને "આભને અડતા" વિષયોની વાતચીત ન ગમતી. સાદા દિલના રશિયનો ભૂલી જતા હોય છે કે પોતાની પાસે એકાદ સારું પાટલૂન પણ ન હોય ત્યારે ભવિષ્યના મખમલના પોશાકની વાત બેહૂદી હોય છે, જરાય

ચતુરાઈભરી નથી હોતી, અને તેઓ એવી વાતોમાં રાચતા હોય છે. આન્તોન પાવ્લોવિચને એવી વાતો પસંદ નહોતી.

તેમનામાં અદ્‌ભુત સાદગી હતી. સાદું હોય, અસલી હોય, નિખાલસ હોય એવું બધું તેમને બહુ ગમતું, અને બીજાઓને સાદા બનાવી દેવાની અનોખી રીત તે ધરાવતા હતા.

એક વાર બેહદ સાજશણગાર સજેલી ત્રણ મહિલાઓ તેમને મળવા આવી. રેશમનાં વસ્ત્રોના ફરફરાટનો અવાજ અને આકરાં અત્તરોની ખુશબો ખંડમાં ભરાઈ ગયાં. બાઈઓ આન્તોન પાવ્લોવિચની સામે દમામથી બેઠી, અને રાજકારણમાં ઊંડા રસનો દેખાવ કરીને તેમને "સવાલો પૂછવા" લાગી.

"આન્તોન પાવ્લોવિચ, તમે શું ધારો છો, યુદ્ધનો અંત કેવો આવશે?"

આન્તોન પાવ્લોવિચે ઉધરસ ખાધી, એક પળ વિચાર કર્યો, અને પછી મૃદુ, ગંભીર, માયાળુ અવાજે જવાબ આપ્યો:

"ચોક્કસ શાંતિમાં જ."

"એ તો ખરું. પણ કોણ જીતશે? ગ્રીકો કે તુર્કીઓ?"

"લાગે છે કે વધારે તાકાતવાન હશે એ જ જીતવાના."

"તમે કોને વધારે તાકાતવાન ગણો છો?" મહિલાઓએ એકીઅવાજે સવાલ કર્યો.

"જે બહેતર ખોરાક પામતા હોય અને વધારે શિક્ષિત હોય તેને."

"બહુ ચતુર છે, નહિ?" એક મહિલા બોલી ઊઠી.

"તમે કોને પસંદ કરો છો—ગ્રીકોને કે તુર્કીઓને?"

આન્તોન પાવ્લોવિચે તેની તરફ હેતાળ નજર નાખી અને સંકોચમય વિનયી સ્મિત કરતાં જવાબ આપ્યો:

"મને તો ખાટીમીઠી પસંદ છે, તમને?"

"અરે, બહુ જ!" બાઈ આતુરતાથી બોલી ઊઠી.

"એવો મઝાનો સ્વાદ લાગે કે બસ!" બીજીએ ગંભીર અવાજે પુષ્ટિ આપી.

ત્રણેય બાઈઓ ભારે ઉત્સાહથી ખાટીમીઠીની વાતો કરવા લાગી, એ વિષય પરત્વે અદ્ભુત વિદ્વત્તા અને તલસ્પર્શી જાણકારી જાહેર કરવા લાગી. ભેજાં ઉપર બોજો લાદવાની અને એ ઘડી સુધી જેનો વિચાર પણ ક્યારેય નહિ કર્યો હોય એવા તુર્કીઓ તથા ગ્રીકો અંગે ઊંડા રસનો ઢોંગ કરવાની હાલતમાંથી છુટકારો મળી જતાં તેઓ દેખીતી રીતે જ બહુ ખુશ થઈ ગઈ.

જતી વેળા તેમણે ખુશમિજાજમાં આન્તોન પાવ્લોવિચને વચન આપ્યું:

"અમે તમને ખાટીમીઠીનો ડબ્બો મોકલીશું."

બાઈઓ ચાલી ગઈ એટલે મેં કહ્યું:

"મઝાની વાતચીત થઈ, નહિ?"

આન્તોન પાવ્લોવિચ હળવું હસતા બોલ્યા:

"દરેકે પોતપોતાની ભાષામાં જ વાત કરવી જોઈએ."

બીજા એક પ્રસંગે મને તેમના ખંડમાં એક દેખાવડો યુવાન સહાયક સરકારી વકીલ જોવા મળ્યો. તે ચેખોવની સામે ઊભો ઊભો વાંકડિયા વાળવાળું માથું પાછળ ઉછાળતો આત્મવિશ્વાસથી બોલી રહ્યો હતો:

"આન્તોન પાવ્લોવિચ, તમારી 'ધાંધલખોર' વાર્તામાં તમે મારે માટે અત્યંત જટિલ સમસ્યા ખડી કરી દીધી છે. જો હું દેનીસ ગ્રિગોર્યેવમાં દુષ્કૃત્યની સભાન મુરાદ માન્ય કરી લઉં તો મારી ફરજ છે કે એને જરાય અચકાયા વગર જેલ ભેગો કરી દઉં કારણ કે સમાજનાં હિતો એવો તકાદો

કરે છે. પણ એ તો જંગલી છે, એના કૃત્યમાં સમાયેલી ગુનેગારીનો એને કશો ખ્યાલ જ નથી, મને એની દયા આવે છે. જો હું એને અક્કલ વગરનાં કામ કરતો માણસ ગણી લઉં અને મારી દયાની લાગણીને વશ થઈ જાઉં તો સમાજને ગૅરંટી કેવી રીતે આપી શકું કે દેનીસ ફરી વાર પાટાના ખીલા કાઢી નાખીને રેલગાડીને ઉથલાવી નહિ પાડે? સવાલ એવો છે. કરવું શું?"

તે થંભી ગયો અને ખુરશીમાં પાછળ નમીને આન્તોન પાવ્લોવિચના ચહેરા સામે વેધક નજરે તાકી રહ્યો. તેનો યુનિફૉર્મ નવોનકોર હતો, અને વધારે પડતા ઉત્સાહી યુવકની તાજી ધોયેલી સૂરતમાં આત્મવિશ્વાસ તથા મૂઢતાથી ચળકતી આંખોની જેમ જ યુનિફૉર્મનાં બટન ચળકી રહ્યાં હતાં.

"હું ન્યાયાધીશ હોઉં," આન્તોન પાવ્લોવિચ ગંભીર અવાજે બોલ્યા, "તો દેનીસને નિર્દોષ જાહેર કરીને છોડી મૂકું."

"ક્યા આધારે?"

"હું એને કહું કે 'દેનીસ, તું હજી એટલો આગળ નથી વધ્યો કે સભાન ગુનેગારના વર્ગમાં આવી જાય. જા, એટલી તરક્કી કરી લે.'"

વકીલ હસી પડયો, પરંતુ ભારેખમ ભાવ એકદમ પાછા ધારણ કરી લેતો આગળ બોલ્યો:

"ના, માન્યવર આન્તોન પાવ્લોવિચ, તમે રજૂ કરેલી સમસ્યાને તો સમાજ, જીવન, તથા મિલકતના હિતમાં જ ઉકેલી શકાય, અને મારે એ સર્વનું રક્ષણ કરવાની ફરજ બજાવવાની હોય છે. ખરી વાત છે કે દેનીસ જંગલી છે, પણ એ ગુનેગાર છે, અને સત્ય એ હકીકતમાં સમાયેલું છે."

"તમને ગ્રામોફોન સાંભળવું ગમે?" આન્તોન પાવ્લોવિચે અણધાર્યો સવાલ પૂછ્યો.

"હાસ્તો, બહુ ગમે. અદ્ભુત શોધ છે," યુવકે ઝટ જવાબ આપ્યો.

"અને હું તો ગ્રામોફોન સહન જ નથી કરી શકતો," આન્તોન પાવ્લોવિચે ગમગીન ભાવે એકરાર કરી લીધો.

"કેમ?"

"વાત એમ છે કે ગ્રામોફોન બોલે અને ગાય ખરું, પણ કશી લાગણી વગર જ. એમાંથી નીકળતા બધા ધ્વનિઓ ખાલીખમ અને સાવ પ્રાણ વગરના હોય છે. તમને ફોટો-ગ્રાફીનો શોખ છે?"

વકીલ ફોટોગ્રાફીનો જબરો શોખીન નીકળ્યો. આન્તોન પાવ્લોવિચે ઊંડી સૂઝ તથા ચોકસાઈથી પારખી લીધેલા "અદ્ભુત શોધ" જોડેના તેના સામ્ય છતાં, તેણે ગ્રામોફોનની બાબતમાં કશો રસ બતાવવાનું પડતું મૂકીને તત્કાળ ઉત્સાહથી ફોટોગ્રાફીની વાત શરૂ કરી દીધી. ફરી વાર મને જોવા મળ્યું કે યુનિફૉર્મના આવરણમાં ચેતનમય અને ગમી જાય એવો માનવી છુપાયેલો હતો, શિકારે લઈ જવામાં આવતા ગલૂડિયાની જેમ તે જીવનની રીતોમાં હજુ તાજગી ધરાવતો હતો.

યુવાન માણસને વિદાય આપીને આન્તોન પાવ્લોવિચે ઉદાસ ભાવે કહ્યું:

"ઇનસાફની પીઠ પર ફૂટી નીકળેલી આવી ફોડકીઓ ઇન્સાનોનાં તકદીરના ફેંસલા કરતી હોય છે."

થોડી વાર થંભીને તેમણે ઉમેર્યું: "સરકારી વકીલો હંમેશાં માછલાં પકડવાના શોખીન હોય છે, ખાસ કરીને પર્ચ માછલી પકડવાના."

તે દરેક ઠેકાણે પામરતાને ઉઘાડી પાડવાની હથોટી ધરાવતા હતા. જે માણસ જીવન પાસેથી બહુ ઊંચી અપેક્ષાઓ રાખતો હોય, અને એ અપેક્ષાઓ માનવીમાં સાદગી, સુંદરતા, તથા સંવાદિતા જોવાની ઉત્કટ ઝંખનામાંથી ઉદ્ભવ પામતી હોય, તેને જ એવી હથોટી હોય. તે પામરતાના કડક અને બેરહમ પારખુ હતા.

કોઈએ તેમની હાજરીમાં વાત કરી કે એક લોકપ્રિય સામયિકના તંત્રીએ, બીજાઓ પ્રત્યે પ્રેમ તથા હમદર્દીની વાતો નિરંતર કરતા રહેતા આદમીએ, રેલવેના કોઈ ગાર્ડનું કશા જ કારણ વગર અપમાન કરેલું, અને તેને પોતાના હાથ નીચેના માણસો જોડે તોછડાઈથી વર્તવાની ટેવ પડી ગઈ છે.

"સ્વાભાવિક છે," આન્તોન પાવ્લોવિચે મ્લાન સ્મિત કરતાં કહ્યું. "એ તો ઉમરાવ કુળનો આદમી છે, સંસ્કારી માણસ છે... ધાર્મિક શાળામાં ભણેલો છે. એનો બાપ કાથીનાં પગરખાં પહેરતો, પણ એ તો હવે પેટન્ટ લેધરના બૂટ પહેરે છે."

અને એ શબ્દોમાં ભરેલો ભાવ "ઉમરાવ કુળના આદમીને" તરત જ પામર તથા હાસ્યાસ્પદ વ્યકિત તરીકે રુખસદ આપી દેતો.

"બહુ પ્રતિભાવાન માણસ છે," તેમણે અમુક પત્રકાર વિશે કહેલું. "એનાં લખાણોમાં હંમેશાં ઉદાત્ત ભાવના હોય છે, માનવતા છલકાતી હોય છે... જાણે સૅકેરિન જોઈ લો. પોતાની બૈરીને બીજા લોકોની હાજરીમાં બેવકૂફ ગણાવે છે. એના નોકરોને ભેજવાળી ઓરડીમાં સૂવું પડે છે, અને બધાયને સંધિવા થઈ જાય છે..."

"તમને ફલાણો આદમી ગમે છે, આન્તોન પાવ્લોવિચ?"

"હા, મઝાનો માણસ છે," આન્તોન પાવ્લોવિચ ઉધરસ ખાતા જવાબ આપે છે. "એ તો બધું જ જાણે છે. પુષ્કળ વાંચે છે. મારાં ત્રણ પુસ્તકો લઈ ગયેલો, પણ હજી પરત નથી કર્યાં. જરાક ભુલકણો છે, એક દિવસે કહેવાનો કે તમે સરસ આદમી છો, પણ બીજે દિવસે બીજા કોઈને કહી દે કે તમે તમારી માશુકના ધણીનાં નીલી પટ્ટીવાળાં રેશમનાં કાળાં મોજાં ચોરી લીધાં છે."

કોઈએ તેમની હાજરીમાં ફરિયાદ કરી કે "ભારે" સામયિકોના "ગંભીર" વિભાગો નીરસ અને સમજવા મુશ્કેલ હોય છે.

"એ લેખો તમારે વાંચવા જ નહિ," આન્તોન પાવ્લોવિચે પૂરી ખાતરીથી સલાહ આપી. "એ તો સહકારી સાહિત્ય હોય છે... સજજનો ક્રાસ્નોવ, ચેર્નોવ, તથા બેલોવે લખેલું.* એક જણ લેખ લખે, બીજો એની ટીકા કરે, અને ત્રીજો પહેલા બેઉની પરસ્પર વિરોધી વાતોને સુધારી લઈને સરખો મેળ બેસાડી દે. ડમીને ભાગીદાર બનાવીને પત્તાં રમવા જેવી વાત છે. પણ ત્રણમાંથી એકેય મનમાં વિચાર નથી કરતો કે એ બધાની વાચકને શી જરૂર હોય."

એક વાર કોઈ ગોળમટોળ, તંદુરસ્ત, દેખાવડી, સરસ પોશાક પહેરેલી મહિલા તેમને મળવા આવી. તેણે આવતાંવેંત "ચેખોવની રીતે" વાત શરૂ કરી દીધી:

"જિંદગી બહુ જ નીરસ છે, આન્તોન પાવ્લોવિચ. બધું સાવ બેનૂર છે—લોકો, આસમાન, દરિયો, મને તો ફૂલો પણ બેનૂર લાગે છે. અને કશી કામનાનો અવકાશ પણ

---

*લાલ, કાળો, અને સફેદ.

નથી, મારું તો હૈયું કકળે છે. જાણે એક જાતનો રોગ..."

"હા, રોગ જ છે," આન્તોન પાવ્લોવિચે જુસ્સાથી કહ્યું. "ખરેખર રોગ જ છે. એનું લૅટિન નામ મોર્બસ પ્રિત્વોરિયાલિસ* છે."

મહિલા એના પોતાના સદ્‌ભાગ્યે કદાચ લૅટિન નહિ સમજતી હોય, અથવા તેણે ન સમજવાનો ઢોંગ કર્યો હશે.

"વિવેચકો બગાઈઓ જેવા હોય છે અને ઘોડાને જમીન ખેડવામાં આડખીલી ઊભી કરે છે," તેમણે શાણપભર્યો મલકાટ કરતાં કહ્યું. "ઘોડાના સ્નાયુઓ ફિડલના તાર જેવા તંગ હોય છે, અને એકાએક કોઈ બગાઈ ગણગણાટ કરતી એની પૂંઠે ચોંટીને કરડે છે. ઘોડાની ચામડી ફરકે છે, ઘોડો પૂંછડી હલાવવા લાગે છે. બગાઈ શાનો ગણગણાટ કરતી હોય છે? કદાચ એને પોતાને જ ખબર નથી હોતી. એનો સ્વભાવ જ ચંચળ હોય છે અને એને પોતાની હયાતીનો ઢંઢેરો પીટવાની તાલાવેલી હોય છે—જાણે કહેતી હોય કે 'હુંયે છું, જીવતી છું, સમજ્યા ને! મને ગણગણાટ કરતાં આવડે છે, જેને વિશે હું ગણગણાટ ન કરી શકું એવી કોઈ બાબત છે જ નહિ!' હું મારી વાર્તાઓનાં અવલોકનો પચીસ વરસથી વાંચતો આવ્યો છું, પણ એમાં એકેય ઉપયોગી મુદ્દો કે જરાક સરખીયે સારી સલાહ વાંચ્યાનું મને યાદ નથી. મારા મનમાં કશી છાપ પાડનારો એકમાત્ર વિવેચક સ્કાબીચેવ્સ્કી હતો. એણે ભવિષ્ય ભાખેલું કે હું દારૂના ઘેનમાં ચકચૂર થઈને કોઈ ગટરને તળિયે મરી જવાનો..."

તેમની ઘેરી વિષાદમય આંખોમાં સૂક્ષ્મ ઉપહાસનો મૃદુ ટમટમાટ લગભગ હંમેશાં નજરે પડતો, પરંતુ એ આંખો

---

* ઢોંગપરાયણતાનો રોગ.

ક્યારેક ક્યારેક ઠંડીગાર, સતેજ, કરડી બની જતી, એવી પળોએ તેમના સરળ હેતાળ અવાજમાં સખતાઈની અસર વરતાઈ આવતી, અને ત્યારે મને લાગતું કે આ વિનમ્ર માયાળુ આદમી કોઈ પણ ઝેરીલી તાકાતની સામે ખડો થઈ જાય એવો છે, ઢીલો પડીને તાબે ન થઈ જતાં તેનો અડગ સામનો કરે એવો છે.

ક્યારેક મને લાગતું કે બીજાઓ પ્રત્યેના તેમના વલણમાં નાઉમેદીની, ટાઢી નિશ્ચલ હતાશાને મળતી આવે એવી કશીક લાગણીની, છાયા છે.

"રૂસી માણસ અજબ જીવ હોય છે," એક વાર તેમણે કહ્યું. "એ ચાળણી જેવો હોય છે, એનામાં કશું ઝાઝી વાર જળવાય નહિ. જુવાનીના દિવસોમાં જે કંઈ મળે તે ગોખી નાખે, અને ત્રીસ વરસનો થાય ત્યાં સુધીમાં તો એમાંથી બેરંગ કચરાપૂંજાના ઢગલા સિવાય બીજું કશું જ બાકી ન રહે. સરખી રીતે જિંદગી ગાળવી હોય, માનવી જેવું જીવન જીવવું હોય, તો કામ કરવું પડે. ઉમંગ અને નિષ્ઠાથી કામ કરવું પડે. અને આપણા દેશમાં આપણને એવી રીતે કામ કરતાં આવડતું જ નથી. સ્થપતિ બે કે ત્રણ સારાં મકાનો બાંધી લીધા પછી કાં તો બેઠો બેઠો પત્તાં રમતો રહે છે અથવા કોઈ થિયેટરમાં તખતાની પાછળ આંટાફેરા કરતો રહે છે. ડૉક્ટરની પ્રૅક્ટિસ જામી જાય કે તરત જ એ વિજ્ઞાનને પડતું મૂકી દે છે, 'તબીબી સમાચાર' સિવાય બીજું કંઈ વાંચતો જ નથી, અને ચાળીસની ઉંમરે પહોંચે ત્યારે એને પાકી ખાતરી થઈ જાય છે કે તમામ રોગોનું મૂળ શરદીમાં છે. હું હજુ સુધી એવા એક પણ અમલદારને નથી મળ્યો કે જેને પોતાના કામના મહત્ત્વનો જરાક સરખોયે ખ્યાલ હોય—તેઓ સામાન્ય રીતે પાટનગરમાં કે કોઈ પ્રાંતિક

શહેરમાં અડ્ડો જમાવી દેતા હોય છે અને કાગળિયાં ઘડી કાઢીને અમલ માટે ઝ્મીયેવ કે સ્મોર્ગોન મોકલતા રહે છે. કોઈ નિરીશ્વરવાદીને દોજખની યાતનાઓની જેટલી ફિકર હોય એથી જરાય વધારે ફિકર અમલદારને એ વાતની નથી હોતી કે એ દસ્તાવેજોને લીધે ઝ્મીયેવ કે સ્મોર્ગોનમાં કોની હલચલની આઝાદીનો ભંગ થાય છે. વકીલ સફળ બચાવની નામના હાંસલ કરી લે એટલે પછી કેવળ મિલકતના અધિકારોનો બચાવ કરતો રહે છે, ઘોડદોડમાં પૈસા લગાવતો રહે છે, કાલુ માછલી ખાતો રહે છે, પોતાને તમામ કલાઓનો પારખુ ગણાવતો રહે છે, એ સિવાય બીજું કશું જ નથી કરતો. અદાકાર બે કે ત્રણ ભૂમિકાઓ સફળતાથી ભજવી લીધા પછી પોતાની ભૂમિકા યાદ કરી લેવાની તસ્દી નથી લેતો પણ રેશમનો લાંબો ટોપો પહેરવા અને પોતાને ગજબનો પ્રતિભાવાન માનવી ગણવા લાગે છે. રશિયા તો લાલચુ એદીઓનો દેશ છે. લોકો બેહદ ખાતા ને પીતા રહે છે, દિવસે ઊંઘે છે, અને નીંદરમાં નસકોરાં બોલાવે છે. ઘરમાં સરખો બંદોબસ્ત રાખવા ખાતર શાદી કરવામાં આવે છે, અને સામાજિક પ્રતિષ્ઠા ખાતર રખાત રાખવામાં આવે છે. લોકોની મનોવૃત્તિ કૂતરાની મનોવૃત્તિ જેવી છે. ઢીબો એટલે કાયરતાથી ચીસો પાડવા લાગે અને ભાગીને ખૂણામાં ભરાઈ જાય. પંપાળો એટલે ચત્તાં થઈને પંજા ઊંચા કરી દે અને પૂંછડી પટપટાવવા લાગે...”

એ શબ્દોની ભીતરમાં ટાઢી ગમગીન નફરત હતી. પરંતુ તે નફરત કરતી વેળા પણ દયા ખાઈ શકતા હતા. તેમની હાજરીમાં કોઈને ભાંડવામાં આવે ત્યારે તે ચોક્કસ બચાવ કરવા લાગતા.

"હશે હવે! ઘરડો આદમી છે, સિત્તેરની ઉંમર છે..."

અથવા:

"હજી તો નાનો છે, અણસમજુ છે એટલે આમ કરે છે..."

તે એવી રીતે વાત કરે ત્યારે તેમના ચહેરા પર ઘૃણાની કશી નિશાનીઓ ન દેખાતી...

જુવાનીમાં પામરતા ખાલી રમૂજી તથા બિનમહત્ત્વની લાગે છે, પરંતુ તે ધીરે ધીરે માણસને ઘેરી લે છે, તેનું ઘેરું ધુમ્મસ ઝેર અથવા કોલસાના ધુમાડાના ગોટાની જેમ માણસના મગજ તથા લોહીમાં પેસી જાય છે, અને માણસ આખરે પીઠાના કાટ ખાઈ ગયેલા જૂના પાટિયા જેવો બની જાય છે—તેની ઉપર કશુંક ચીતરેલું હોય એમ લાગે છે ખરું, પરંતુ શું ચીતરેલું હશે એ કળવાનું અશક્ય બની રહે છે.

આન્તોન પાવ્લોવિચ છેક આરંભથી જ પામરતાના ઘેરા મહાસાગરમાંનો કરુણ વિષાદમય વિનોદ પ્રકાશમાં આણી શક્યા હતા. તેમની "વિનોદી" વાર્તાઓને ધ્યાનથી વાંચીએ તો સમજાય છે કે નિષ્ઠુર હોય એવું કેટલું બધું લેખકે પારખી લઈને રમૂજી વર્ણનો તથા પરિસ્થિતિઓમાં બેધડક છુપાવી દીધું છે.

તેમનામાં લગભગ અક્ષત વિનમ્રતા હતી. તે કદી લોકોને જોરશોરથી કે ઉઘાડી રીતે પડકારી ન શકતા, કહી ન શકતા કે "જરાક શિષ્ટ બનો—એટલુંયે નહિ થાય તમારાથી?" તે વ્યર્થ અપેક્ષા રાખતા કે શિષ્ટ બનવાની તાકીદની આવશ્યકતાને લોકો પોતે જ સમજશે. પામર અને મલીન હોય એવા સર્વકંઈ પ્રત્યે તેમને ઘૃણા હતી. તેમણે જીવનના અનિષ્ટ પાસાનું વર્ણન કવિની ઉદાત્ત ભાષામાં અને વિનોદના સર્જન

જેવા મૃદુ મલકાટ સાથે કર્યું છે. તેમની વાર્તાઓની સુઘડ સોહામણી સપાટી નીચે રહેલી કટુ આંતરિક ફરિયાદ માંડ ધ્યાનમાં આવે છે.

માનવીય વાચકો 'આલ્બિઓનની દીકરી' વાંચતી વેળા હસે છે, પરંતુ તમામ બાબતો વિશે તેમ જ સૌને અજાણ્યા એકલવાયા માણસની તાજામાજા તગડા જમીનદાર તરફથી ઉડાવવામાં આવતી ઘૃણાસ્પદ ઠેકડીને વાર્તામાં કદાચ પારખી નથી શકતા. ચેખોવની તમામ હાસ્યકથાઓમાં આરંભથી અંત સુધી મને નિર્મળ અને ખરેખરા માનવીય દિલનો મૃદુ ઊંડો નિસાસો સંભળાય છે—પોતાનું સ્વમાન જાળવી ન શકતા અને પાશવી જોરની સામે કશા સંઘર્ષ વગર ઢળી પડતા, ગુલામો જેવી જિંદગી ગુજારતા, રોજ ગળે ઉતારી દેવામાં આવતા કોબીજના સૂપને બને એટલો સ્વાદિષ્ટ બનાવવાની આવશ્યકતા સિવાય બીજી કશી વાતમાં કશી નિષ્ઠા ન ધરાવતા, જોરાવર તથા તોરી માણસોના હાથે માર ખાવાની બીક સિવાય બીજી કશી લાગણી ન અનુભવતા માનવ જીવો પ્રત્યે દયાનો હતાશાભર્યો નિસાસો સંભળાય છે.

જીવનની નાની નાની બાબતોના કરુણ સ્વરૂપને ચેખોવ જેટલી સ્પષ્ટ રીતે તથા અંતરસૂઝથી બીજું કોઈ ક્યારેય નથી સમજી શક્યું. મધ્યમ વર્ગના જીવનના ઘેરા અંધેરમાં જે કંઈ શરમજનક તથા દયાપાત્ર છે તે સર્વનું જેવું ખરું ચિત્ર ચેખોવે કઠણ હૈયે આલેખ્યું છે એવું અગાઉ બીજો કોઈ લેખક નથી આલેખી શક્યો.

તે પામરતાને દુશ્મન ગણતા, અખી જિંદગી તેની સામે લડયા હતા, તેની હાંસી ઉડાવતા રહ્યા હતા, વેધક નિષ્પક્ષ કલમ વડે તેનું આલેખન કરતા રહ્યા હતા, પહેલી

નજરે બધું અત્યંત સુવ્યવસ્થિત, સાનુકૂળ, અને તેજસ્વી પણ લાગતું હોય તેમાંથીયે પામરતાની ફૂગને ખોળી કાઢતા. અને પામરતાએ મેલી ચાલાકી કરીને તેમની ઉપર વેર વાળ્યું — તેમના શબને — કવિના શબને — કાલુ માછલીના ડબ્બામાં મૂકીને મોસ્કો મોકલવામાં આવ્યું હતું.

ગાડીનો એ મેલો લીલો ડબ્બો મને પામરતાએ પોતાના થાકેલા દુશ્મન સામે કરેલા મોકળા વિજયી મલકાટ જેવો લાગે છે, અને નિર્માલ્ય અખબારોમાં છપાયેલાં અસંખ્ય "સંસ્મરણો" મને ખાલી દંભી શોક જેવાં લાગે છે, પોતાના દુશ્મનના અવસાનથી છાની રીતે ખુશી માણતી એ જ પામરતાનો લાગણીશૂન્ય ગંધારો શ્વાસ મને એ લખાણોની પાછળ વરતાય છે.

ચેખોવની કૃતિઓ વાંચતી વેળા એમ લાગે છે કે જાણે શરદના અંતનો ગમગીન દિવસ હોય, જ્યારે હવા પારદર્શક હોય છે, પાંદડાં વગરનાં વૃક્ષો ગગનની પૃષ્ઠભૂમિમાં સાફ આગળ તરી આવતાં નજરે પડે છે, મકાનો જાણે પરસ્પર લપાઈને ખડાં હોય એમ લાગે છે, અને લોકો નિસ્તેજ તથા ઉદાસ હોય છે. બધું જાણે બહુ અજબ, સાવ એકલવાયું, નિશ્ચલ, શક્તિહીન હોય છે. દૂર દૂરનાં અંતરો નીલાં અને શૂન્ય હોય છે, ઝાંખા આસમાનમાં વિલીન થઈ જતાં હોય છે, અરધા જામેલા કાદવ ઉપર વિષાદમય ટાઢા ઉચ્છ્વાસ કાઢતાં હોય છે. પરંતુ શરદના સૂર્યપ્રકાશની જેમ લેખકની પ્રતિભા ખૂબ ખૂંદાયેલા માર્ગોને, વાંકીચૂકી શેરીઓને, અને દયાજનક નાના લોકો જેમાં કંટાળાની તથા આળસુપણાની જિંદગીના શ્વાસ લેતા હોય છે તથા પોતાનાં રહેઠાણોને નિરર્થક તથા સુસ્ત હલચલથી ભરી દેતા હોય છે

એ ગંદાં સાંકડાં મકાનોને ઉજાળી દે છે. જુઓ જાય છે 'દિલદાર', નાનકડી ઉંદરડીની જેમ ગભરાયેલી, મીઠી, ગરીબડી ઓરત, જે એકદમ ગુલામીની વૃત્તિથી અનેકને પ્રેમ કરી જાણે છે. તેને ગાલ પર તમાચો લગાવી દો, પરંતુ રાંક ગુલામડીને ચીસ પાડવાનીયે હિંમત નહિ થાય. તેની બાજુમાં ઊભી છે 'ત્રણ બહેનો'ની ગમગીન ઓલ્ગા. તે પણ બહુ પ્રેમ કરી જાણે છે અને પોતાના એદી ભાઈની દુરાચારી પામર બૈરીના તરંગોને ધીરજથી વશ થઈ જાય છે. તેની આસપાસ તેની બહેનોની જિંદગી ખેદાનમેદાન થઈ જાય છે, પરંતુ એ સંબંધમાં કશુંયે કરવાની શકિત તેનામાં ન હોવાથી તે ફકત રડી લે છે, પામરતાના વિરોધમાં એક પણ જોમદાર સખત શબ્દ તેના અંતરમાં આકાર નથી લેતો.

અને જુઓ પણે જાય છે રડતી રાનેવ્સ્કાયા તથા 'ચેરીફળની વાડી'ના માલિકોમાંનાં બીજાં માણસો—બાળકો જેવાં સ્વાર્થી અને ડોસલાં જેવાં ઢીલાં. જેમણે ઘણા વખત પહેલાં મરી જવું જોઈતું હતું તેઓ કકળાટ કરે છે ને રોદણાં રુએ છે, આસપાસ જે કંઈ ચાલી રહ્યું હોય તેને વિશે આંધળા બની રહે છે, કશું જ સમજતા નથી, પોતાની ચૂસવાની ક્રિયાને ફરી સચેતન બનાવવા અશકત બની ગયેલા પરજીવીઓ છે. નમાલો વિદ્યાર્થી ત્રોફીમોવ કામ કરવાની આવશ્યકતા વિશે છટાદાર ભાષણો ઝીંકે છે, પરંતુ વખત વેડફતો રહે છે, અને એદીઓનાં સુખસગવડ ખાતર અણથંભ મહેનત કરતી વાર્યાને અક્કલ વગરનાં ટોણાં મારીને પોતાનું દિલ બહલાવે છે.

વેર્શીનિન ત્રણસો વરસમાં આવનારી મઝાની જિંદગીનાં સ્વપ્નો સેવે છે, પરંતુ દરમિયાનમાં જોઈ શકતો નથી કે તેની

આસપાસ બધું પડી ભાંગતું જમીનદોસ્ત થઈ રહ્યું છે, તેની નજર સામે જ કંટાળા તથા મૂઢતાનો શિકાર બની ગયેલો સોલ્યોની દયાપાત્ર ઉમરાવ તુઝેનબાખને મારી નાખવા તૈયાર થઈ ગયો છે.

પોતાના જ પ્રેમના, પોતાની જ મૂઢતા તથા એદીપણાના, દુન્યવી સુખસગવડની પોતાની જ લાલસાના ગુલામોના લાંબા સરઘસનું ચિત્ર વાચકની દૃષ્ટિ સમક્ષ ખડું થઈ જાય છે. જીવનના ઘેરા ભયના ગુલામો અસ્પષ્ટ ચિંતાથી પીડાતા, વર્તમાનમાં પોતાનું સ્થાન મુદ્દલ ન હોવાની લાગણી અનુભવતા, ભવિષ્ય વિશે અસંબદ્ધ લવારા કરતા, જઈ રહ્યા છે...

ક્યારેક ઘેરા વાતાવરણમાંથી બંદૂકનો ધડાકો સંભળાય છે—એ છે ઈવાનોવ કે ત્રેપલોવ. તેઓ એકમાત્ર ઉપાય અચાનક જ ગોતી કાઢે છે અને પ્રાણ તજી દે છે.

તેમાંથી કેટલાય માણસો બસો વરસમાં આવનારા ગૌરવમય જીવનનાં સ્વપ્નોમાં રાચતા હોય છે, પરંતુ કોઈને સાદો સવાલ પૂછવાનો ખ્યાલ નથી આવતો કે આપણે સ્વપ્નોમાં રાચવા સિવાય બીજું કશું જ ન કરીએ તો જીવનને ગૌરવમય કોણ બનાવવાનું છે?

અને હવે એક મહાન શાણો આદમી શક્તિહીન જીવોના એ બેનૂર ગમગીન ટોળા પાસેથી પસાર થાય છે, સૌની ઉપર, પોતાના વતનના એ મ્લાન રહેવાસીઓની ઉપર, ધ્યાનથી નજર નાખે છે અને વિષાદમય સ્મિત કરીને, મૃદુ પરંતુ ગંભીર ફરિયાદના અવાજે, પોતાના ચહેરા ઉપર તથા હૈયામાં હતાશાભરી વેદના છલકાવીને, એકદમ ખરા દિલે બોલે છે:

"સજ્જનો, કેવી કંગાલ જિંદગી છે તમારી!"

પાંચ દિવસ તાવ, પરંતુ આરામ કરવાની ના. ઘેરો ફિનલૅંડી વરસાદ જમીન પર ભેજવાળી ધૂળનો છંટકાવ કરી રહ્યો છે. ઈન્નો કિલ્લાની તોપો અણથંભ ગરજતી રહે છે. રાતે સર્ચલાઈટની લાંબી જીભ વાદળોને ચાટતી રહે છે. દેખાવ ધૃણાસ્પદ છે કારણ કે તે દાનવી રોગને—જંગને—લગાતાર યાદ કરાવતો રહે છે.

મેં ચેખોવની કૃતિઓ વાંચી. તે દસ વરસ પહેલાં અવસાન ન પામ્યા હોત તો ઘણું કરીને યુદ્ધે તેમની હત્યા કરી નાખી હોત, પહેલાં તેમને માનવીઓ પ્રત્યેની નફરતનું ઝેર પિવડાવીને. મને તેમની શબયાત્રા યાદ છે.

મોસ્કોનો "ઊંડો પ્રેમ" પામેલા લેખકની શબપેટી જે લીલા ડબ્બામાં મોસ્કો પહોંચાડવામાં આવી હતી તેના બારણા પર "કાલુ માછલી" શબ્દો મોટા મોટા અક્ષરે ચીતરેલા હતા. લેખકને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સ્ટેશને આવેલા નાનકડા ટોળાનો એક હિસ્સો મંચુરિયાથી આવેલા જનરલ કેલરની શબપેટીની પાછળ પાછળ ચાલવા લાગ્યો, અને તેમાં લોકો વિચાર કરવા લાગ્યા કે ચેખોવને લશ્કરી સંગીતનું માન કેમ અપાઈ રહ્યું છે. ભૂલની ખબર પડી ત્યારે કેટલાક ખુશમિજાજ માણસો હસવા તથા ખિખિયાટા કરવા લાગ્યા. ચેખોવની શબપેટીની પાછળ ચાલતા માણસોની સંખ્યા લગભગ એકસો જેટલી હશે, વધારે નહિ. બે વકીલો ખાસ યાદ આવે છે. બેઉએ વરરાજાઓની જેમ નવા બૂટ પહેર્યા હતા અને ખુશનુમા રંગોની ટાઈ બાંધી હતી. હું તેમની પાછળ ચાલતો ચાલતો વાતચીત સાંભળી રહ્યો હતો. એક વકીલ મકલાકોવ કૂતરાંની ચતુરાઈની વાત કરી રહ્યો હતો, અને બીજો—હું તેને ઓળખતો નહોતો—પોતાની ગ્રીષ્મ કુટિરની સગવડોની તેમ જ કુટિર ફરતે છવાયેલી સુંદરતાની શેખી મારી રહ્યો

હતો. અને જાંબલી પોશાક પહેરીને આવેલી કોઈ મહિલા તડકાથી બચવા હાથમાં નાનકડી જાળીદાર છત્રી પકડીને શીંગડાંની ફ્રેમનાં ચશ્માંવાળા એક ઘરડા સજ્જનને ખાતરી આપી રહી હતી:

"અરે, બહુ મઝાના આદમી હતા, ભારે ચતુર..."

ઘરડા સજ્જને જાણે વાત માન્યામાં ન આવતી હોય એવી રીતે ઉધરસ ખાધી. ગરમી હતી અને ધૂળ ઊડી રહી હતી. તગડા ધોળા ઘોડા ઉપર સવાર થયેલો એક તગડો પોલીસ અફસર શબયાત્રાને મોખરે હતો. એ બધું અને બીજું ઘણું ઘૃણા ઊપજે એટલું અધમ હતું, અને મહાન તથા કુશાગ્ર કલાકારની સ્મૃતિને અંતિમ શ્રદ્ધાંજલિના સંબંધમાં તદ્દન અનુચિત હતું.

૧૯૦૫

કાચંડો

પોલીસ ઇન્સ્પેક્ટર ઓચુમેલોવ* બજાર પાર કરવા લાગ્યો. તેણે નવો ઓવરકોટ પહેર્યો હતો અને તેના હાથમાં બંડલ હતું. તેની પાછળ પાછળ ચાલતા રાતા વાળવાળા સિપાઈના હાથમાં જપ્ત કરેલાં ફળોનું ચિકાર ભરેલું વાસણ હતું. ચોમેર નીરવતા છવાયેલી હતી... સૂમસામ બજારમાં ક્યાંય કોઈ નજરે પડતું નહોતું... નાની દુકાનો તથા પીઠાંનાં ઉઘાડાં બારણાં ભૂખ્યાં ડાચાંની જેમ ગમગીન નજરે પ્રભુના જગતને તાકી રહ્યાં હતાં. બારણાં નજીક કોઈ ભિખારીઓ પણ ઊભા નહોતા.

એકાએક કોઈનો અવાજ ઓચુમેલોવને કાને પડયો. "તો કરડવું છે એમ ને, બટકું ભરવું છે એમ ને, કાળમુખું ક્યાંનું! છટકવા દેતા નહિ, ભાઈઓ! આજકાલ કરડવાની છૂટ નથી. પકડો! ઓય!.."

કોઈ કૂતરાનો રાગડો કાને પડયો, ઓચુમેલોવે અવાજની દિશામાં જોયું તો તેને આવો દેખાવ નજરે પડયો: વેપારી પિચૂગિનની લાતીમાંથી એક કૂતરું ત્રણ પગે દોડતું બહાર નીકળ્યું, છીંટનું કાંજીદાર ખમીસ અને બંડી પહેરેલો કોઈ આદમી તેનો પીછો કરી રહ્યો હતો, બંડીનાં બટન ઉઘાડાં

*રશિયન શબ્દ ઓચુમેલી અર્થાત્ ચસકેલ, ઉપરથી.

હતાં, આદમીની આખી કાયા આગળ નમેલી હતી, તેણે લથડિયું ખાતાં કૂતરાનો એક પાછલો પગ પકડી લીધો. કૂતરાએ વળી રાગડો તાણ્યો અને ફરી વાર ઘાંટો સંભળાયો: "છટકવા દેતા નહિ!" નીંદરઘેરા ચહેરા દુકાનોમાંથી બહાર ડોકાવા લાગ્યા, અને જોતજોતામાં તો જાણે ધરતીમાંથી ફૂટી નીકળ્યું હોય એવું ટોળું લાતી નજીક ભેગું થઈ ગયું.

"ધાંધલ જેવું લાગે છે, નામદાર!" સિપાઈ બોલ્યો.

ઓચુમેલોવ વળીને કૂચ કરતો ટોળા તરફ જવા લાગ્યો. બરાબર લાતીના ઝાંપા સામે ઉઘાડાં બટનવાળી બંડી પહેરેલો માણસ ઊભો હતો અને જમણો હાથ ઊંચો કરીને લોહી નીગળતી આંગળી ટોળાને બતાવી રહ્યો હતો. તેના નશીલા ચહેરા ઉપર જાણે શબ્દો લખેલા લાગતા હતા કે "તને બરાબર ખબર પાડી દેવાનો છું, શયતાન!" અને તેની આંગળીયે જાણે ફતેહના વાવટા જેવી લાગતી હતી. ઓચુમેલોવ તેને જોતાં જ ઓળખી ગયો કે આ તો સોની ખ્રયૂકિન* છે. ગુનેગાર કૂતરું આગલા પગ ખૂબ પહોળા ગોઠવીને બરાબર ટોળાની વચ્ચોવચ બેઠું બેઠું આખે શરીરે ધ્રૂજી રહ્યું હતું. સફેદ રંગના બોર્ઝોઈ ગલૂડિયાને અણીદાર નાક હતું અને પીઠે પીળું ધાબું હતું. તેની આંસુથી છલકાતી આંખોમાં પીડા અને ભય સાફ વરતાઈ રહ્યાં હતાં.

"આ બધું શું છે?" ઓચુમેલોવ ધક્કા મારીને ટોળામાંથી માર્ગ કરતો પૂછવા લાગ્યો. "તું અહીંયાં શું કરી રહ્યો છે? આંગળી કેમ ઊંચી રાખી છે? ઘાંટા કોણે પાડેલા?"

"નામદાર, હું તો ગરીબ ગાય જેવો રસ્તે જઈ રહ્યો

---

*રશિયન શબ્દખ્રયૂ-ખ્રયૂ, અર્થાત્ ડુક્કરનો અવાજ, ઉપરથી.

હતો," ખ્રયૂકિન મોઢા આગળ હાથ રાખીને ઉધરસ ખાતો કહેવા લાગ્યો. "મારે મીત્રી મીત્રિચ જોડે થોડાંક લાકડાં બાબતનું કામ હતું, અને અચાનક જ કશા કારણ વગર આ નકામા કૂતરાએ મારી આંગળીએ બટકું ભરી લીધું... માફ કરજો, પણ હું તો મહેનત કરીને ગુજરાન ચલાવતો આદમી છું... મારો કસબ બહુ બારીક છે. મને નુકસાની અપાવો—કદાચ આખું અઠવાડિયું આ આંગળીને હલાવી જ નહિ શકાય. નામદાર, કાયદામાં એવું તો ક્યાંય નથી લખ્યું કે ઝનૂની જનાવરોના હુમલા વેઠી લેવા. સૌ કરડવા લાગે તો જિંદગીમાં જીવવા જેવું કંઈ રહે જ નહિ..."

"હં... ઠીક, ઠીક," ઓચુમેલોવ ઉધરસ ખાતો અને ભવાં ફરકાવતો કરડાકીથી બોલ્યો. "ઠીક, ઠીક... કોનું કૂતરું છે આ? આવા મામલાને પડતો ન જ મુકાય. કૂતરાંને રખડતાં મૂકી દેનારા માણસોને હું બરાબર ખબર પાડી દઈશ! કાયદાનું પાલન ન કરનારા સજ્જનોની બાબતમાં કશુંક કરવાની વેળા પાકી ગઈ છે! એને એવો દંડ કરવામાં આવશે કે બસ, હરામખોર ક્યાંનો! એને ખરો પાઠ ભણાવી દઈશ કે કૂતરાં ને જાતજાતનાં ઢોર રસ્તે ભમતાં મૂકી દેવાનો અંજામ કેવો આવે છે! એને બતાવી દઈશ કે કેટલી વીસે સો થાય. છે! યેલ્દીરિન," તે સિપાઈ તરફ ફરતો આગળ બોલ્યો, "તપાસ કર કે કોનું કૂતરું છે, અને તહોમતનામું તૈયાર કરી લે. કૂતરાને તો જરાય ઢીલ વગર ખતમ કરી નાખવાનું છે. ઘણું કરીને તો હડકાયું જ હશે... કૂતરું છે કોનું, ખબર છે કોઈને?"

"મારા ખ્યાલ મુજબ તો જનરલ ઝિગાલોવનું છે," ટોળામાંથી કોઈ બોલ્યું.

"જનરલ ઝિગાલોવ! હં... યેલ્દીરિન, કોટ કાઢવામાં

મદદ કર... અરે, કેવી સખત ગરમી છે! લાગે છે કે વરસાદ આવવાનો." તે ખ્રૂકિન તરફ ફરતો બોલ્યો: "એક વાત મને સમજાતી નથી—આ તને કરડયું કેવી રીતે? તારી આંગળી સુધી પહોંચ્યું જ કેવી રીતે? કૂતરું તો સાવ નાનકડું છે, અને તું તાડ જેટલો ઊંચો! તને આંગળીમાં ખીલી વાગી ગઈ હશે, અને પછી તેં એમાંથી પૈસા કમાઈ લેવાની તરકીબ ઘડી કાઢી હશે. હું તમને બરાબર ઓળખું છું! શયતાનોની ટોળકી!"

"નામદાર, આણે મસ્તીમાં ચડીને સળગતી સિગરેટ કૂતરાને નાકે અડાડેલી, એટલે કૂતરું એને કરડયું, એય પાકું છે! આ ખ્રૂકિન કાયમ કંઈ ને કંઈ મસ્તી તોફાન કરતો જ હોય છે, નામદાર!"

"તારા ખોટા ગપાટા રહેવા દે, કાણિયા! તેં મને એમ કરતો જોયો નથી, તો પછી ખોટું શું કરવા બોલે છે? નામદાર તો શાણા સજ્જન છે, બરાબર સમજે છે કે કોણ ખોટું બોલે છે અને કોણ ઈમાનદારીથી સાચી વાત કરે છે... હું ખોટું બોલતો હોઉં તો ભલે મારી ઉપર અદાલતમાં કામ ચલાવવામાં આવે! કાયદામાં લખ્યું છે કે... હવે સૌ માણસો સરખા છે. તમને ખબર નહિ હોય પણ મારો સગો ભાઈ પોલીસમાં કામ કરે છે..."

"દલીલ રહેવા દે!"

"ના, આ કૂતરું જનરલનું નથી," સિપાઈ ભારેખમ ભાવે બોલ્યો. "જનરલને ત્યાં આવી જાતનું કૂતરું છે જ નહિ. એમનાં બધાં કૂતરાં તો પૉઇન્ટર જાતનાં છે..."

"તને ખાતરી છે?"

"પાકી ખાતરી, નામદાર."

"તારી વાત ખરી છે. જનરલનાં કૂતરાં તો મોંઘાં ને

જાતવાન છે, અને આ તો—શયતાનને ખબર કઈ જાતનું હશે! દેખાવડુંયે નથી ને રુવાંટીયે નથી... સાવ ગંધારું છે, હલકી જાતનું લાગે છે... આવું કૂતરું તે કોઈ રાખતું હશે?! અક્કલ છે કે ખોવાઈ ગઈ છે? મોસ્કોમાં કે પિટર્સબર્ગમાં આવું કૂતરું નજરે પડે તો શું થાય, ખબર છે? કાયદાની ફિકર કોઈ ન કરે, કૂતરાને એ જ ઘડીએ ખતમ કરી નાખે. તને નુકસાન થયું છે, ખ્ર્યૂકિન, તું વાતને આટલેથી પડતી મૂકતો નહિ. કૂતરાના માલિકને પાઠ ભણાવી દેવો જ જોઈએ! વેળા પાકી ગઈ છે..."

"કદાચ જનરલનું જ હોય એમ લાગે છે," સિપાઈ મોટેથી વિચાર કરતો બોલ્યો. "આમ જોઈને ઓળખવાનું કામ મુશ્કેલ છે. હમણાં થોડાક દિવસ પહેલાં બરાબર આવું જ કૂતરું મેં એમના આંગણમાં જોયેલું."

"ચોક્કસ જનરલનું જ છે!" ટોળામાંથી અવાજ સંભળાયો.

"હં... ભાઈ યેલ્દીરિન, કોટ પહેરવામાં મદદ કર... પવનનો ઝપાટો લાગી ગયો... ધ્રુજારી ચડી છે... આને જનરલને ત્યાં લઈ જા અને પૂછી જો. કહેજે કે મને મળી આવ્યું એટલે મેં મોકલ્યું છે... અને કહેજે કે રસ્તે રેઢું ન મૂકે... કદાચ મોંઘી જાતનું હશે, અને ડુક્કર જેવો દરેક આદમી સળગતી સિગરેટ એને નાકે અડાડે તો એ થોડા વખતમાં બગડી જ જાય. કૂતરું તો નાજુક જનાવર. અને તું હવે તારો હાથ હેઠો કરી લે, ગધેડા! તારી ગોબરી આંગળી બધાને બતાવવાનું બંધ કરી દે! વાંક તારો જ છે..."

"જનરલનો ખાનસામો આવતો લાગે છે, એને પૂછી જોઈએ... અરે પ્રોખોર, અહીંયાં આવ તો ભાઈ! આ કૂતરાની ઉપર જરાક નજર ફેરવ... તમારે ત્યાંનું છે?"

"હોય નહિ! આવું કૂતરું અમારે ત્યાં કદી હતું જ નહિ!"

"હવે વધારે તપાસની જરૂર નથી," ઓચુમેલોવ બોલ્યો. "રખડતું કૂતરું છે. અહીંયાં ઊભા ઊભા વાતો કરવામાં કંઈ સાર નથી. કહી દીધું કે રખડતું છે એટલે રખડતું જ ગણી લેવાનું. ખતમ કરી નાખો અને મામલો પૂરો કરો."

"અમારું નથી," પ્રોખોર આગળ બોલ્યો, "જનરલના ભાઈનું છે. એ થોડા વખત પહેલાં આવ્યા છે. અમારા જનરલને બોર્ઝોઈ કૂતરાં નથી ગમતાં પણ એમના ભાઈને ગમે છે..."

"શું? જનરલના ભાઈ આવ્યા છે? વ્લાદીમિર ઇવાનિચ?" ઓચુમેલોવ બોલી ઊઠયો. ખુશીથી છલકાતો મલકાટ તેના મોં પર છવાઈ ગયો. "મઝાની વાત! મને તો ખબર જ નહોતી. રોકાવાના છે?"

"હા."

"કેવો સંજોગ! ભાઈને મળવાનું મન થયું હશે. મને ખબર જ નહિ! એમનું કૂતરું છે, ખરું ને? બહુ ખુશીની વાત! લઈ જા... મઝાનું નાનકડું કૂતરું છે! આની આંગળીએ કરડયું? હા-હા-હા! પણ ધ્રૂજે છે કેમ? ગર્ર્ર્ ગર્ર્ર્... નાનકડું પાજી ખીજે ભરાયેલું છે... કેવું સરસ ગલૂડિયું!"

પ્રોખોર કૂતરાને નજીક બોલાવીને તેની ભેગો લાતીમાંથી બહાર ચાલ્યો ગયો... ટોળાના લોકો ખ્ર્યૂકિનની સામે જોતા હસવા લાગ્યા.

"તને સીધો કરી દેવો પડશે!" ઓચુમેલોવે તેને ધમકી આપી, અને પછી તે ઓવરકોટ કાયા ફરતે વીંટાળીને બજારને પાર કરતો પોતાને માર્ગે જવા લાગ્યો.

૧૮૮૪

વાનકા

ત્રણ મહિના પહેલાં મોચી આલ્યાખિનને ત્યાં કામ શીખવા ગોઠવી દેવામાં આવેલો નવ વરસનો વાનકા ઝૂકોવ નાતાલની આગલી રાતે સૂઈ ન ગયો. માલિક અને માલકિન તેમ જ જૂના શિખાઉ કારીગરો દેવળે જાય ત્યાં સુધી વાટ જોઈને પછી તેણે કબાટમાંથી શાહીનો ખડિયો તથા કટાઈ ગયેલી ટાંકણીવાળી કલમ કાઢી લીધાં અને ચોળાઈ ગયેલો કાગળ સરખો કરીને ફેલાવી દીધો. લખવાની તૈયારી થઈ ગઈ. કાગળમાં પહેલો અક્ષર માંડતાં પહેલાં તેણે ફિકરભરી નજર કેટલીય વાર બારણા તથા બારી તરફ નાખી, અંધારઘેરા દેવચિત્ર તરફ તેમ જ તેની બેઉ તરફ લંબાતી કાલબૂતની ઘોડીઓ તરફ જોયું, અને કંપતો નિસાસો નાખ્યો. કાગળ બાંકડા ઉપર ગોઠવેલો હતો અને વાનકા બાંકડા પાસે ભોંયપટ પર ગોઠણભેર બેઠો હતો.

"પ્યારા દાદા કોન્સ્તાન્તીન માકારિચ," તેણે લખ્યું, "હું તમને કાગળ લખી રહ્યો છું. મારા તરફથી નાતાલના સલામ વાંચજો, અને હું ઉમેદ રાખું છું કે ભગવાન તમને સુખી રાખે. મારે તો બાપુયે નથી ને માયે નથી, બસ એકલા તમે જ બાકી રહ્યા છો."

વાનકાએ આંખો ઊંચી કરીને અંધારઘેરી બારીના કાચ તરફ જોયું. ટમટમતી મીણબત્તીનું પ્રતિબિંબ કાચમાં ઝગમગી રહ્યું હતું. વાનકાને પોતાની કલ્પનામાં દાદા કોન્સ્તાન્તીન માકારિચની આકૃતિ સાફ નજરે પડી. તે ઝિવારેવ નામે એક ઉમરાવની જાગીરમાં રાતના ચોકીદારનું કામ કરતો હતો. નાના કદના પાતળા ઘરડા આદમીની ઉંમર લગભગ પાંસઠ વરસની થઈ ગઈ હોવા છતાં તે અજબ ચેતન અને ચપળતા ધરાવતો હતો, તેના ચહેરા ઉપર સદા મલકાટ છવાયેલો રહેતો, અને દારૂની અસરને લીધે આંખોમાં પડળ બાઝેલું રહેતું. દિવસ દરમિયાન તે કાં તો પછવાડાના રસોડામાં સૂઈ રહેતો અથવા બેઠો બેઠો રસોઈયણ તથા કામવાળી બાઈઓ જોડે ટોળટપ્પા કરતો રહેતો, અને રાતે ઘેટાની ખાલનો મોટો કોટ શરીરે લપેટીને ઘંટડી રણકાવતો જાગીરમાં ચક્કર લગાવતો રહેતો. બે કૂતરાં માથાં નમાવીને તેની પાછળ પાછળ ચાલતાં રહેતાં—એક હતી ઘરડી કાશ્તાનકા, અને બીજાને તેની કાળી રુવાંટી તથા લાંબી નોળિયા જેવી કાયાને કારણે બામ માછલી ઉપરથી બામ નામ આપવામાં આવ્યું હતું. બામ અજબ ફરમાનબરદાર અને હેતાળ હતો, ઓળખીતા અને અજાણ્યા સૌની તરફ એકસરખી આશાભરી મીટ માંડતો, પરંતુ તેની બાબતમાં કોઈને વિશ્વાસની લાગણી ન થતી. તેની ફરમાનબરદારી અને નરમાશ તો ભયંકર કારસ્તાની કીનાખોરી તથા દ્વેષને ઢાંકી રાખતા પડદા જેવી જ હતી. ખબરેય ન પડે એવી રીતે ચુપચાપ નજીક પહોંચી જવામાં, પગે બટકું ભરી લેવામાં, બરફઘરમાં ઘૂસી જવામાં, અથવા કોઈ ખેડૂતનું મરઘું ઝડપી લઈને ભાગી જવામાં તે ઉસ્તાદ હતો. તેને કેટલીય વાર પાછલા પગે ફટકા ઝીંકવામાં આવ્યા હતા, બે વાર બાંધીને લટકાવી રાખવામાં આવ્યો હતો, દર

અઠવાડિયે જીવ નીકળી જાય એટલો મારવામાં આવતો, પરંતુ તે તો એ બધું વેઠી લઈને જીવતો રહ્યો હતો.

આ ઘડીએ દાદા ઘણું કરીને દરવાજે ઊભા હશે, દેવળની બારીઓમાંથી બહાર ફેલાઈ રહેલા ઝળહળતા રાતા અજવાળાને આંખો સંકોડીને નીરખી રહ્યા હશે, અથવા પગમાં પહેરેલા ફેલ્ટના બૂટ જમીન ઉપર પછાડતા પછાડતા નોકરો જોડે મશ્કરી કરી રહ્યા હશે. તેમની ઘંટડી પટ્ટે બાંધેલી હશે. તેમણે ટાઢ ઓછી કરવા હાથ છાતીએ તથા ખભે વીંટાળ્યા હશે, અથવા તે બુઢ્ઢે મોંએ ખિખિયાટા કરતા કરતા કામવાળી બાઈને કે રસોઈયણને ચૂંટી ખણી રહ્યા હશે.

"ચપટી ભરીને સૂંઘી જુઓ ને!" તે બજરની ડાબલી બાઈઓની સામે ધરીને કહેતા.

બાઈઓ ચપટી ભરીને બજર સૂંઘે કે તરત જ છીંકો ખાવા લાગતી. દાદા લહેરમાં આવી જતા અને ખુશાલ ભાવે ખડખડાટ હસીને મોટે અવાજે કહેતા:

"નાક જામી ગયાં હોય ત્યારે બહુ ફાયદો થાય!"

કૂતરાંને પણ બજર સૂંઘાડવામાં આવતી. કાશ્તાનકા છીંક ખાતી, માથું હલાવતી, અને નારાજ થઈને આઘી ચાલી જતી. પરંતુ બામ તો બહુ વિવેકી, એટલે છીંક ન ખાય અને પૂંછડી પટપટાવે. હવામાન આહ્‌લાદક હતું. હવા શાંત, પારદર્શક, અને તાજગીબક્ષ હતી. રાત અંધારી હતી પરંતુ આખું ગામ, ઘરોનાં ધોળાં છાપરાં, ધુમાડિયાંમાંથી નીકળતી ધુમાડાની સેરો, હિમાચ્છાદિત રૂપેરી વૃક્ષો, હિમના ઢગલા, બધું સાફ નજરે પડતું હતું. ખુશાલીથી ટમટમતા તારલિયા ગગનમાં જાણે છલકાઈ રહ્યા હતા, અને આકાશગંગા જાણે તહેવારને કારણે તાજી સાફ કરીને હિમ વડે ચળકાવવામાં આવી હોય એવી સાફ ઝળકી રહી હતી...

વાનકાએ નિસાસો નાખ્યો, કલમ શાહીમાં બોળી, અને આગળ લખવા માંડ્યું:

"કાલે સખત મેથીપાક મળ્યો. માલિકના બચ્ચાનું પારણું હલાવતાં હલાવતાં મને ઊંઘ આવી ગયેલી એટલે વાંકની સજા કરવામાં આવી. એ મને વાળ પકડીને આંગણમાં ઢસડી ગયો અને પેંગડાના પટ્ટા વડે ફટકા લગાવ્યા. ગયે અઠવાડિયે એક દિવસ માલકિને મને માછલી સાફ કરવા કહ્યું, અને મેં કામ પૂંછડીથી શરૂ કર્યું એટલે એણે માછલીનું મોં મારા ચહેરા ઉપર ઘસ્યું. બીજા શિખાઉ કારીગરો મારી ઠેકડી કરે છે, મને વોદકા લઈ આવવા પીઠે મોકલે છે, પરાણે મારા હાથે માલિકની કાકડીની ચોરી કરાવે છે, ને પછી માલિક જે કંઈ હાથમાં આવે તે લઈને મને મારવા મંડી પડે છે. વળી ખાવાનું કાંઈ મળતું જ નથી. મને સવારે રોટી, બપોરે ઘેંશ, ને રાતે વળી પાછી રોટી આપે છે, પણ ચા કે કોબીજનો સૂપ મને કદી મળતાં નથી. એવું બધું તો એ લોકો પોતે જ ઉડાવી જાય છે. મને ઓસરીમાં સુવડાવે છે, અને એમનું બચ્ચું રડવા લાગે ત્યારે મને જરાય નીંદર મળતી જ નથી, મારે પારણું હલાવતા રહેવું પડે છે. પ્યારા દાદા, મને ભલા ભગવાનને ખાતર અહીંથી લઈ જાઓ, ઘેર લઈ જાઓ, આપણે ગામ લઈ જાઓ, આવી કઠણાઈ હવે મારાથી વેઠાય એમ નથી. દાદા, તમને વીનવું છું ને તમારે પગે પડું છું, અને રોજ ભગવાનને તમારા ભલાની પ્રાર્થના કરીશ, મને અહીંથી જરૂર જરૂર લઈ જાઓ, નહિતર હું મરી જઈશ..."

વાનકાના હોઠ ફરકવા લાગ્યા, તેણે કાળી મુઠ્ઠી વડે આંખો ઘસી, તેને ડૂસકું આવી ગયું.

"હું તમારી બજર વાટી આપીશ," તેણે આગળ લખ્યું, "હું તમારું ભલું થાય એવી પ્રાર્થના કરીશ, અને તોફાન કરું તો તમને મરજી પડે એટલા ચાબખા મને મરજો. અને તમને લાગતું હોય કે મારા જેવું કામ ત્યાં નથી તો હું કારભારીને અરજ કરીશ કે મારી દયા ખાઈને મને બૂટ સાફ કરવાનું કામ આપે, અથવા ફેદ્યાને બદલે હું ગોવાળિયાનું કામ કરીશ. પ્યારા દાદા, મારાથી હવે સહેવાતું નથી, અને જાણે મોત મને ભરખી રહ્યું છે. મને થયું કે ભાગી જાઉં અને પગપાળો ગામે પહોંચી જાઉં, પણ મારી પાસે બૂટ નથી અને મને ઠારની બીક લાગે છે. હું મોટો થઈને આદમી બનીશ ત્યારે તમને સાચવીને રાખીશ, તમને કોઈ હેરાન ન કરે એનું બરાબર ધ્યાન રાખીશ, અને તમે મરી જશો ત્યારે તમારો જીવ ગતિએ જાય એવી પ્રાર્થના કરીશ, મારી માની બાબતમાં કરું છું એવી જ રીતે.

"મોસ્કો બહુ મોટું શહેર છે, ઘણાંબધાં અમીર કુટુંબોનાં ઘર છે ને પાર વગરના ઘોડા છે, પણ ઘેટાં દેખાતાં નથી ને કૂતરાં જરાય કરડકણાં નથી. અહીંયાં નાતાલમાં છોકરા બિલ્લા લઈને ભટકતા નથી, અને દેવળમાં અમને ગાવા દેતા નથી. એક વાર મેં માછલાં પકડવાના કાંટા દુકાનમાં વેચાતા જોયા, દોરી ને બધો સામાન ભેગો હતો, સરસ ચીજો હતી, ગમે એવી માછલી પકડી શકાય. એક કાંટો તો એવો હતો કે અરધો મણ વજનની માછલી પણ પકડી શકાય. મેં એવી દુકાનો જોઈ કે જેમાં મારા માલિક કને છે એવી જાતજાતની બંદૂકો વેચાય છે, દરેકની કિંમત એકસો રૂબલ છે... ખાટકીઓની દુકાનોમાં જાતજાતનાં પંખી અને સસલાં વેચાય છે, પણ દુકાનવાળા કહેતા નથી કે એ બધાંનો શિકાર ક્યાં કરવામાં આવેલો.

"પ્યારા દાદા, મોટી હવેલીમાં નાતાલનું ઝાડ ગોઠવવામાં આવે ત્યારે સોનેરી કાગળ વીંટેલો મેવો લઈને મારે માટે લીલી પેટીમાં મૂકી રાખજો. ઓલ્ગા ઈગ્નાત્યેવ્ના બાઈસાહેબને પૂછી લેજો, કહેજો કે વાનકા સારુ જોઈએ છે."

વાનકાએ ઊંડો નિસાસો નાખીને ફરી વાર નજર બારીના કાચ ઉપર ઠેરવી. તેને યાદ આવ્યું કે દાદા ઉમરાવ માલિકો માટે નાતાલનું ઝાડ લેવા જંગલમાં જતા ત્યારે તેને પણ ભેગો લઈ જતા. અરે, કેવા સુખના દિવસો હતા! દાદા લહેરથી લલકાર કરતા, હિમ જાણે લલકાર કરતું લાગતું, અને તેમને જોઈને વાનકા પણ લલકાર શરૂ કરી દેતો. ફરના ઝાડને પાડી નાખતાં પહેલાં દાદા હોકલી પીતા, બજરનો લાંબો સૈડકો ભરતા, અને ટાઢમાં થરથરતા વાનકાની સામે જોઈને હસતા... હિમના આવરણમાં શોભતાં નાનાં કુમળાં ફરઝાડ ગુપચુપ ખડાં રહીને વાટ જોતાં કે પોતાનામાંથી કોનું મોત આવે છે. એટલામાં અચાનક જ કોઈ સસલું હિમના ઢગલાને ઠેકતું તીરની ઝડપે દોડી જતું... અને દાદાથી ઘાંટા પાડયા વગર રહેવાતું જ નહિ:

"પકડ, પકડ... પકડી લે! શયતાન ક્યાંનું, ટૂંકી પૂંછડિયાળું!"

દાદા ઝાડને ઘસડતા મોટી હવેલીએ લઈ જતા અને તેની સજાવટ શરૂ કરી દેવામાં આવતી... વાનકાની માનીતી ઓલ્ગા ઈગ્નાત્યેવ્ના બાઈસાહેબ સૌથી વધારે મશગૂલ બની જતી. વાનકાની મા પેલાગેયા જીવતી હતી અને મોટી હવેલીમાં કામ કરતી હતી ત્યારે ઓલ્ગા ઈગ્નાત્યેવ્ના વાનકાને ખાટીમીઠી આપતી, પોતાનું મન બહલાવવા માટે વાનકાને લખતાંવાંચતાં શીખવતી અને નાચની તાલીમ પણ આપતી. પરંતુ પેલાગેયાના અવસાન પછી અનાથ વાનકાને પછવાડાના

રસોડામાં તેના દાદા પાસે મોકલી દેવામાં આવ્યો, અને ત્યાંથી મોસ્કોમાં મોચી આલ્યાખિનને ત્યાં રવાના કરી દેવામાં આવ્યો...

"પ્યારા દાદા, તમે જલદી આવો," વાનકાએ આગળ લખ્યું, "આજીજી કરું છું કે ભગવાનને ખાતર આવીને મને અહીંથી લઈ જાઓ. મારી દુખી અનાથની દયા ખાઓ, મને બધો વખત માર પડતો જ રહે છે, મને હરદમ ભૂખની પીડા વેઠવી પડે છે, મારી વિપદાની વાત કહી જાય એમ નથી, હું લગાતાર રોતો જ રહું છું. એક વાર માલિકે મને માથામાં કાલબૂત ફટકાર્યું, હું પડી ગયો, મને લાગ્યું કે હવે કદી ઉઠાશે જ નહિ. મારી જિંદગી બેહદ દુખી છે, કૂતરાંથીયે બદતર છે... આલ્યોના, કાણિયો યેગોર, અને ગાડીવાનને મારી પ્યારભરી યાદ કહેજો, અને મારું વાજું કોઈને આપતા નહિ. તમારો પોતરો ઈવાન ઝૂકોવ, પ્યારા દાદા, જલદી આવજો."

વાનકાએ કાગળને ઘડી વાળીને પરબીડિયામાં મૂક્યો. તેણે પરબીડિયું આગલે દિવસે એક કોપેક ખરચીને લઈ લીધું હતું... થોડીક વાર મનમાં કશોક વિચાર કરીને તેણે કલમ ખડિયામાં બોળી અને સરનામું લખ્યું:

ગામે દાદાંને પહોંચે

પછી માથું ખજવાળીને અને થોડોક વધારે વિચાર કરીને તેણે ઉમેર્યું: "કોન્સ્તાન્તીન માકારિચને પહોંચે".

પોતાને કાગળ લખતાં કોઈએ અટકાવ્યો નહિ એથી ખુશ થઈને તે ટોપી માથે મૂકતો પણ ખમીસ ઉપર કોટ પહેરવાનું ભૂલી જતો શેરીમાં દોડી ગયો...

તેણે આગલે દિવસે ખાટકીની દુકાને પૂછેલું ત્યારે ત્યાં બેઠેલા માણસોએ તેને કહેલું કે કાગળોને ટપાલપેટીઓમાં નાખવામાં આવે છે, અને પછી તેમાંથી કાઢી લઈને ટપાલગાડીઓ મારફત આખી દુનિયામાં મોકલવામાં આવે છે, ત્રણ ઘોડાની ટપાલગાડીઓ રણકતી ઘંટડીઓવાળી હોય છે અને ગાડીવાનો ઘેનમાં ચકચૂર હોય છે. વાનકા દોડતો દોડતો નજીકની ટપાલપેટી પાસે પહોંચી ગયો અને પોતાનો કીમતી કાગળ તેણે બાકોરા વાટે અંદર સરકાવી દીધો...

મઝાની ઉમેદોની મીઠી અસરથી તેની આંખો ઘેરાવા લાગી અને એક કલાકમાં તો તે ઘસઘસાટ ઊંઘવા લાગ્યો... તેણે સપનામાં ભીંતની મોટી સગડી જોઈ. સગડીની પાળ ઉપર દાદા બેઠા હતા. દાદાના ઉઘાડા પગ નીચે લટકી રહ્યા હતા અને તે રસોડાના નોકરચાકરોને કાગળ વાંચી સંભળાવી રહ્યા હતા... કૂતરો બામ પૂંછડી પટપટાવતો સગડીની સામે આંટા મારી રહ્યો હતો...

૧૮૯૨

કાશ્તાનકા

પ્રકરણ ૧

ખોટું વર્તન

બદામી રંગની નાનકડી કૂતરી પગથી ઉપર આમતેમ દોડાદોડી કરતી ચોમેર નજર નાખી રહી હતી. તેની નજરમાં ગભરાટ વરતાતો હતો. તે અસલ જાતવાન અને સાધારણ રખડતી જાતના નરમાદા કૂતરાંની સંકર ઓલાદ હતી. તેનું મોઢું લોંકડી જેવું હતું. તે ઘડીએ ઘડીએ ઊભી રહી જતી, રાગડા તાણવા લાગતી, અને ટાઢમાં ઠરી ગયેલા પંજા એક પછી એક ઊંચા કરતી, જાણે સમજવાની કોશિશ કરતી હોય કે પોતે આવી આફતમાં કેમ સપડાઈ ગઈ હશે. બિચારી ભૂલી પડી ગઈ હતી.

તેને બરાબર યાદ હતું કે આખો દિવસ કેવી રીતે વીતેલો અને આખરે પોતે આવી અજાણી પગથી પર કેવી રીતે આવી પડેલી.

દિવસની શરૂઆત એવી રીતે થયેલી કે સવારે તેના માલિક મિસ્ત્રી લુકા આલેક્સાંદ્રિચે ટોપો માથે મૂકતાં અને લાકડાની કોઈ ચીજ રાતા રૂમાલમાં લપેટીને બગલમાં દબાવતાં સાદ પાડેલો:

“કાશતાનકા, ચાલ!”

જાતવાન અને રખડતી જાતનાં નરમાદાની સંકર ઓલાદ કૂતરી બાંકડા નીચે છોલાંના ઢગલામાં સૂઈ રહેતી. પોતાનું નામ સાંભળતાં જ તે બાંકડા નીચેથી સરકતી આગળ આવી

હતી અને લહેરથી કાયા લંબાવીને આળસ ખંખેરી નાખતી માલિકની પાછળ પાછળ દોડી ગઈ હતી. લુકા આલેક્સાંદ્રિચના બધા ઘરાકો બહુ જ આઘે આઘે રહેતા હતા, એટલે તેમાંથી કોઈને ઘેર પહોંચતાં સુધીમાં મિસ્ત્રીને રસ્તામાં કેટલીય વાર પીઠામાં જઈને કાયામાં નવું કૌવત ભરી લેવું પડતું. કાશ્તાનકાને પોતાનું એકદમ અણછાજતું વર્તન યાદ આવ્યું. માલિકની જોડે ફરવા જવાનું થયું એટલે બેહદ ખુશ થઈ જઈને તે કૂદાકૂદ કરવા લાગી હતી, ઘોડા જોડેલી ટ્રામની સામે ભસવા લાગતી, રસ્તે પડતાં ઘરોના વાડાઓમાં ઘૂસી જતી, અને બીજાં કૂતરાંની પાછળ દોટ મૂકતી. મિસ્ત્રીને કૂતરી નજરે ન પડે એટલે તે ઊભો રહી જતો અને ખિજાઈને સાદ પાડતો. એક વાર તો તેના ચહેરા ઉપર સખત ગુસ્સાના ભાવ છવાઈ ગયા, અને કૂતરીના નાનકડા લોંકડી જેવા કાન હાથમાં પકડીને તેને જોરથી હલાવતો તે તૂટક તૂટક બોલ્યો:

"તું... તો ... મોતને... જ... લાયક... છે... અવળચંડી ક્યાંની!"

ઘરાકોની મુલાકાત લેવાનું કામ પતી ગયું એટલે લુકા આલેક્સાંદ્રિચ ઘડીક બહેનને મળી લેવા અને તેની જોડે થોડુંક ખાઈ પી લેવા ગયો. બહેનને ઘેરથી નીકળીને તે ઓળખાણના બુકબાઈન્ડર પાસે, બુકબાઈન્ડર પાસેથી પીઠામાં, પીઠામાંથી વહુના કોઈ સગાને મળવા, એમ ફરતો રહ્યો. ટૂંકમાં, કાશ્તાનકા પેલી અજાણી પગથી પર આવી પડી ત્યારે સાંજ ઢળવા લાગી હતી અને મિસ્ત્રી નશામાં ચકચૂર થઈ ગયો હતો. તે વારંવાર હાથ હલાવતો ને ઊંડા નિસાસા નાખતો બબડવા લાગતો:

"મારી માના પાપની ઓલાદ! હા વળી, પાપની, પાપની! અત્યારે તો ભલે રસ્તાની બત્તીઓ જોતાં જઈ રહ્યાં

છીએ, પણ મોત આવશે પછી તો નરકની આગમાં બળવાનાં..."

અથવા તે ખુશમિજાજથી છલકાતા અવાજે કાશ્તાનકાને નજીક બોલાવીને કહેવા લાગતો:

"સાંભળ, કાશ્તાનકા, તું તો ખાલી જીવડા જેવી જ છો; માણસની સરખામણીએ તું તો મિસ્ત્રીની સરખામણીએ સુથાર જેવી જ છો, બીજું કંઈ નહિ..."

તે કાશ્તાનકાને એવું બધું કહી રહ્યો હતો એટલામાં સંગીતના સૂર રણકી ઊઠયા. કાશ્તાનકાએ આસપાસ નજર ફેરવી તો તેને સિપાહીઓની એક ટુકડી રસ્તે કૂચ કરતી સામેથી સીધી પોતાની તરફ આવતી નજરે પડી. તે સંગીતનો અવાજ સહન ન કરી શકી અને બેચેન બની ગઈ એટલે રાગડા તાણતી આમતેમ ઠેકડા મારવા લાગી. પણ મિસ્ત્રીનું આચરણ જોઈને તેને ભારે નવાઈ થઈ. એ તો ગભરાઈ જઈને ચીસો પાડવાનું તથા ભસવાનું શરૂ કરી દેવાને બદલે મઝાનો મલકાટ કરતો ટટ્ટાર થઈ ગયો અને પાંચેય આંગળીઓની સલામ ભરીને ઊભો રહ્યો. માલિકને કશો વિરોધ ન કરતો જોઈને કાશ્તાનકા વધારે જોરથી રાગડા તાણવા લાગી અને પછી તો જાણે સાવ પાગલ થઈ જઈને સડસડાટ રસ્તો પાર કરતી સામી પગથીએ પહોંચી ગઈ.

તેની 'સાન ઠેકાણે આવી ત્યારે સંગીત બંધ થઈ ગયું હતું અને સિપાહીઓની ટુકડી ચાલી ગઈ હતી. તે એકદમ દોડતી પાછી રસ્તો પાર કરીને મૂળ જગ્યાએ, જ્યાંથી માલિકને પડતો મૂકીને ભાગી ગયેલી ત્યાં, પહોંચી ગઈ. પણ માલિક તો ગાયબ થઈ ગયો હતો. કાશ્તાનકા નિરાશ થઈ ગઈ. તે આગળ દોડી, પાછળ દોડી, રસ્તો પાર કરીને સામી બાજુએ ગઈ, પણ મિસ્ત્રી ક્યાંય નજરે પડયો નહિ...

તે પગથીને સૂંઘવા લાગી. તેને આશા હતી કે માલિકની ગંધ પરખાઈ જશે તો પછી વાંધો નહિ આવે. પણ કોઈ મવાલી રબરના નવા બૂટ પહેરીને તાજો જ ત્યાંથી નીકળેલો એટલે બધી ગંધમાં રબરની બદબો ભળી ગયેલી હતી અને તે માલિકની ગંધને પારખીને અલગ ન તારવી શકી.

કાશ્તાનકા આમતેમ દોડાદોડી કરતી રહી પણ માલિક ન મળ્યો તે ન જ મળ્યો. અંધારું થવા લાગ્યું. રસ્તાની બન્ને બાજુએ બત્તીઓ ચાલુ થઈ ગઈ અને ઘરોની બારીઓમાં અજવાળું ઝગમગવા લાગ્યું. પીંછાં જેવા મોટા મોટા હિમકણ વરસવા લાગ્યા. રસ્તો, ઘોડાઓની પીઠ, ગાડીવાનોની ટોપીઓ, બધું ધોળું ધોળું થઈ ગયું. અંધારું જેમ જેમ વધારે ફેલાતું ગયું તેમ તેમ આસપાસની ચીજો વધારે ધોળી દેખાવા લાગી. કાશ્તાનકાએ અગાઉ કદી ન જોયેલા ઘરાકો આવજા કરી રહ્યા હતા, તેની નજરમાં આડશ ઊભી કરી રહ્યા હતા, અને તેને પાટુ મારી રહ્યા હતા. (કાશ્તાનકાએ તો આખી માનવજાતિના બે અણસરખા ભાગ પાડી નાખ્યા હતા: માલિકો અને ઘરાકો. બે ભાગની વચ્ચે મૂળ તફાવત એક જ હતો: માલિકો તેને મારવાનો હક ધરાવતા હતા, અને તે પોતે ઘરાકોને પગે બટકાં ભરવાનો હક ધરાવતી હતી.) એ બધા ઘરાકો ઉતાવળમાં હતા અને તેની તરફ જરાય ધ્યાન આપતા જ નહોતા.

સાવ અંધારું થઈ ગયું એટલે કાશ્તાનકા હતાશ થઈ ગઈ અને દહેશતમાં પડી ગઈ. તે એક ઘરના બારણામાં ભરાઈ ગઈ અને દુ:ખની મારી રડવા લાગી. આખો દિવસ લુકા આલેક્સાંદ્રિચ ભેગી રખડી રખડીને તે થાકી ગઈ હતી. તેના કાન અને પંજા સાવ ઠરી ગયા હતા. વળી તેને કકડીને ભૂખ લાગી હતી. તેને આખા દિવસમાં ફક્ત બે

વાર જ કટક બટક ખાવા મળ્યું હતું. બુકબાઈન્ડરને ત્યાં તેને થોડીક લાહી ચાટવા મળી ગયેલી, અને એક પીઠામાં ટેબલ પાસે પડેલો નકામા માંસનો ટુકડો ખાવા મળેલો—બસ. તે માણસ હોત તો તેના મનમાં કદાચ આવો ખ્યાલ આવ્યો હોત:

"ના, આવી જિંદગી જિવાય એમ નથી, એના કરતાં તો જીવ કાઢી નાખવો સારો!"

પ્રકરણ ૨

ભેદી અજનવી

પણ તે ખાલી વલોપાતના રાગડા જ તાણી શકે એમ હતી, તે કશા વિચાર તો કરી જ નહોતી શકતી. તેના માથા ઉપર અને પીઠ ઉપર પીંછાં જેવું મુલાયમ હિમ છવાઈ ગયું હતું અને તે થાકની બેચેન કાગાનીંદરમાં પડી ગઈ હતી. એટલામાં ટક જેવો અવાજ થયો, બારણું કિચૂડ કરતું ઊઘડી ગયું અને તેની પાંસળીઓ પર ભટકાયું. તે સફાળી ઊભી થઈ ગઈ. ઉઘાડા બારણામાંથી ઘરાક જેવો એક માણસ બહાર આવ્યો. કાશતાનકા ચીસ પાડતી એ માણસના પગમાં અટવાઈ ગયેલી એટલે તેના ધ્યાનમાં તો આવી જ ગઈ હતી. તેણે નીચે નમીને સવાલ કર્યો:

"અરે કૂતરીબાઈ, તું ક્યાંથી આવી પડી છો? મારો પગ વાગ્યો તો નથી ને? બિચારી નાનકી... પણ ખીજે ભરાતી નહિ, હું અફસોસ જાહેર કરી દઉં છું."

પોપચે વળગેલા હિમકણની આરપાર નજર નાખીને

કાશ્તાનકાએ જોયું તો સામે એક ઠીંગણો ને જાડિયો અજનવી ઊભો હતો, તેનો દાઢી કરેલો ચહેરો રાતોમાતો હતો, માથે ઊંચો ટોપો હતો, અને તેના ફરકોટનાં બધાંય બટન ખુલ્લાં હતાં.

"રાગડા કેમ તાણે છે?" અજનવી આંગળી વડે કાશ્તાનકાની પીઠ પરથી હિમ ખંખેરી નાખતો આગળ બોલ્યો. "તારો માલિક ક્યાં છે? ભૂલી પડી ગઈ છો, ખરું ને? બિચારી નાનકી કૂતરીબાઈ! હવે શું કરશું?"

કાશ્તાનકા અજનવીના અવાજમાં હમદર્દીની હૂંફ પારખી લઈને તેનો હાથ ચાટવા લાગી અને વધારે જોરથી રાગડા તાણવા લાગી.

"તું તો મઝાની રમૂજી નાનકી કૂતરીબાઈ છો!" અજનવી બોલ્યો. "જાણે બરાબર નાનકડી લોંકડી જોઈ લો! ઠીક, તો હવે શું કરવું છે? ચાલ મારી ભેગી! કદાચ તને કશાક કામે લગાડી શકાય. ઠીક ત્યારે, ચાલ!"

તેણે હોઠ વડે બુચકારો બોલાવ્યો અને એવી નિશાની કરી કે જેનો માત્ર એક જ અર્થ નીકળે: "ચાલ!" એટલે કાશ્તાનકા તેની જોડે ગઈ.

અરધા કલાકમાં તો તે એક મોટા ખંડમાં માથું એક તરફ નમાવીને હેત અને કુતૂહલથી ભરેલી નજરે અજનવીને તાકતી બેઠી હતી. ખંડમાં સરસ મઝાનો ઉજાસ હતો. અજનવી ટેબલ પાસે બેઠો બેઠો જમી રહ્યો હતો. તે જમતો જમતો થોડુંક થોડુંક ખાવાનું કાશ્તાનકા તરફ ફેંકતો રહેતો હતો... પહેલાં તેણે થોડીક રોટી અને પનીરની લીલી પોપડી ફેંકી, પછી માંસનો ટુકડો, અરધું સમોસું, અને મુરઘીનાં થોડાંક હાડકાં ફેંક્યાં. ભૂખી કાશ્તાનકા બધું એટલી ઝડપથી ગળી ગઈ કે સ્વાદ પારખવાનોયે વખત ન મળ્યો. તે જેમ

જેમ ખાતી ગઈ તેમ તેમ તેને પોતાની ભૂખનું વધારે ને વધારે ભાન થતું રહ્યું.

"તને ઘેર ખાવાનું બરાબર નહિ આપતા હોય, એમ જ લાગે છે!" કાશ્તાનકાને ખાવાનું પુરઝડપે ચાવ્યા વગર જ ગળી જતી જોઈને અજનવીએ ખ્યાલ જાહેર કર્યો. "કેવી દૂબળી છો! ચામડી ને હાડકાં સિવાય બીજું કંઈ છે જ નહિ!"

કાશ્તાનકાએ ઘણુંબધું ખાધું પણ તેની ભૂખ જાણે સંતોષાઈ જ નહિ. ખોરાકથી તો તેને જાણે કેફ જ ચડયો. ખાઈ લીધા પછી તે ખંડમાં વચ્ચોવચ પંજા લંબાવીને બેસી ગઈ. તેને અંગેઅંગમાં જાણે ખુશનુમા સુસ્તી લાગતી હતી. તે બેઠી બેઠી પૂંછડી પટપટાવવા લાગી. તેનો નવો માલિક આરામખુરશીમાં બેઠો બેઠો લહેરથી ચિરૂટના ધુમાડા કાઢી રહ્યો હતો, અને તે પૂંછડી પટપટાવતી એવા સવાલમાં અટવાઈ ગઈ હતી કે અહીંયાં અજનવીને ઘેર રહેવું સારું કે પછી મિસ્રીને ઘેર જ બહેતર છે. અજનવીના ઘરમાં ઘસાઈ ગયેલું નમાલું રાચરચીલું દેખાવડું નહોતું. આરામખુરશીઓ, સોફા, બત્તી, અને જાજમો સિવાય બીજું કંઈ ઘરમાં હતું જ નહિ. ખંડ જાણે સાવ ખાલી ખાલી લાગતો હતો. પણ મિસ્રીનું ઘર તો આખું ખીચોખીચ ભરેલું હતું—ટેબલ, બાંકડો, છોલાંનો ઢગલો, રંધા, ફરશીઓ, કરવતો, પાંજરામાં નાનકડું પંખી, હાથમોં ધોવા પાણીનું વાસણ... અજનવીના ઘરમાં કોઈ ખાસ ગંધ વરતાતી નહોતી, પણ મિસ્રીના ઘરમાં તો હંમેશાં જાણે ધુમ્મસ જેવું છવાયેલું રહેતું અને સરેસ, વાર્નિશ, તથા છોલાંની મઝાની ગંધ સતત ફેલાયેલી રહેતી. બીજી તરફ, અજનવીના ઘરમાં એક બહુ મોટો ફાયદો હતો— ખાવાનું પુષ્કળ મળતું, અને તેની ભલમનસાઈ માની જ લેવી પડે કે કાશ્તાનકા

ટેબલ પાસે બેઠી બેઠી હેતભરી નજરે તેને તાકી રહી હતી ત્યારે અજનવીએ એકેય વાર તેને પાટુ નહોતું માર્યું, પગ નહોતા પછાડયા, અને એકેય વાર બરાડો નહોતો પાડયો કે "નીકળ બહાર અહીંથી, કાળમુખી ક્યાંની!"

નવો માલિક ચિરૂટ પૂરી કરીને બહાર ગયો અને એકબે મિનિટમાં જ નાનકડી ગોદડી લઈને પાછો આવ્યો.

"અહીં આવ, કૂતરીબાઈ, નજીક આવ!" તેણે ગોદડી સોફાની બાજુમાં પાથરતાં કહ્યું. "આની ઉપર લંબાવીને ઊંઘી જા!"

પછી તે બત્તી ઓલવી નાખીને ખંડમાંથી ચાલ્યો ગયો. કાશતાનકાએ નાનકડી ગોદડી ઉપર લંબાવીને આંખો મીંચી દીધી. બહાર રસ્તા પરથી ભસવાનો અવાજ સંભળાયો, અને તે જવાબ વાળવા જતી હતી એટલામાં અચાનક બહુ જ ઉદાસ થઈ ગઈ. તેને લુકા આલેક્સાંદ્રિચ, તેનો દીકરો ફેદ્યુશ્કા, અને બાંકડા નીચેની મઝાની હૂંફાળી જગ્યા વગેરે બધું યાદ આવી ગયું. તેને શિયાળાની લાંબી લાંબી સાંજની વેળા સાંભરી—મિસ્ત્રી કાં તો લાકડા ઉપર રંધો ફેરવતો હોય અથવા છાપું વાંચતો હોય, અને પોતે ફેદ્યુશ્કાની જોડે રમતી હોય... ફેદ્યુશ્કા તેને પાછલા પગ પકડીને બાંકડા નીચેથી ખેંચી કાઢતો અને તેની જોડે એવાં તોફાન કરતો કે તેને આંખે અંધારાં આવી જતાં અને અંગેઅંગમાં દુખાવો થતો. ફેદ્યુશ્કા તેને પાછલા પગને ટેકે ચલાવતો અને તે જાણે ઘંટ હોય એવો ઢોંગ કરતો, એટલે કે તેની પૂંછડી પકડીને જોરથી આંચકા મારતો અને તે પીડાની મારી ભસવા તથા ચીસો પાડવા લાગતી. ફેદ્યુશ્કા તેના નાકમાં બજર ઠાંસી દેતો... એક તોફાનમાં તો બેહદ પીડા થતી: ફેદ્યુશ્કા માંસના ટુકડાને દોરો બાંધીને કાશતાનકાને દેતો, બિચારી

કૂતરી માંસ ગળી જાય કે તરત જ છોકરો દોરો ખેંચીને માંસ તેના પેટમાંથી પાછું બહાર કાઢી લેતો અને ખડખડાટ હસવા લાગતો. તેની યાદો જેમ જેમ વધારે સાફ બનતી ગઈ તેમ તેમ તેના રાગડા વધારે જોરદાર અને ગમગીન બનતા ગયા.

પણ થોડીક વારમાં ઉદાસીને થાક અને હૂંફે દબાવી દીધી. તેને નીંદર આવવા લાગી. નીંદરના ઘેનમાં તેને જાણે કૂતરાં આમતેમ દોડતાં નજરે પડયાં. તેમાં તેણે દિવસે રસ્તા પર જોયેલો એક ઝીંથરિયો ઘરડો કૂતરો હતો. તેની આંખોમાં ફૂલાં હતાં અને નાક ફરતે વાળનાં ગૂંછળાં હતાં. ફેદ્યુશ્કા હાથમાં ફરશી લઈને એ કૂતરાની પાછળ દોડી રહ્યો હતો, પણ એકાએક તેને જ આખે શરીરે ઝીંથરિયા વાળ ઊગી નીકળ્યા, તે મોજમાં આવી જઈને ભસવા લાગ્યો, અને કાશ્તાનકાની બાજુમાં પહોંચી ગયો. કાશ્તાનકા અને તે સદ્‌ભાવથી એકબીજાનાં નાક સૂંઘવા લાગ્યાં અને દોડતાં બહાર નીકળી ગયાં...

પ્રકરણ ૩

નવી અને મઝાની ઓળખાણ

કાશ્તાંનકા જાગી ત્યારે અજવાળું થઈ ગયું હતું અને માત્ર દિવસે જ થાય એવા અવાજ રસ્તા પરથી સંભળાઈ રહ્યા હતા. ખંડમાં કોઈ નહોતું. કાશ્તાનકાએ આળસ મરડી, બગાસું ખાધું, અને ચિડિયલ ગમગીન મિજાજે ખંડમાં આંટો માર્યો. તેણે ખૂણા સૂંઘી જોયા, ફર્નિચર સૂંઘી જોયું, અને પછી પરસાળમાં ડોકું કાઢીને નજર ફેરવી પણ ત્યાંયે મઝા પડે એવું કશું દેખાયું નહિ. પરસાળમાં પડતા બારણા ઉપરાંત

બીજું એક બારણું પણ હતું. કાશ્તાનકા ખચકાઈને થોડી વાર ઊભી રહી. પછી તેણે બેઉ આગલા પંજા બારણા ઉપર ઘસ્યા, અને ધક્કો મારીને બારણું ખોલી નાખતી તે બીજા ખંડમાં દાખલ થઈ ગઈ. ત્યાં ખાટલામાં ઊનનો જાડો ધાબળો ઓઢીને સૂતેલા ઘરાકને તેણે ગઈકાલના અજનવી તરીકે ઓળખી કાઢ્યો.

"ગરરરર..." તેણે હળવો ઘુરકાટ કર્યો, પણ પછી ગઈકાલનું ખાવાનું યાદ આવી જતાં તે પૂંછડી પટપટાવવા તથા સૂંઘવા લાગી.

તેણે અજનવીના બૂટ તથા કપડાં સૂંઘી જોયાં. તેમાંથી ઘોડાઓની આકરી ગંધ આવતી હતી. વળી એક બંધ બારણું નજરે પડ્યું. તે સૂવાના ઓરડામાંથી બીજે ક્યાંક પડતું હતું. કાશ્તાનકાએ બારણા ઉપર પંજા માર્યા અને તેને હડસેલીને ખોલી નાખ્યું. એકાએક તેને અજબ અને બહુ શંકા ઊપજે એવી ગંધ આવી. કાશ્તાનકાને ખ્યાલ આવી ગયો કે આમાં તો અણગમતી અથડામણ થઈ જાય એવું લાગે છે. નાનકડી ઓરડીની દીવાલોનો સજાવટ કાગળ મેલો થઈ ગયેલો હતો. તે અંદર દાખલ થઈ ગઈ અને ઘુરકાટ કરતી આસપાસ નજર ફેરવવા લાગી, પણ બીજી જ ઘડીએ ડરી જઈને પાછી વળી ગઈ. તેને કશુંક સાવ અણધાર્યું અને બિહામણું નજરે પડ્યું હતું. ગરદન તથા માથું ભોંયને અડી જાય એટલાં નીચે નમાવીને અને પાંખો ફેલાવીને ફૂંફાટા મારતો એક રાખોડી હંસલો સામેથી સીધો તેની તરફ આવી રહ્યો હતો. બાજુમાં જ નાનકડી ગોદડી પર એક સફેદ બિલાડો બેઠો હતો. કાશ્તાનકા નજરે પડી કે તરત જ તે ઠેકડો મારતો ખડો થઈ ગયો. પીઠને કમાનની જેમ વાળી દેતો, પૂંછડી ઊંચી કરીને અક્કડ ખડી કરી દેતો, અને રૂંછા ફરકાવતો તે

પણ ફૂંફાટા મારવા લાગ્યો. કૂતરી બરાબર ધાક ખાઈ ગઈ હતી, પણ તે પોતાની બીક જાહેર કરી દેવા નહોતી માગતી એટલે જોરથી ભસવા લાગી અને બિલાડા તરફ ધસી ગઈ... બિલાડાએ પીઠની કમાન વધારે ઊંચી કરી દીધી, થૂંક ઉડાડ્યું, અને કાશ્તાનકાના માથા ઉપર પંજો માર્યો. કાશ્તાનકા પાછી હઠી ગઈ, ચારેય પંજા ભોંય પર દબાવીને કોકડું વળી ગઈ, અને ડાચું બિલાડા તરફ રાખીને જોરથી બેબાકળું ભસવા લાગી. દરમિયાનમાં હંસલો પાછળથી નજીક પહોંચી જઈને તેની પીઠમાં ચાંચ મારવા લાગ્યો. કાશ્તાનકાને સખત પીડા થઈ. તે એકદમ પાછળ ફરી ગઈ અને હંસલા ઉપર તૂટી પડી...

"આ શી ધમાલ માંડી છે?" ખીજભર્યો ઘાંટો સંભળાયો અને અજનવી ઓરડીમાં દાખલ થયો. તેણે જામો પહેર્યો હતો અને તેના મોંમાં ચિરૂટ હતી. "આ વળી શું? સૌ પોતપોતાની જગ્યાએ!"

તે બિલાડાની પાસે ગયો અને તેની કમાન જેવી પીઠે ધબ્બો મારતો બોલ્યો: "ફ્યોદોર તિમોફેઇચ, આનો શો મતલબ? લડાઈ તેં શરૂ કરેલી? મવાલી ક્યાંનો! બેસી જા!"

અને હંસલાને તેણે ઘાંટો પાડીને ફરમાન કર્યું: "ઇવાન ઇવાનિચ, પાછો તારી જગ્યાએ ચાલ્યો જા!"

બિલાડો તાબેદારીથી નાનકડી ગોદડી પર બેસી ગયો અને તેણે આંખો મીચી દીધી. તેના ચહેરા પરના ભાવ અને તેની મૂછો જોતાં લાગતું હતું કે લડાઈની ઉતાવળ કરવાનો તેને પોતાને જ અફસોસ હતો. કાશ્તાનકા જાણે દુભાઈ ગઈ હોય એવી રીતે કણસી રહી હતી. હંસલો ગરદન લંબાવીને જોમદાર સાફ અવાજે પણ જરાય સમજાય નહિ એવું કશુંક ઝડપથી બોલવા લાગ્યો.

"ઠીક! બસ હવે!" માલિક બગાસું ખાતો બોલ્યો. "તમારે ભેગાં જ રહેવાનું છે એટલે ટેવાઈ જવું પડશે." પછી તે કાશ્તાનકાને પંપાળવા લાગ્યો અને આગળ બોલ્યો: "ડાહીબાઈ, જરાય બીતી નહિ, સંગાથ મઝાનો છે. તને કશી ઈજા નહિ કરે. પણ તારું નામ શું પાડશું? નામ વગર તો ન ચાલે, કૂતરીબાઈ."

તે થોડી વાર વિચારમાં પડી ગયો.

"મળી ગયું! તારું નામ—કાકી! સમજી ને? કાકી!"

"કાકી" શબ્દ કેટલીક વાર દોહરાવીને તે ચાલ્યો ગયો. કાશ્તાનકા બેસી ગઈ અને આસપાસ જોતી રહી. બિલાડો ગોદડી પર સાવ શાંત પડયો હતો અને ઊંઘી ગયો હોવાનો ઢોંગ કરી રહ્યો હતો. હંસલો ગરદન આગળ લંબાવીને અને એક જ જગ્યાએ નજર ઠેરવીને જોમથી કશુંક બહુ ઝડપથી બોલી રહ્યો હતો. તે બહુ ચતુર લાગતો હતો. દરેક લાંબી જોમદાર તકરીર પછી તે જાણે અચરજથી પાછળ હઠી જતો અને પોતાની બોલવાની રીતથી ખુશખુશ થઈ ગયો હોવાનો ઢોંગ કરતો હતો... તેની તકરીરો સાંભળી લઈને અને "ગરરર..." જવાબ આપીને કાશ્તાનકા ખૂણાઓ સૂંઘવા લાગી. એક ખૂણામાં નાનકડું ડબલું પડયું હતું. તેમાં જવની રોટીના કકડા અને વટાણા પાણીમાં પલાળીને રાખેલા હતા. કાશ્તાનકાએ વટાણા ચાખી જોયા પણ બહુ ભાવ્યા નહિ એટલે તે રોટીના કકડા ચાખી જોઈને ખાવા લાગી. હંસલાએ જોયું કે પોતાનું ખાવાનું અજાણી કૂતરી ખાઈ રહી છે, પણ તેણે કશો વાંધો ન ઉઠાવ્યો. ઊલટાનો તે વધારે જોરથી તકરીર કરવા લાગ્યો અને પોતાની વિશ્વાસની લાગણી બતાવવા તેણે પોતે પણ ડબલા પાસે જઈને થોડાક વટાણા ખાધા.

પ્રકરણ ૪

ભારે અજાયબી

થોડી વાર પછી અજનવી ફરી અંદર આવ્યો. તેના હાથમાં દરવાજા જેવી કે Π આકારની કોઈ અજબ ચીજ હતી. લાકડાની અણઘડ વસ્તુની આડી કાઠીએ ઘંટ ટાંગેલો હતો અને કાઠી ઉપર પિસ્તોલ બાંધેલી હતી. ઘંટના લોલકને તેમ જ પિસ્તોલના ઘોડાને દોરીઓ બાંધેલી હતી. અજનવીએ Π આકારની વસ્તુ ઓરડીમાં વચ્ચોવચ મૂકી અને તે કશુંક છોડવામાં તથા કશુંક બાંધવામાં કેટલીય વાર સુધી મશગૂલ રહ્યો. પછી હંસલાની સામે જોઈને તેણે કહ્યું: "ઈવાન ઈવાનિચ, ડાહ્યા થઈને શરૂ કરી દો!"

હંસલો તેની પાસે ગયો અને અપેક્ષાની અદા ધારણ કરીને ઊભો રહ્યો.

"તો સાહેબ," અજનવી બોલ્યો, "આપણે શરૂઆત એકડે એકથી જ કરીશું. સૌથી પહેલાં તો નમન કરો! ચપળતા રાખજો!"

ઈવાન ઈવાનિચે ગરદન લાંબી કરી, બધી તરફ માથું હલાવ્યું, અને પગની પહોળી પાની ભોંય પર ઘસી.

"બરાબર! ડાહ્યો જુવાન! હવે મરી જવાનો ઢોંગ કર!"

હંસલો ચત્તો સૂઈ ગયો અને તેણે પગ ઊંચા કરી દીધા. એવી જાતના ખાસ છાપ ન પાડતા થોડાક ખેલ કરાવી લીધા પછી અજનવી પોતાનું માથું બેઉ હાથ વડે પકડીને અને મોં પર ભારે દહેશતના ભાવ આણીને રાડારાડી કરવા લાગ્યો: "મદદ! મદદ! ઘરને આગ લાગી છે!"

ઈવાન ઈવાનિચ એકદમ દરવાજા જેવી વસ્તુ પાસે પહોંચી ગયો અને ચાંચ વડે દોરી પકડીને ઘંટ વગાડવા લાગ્યો.

અજનવી બહુ ખુશ થઈ ગયો. તે હંસલાની ગરદન પંપાળતો બોલ્યો:

"સરસ જુવાન, ઈવાન ઈવાનિચ! હવે ધારી લે કે તું ઝવેરી છે અને સોનાનો તથા હીરામાણેકનો વેપાર કરે છે. ધારી લે કે તારી દુકાનમાં દાખલ થતાં જ તને ચોર નજરે પડે છે. એવી હાલતમાં તું શું કરે?"

હંસલાએ બીજી દોરી ચાંચમાં પકડીને ખેંચી. કાન ફોડી નાખે એવો ધડાકો થયો. કાશ્તાનકાને ઘંટનો રણકાર બહુ ગમ્યો, અને પિસ્તોલનો ધડાકો સાંભળીને તે ખુશીથી એવી ઘેલી બની ગઈ કે ભસતી ભસતી દરવાજા ફરતે ચક્કર ચક્કર દોડવા લાગી.

"બેસી જા, કાકી! બેસી જા!" અજનવીએ બરાડો પાડયો. "ચુપ!"

ઈવાન ઈવાનિચનું કામ પિસ્તોલના ધડાકાથી પૂરું ન થયું. અજનવી એક કલાક સુધી ચાબુકના ફટકારા બોલાવતો તેને કૂંડાળામાં દોડાવતો રહ્યો. હંસલાએ જાતજાતના ખેલ કરી બતાવ્યા—આડશ ઠેકવાનો, ગોળ કડીની અંદરથી ઠેકડો મારવાનો, પાછલા પગે ઊભા રહેવાનો, એટલે કે પૂંઠને ટેકે બેસીને પગ હલાવવાનો, વગેરે. કાશ્તાનકા ઈવાન ઈવાનિચ ઉપરથી નજર ખસેડી જ ન શકી. તે ખુશીના રાગડા તાણતી રહી અને કેટલીય વાર જોરથી ભસતી ભસતી હંસલાની પાછળ પાછળ દોડી. અજનવીએ હંસલાને તેમ જ પોતાની કાયાને થકાવી નાખ્યા પછી કપાળેથી પરસેવો લૂછીને ઘાંટો પાડયો: "મારીયા, ખાવ્રોન્યા ઈવાનોવ્નાને બોલાવ!"

એક મિનિટ પછી ભૂંડના ડરકવાનો અવાજ કાને પડયો. કાશ્તાનકાએ ઘુરકાટ કર્યો, ભારે હિંમતનો ડોળ કર્યો, પણ

સલામતી ખાતર તે અજનવીની પાસે સરકી ગઈ. બારણું ખૂલ્યું, એક ડોશી ઓરડીમાં નજર નાખીને કશુંક બોલી, અને પછી તેણે એક કાળી ને બહુ કદરૂપી ભૂંડણને અંદર દાખલ કરી દીધી. કાશ્તાનકાના ઘુરકાટની મુદ્દલ પરવા કર્યા વગર ભૂંડણ મોંનું નાળચું ઊંચું કરીને મોજથી ડરકવા લાગી. તે પોતાના માલિકને, બિલાડાને, તથા ઇવાન ઇવાનિચને જોઈને બહુ ખુશ થઈ ગઈ હોય એમ સાફ જણાઈ આવતું હતું. તેણે બિલાડાની પાસે જઈને તેના પેટમાં પોતાના નાળચા વડે હળવેથી ગોદો માર્યો અને પછી હંસલાની પાસે જઈને થોડીક વાત કરી. તેના હલનચલનમાં, અવાજમાં, તથા પૂંછડીના ફરકાટમાં તેનો બહુ જ મિલનસાર સ્વભાવ સાફ પરખાઈ આવતો હતો. કાશ્તાનકાને તરત સમજાઈ ગયું કે આવા જીવની સામે ઘૂરકવાનું તથા ભસવાનું સાવ નકામું છે.

માલિકે દરવાજા જેવી વસ્તુ હઠાવી લીધી અને ઘાંટો પાડયો:

"ફ્યોદોર તિમોફેઇચ, હવે તમે ડાહ્યા થઈને શરૂ કરી દો!"

બિલાડો ઊભો થયો અને જાણે કોઈની ઉપર મહેરબાની કરતો હોય એમ ભારે સુસ્તીથી તથા બહુ જ કમને કાયા સીધી કરતો ભૂંડણ પાસે ગયો.

"તો આપણે મિસરી પિરામિડથી શરૂઆત કરીએ," માલિકે જાહેરાત કરી.

તેણે ખેલ લંબાણથી સમજાવ્યો અને પછી ફરમાન છોડયું: "એક, બે, ત્રણ!" જેવો "ત્રણ" શબ્દ બોલાયો કે તરત ઇવાન ઇવાનિચ પાંખો ફેલાવીને ઊડતો ભૂંડણની પીઠ પર

પહોંચી ગયો... બરછટ વાળવાળી પીઠ પર તેણે પાંખો તથા ગરદન વડે સમતુલા હાંસલ કરી લઈને પગ મક્કમ ગોઠવી લીધા ત્યારે ફ્યોદોર તિમોફેઇચ પણ ઢીલી સુસ્ત રીતે, દેખીતી અવગણના તથા તુચ્છકારની લાગણીથી, પોતાની આવડતને જાણે કશી ગણનામાં લેતો જ ન હોય એમ, ઠેકડો મારીને ભૂંડણની પીઠ પર ચડી ગયો, અને પછી ક્રમને હંસલાની ઉપર ચડી જઈને પાછલા પગને ટેકે બેસી ગયો. અજનવીએ મિસરી પિરામિડ તરીકે જાહેર કરેલો ખેલ એવી રીતે રજૂ થયો. કાશ્તાનકા ખુશીના દેકારા કરવા લાગી, પણ બરાબર એ જ ઘડીએ ઘરડો બિલાડો બગાસું ખાતાં સમતુલા ગુમાવીને હંસલા ઉપરથી ગબડી પડયો. ઇવાન ઇવાનિચ પણ લપસીને નીચે પડી ગયો. અજનવીએ ઘાંટા પાડયા, હાથ હલાવ્યા, અને ફરી વાર કશુંક સમજાવવાનું શરૂ કરી દીધું. અણથક માલિક આખો કલાક પિરામિડના ખેલમાં ગાળીને પછી ઇવાન ઇવાનિચને બિલાડા ઉપર સવારી કરતાં શીખવવા લાગ્યો. ત્યાર બાદ તેણે બિલાડાને તમાકુના ધુમાડા કાઢતાં શીખવ્યું. એમ તાલીમ ચાલતી રહી.

તાલીમ પૂરી થઈ ગઈ એટલે અજનવી કપાળેથી પરસેવો લૂછતો ચાલ્યો ગયો. ફ્યોદોર તિમોફેઇચે તુચ્છકારથી છીંકોટો કરીને ગોદડી પર લંબાવ્યું અને આંખો મીચી દીધી. ઇવાન ઇવાનિચ ડબલા તરફ ગયો. ડોશી ભૂંડણને લઈ ગઈ. ઘણું બધું નવું નવું જોવામાં કાશ્તાનકાને ખબર જ ન પડી કે દિવસ કેવી રીતે વીતી ગયો. સાંજે તેની ગોદડી મેલા સજાવટ કાગળવાળી ઓરડીમાં ગોઠવી દેવામાં આવી અને તેણે રાત ફ્યોદોર તિમોફેઇચ તથા હંસલાના સંગાથમાં ગાળી.

પ્રકરણ ૫

કમાલ! ભારે કમાલ!

એક મહિનો વીતી ગયો.

કાશ્તાનકા રોજના લહેજતદાર ખોરાકથી તથા કાકીના નામથી ટેવાઈ ગઈ હતી. તે અજનવીથી અને પોતાના નવા સંગાથીઓથી પણ ટેવાઈ ગઈ હતી. જિંદગી લહેરથી ગુજરતી હતી.

રોજ દિવસની શરૂઆત એકસરખી રીતે જ થતી. સામાન્ય રીતે ઈવાન ઈવાનિચ સૌથી પહેલો જાગી જતો. તે તરત કાકી પાસે કે બિલાડા પાસે પહોંચી જતો, પોતાની ગરદન આગળ નમાવતો, અને જોમથી તથા સમજાવટના ભાવે પણ હંમેશની જેમ જ જરાય સમજાય નહિ એવી રીતે કશુંક બોલવા લાગતો. ક્યારેક તે માથું ઊંચું કરીને એકલો એકલો લાંબી તકરીરો કરતો રહેતો. ઓળખાણની શરૂઆતના થોડા દિવસોમાં કાશ્તાનકાને લાગેલું કે તે ચતુર હોવાથી બહુ બોલે છે, પણ તેની આદરની લાગણી ઓસરી જવામાં ઝાઝી વાર ન લાગી. હવે તો હંસલો લાંબી તકરીર કરતો નજીક આવે ત્યારે તે પૂંછડી ન પટપટાવતી, તેને સૌની નીંદરમાં ખલેલ પાડનારો કંટાળાજનક બોલકો ગણીને તેની સામે તુચ્છકારથી જોતી, અને તેને સાવ તોછડો "ગરરર..." જવાબ આપીને પતાવી દેતી.

પણ ફ્યોદોર તિમોફેઈચ સાવ નિરાળો જ જીવ હતો. તે સવારે જાગે ત્યારે કદી મુદ્દલ અવાજ ન કરે, ક્યારેય હલચલ ન કરે, અને આંખો પણ ન ઉઘાડે. તેને જાગવું જ ન પડે તો ખુશી થાય કારણ કે જિંદગીનો શોખ જેટલો હોવો જોઈએ એટલો તેને નહોતો એમ લાગતું હતું. તેને

કશી વાતમાં રસ ન પડતો. તે સુસ્ત અને ઉદાસીન રહેતો, તેને દરેક બાબત તરફ તુચ્છકાર હતો, એટલે સુધી કે લહેજતદાર ખાવાનું ઉડાવતો હોય ત્યારે પણ તે તુચ્છકારથી છીંકોટા કરતો રહેતો.

કશ્તાનકા સવારે જાગીને ખંડોમાં આંટો મારતી અને બધા ખૂણા સૂંઘી જોતી. માત્ર તેને તથા બિલાડાને જ આખા ઘરમાં ફરવાની છૂટ હતી. હંસલાને મેલા સજાવટ કાગળવાળી ઓરડીનો ઉંબરો ઓળંગવાની મનાઈ હતી. ખાવ્રોન્યા ઈવાનોવ્ના વાડામાં ક્યાંક નાનકડી છાપરીમાં રહેતી અને માત્ર તાલીમના વખતે જ હાજર થતી. માલિક સવારે મોડે સુધી ઊંઘતો રહેતો અને હળવો નાસ્તો કરીને ખેલની તાલીમમાં મશગૂલ બની જતો. દરરોજ Π આકારનો દરવાજો, ચાબુક, ગોળ કડીઓ, વગેરે ઓરડીમાં લાવવામાં આવતું, અને દરરોજ લગભગ એકસરખા જ ખેલ દોહરાવવામાં આવતા. તાલીમ ત્રણ કે ચાર કલાક ચાલતી. તાલીમ પૂરી થાય ત્યારે બેહદ થાકને લીધે ફ્યોદોર તિમોફેઈચ ક્યારેક દારૂડિયાની જેમ લથડવા લાગતો, ઈવાન ઈવાનિચ ચાંચ પૂરી ખોલી નાખીને હાંફવા લાગતો, માલિકનો ચહેરો લાલચોળ થઈ જતો અને કપાળેથી વહેતા પરસેવાના રેલાને તે કોઈ રીતે રોકી ન શકતો.

તાલીમમાં અને ખાવામાં દિવસ તો મોજથી વીતી જતો, પણ સાંજે બહુ કંટાળો આવતો. ઘણુંખરું તો સાંજની વેળાએ માલિક હંસલાને તથા બિલાડાને ભેગા લઈને ક્યાંક ચાલ્યો જતો. કાકી એકલી પડી જતી અને ગોદડી પર લંબાવીને ગમગીનીમાં ડૂબી જતી... જેવી રીતે અંધારું ધીરે ધીરે વધતું આખી ઓરડીમાં છવાઈ જતું એવી જ રીતે ગમગીની જાણે છાની છાની સરકતી આવીને ધીરે ધીરે તેની

ઉપર સવાર થઈ જતી. શરૂઆતમાં તેનું ભસવાનું, ખાવાનું, ખંડોમાં દોડાદોડી કરવાનું, કે પછી વસ્તુઓ જોવાનું મન સાવ ઓસરી જતું. ત્યાર બાદ તેની તરંગોની દુનિયામાં કાં તો કૂતરાં હોય અથવા માણસો હોય એવા બે આછા આકારો ઊપસી આવતા. તેમના ચહેરા વહાલા તથા ગમી જાય એવા પણ બહુ અજબ હોય. એવા આકારો ઊપસી આવે ત્યારે કાકી પૂંછડી પટપટાવવા લાગતી, અને તેને લાગતું કે આ ચહેરા મેં અગાઉ ક્યાંક જોયા છે અને મને સદા ગમતા રહ્યા છે... તે આખરે નીંદરમાં પડી જાય ત્યારે તેને એ આકારોમાંથી જાણે સરેસની, છોલાંની, તથા વાર્નિશની ગંધ આવતી હોય એમ લાગતું.

તે નવી જિંદગીથી પૂરેપૂરી ટેવાઈ ગઈ, અને હાડચામના માળખા જેવા અધભૂખ્યા રખડતા કૂતરામાંથી મઝાની સાફસૂથરી પાળેલી કૂતરીમાં પલટાઈ ગઈ, ત્યાર પછી એક દિવસે માલિકે તાલીમ પહેલાં તેને પંપાળતાં કહ્યું:

"કાકી, હવે કામે ચડી જવાનો વખત આવી ગયો છે. તેં નવરી બેસીને બહુ મોજ કરી લીધી. હવે મારે તને ખેલ શીખવવા છે... તારે કાબેલ ખેલાડી બનવું છે ને!"

માલિકે તેને જુદા જુદા ખેલ શીખવવાનું શરૂ કરી દીધું. પહેલી વારની તાલીમમાં તેણે પાછલા પગે ઊભા રહેતાં ને ચાલતાં શીખી લીધું. એથી તે ખુશખુશ થઈ ગઈ. બીજી વારની તાલીમમાં તેને શીખવવામાં આવ્યું કે માલિકે તેના માથાથી ઊંચે પકડી રાખેલો સાકરનો ગાંગડો, પાછલા પગે કૂદકો મારીને, કેવી રીતે ઝડપી લેવો. ત્યાર પછીની તાલીમમાં તેણે નાચ કરતાં, લાંબી દોરીને છેડે બંધાઈને ગોળ મેદાનમાં ચક્કર ચક્કર દોડતાં, સંગીત વાદનની સંગાથે રાગડો આલાપતાં, ઘંટ વગાડતાં, અને પિસ્તોલનો ધડાકો કરતાં

શીખી લીધું. એક મહિનામાં તો તેણે "મિસરી પિરામિડ"ના ખેલમાં ફ્યોદોર તિમોફેઈચની જગ્યા લઈ શકે એટલી સરસ તાલીમ હાંસલ કરી લીધી. તે તાલીમ બહુ ખુશીથી લેતી અને પોતાની કામયાબીઓ જોઈને રાજી રાજી થઈ જતી. જીભ મોંમાંથી બહાર કાઢીને દોડ લગાવવામાં, ગોળ કડીની અંદરથી ઠેકડા મારવામાં, અને ઘરડા ફ્યોદોર તિમોફેઈચની પીઠે સવારી કરવામાં તેને સૌથી વધારે લહેર પડતી. કોઈ પણ ખેલમાં મળતી દરેક કામયાબી ઊજવવા તે ફતેહની લાગણીથી અને પૂરું જોર લગાવીને ભસવા લાગતી. તેનો ઉસ્તાદ પણ નવાઈ પામતો અને ખુશ થઈ જઈને હથેળીમાં હથેળી મસળવા લાગતો.

"કમાલ! ભારે કમાલ!" તે કહેતો. "શંકાનો તો સવાલ જ નથી! તું મેદાન મારી જવાની—ચોક્કસ!"

કાકી "કમાલ" શબ્દથી એટલી બધી ટેવાઈ ગઈ કે જ્યારે જ્યારે માલિક એ શબ્દ બોલે ત્યારે ત્યારે તે ઠેકડો મારતી અને જાણે પોતાનું નામ બોલાયું હોય એવી રીતે આસપાસ જોવા લાગતી.

પ્રકરણ ૬

બેચેનીભરી રાત

કાકીને કૂતરાંની દુનિયાનું સપનું આવ્યું. સપનામાં કોઈ ચોકીદાર હાથમાં સાવરણી લઈને તેની પાછળ દોડી રહ્યો હતો. તે એકદમ ધાક ખાઈને જાગી ગઈ.

નાનકડી ઓરડીમાં નીરવતા અને અંધકાર છવાયેલાં હતાં. સખત ઘામ થઈ રહ્યો હતો. જીવડાં કરડી રહ્યાં હતાં.

કાકીને અગાઉ ક્યારેય અંધારાની બીક નહોતી લાગી, પણ આ વેળાએ કોણ જાણે કેમ તે દહેશતમાં પડી ગઈ અને તેને ભસવાનું મન થયું. બાજુના ઓરડામાં માલિકે જોરથી નિસાસો નાખ્યો, થોડી વાર પછી છાપરીમાં ભૂંડણ ડરકી, વળી પાછી નીરવતા છવાઈ ગઈ. ખોરાકનો ખ્યાલ આવે ત્યારે મન હળવું થઈ જતું હોય છે. કાકી યાદ કરવા લાગી કે પોતે દિવસ દરમિયાન કેવી રીતે ફ્યોદોર તિમોફેઈચના ભાગમાંથી મુરઘીની ટાંગ ચોરી લઈને દીવાનખાનામાં કબાટ અને ભીંતની વચ્ચે, જ્યાં પુષ્કળ જાળાં બાઝેલાં હતાં તથા ધૂળ જામેલી હતી ત્યાં, છુપાવી દીધી હતી. ત્યાં જઈને ટાંગ હજી છે કે નહિ તેની તપાસ કરી લેવાનો ખ્યાલ બૂરો ન ગણાય. પૂરો સંભવ છે કે ટાંગ માલિકના હાથમાં આવી ગઈ હોય અને તે ખાઈ ગયો હોય. પણ કાકીને સવાર પહેલાં ઓરડીમાંથી નીકળવાની છૂટ નહોતી—એવો નિયમ બનાવી દેવામાં આવ્યો હતો. ઊંઘી જવાનું સહેલું બની જાય એટલા ખાતર કાકીએ આંખો મીચી દીધી. તેને અનુભવથી સમજાઈ ગયું હતું કે ઊંઘી જવાથી ઝટ સવાર પડી જાય છે. પણ અચાનક જ તેને નજીકમાં ક્યાંકથી અજબ જાતની ચીસ કાને પડી. તે ચોંકી ગઈ અને ચારેય પંજાને ટેકે ખડી થઈ ગઈ. ચીસ ઇવાન ઇવાનિચે પાડી હતી, અને તેની રોજની વાચાળ તથા સમજાવટભરી તકરીરના હિસ્સા જેવી નહોતી પણ કોઈ મોટો દરવાજો ખૂલતો હોય ત્યારે કિચૂડ કિચૂડ અવાજ થાય એવી બેકાબૂ, તીણી, અને અસ્વાભાવિક હતી. કાકીને અંધારામાં કંઈ પરખાયું નહિ એટલે તે વધારે દહેશતમાં પડી ગઈ અને તેણે "ગરરર ..." ઘુરકાટ કર્યો.

વખત વીતતો ગયો. ઠીક ઠીક મોટું હાડકું ચાવવામાં જેટલી વાર લાગે એટલો વખત વીતી ગયો. ચીસ ફરી ન

સંભળાઈ. કાકી ધીરે ધીરે સ્વસ્થ થઈ ગઈ અને તેને ઝોકું આવી ગયું. તેને સપનામાં બે મોટા કાળા કૂતરા નજરે પડયા. બેઉની જાંઘે તથા પડખે ગયા વરસનાં રૂંછાંનાં ઝૂમખાં વળગેલાં હતાં. કૂતરા એક મોટા વાસણમાંથી ખાવાનું પેટમાં પધરાવી રહ્યા હતા. વાસણમાંથી સફેદ વરાળ નીકળી રહી હતી અને મઝેદાર વાસ આવી રહી હતી. કૂતરા થોડી થોડી વારે કાકી તરફ નજર નાખતા, દાંતિયાં કરતા, અને ઘૂરકીને જાણે કહેતા: "તને ખાવાનું જરાય નથી દેવાના!" પછી ફરનો ઓવરકોટ પહેરેલો કોઈ માણસ એક ઘરમાંથી દોડતો આવ્યો અને તેણે ચાબુક વીંઝીને કૂતરાને ભગાડી મૂક્યા. કાકી વાસણ પાસે પહોંચી ગઈ અને ખાવા લાગી. પણ માણસ પાછો ઘરના દરવાજામાં ગયો કે તરત જ બેઉ કાળા કૂતરા ઘૂરકતા તેની ઉપર તૂટી પડયા. એટલામાં અચાનક જ પેલી ચીસ ફરી તેને કાને પડી.

"ખેહ! ખેહ! ખેહ!" ઇવાન ઇવાનિચ કણસી રહ્યો હતો.

કાકી સફાળી જાગી ગઈ, એકદમ ખડી થઈ ગઈ અને ગોદડી ઉપર જ ઊભી રહીને લાંબો રાગડો તાણવા લાગી. હવે તેને લાગતું હતું કે ચીસ ઇવાન ઇવાનિચ નહિ પણ બહારથી બીજું કોઈ પાડી રહ્યું છે. અને કોણ જાણે કેમ પણ છાપરીમાં ભૂંડણ ફરી ડરકવા લાગી.

પણ એટલામાં સ્લીપરનો અવાજ કાને પડયો અને માલિક જામો પહેરીને તથા હાથમાં મીણબત્તી લઈને ઓરડીમાં દાખલ થયો. ઝગમગતું અજવાળું મેલા સજાવટ કાગળ ઉપર તેમ જ છતમાં ફરકતું હતું. અજવાળું આવ્યું એટલે અંધારું નાસી ગયું. કાકીએ જોયું કે ઓરડીમાં અજાણ્યું કોઈ નથી. ઇવાન ઇવાનિચ ભોંય પર બેઠો હતો અને જાગતો હતો.

તેની પાંખો ફેલાયેલી હતી અને ચાંચ ઉઘાડી હતી. તે જાણે સાવ થાકી ગયો હોય અને બહુ તરસ્યો હોય એમ લાગતું હતું. ઘરડો ફ્યોદોર તિમોફેઇચ પણ જાગતો હતો. તેના જેવાની નીંદર પણ ચીસથી ઊડી ગઈ હશે.

"ઈવાન ઈવાનિચ, શું થયું?" માલિકે હંસલાને પૂછ્યું. "કેમ કણસે છે? તબિયત ઠીક નથી કે શું?"

હંસલાએ કંઈ જવાબ ન આપ્યો. માલિકે તેની ગરદન પર હાથ ફેરવ્યો અને તેની પીઠ પંપાળી.

"તું તો અજબ જીવ છો," તેણે કહ્યું. "પોતે સૂતો નથી અને બીજા કોઈને સૂવા દેતો નથી."

પછી તે મીણબત્તી ભેગી લઈને બહાર ગયો. પાછું અંધારું છવાઈ ગયું. કાકીને બીક લાગી. ઈવાન ઈવાનિચે ફરી ચીસ ન પાડી. પણ કાકીને લાગ્યું કે જાણે અંધારામાં કોઈ અજાણ્યું ઊભું છે. સૌથી ભયંકર વાત તો એ હતી કે એ અજાણ્યા કોઈને કરડી શકાય એમ નહોતું કારણ કે તે દેખાતું નહોતું અને તેને કશો આકાર નહોતો. કોણ જાણે કેમ પણ તેને ખાતરી લાગી કે આજની રાતે કશુંક બહુ ખરાબ બનવાનું છે. ફ્યોદોર તિમોફેઇચ પણ બેચેન હતો. ગોદડી પર તેના સળવળાટનો, બગાસાંનો, તથા માથું હલાવવાનો અવાજ કાકીને સંભળાતો હતો.

રસ્તે કોઈ ક્યાંક દરવાજો ખખડાવવા લાગ્યું, અને છાપરીમાં ભૂંડણ ફરી વાર ડરકી. કાકીએ હળવો રાગડો તાણ્યો અને આગલા પંજા લંબાવીને માથું તેની ઉપર ટેકવી દીધું. દરવાજાનો ખખડાટ, કોણ જાણે કેમ હજી જાગતી ભૂંડણના ડરકવાનો અવાજ, ચોમેર અંધકાર તથા નીરવતા—બધું મળીને જાણે ઈવાન ઈવાનિચની ચીસ જેવા જ ગમગીન તથા બિહામણા કશાકનો અણસારો કાકીને આપી રહ્યું હતું. બધે

જાણે સંકટ તથા ભયનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. પણ કેમ? નજરે જોઈ ન શકાય એવું આ અજાણ્યું કોણ હશે? કાકીની બાજુમાં બે ઘેરા લીલા અંગારા એક પળ ચળકી ઊઠ્યા. ફ્યોદોર તિમોફેઇચ હતો. મહિનાઓની એકબીજાની ઓળખાણ દરમિયાન તે પહેલી જ વાર કાકીની પાસે આવ્યો હતો. તેની મુરાદ શી હશે? કાકી તેનો પંજો ચાટીને પછી તેને નજીક આવવાનું કારણ પૂછ્યા વગર જ જુદી જુદી જાતના રાગડા તાણતી રોવા લાગી.

"ખેહ! ખેહ-હેહ!" ઇવાન ઇવાનિચે ફરી ચીસ પાડી.

વળી બારણું ખૂલ્યું અને માલિક મીણબત્તી લઈને અંદર આવ્યો. હંસલો અગાઉની જેમ જ ચાંચ ખોલીને અને પાંખો ફેલાવીને બેઠો હતો. તેની આંખો બંધ હતી.

"ઇવાન ઇવાનિચ!" માલિકે સાદ પાડ્યો.

હંસલો જરાય હલ્યો નહિ. માલિક તેની સામે બેસી ગયો, નજર તેની ઉપર ઠેરવીને એક મિનિટ ચુપચાપ ઊભો રહ્યો, અને પછી બોલ્યો:

"ઇવાન ઇવાનિચ! શું થાય છે? મોતનું તેડું તો નથી આવી ગયું ને?" પછી તે એકાએક બેઉ હાથ વડે પોતાનું માથું પકડીને બોલી ઊઠ્યો: "અરે, યાદ આવ્યું! વાત સમજાઈ ગઈ! આજે તું ઘોડાના પગ નીચે દબાઈ ગયેલો! હે ભગવાન!"

કાકીને સમજાતું નહોતું કે માલિક શું કહી રહ્યો છે, પણ તેનો ચહેરો જોતાં સાફ જણાતું હતું કે તેને કશુંક ભયંકર બનવાનો અંદેશો છે. કાકીએ પોતાનું નાક બારી તરફ ફેરવ્યું. તેને લાગતું હતું કે કોઈ અજાણ્યું બારી વાટે અંદર નજર નાખી રહ્યું છે. પછી તે ધીમે રાગડે રોવા લાગી.

"આની તો આખરી ઘડી છે, કાકી!" માલિક બોલ્યો

અને તેણે હથેલીઓ ભીડી દીધી. "હા, આખરી ઘડી છે! મોત આપણા ઘરમાં પેસી ગયું છે! હવે શું કરશું?"

ફિક્કો ચહેરો અને ફિકરનો બોજ લઈને માલિક નિસાસા નાખતો અને માથું ધુણાવતો પાછો સૂવાના ઓરડામાં ગયો. અંધારી ઓરડીમાં કાકીને બીક લાગી એટલે તે માલિકની પાછળ પાછળ ગઈ. તે ખાટલા પર બેસી ગયો અને વારંવાર દોહરાવવા લાગ્યો: "હે ભગવાન! હવે શું કરું?"

કાકી તેના પગે લપાઈને બેસી ગઈ. પોતાને થતા સખત દુ:ખનું અને સૌની બેચેનીનું કારણ તેને સમજાતું નહોતું, અને તે વાતનો તાગ માલિકના દરેક હલનચલનમાંથી કાઢવાની કોશિશ કરી રહી હતી. પોતાની ગોદડી મૂકીને ભાગ્યે જ ક્યાંય જતો ફ્યોદોર તિમોફેઇચ પણ માલિકના સૂવાના ઓરડામાં આવ્યો અને પોતાની કાયા તેના પગ જોડે ઘસવા લાગ્યો. માથામાંથી બૂરા ખ્યાલોને જાણે ખંખેરી નાખવા માગતો હોય એમ તે થોડી થોડી વારે માથું હલાવતો હતો અને શંકાભરી નજર ખાટલા નીચે ફેરવતો હતો.

માલિક એક રકાબીમાં પાણિયારેથી થોડુંક પાણી રેડીને પાછો હંસલા પાસે ગયો.

"ઈવાન ઈવાનિચ, પાણી પી લે!" તેણે રકાબી હંસલાની પાસે મૂકતાં હેતથી કહ્યું. "બે ટીપાં પી લે, ભલા ભાઈ!"

પણ ઈવાન ઈવાનિચ હલ્યો નહિ. તેણે આંખો પણ ન ખોલી. માલિકે તેનું માથું રકાબીમાં નમાવ્યું અને તેની ચાંચ પાણીમાં બોળી. પણ હંસલાએ પાણી ન પીધું, પાંખો વધારે ફેલાવી દીધી, અને તેનું માથું રકાબીમાં જ પડયું રહ્યું.

"કશો ઈલાજ કરવાની વેળા વીતી ગઈ છે!" માલિક નિસાસો નાખતો બોલ્યો. "છેડો આવી ગયો. ઈવાન ઈવાનિચની જિંદગી ખતમ થઈ ગઈ!"

વરસાદ પડતો હોય ત્યારે બારીના કાચ પર પાણીનાં ટીપાં સરકતાં દેખાય એવી જ રીતે તેના ગાલ ઉપર આંસુનાં ચળકતાં ટીપાં વહેવા લાગ્યાં. કાકી અને ફ્યોદોર તિમોફેઇચને તો સમજાતું જ નહોતું કે આખર વાત શી છે. બેઉ માલિકને લપાઈને ભયભરી નજરે હંસલાને તાકી રહ્યાં.

"બિચારો ઈવાન ઈવાનિચ!" માલિક ગમગીન ભાવે નિસાસો નાખતો બોલ્યો. "અને હું તો મનસૂબા ઘડી રહ્યો હતો કે વસંતમાં તમને ગામડે રહેવા લઈ જઈશ અને આપણે સૌ લીલાછમ ઘાસમાં ફરવા જઈશું. બિચારો જીવ, મારો મઝાનો દોસ્ત, તું તો સદાને માટે ચાલ્યો ગયો! તારા વગર મારું કામ કેવી રીતે ચાલશે?"

કાકીને લાગ્યું કે પોતાની બાબતમાં પણ આમ જ બનવાનું છે, કશાક અજાણ્યા કારણસર પોતે આંખો મીચી દેશે, પંજા ફેલાવી દેશે, દાંત દેખાય એવી રીતે મોં ફાડીને પડી રહેશે, અને સૌ ભયભીત નજરે પોતાને તાકી રહેશે. ફ્યોદોર તિમોફેઇચને પણ એવી જ લાગણી થઈ હશે. ઘરડો બિલાડો આજના જેટલો ગમગીન ને ઉદાસ અગાઉ ક્યારેય નહોતો બન્યો.

પરોઢ થઈ રહ્યું હતું. કાકીને સખત ડરાવી દેનારું નજરે જોઈ ન શકાતું અજાણ્યું કોઈ હવે ઓરડીમાં મોજૂદ નહોતું. સારી પેઠે અજવાળું થઈ ગયું ત્યારે ચોકીદાર આવ્યો અને હંસલાના પગ પકડીને તેને બહાર લઈ ગયો. થોડી વાર પછી ડોશી આવીને ડબલું લઈ ગઈ.

કાકીએ દીવાનખાનામાં જઈને કબાટની પાછળ નજર નાખી. માલિક મુરઘીની ટાંગ ખાઈ નહોતો ગયો. તે હજી ત્યાં જ જાળાંમાં ને ધૂળમાં પડી હતી. પણ કાકી ગમગીન બની ગઈ હતી, ઉદાસીમાં ડૂબી ગઈ હતી, તેને રોવાનું મન

થતું હતું. તેણે ટાંગને સૂંઘી પણ નહિ. તે તો સોફા નીચે સરકી ગઈ, ત્યાં લપાઈને બેસી ગઈ, અને તીણો જોરદાર રાગડો કાઢીને એકધારું રોવા લાગી.

પ્રકરણ ૭

પહેલા ખેલમાં છબરડો

એક વાર સાંજે માલિક અચાનક જ મેલા સજાવટ કાગળવાળી ઓરડીમાં આવ્યો અને બોલ્યો:

"તો હવે કામની વાત!"

તે કંઈક કહેવા જતો હોય એમ લાગ્યું પણ કશું જ બોલ્યા વગર પાછો બહાર ચાલ્યો ગયો. કાકીએ તાલીમ દરમિયાન માલિકના ચહેરાના ભાવ તથા અવાજને સમજી લેવામાં ઉસ્તાદી હાંસલ કરી લીધી હતી એટલે તેને ખ્યાલ આવી ગયો કે માલિક બેચેન છે, ફિકરમાં છે, અને કદાચ ખીજે ભરાયેલો છે. તે થોડી વારમાં પાછો આવીને બોલ્યો:

"કાકી, આજે તને અને ફ્યોદોર તિમોફેઇચને હું મારી ભેગાં લઈ જવાનો છું. તારે મિસરી પિરામિડના ખેલમાં મર્હૂમ ઈવાન ઈવાનિચની જગ્યા લેવાની છે. પણ કેવી હાલત! કશું જ તૈયાર નથી અને તાલીમ સરખી રીતે નથી થઈ. રિહર્સલ પૂરતાં નથી થયાં! આપણે માથે નામોશી વરસી પડવાની છે અને ખેલમાં સાવ છબરડો વળી જવાનો છે!"

પછી તે ફરી બહાર ગયો અને એક મિનિટ પછી ફરનો કોટ તથા ઊંચો ટોપો પહેરીને પાછો આવ્યો. તેણે બિલાડાને આગલા પંજા પકડીને ઊંચકી લીધો અને કોટની અંદર ગોઠવી

દીધો. ફ્યોદોર તિમોફેઈચ એ બાબતમાં સાવ ઉદાસીન લાગ્યો. તેણે આંખો ખોલવાનીયે તસ્દી ન લીધી. તે તો દરેક બાબતમાં દેખીતો ઉદાસીન જ રહેતો, પછી ભલે ભોંય પર પડયો હોય કે આગલા પંજા વડે ઊંચકાતો હોય, ગોદડી પર લંબાવીને સૂતો હોય કે ફરના કોટની અંદર માલિકની છાતીએ લપાઈને આરામ કરતો હોય.

"ચાલ, કાકી," માલિકે કહ્યું.

એકદમ ગૂંચવણમાં પડી ગયેલી પણ પૂંછડી પટપટાવતી કાકી તેની પાછળ પાછળ ચાલી. એક મિનિટ પછી તે હિમગાડીમાં માલિકના પગ પાસે બેઠી હતી અને ટાઢમાં તથા ફિકરમાં ધ્રૂજતા આદમીનો બબડાટ સાંભળી રહી હતી.

"આજે તો નામોશી વરસી પડવાની છે! સાવ છબરડો વળી જવાનો છે!"

હિમગાડી ઊંધા વળી ગયેલા કટોરા જેવા એક મોટા વિચિત્ર મકાનની બહાર ઊભી રહી. કાચનાં ત્રણ બારણાંવાળા મકાનમાં દાખલ થવાને લાંબે રસ્તે દસબાર ઝળકતી બત્તીઓનું અજવાળું પથરાયેલું હતું. બારણાં ધડાક ખૂલી જતાં અને ધક્કામુક્કી કરતા લોકોને જાણે વિશાળ જડબાંની જેમ ગળી જતાં. લોકો ઘણાબધા હતા, અને ઘોડા દડબડ કરતા દરવાજે આવતા રહેતા, પણ કૂતરાં ક્યાંય નજરે પડતાં નહોતાં.

માલિકે કાકીને ઊંચકી લીધી અને ઓવરકોટની અંદર ફ્યોદોર તિમોફેઈચની પાસે ધુસાડી દીધી. ત્યાં અંધારું, ગુંગળામણ, અને ગરમી હતી. બે ઘેરા લીલા અંગારા અંધારામાં એક પળ ચળકી ઊઠયા—સંગાથીના ટાઢા ખરબચડા પંજાથી બિલાડાની શાંતિમાં ખલેલ પડી હતી એટલે તેની આંખો ઊઘડી ગઈ હતી. કાકી તેનો કાન ચાટવા લાગી અને વધારે સગવડથી ગોઠવાઈ જવાના આશયે આમતેમ

સળવળવા લાગી. તેના ટાઢા પંજા બિલાડાની ઉપર દબાયા. તેનું માથું અકસ્માત્ જ કોટની બહાર નીકળી ગયું અને તે એકદમ ખીજમાં ઘૂરકીને પાછી બફારાવાળા અંધારામાં ઘૂસી ગઈ. તેને લાગ્યું કે પોતે ઝાંખા અજવાળાવાળો અને રાક્ષસોથી ભરેલો મોટો જબ્બર ઓરડો જોયો. ઓરડાની બન્ને બાજુએ પાર્ટિશનો તથા કઠેરાઓ પાછળથી બિહામણા ચહેરા તાકી રહ્યા હતા—ઘોડાના દાંતવાળા, શિંગડાવાળા, લાંબા કાનવાળા ચહેરા. એક મોટા જાડિયા ચહેરામાં તો નાકની જગ્યાએ પૂંછડી હતી અને જાણે બહુ ચવાયેલાં હોય એવાં બે હાડકાં મોંમાંથી બહાર નીકળી આવેલાં હતાં.

બિલાડાએ કાકીના પંજા નીચેથી કમજોર મ્યાંઉં કર્યું, પણ બરાબર એ જ ઘડીએ કોટ ખોલી નાખવામાં આવ્યો અને માલિક બોલી ઊઠયો: "હોશિયાર!" ફ્યોદોર તિમોફેઇચ અને કાકી ભોંય પર કૂદી પડયાં. તેઓ રાખોડી પાટિયાંની દીવાલોવાળા નાનકડા ઓરડામાં હતાં. તેમાં આયનો જડેલા એક ટેબલ અને એક સ્ટૂલ સિવાય બીજું કશું ફર્નિચર નહોતું. જુદા જુદા ખૂણાઓમાં કપડાં ટાંગેલાં હતાં. અજવાળું ફાનસ કે મીણબત્તીમાંથી આવવાને બદલે ભીંતે જડેલી ઝગમગાટ બળતી નળીમાંથી આવતું હતું. ફ્યોદોર તિમોફેઇચનાં રૂંછાં કાકીએ વિખેરી નાખેલાં. એટલે તે રૂંછાંને ચાટીને સરખાં કરવા લાગ્યો અને સ્ટૂલ નીચે સરકીને બેસી ગયો. હજી ફિકરમાં ડૂબેલો અને હથેલીઓ મસળતો માલિક કપડાં કાઢવા લાગ્યો... તે હંમેશાં સૂવાની વેળાએ ઊનના બનૂસમાં ભરાઈ જતાં પહેલાં જેવી રીતે કપડાં કાઢતો એવી જ રીતે કપડાં કાઢી રહ્યો હતો, એટલે કે તેણે ચડ્ડી તથા ગંજીફરાક સિવાય બીજાં બધાં કપડાં કાઢી નાખ્યાં. પણ પછી તે સ્ટૂલ પર બેસી ગયો અને આયનામાં જોતો જોતો

અજબગજબનાં કામ કરવા લાગ્યો. સૌથી પહેલાં તો તેણે નક્લી વાળની વિગ માથે ગોઠવી. તેમાં વચ્ચે સેંથો પાડેલો હતો અને બન્ને તરફ શિંગડા જેવું દેખાતું એક એક બેકાબૂ જુલફું હતું. પછી તેણે ચહેરા ઉપર સફેદ જેવો કશોક રંગ લગાવ્યો અને એ સફેદ લપેડામાં ભવાં, મૂછો, તથા ગુલાબી ગાલોનું ચિતરામણ કર્યું. પણ વાત એટલેથી પૂરી ન થઈ. ચહેરા ઉપર અને ગરદન ઉપર બધે રંગના લપેડા કરી લીધા પછી તેણે એકદમ ગજબનો વિચિત્ર લેબાસ પહેર્યો. કાકીએ ઘરમાં કે બહાર ક્યાંય એવો લેબાસ અગાઉ ક્યારેય નહોતો જોયો. પરાંનાં ઘરોમાં પડદા તથા ખુરશીની ખોળ માટે વાપરવામાં આવતા, મોટાં મોટાં ફૂલોની ભાતવાળા, સસ્તા સુતરાઉ છીંટનું મોટું જબ્બર કોથળા જેવું પાટલૂન—છેક બગલ સુધી પહોંચી જાય એવડું મોટું. એક પાયચો બદામી અને બીજો આછો પીળો. માલિકે પોતાની કાયા એવા પાટલૂન વડે આવરી લીધા પછી તારલિયા જેવા આકારના મોટા કૉલરવાળું જાકીટ પહેર્યું. તેમાં પાછળ સોનેરી સિતારો જડેલો હતો. ત્યાર બાદ તેણે જુદા જુદા રંગનાં મોજાં ઉપર લીલા રંગના બૂટ પહેરી લીધા.

કાકીનું માથું ને દિલ ચકરાવે ચડી ગયાં. ઢોલ જેવા ફૂલેલા અને ધોળા ચહેરાવાળા આદમીમાંથી માલિકની ગંધ આવતી હતી, તેનો અવાજ પણ જાણીતો હતો. પણ એવી ઘડીઓ જરૂર આવી જતી કે જ્યારે કાકીને શંકાનો કીડો સતાવવા લાગતો અને તેને એવા બેઢંગા ભૂત પાસેથી ભાગી જઈને ભસવાનું મન થતું. નવી જગ્યા, ઝગમગાટ બળતી નળી, માલિકની કાયાપલટ—એ બધું જોઈને તેને બીકની આછી લાગણી થઈ રહી હતી અને એવા અમંગળનો અણસારો આવી રહ્યો હતો કે નાકની જગ્યાએ પૂંછડીવાળા મોટા જાડિયા

ચહેરા જેવી કશીક ભયાનકતાનો સામનો પોતાને ચોક્કસ કરવો પડશે જ. અને જાણે એટલું પૂરતું ન હોય એમ દીવાલની બીજી તરફ ક્યાંકથી નફરત થાય એવો સંગીતનો અવાજ સંભળાવા લાગ્યો તથા થોડી થોડી વારે વિચિત્ર ગર્જના કાને પડવા લાગી. તેને માત્ર એક જ બાબત થોડીઘણી રાહત દેતી હતી, અને એ બાબત હતી ફ્યોદોર તિમોફેઇચની અખંડ સ્વસ્થતા. તે સ્ટૂલ નીચે બેઠો બેઠો સાવ શાંતિથી ઝોકાં ખાઈ રહ્યો હતો. સ્ટૂલ ખસેડવામાં આવ્યું ત્યારે પણ તેણે આંખો નહોતી ઉઘાડી.

સફેદ બંડી અને બે તરફ લાંબા છેડાવાળો કોટ પહેરેલા એક માણસે ઓરડામાં ડોકાઈને કહ્યું:

"મિસ આરાબેલાનો ખેલ શરૂ થવાનો છે. ત્યાર પછી તમારો વારો છે."

માલિકે કંઈ જવાબ ન આપ્યો. તેણે ટેબલ નીચેથી એક નાનકડી સંદૂક ખેંચી કાઢી, અને પછી તે બેસીને વાટ જોવા લાગ્યો. તેના હોઠ અને હાથ જોતાં સાફ વરતાઈ આવતું હતું કે તે બેચેનીમાં ડૂબી ગયેલો છે. કાકીના ધ્યાનમાં આવી ગયું કે માલિકનો શ્વાસ એકસરખો નથી ચાલી રહ્યો.

"મિસ્ટર જ્યોર્જ, આવો!" કોઈએ બહારથી સાદ પાડ્યો.

માલિક ઊભો થયો. તેણે ત્રણ વાર ક્રૉસની નિશાની કરી. પછી સ્ટૂલ નીચેથી બિલાડાને ઊંચકીને તેણે સંદૂકમાં ગોઠવી દીધો.

"કાકી, અહીં આવ," તેણે શાંત અવાજે કહ્યું.

એકદમ ગૂંચવણમાં પડી ગયેલી કાકી માલિકના હાથમાં પહોંચી ગઈ. તેણે કાકીને માથા ઉપર બચી ભરીને પછી સંદૂકમાં ફ્યોદોર તિમોફેઇચની પાસે ગોઠવી દીધી. પછી

અંધારું થઈ ગયું... કાકીએ બિલાડાને પંજા માર્યા, સંદૂકની અંદરના ભાગ ઉપર પંજા ઘસ્યા. દહેશતની મારી તે ગળામાંથી જરાક સરખોયે અવાજ ન કાઢી શકી. સંદૂક જાણે દરિયે તરતા વહાણની જેમ ડોલી રહી હતી, હલી રહી હતી...

"હાજર છું!" માલિકે મોટેથી જાહેરાત કરી. "હાજર છું!"

માલિકના ઘાંટા પછી કાકીને લાગ્યું કે સંદૂક કશીક સખત વસ્તુ જોડે અફળાઈને ડોલતી બંધ થઈ ગઈ છે. ગર્જના હવે લગાતાર અને ખૂબ જોરથી સંભળાઈ રહી હતી. કોઈને ચાબખા ઝીંકાઈ રહ્યા હતા, અને એ કોઈ—કદાચ નાકની જગ્યાએ પૂંછડીવાળો ચહેરો — એટલા જોરથી ગરજી તથા હસી રહ્યું હતું કે સંદૂકનાં તાળાં પણ હલી ઊઠતાં હતાં. ગર્જનાના જવાબમાં માલિક તીણા જોરદાર અવાજે ખી... ખી... કરી રહ્યો હતો. તે ઘેર એવી રીતે ખી... ખી... ક્યારેય ન કરતો.

"હા-હો!" તેણે ઘાંટો પાડીને ગર્જનામાં પોતાનો અવાજ સંભળાવવાની કોશિશ કરી. "આદરણીય મહિલાઓ અને સજ્જનો! હું હમણાં જ સ્ટેશનેથી આવ્યો છું! મારી દાદી પરલોક સિધાવી ગઈ છે અને મને વારસો આપતી ગઈ છે! આ સંદૂકમાં કશીક બહુ વજનદાર વસ્તુ છે. સોનું જ હશે... હા-હો! દસ લાખની કિંમતનું હોય તો! ખોલીને જોઈએ..."

સંદૂકનાં તાળાં ટક કરતાં ખૂલી ગયાં. ઝળકતા અજવાળાથી કાકીની આંખો અંજાઈ ગઈ. તે ઠેકડો મારીને સંદૂકમાંથી બહાર નીકળી ગઈ. ભયંકર શોરથી તેના કાન બહેર મારી ગયા. તે પુરઝડપે માલિક ફરતે દોડવા લાગી અને ગળું ફાડીને ભસવા લાગી.

"આહ!" માલિકે ઘાંટો પાડયો. "કાકા ફ્યોદોર તિમોફેઈચ! વહાલાં કાકી! મારાં પ્યારાં સગાં, તમને શયતાન લઈ જાય!"

તે રેતાળ ભોંય પર બેસી પડયો અને બિલાડા તથા કાકીને પકડીને તેણે છાતીએ ચાંપી દીધાં. તે એવી રીતે હેત કરી રહ્યો હતો ત્યારે કાકીને કિસ્મતની કરામતથી પોતે જે દુનિયામાં ફેંકાઈ ગઈ હતી તેની ઝાંખી જોવા મળી. એ દુનિયાની ભવ્યતા જોઈને તે અંજાઈ ગઈ અને એક પળ અચરજ તથા વિસ્મયમાં ગરકાવ થઈ ગઈ. પછી તે માલિકના આલિંગનમાંથી છટકી ગઈ. તેની ઉપર તેના અનુભવોની એટલી જોરદાર અસર પડી કે તે ભમરડાની જેમ ચક્કર ચક્કર ફરવા લાગી. નવી દુનિયા વિશાળ હતી અને તેમાં ઝળકતું અજવાળું છલકાઈ રહ્યું હતું. ભોંયપટથી છત સુધી જ્યાં જ્યાં તેની નજર પડી ત્યાં બધે બસ ચહેરા જ ચહેરા હતા.

"કાકી, હવે બેસી જા!" માલિકે ઘાંટો પાડયો.

કાકીને એવા ફરમાનનો અર્થ યાદ આવી ગયો એટલે તે ઠેકડો મારીને ખુરશી ઉપર બેસી ગઈ. તેણે માલિકની સામે જોયું. તેની આંખોમાં રોજની જેમ જ ગંભીર અને હેતાળ ભાવ હતા. પણ તેનો ચહેરો, ખાસ કરીને તો મોં અને દાંત, બહોળા અફર મલકાટને લીધે વિકૃત લાગતો હતો. તે ખડખડાટ હસતો રહેતો, કૂદકા મારતો રહેતો, ખભા ઉલાળતો રહેતો, આટલા બધા હજારો ચહેરાઓની હાજરીમાં જાણે બહુ લહેર પડતી હોય એવો ઢોંગ કરી રહ્યો હતો. કાકીને તેની ખુશાલી ખરી લાગી, અચાનક તેને અંગેઅંગમાં એવી લાગણી થઈ કે એ બધા હજારો ચહેરા પોતાને જ તાકી રહ્યા છે. તેણે પોતાનું લોંકડી જેવું નાનકડું ડાચું ઊંચું કરીને ખુશીનો રાગડો વહેતો મૂક્યો.

"કાકી, હું ને કાકા નાચ કરીએ ત્યાં સુધી તું એમ ને એમ બેસી રહેજે," માલિકે તેને કહ્યું.

ફ્યોદોર તિમોફેઇચને ખબર હતી કે પોતાની પાસે કશુંક મૂર્ખાઈભર્યું પરાણે કરાવવામાં આવશે જ, અને એ ઘડીની વાટ જોતો તે તદ્દન ઉદાસીનતાના ભાવે બેઠો હતો. તેણે સુસ્ત રીતે, બેદરકારીથી, અને ઉદાસ ભાવે નાચ કર્યો. તેનું હલનચલન, પૂંછડી, અને મૂછો સાફ બતાવી આપતાં હતાં કે લોકોના ટોળા તરફ, ઝગમગતી બત્તીઓ તરફ, માલિક તરફ, અને ખુદ પોતાની તરફ તેને સખત નફરત છે... પોતાના ભાગનું નાચવાનું પતી ગયું એટલે તે બગાસું ખાઈને બેસી ગયો.

"કાકી," માલિક બોલ્યો, "પહેલાં તું ને હું ગીત ગાઈશું, અને પછી નાચ કરીશું. ઠીક ને?"

તેણે ખીસામાંથી નાનકડી વાંસળી કાઢીને વગાડવાનું શરૂ કરી દીધું. કાકીને તો સંગીત ક્યારેય ગમતું જ નહોતું, એટલે તે ખુરશીમાં ઊંચીનીચી થવા લાગી અને તેણે રાગડો કાઢયો. ચોમેરથી સાબાશીના અને તાળીઓના અવાજ સંભળાવા લાગ્યા. માલિકે માથું નમાવ્યું અને પાછી શાંતિ છવાઈ ગઈ એટલે ફરી વાંસળી વગાડવાનું ચાલુ કરી દીધું... તેણે બહુ ઊંચો સૂર રેલાવ્યો ત્યારે ગૅલેરીમાં ક્યાંક કોઈએ જોરથી અચંબાનો અવાજ કર્યો.

"બાપુ!" કોઈ બાળકનો ઘાંટો સંભળાયો. "આ તો કાશ્તાનકા છે!"

"છે તો કાશ્તાનકા જ!" દારૂના ઘેનમાં તરબોળ ઘોઘરા જોરદાર અવાજે કોઈએ વાતને ટેકો આપ્યો. "કાશ્તાનકા! અરે ફેદ્યુશ્કા, આ કાશ્તાનકા ન હોય તો હું ગધેડો! અરે વાહ!"

ગૅલેરીમાં કોઈએ સીટી વગાડી, અને બે અવાજ—એક બાળકનો અને બીજો મોટા આદમીનો—જોરથી રણકી ઊઠયા:

"કાશ્તાનકા! કાશ્તાનકા!"

કાકી ચોંકી ગઈ અને અવાજની દિશામાં જોવા લાગી. તેની નજર સામે ઝળકતી બત્તીઓ જેવી રીતે ઝબકી ગઈ હતી એવી જ રીતે બે ચહેરા ઝબકી ગયા—એક હતો વાળથી ભરેલો, ઘેનમાં ચકચૂર, તથા હસતો, અને બીજો હતો તાજોમાજો, ગુલાબી ગાલવાળો, તથા ગભરાઈ ગયેલો. તેને ચહેરા યાદ આવી ગયા. તે ખુરશી ઉપરથી પડી ગઈ અને રેતીમાં ગુલાંટિયાં ખાવા લાગી. પછી તે ઠેકડો મારતી ઊભી થઈ ગઈ અને ખુશીની ચીસો પાડતી એ બે ચહેરા તરફ ધસી ગઈ. કાન ફોડી નાખે એવા દેકારા થવા લાગ્યા, સીટીઓ વાગવા લાગી, અને કોઈ બાળકના તીણા સાદ કાને પડયા: "કાશ્તાનકા! કાશ્તાનકા!"

કાકી કૂદકો મારીને કઠેરો પાર કરી ગઈ અને કોઈના ખભાને ઠેકીને બૉક્સમાં પહોંચી ગઈ. હવે ઉપરની કતારોમાં પહોંચવા માટે તેને ઊંચી દીવાલ ઠેકવાની હતી. તેણે ઠેકડો માર્યો પણ તે પૂરતી ઊંચાઈ સર ન કરી શકી એટલે દીવાલે સરકતી પાછી નીચે આવી ગઈ. પછી તો એક પછી એક માણસના હાથમાં સોંપાતી, લોકોના હાથ અને ચહેરા ચાટતી, તે ઉપર ને ઉપર ખસતી રહી અને આખરે ગૅલેરીમાં પહોંચી ગઈ...

અરધા કલાક પછી કાશ્તાનકા સરેસ તથા વાર્નિશની ગંધ મારતા બે માણસોની પાછળ પાછળ રસ્તે જઈ રહી હતી. લુકા આલેક્સાંદ્રિચની કાયા ડોલી રહી હતી પણ તે લાંબા

અનુભવથી હાંસલ થયેલી કોઠાસૂઝના આધારે ગટરથી બને એટલો આઘો રહેતો હતો.

"પાપની ખીણમાં પડયા છે, મારા પેટમાંયે..." તે બબડી રહ્યો હતો. "અને કાશ્તાનકા, તું તો ખાલી ગેરસમજણ જ છો. માણસની સરખામણીએ તું તો મિસ્ત્રીની સરખામણીએ સુથાર જેવી જ છો, બીજું કંઈ નહિ."

ફેદ્યુશ્કા તેની જોડાજોડ કૂચ કરી રહ્યો હતો. તેણે બાપની ટોપી પહેરી હતી. તેમની પાછળ પાછળ ચાલતી કાશ્તાનકાએ નજર તેમની પીઠ પર ઠેરવી. તેને લાગ્યું કે પોતે લાંબા વખતથી આવી જ રીતે ખુશીથી તેમની પાછળ પાછળ ચાલતી રહી છે, અને પોતાની એવી જિંદગીમાં એક મિનિટનોયે અંતરાય ક્યારેય નથી પડયો.

તેને મેલા સજાવટ કાગળવાળી નાનકડી ઓરડી, હંસલો, ફ્યોદોર તિમોફેઈચ, લહેજતદાર ખાવાનું, તાલીમ, સર્કસ, વગેરે યાદ આવ્યું, પણ એ બધું તો હવે લાંબા, ગોટાળિયા, પીડાકારી સપનાથી વધારે કંઈ જ નહોતું.

૧૮૯૨

પતંગિયું

૧

ઓલ્ગા ઈવાનોવ્નાના લગ્નના પ્રસંગે તેના બધાયે મિત્રો અને નિકટના પરિચિતો પહોંચી ગયા હતા.

"જુઓ, એમનામાં કશુંક ખાસ વરતાઈ આવે છે, ખરું ને?" તેણે પોતાના પતિની ઉપર નજર ઠેરવીને મિત્રોને કહ્યું—જાણે કેમ ખુલાસો કરવા માગતી હોય કે કોઈ રીતે અનોખા ન ગણાય એવા સાવ સાધારણ અને સાદા માણસ જોડે લગ્ન કરવા પોતે કેમ રાજી થઈ ગઈ.

તેનો પતિ ઓસિપ સ્તેપાનોવિચ દીમોવ ડૉક્ટર હતો અને સાધારણ સલાહકારના દરજ્જાનો સરકારી નોકર હતો. તે બે હૉસ્પિટલોમાં કામ કરતો. એકમાં રોજ જઈને રોગીઓના ઈલાજનું અને બીજીમાં શબપરીક્ષક તરીકે. સવારના નવથી બાર વાગ્યા સુધી તે બહારના રોગીઓને તપાસતો અને પોતાના વૉર્ડમાં આંટો મારી લેતો. બપોર પછી તે ઘોડા જોડેલી ટ્રામમાં બેસીને બીજી હૉસ્પિટલમાં પહોંચી જતો અને ત્યાં મૃત્યુ પામેલા રોગીઓનું શબપરીક્ષણ કરતો. તેના ખાનગી દાક્તરી કામની આવક થોડીક જ હતી, વરસે લગભગ ૫૦૦ રૂબલ. બસ. તેને વિશે વધારે શું જણાવી શકાય? પરંતુ ઓલ્ગા ઈવાનોવ્ના અને તેના મિત્રો તથા નિકટના પરિચિતો કોઈ રીતે સાધારણ લોકો નહોતા. સૌ એક યા બીજી રીતે પોતપોતાનું નિરાળું વ્યકિતત્વ ધરાવતા હતા,

થોડાઘણા જાણીતા હતા, તેમણે નામના હાંસલ કરી લીધી હતી અને અમુક પ્રમાણમાં કીર્તિ પ્રાપ્ત કરી હતી, અથવા ભલે બહુ નામાંકિત ન બની ગયા હોય પણ સૌ તેજસ્વી ભવિષ્યની આશા જન્માવતા હતા. તેમાં એક રંગભૂમિનો અદાકાર હતો. તેની ખરેખરી અભિનય પ્રતિભાઓને માન્યતા મળી ચૂકી હતી. તે સંસ્કારી, ચતુર, તેમ જ વિવેકી હતો અને ઓલ્ગા ઈવાનોવ્નાને વાક્છટા શીખવતો હતો. બીજો એક સંગીતનાટકનો ગાયક જાડો ને માયાળુ આદમી હતો. તે નિસાસો નાખીને ઓલ્ગા ઈવાનોવ્નાને કહેતો કે તમે નકામા તમારી જિંદગી બરબાદ કરી રહ્યાં છો, આટલી આળસ ન કરો અને આપમુખત્યાર બની જાઓ તો સરસ ગાયન કલાકર બની શકો. એ ઉપરાંત, બીજા કેટલાય કલાકારો હતા. તેમાં ચિત્રકાર રિયાબોવ્સ્કી મુખ્ય હતો. દેખાવડો, ઊજળા વાને, સોનેરી કેશ ધરાવતો, લગભગ પચીસ વરસનો એ યુવાન ક્લાકાર પોતાની કૃતિઓમાં રોજિંદી જિંદગીની ઘટનાઓનું, પ્રાણીઓનું, અને નિસર્ગનું ચિત્રણ કરતો. તેનાં ચિત્રો પ્રદર્શનોમાં ખૂબ જ વખણાતાં. તેનું છેલ્લું ચિત્ર પાંચસો રૂબલમાં વેચાઈ ગયું હતું. તે ઓલ્ગા ઈવાનોવ્નાનાં ચિત્રો મઠારી આપતો અને હંમેશાં કહેતો કે તમે ચિત્રકલામાં આગળ વધી શકો એવો પૂરો સંભવ છે. વળી એક વાદ્ય સંગીતકાર હતો. તે પોતાના વાદ્યને "વિલાપ" કરાવી શકતો, અને ખુલ્લંખુલ્લા કહેતો કે મારા પરિચયમાં આવેલી બધી મહિલાઓમાંથી માત્ર ઓલ્ગા ઈવાનોવ્ના જ વાદનમાં મને સંગાથ આપવાની શકિત ધરાવે છે. એક લેખક પણ હતો. તેણે લઘુનવલો, નાટકો, તથા નવલિકાઓનું સર્જન કર્યું હતું, અને હજુ યુવાન હોવા છતાં ખ્યાતિ હાંસલ કરી લીધી હતી. પછી કોણ? અરે, હા, વસીલી વસીલ્યેવિચ, ઉમરાવ,

જમીનદાર, પુસ્તકો માટે ચિત્રાંકનનો શોખીન, રેખાચિત્રોનો સર્જક. તે પુરાણી રૂસી શૈલી અને પુરાતન મહાકાવ્યનો ખરો અનુરાગી હતો. કાગળ, ચિનાઈ માટીની વસ્તુઓ, અને મેશ છવાયેલી પ્લેટો ઉપર તે ખરેખરા ચમત્કારો સર્જી શકતો. એવી કલામય મુકત મંડળીમાં, પૂરેપૂરા સભ્ય અને કુલીન પરંતુ માંદા પડે ત્યારે જ તબીબોની હયાતીને યાદ કરનારા અને દીમોવ નામને સીદોરોવ તથા તારાસોવ જેવાં સાધારણ નામો સમું જ એક નામ ગણનારા એ વિધાતાના માનીતા માનવીઓમાં, દીમોવ તો અજનવી, ફાલતુ, અને હકીકતમાં ખૂબ ઊંચો તથા કદાવર બાંધાનો હોવા છતાં જાણે નાનો આદમી લાગતો હતો. તેનો ફ્રૉકકોટ જાણે બીજા કોઈને માટે સિવડાવેલો હોય એવો લાગતો હતો અને તેને ગુમાસ્તા જેવી દાઢી હતી. પરંતુ તે લેખક અથવા કલાકાર હોત તો સૌએ બેશક એમ જ કહ્યું હોત કે દાઢીને કારણે તે એમિલ ઝોલા જેવો દેખાય છે.

અદાકારે ઓલ્ગા ઈવાનોવ્નાને કહ્યું કે તમારા ચંપકવર્ણા કેશ અને આ લગ્નનો શણગાર— તમે એવાં શોભી રહ્યાં છો કે જાણે વસંતમાં કોમળ શ્વેત ફૂલોથી છવાયેલું પાતળું ચેરીવૃક્ષ જ જોઈ લો!

"ના, મારી વાત સાંભળો!" ઓલ્ગા ઈવાનોવ્ના તેનો હાથ પકડી લેતી બોલી. "એકાએક આ બધું કેવી રીતે બની ગયું, ખબર છે? મારી વાત સાંભળો, સાંભળો... મારા બાપુ અને દીમોવ એક જ હૉસ્પિટલમાં કામ કરતા હતા. બિચારા બાપુ માંદા પડી ગયા ત્યારે દીમોવ દિનરાત ખડેપગે તેમની પથારી નજીક જ રહ્યા હતા. કેવો ત્યાગ! સાંભળો, રિયાબોવ્સ્કી! અને લેખકભાઈ, તમેય સાંભળો, મઝાની વાત છે. નજીક આવો. કેવો ત્યાગ! કેવી દિલી

હમદર્દી! હુંયે રાતે સૂતી નહિ, બાપુની પાસે જ બેઠી રહેતી, અને અચાનક જ—મઝાના જુવાનનું હૈયું મેં જીતી લીધું! મારા દીમોવ બિચારા એકદમ પ્રેમમાં પડી ગયા. કિસ્મતના ખેલ કેવા અજબ હોય છે! બાપુ ગુજરી ગયા ત્યાર પછી દીમોવ ક્યારેક ક્યારેક મને મળવા આવતા, અને અમે ક્યારેક બહાર પણ મળતી. પછી એક વાર સંધ્યાની મનોહર વેળાએ અણધારી જ અજબ ઘટના ઘટી ગઈ—એમણે મારા હાથની માગણી કરી! હું આખી રાત રડતી રહી, એવી પ્રેમમાં પડી ગઈ કે બસ, જાણે ઘેલી થઈ ગઈ. અને જુઓ ને, હવે પરણીયે ગઈ! એમનામાં કશુંક જોરદાર, કશુંક તાકાતવાન, કશુંક નીડર છે, નથી? એમનો પોણા ભાગનો ચહેરો આપણી તરફ છે, અજવાળું ઊલટી તરફનું છે, પણ આખો ચહેરો આ બાજુ કરે ત્યારે એમનું કપાળ જરાક જોઈ લેજો. રિયાબોવ્સ્કી, આવા કપાળની બાબતમાં તમારો શો ખ્યાલ છે? દીમોવ, અમે તમારી જ વાત કરી રહ્યાં છીએ! અહીંયાં આવો!" તેણે સાદ પાડીને પતિને બોલાવ્યો. "રિયાબોવ્સ્કીની જોડે ખરા દિલે હાથ મિલાવો... બરાબર. તમારે દોસ્તી કરી લેવાની છે."

દીમોવે ખુશમિજાજમાં અને નિખાલસતાથી હોઠ મલકાવતાં રિયાબોવ્સ્કીની સામે હાથ લંબાવ્યો.

"ખુશીની વાત છે," તેણે કહ્યું. "કોલેજમાં એક રિયાબોવ્સ્કી મારી ભેગો ભણતો હતો. તમારો કોઈ સંબંધી તો નહિ હોય?"

૨

ઓલ્ગા ઈવાનોવ્ના બાવીસ વરસની હતી, દીમોવ એકત્રીસ વરસનો. લગ્ન પછી તેમની જિંદગી લહેરથી ગુજરવા લાગી. ઓલ્ગા ઈવાનોવ્નાએ દીવાનખાનાની દીવાલો

પર ફ્રેમ મઢેલી કે ફ્રેમ વગરની પોતાની તથા મિત્રોની ચિત્રકૃતિઓ ટાંગી દીધી, અને પિયાનો તેમ જ ફર્નિચરની વસ્તુઓ ફરતે કલામય જમેલો ગોઠવી દીધો—ચીની છત્રીઓ, ચિત્રકામની ઘોડીઓ, રંગબેરંગી જાજમો, કટારીઓ, નાનકડી પ્રતિમાઓ, છબીઓ... તેણે ભોજનખંડમાં દીવાલો પર સસ્તાં છાપેલાં ચિત્રો, કાથીનાં પગરખાં, તથા દાતરડાંની સજાવટ કરી અને એક ખૂણામાં પંજેટી તથા દાતરડું ગોઠવીને અસલ રૂસી વાતાવરણ જમાવી દીધું. તેણે શયનખંડમાં દીવાલો તેમ જ છતને ઘેરા રંગના કાપડ વડે આવરી લઈને ગૂફા જેવો દેખાવ પેદા કર્યો, બિછાનાંની ઉપર વેનેશ્યન બત્તી ટાંગી દીધી, અને હાથમાં ફરસી પકડેલું એક પૂતળું બારણે ખડું કરી દીધું. સૌએ વખાણ કર્યાં કે યુવાન યુગલે સરસ મઝાનો માળો બાંધી લીધો છે.

ઓલ્ગા ઈવાનોવ્ના રોજ અગિયાર વાગ્યે ઊઠતી, પિયાનો વગાડતી, અથવા તડકો નીકળ્યો હોય તો તૈલરંગો વડે ચિત્રો દોરતી. બાર વાગ્યા પછી તે દરજણ પાસે જતી. પતિપત્ની પાસે પૈસા બહુ ઓછા રહેતા, તેમનું કામ ચાલે એટલી જ આવક હતી, એટલે ઓલ્ગા ઈવાનોવ્નાને સતત નવા પોશાક પહેરવા હોય અને મોહક દેખાવું હોય તો તેને અને તેની દરજણને તરેહવાર ચાલાકીઓ અજમાવવી પડતી. ફરી ફરીને જાણે નર્યા ચમત્કારો સાધવામાં આવતા, જૂના રંગેલા ફ્રૉક અને જાળીદાર રેશમ તથા ફીતના નાનામોટા ટુકડાઓમાંથી પોશાક નહિ પણ અત્યંત મનમોહક વસ્તુ બની જતી, સ્વપ્ન સાકાર થઈ જતું. ઓલ્ગા ઈવાનોવ્ના દરજણ પાસેથી નીકળીને એક અભિનેત્રી સાહેલી પાસે જતી, અને તેની જોડે ગપ્પાં મારતી હોય તે દરમિયાન કોઈ નાટકની પહેલી રજૂઆતની અથવા કોઈના "લાભાર્થે" પેશ થનારા

નાટકની ટિકિટો મેળવી લેવાની કોશિશ કરતી. અભિનેત્રીની વિદાય લઈને તે કોઈ કલાકારના સ્ટુડિયોમાં અથવા ચિત્રપ્રદર્શનમાં જતી, અને પછી કોઈ સુખ્યાત વ્યકિતને પોતાને ઘેર આવવાનું આમંત્રણ આપવા, વળતી મુલાકાતની ફરજ અદા કરવા, અથવા ખાલી ગપ્પાં મારવા જતી. દરેક ઠેકાણે તેને ખુશી અને મમતાથી આવકારવામાં આવતી અને ખાતરીપૂર્વક જણાવવામાં આવતું કે તમે બહુ સારાં છો, મીઠડાં છો, વિરલ છો... જે લોકોને તે સુખ્યાત અને મહાન ગણાવતી એ સૌ તેને સમાન કક્ષાએ પોતાના વર્તુળમાંની જ ગણતા અને એકીઅવાજે જાહેર કરતા કે તમે તમારી પ્રતિભાઓને ઘણીબધી દિશાઓમાં વેડફી નાખવાનું બંધ કરી દો તો તમારી પ્રતિભાઓ, રુચિઓ, અને બુદ્ધિપ્રભા તમને જરૂર કશીક મોટી સિદ્ધિ અપાવશે. તે ગીતો ગાતી, પિયાનો વગાડતી, તૈલચિત્રો દોરતી, માટીની પ્રતિમાઓ બનાવતી, શોખના રંગભૂમિ કાર્યક્રમોમાં ભાગ લેતી, અને એ બધું જેમતેમ નહોતી કરી લેતી પરંતુ તેમાં ખરેખરી પ્રતિભા દાખવતી. તે જે કંઈ કરે, રોશનીના ઉત્સવ માટે બત્તીઓ બનાવે કે સાજશણગાર કરે અથવા માત્ર કોઈની ટાઈ બાંધી આપે, તે બધું કલામય, સુંદર, મોહક બની રહેતું. પરંતુ તેની પ્રતિભાઓ સુખ્યાત લોકો જોડે ત્વરિત મિત્રતા કરી લેવાની અને આત્મીય સંબંધો બાંધી લેવાની આવડતમાં જેવી ઝળકતી રીતે વ્યકત થતી એવી રીતે બીજા કશામાં ન થતી. કોઈ પણ માણસ જરાક સરખીયે કીર્તિ હાંસલ કરી લે અથવા તેને વિશે વાતો થવા લાગે કે તરત જ ઓલ્ગા ઈવાનોવ્ના તેની જોડે પરિચય સાધી લેતી, સત્વર મિત્રતા કરી લેતી, અને તેને પોતાને ઘેર આવવાનું આમંત્રણ આપતી. નવા પરિચયનો દરેક પ્રસંગ તેને માટે ખરેખરા

તહેવાર જેવો બની રહેતો. તે સુખ્યાત લોકો પ્રત્યે ભકિતભાવ ધરાવતી, તેમના સંબંધમાં ગૌરવ અનુભવતી, અને નીંદરમાં તેમનાં સ્વપ્નો જોતી. તે કીર્તિમાન વ્યકિતઓ જોડે પરિચય સાધવા સદા તલસતી રહેતી, અને તેનો એ તલસાટ કદી શમતો નહિ. જૂના મિત્રો અદૃશ્ય થઈ જતા અને ભુલાઈ જતા, તેમનાં સ્થાન નવા મિત્રો લઈ લેતા, પરંતુ તે થોડા સમયમાં એ નવા મિત્રોથીયે કંટાળી જતી અથવા તેમના સંબંધમાં નિરાશા અનુભવતી અને નવા મિત્રો, નવી કીર્તિમાન વ્યકિતઓ, ખોળવા લાગતી અને એવા માણસો મળી જાય ત્યારે નવી તલાશ આરંભી દેતી. શા માટે?

બપોર પછી ચાર અને પાંચ દરમિયાન તે ઘેર પતિની સાથે ભોજન લેતી. દીમોવની સાદાઈ, સામાન્ય સૂઝ, અને ખુશમિજાજ જોઈને તે પ્રશંસા તથા આહ્‌લાદની હાલતમાં સરી પડતી. તે વારંવાર ઊભી થઈ જતી, પતિને ગળે હાથ પરોવી દેતી, તેની ઉપર ચુંબનોની ઝડી વરસાવી દેતી.

"દીમોવ, તમે શાણા ને ઉમદા આદમી છો," તે કહેતી, "પણ તમારામાં એક બહુ મોટી ખામી છે. તમે કલામાં જરાય રસ નથી લેતા. તમે સંગીત અને ચિત્રકલાની તદ્દન અવગણના કરો છો."

"મને એ બધું સમજાતું જ નથી," દીમોવ વિનમ્ર ભાવે કહેતો. "મેં તો આખી જિંદગી પ્રાકૃતિક વિજ્ઞાનો અને ઔષધવિજ્ઞાનનું જ કામ કર્યું છે, મને કલા માટે કદી વખત જ નથી મળ્યો."

"પણ એ તો ભયંકર વાત કહેવાય, દીમોવ!"

"કેમ? તારા મિત્રો પ્રાકૃતિક વિજ્ઞાનો કે ઔષધવિજ્ઞાન વિશે કશું જ નથી જાણતા, પણ તું એ બાબતને તેમની ખામી નથી ગણતી. સૌનાં પોતપોતાનાં લક્ષણો હોય છે.

મને નિસર્ગચિત્રો કે સંગીતનાટકો સમજાતાં નથી પણ મારું વલણ આવું છે: કેટલાય બુદ્ધિશાળી લોકો આખી જિંદગી તેમાં લગાવી દેતા હોય છે અને બીજા કેટલાય બુદ્ધિશાળી લોકો તેને માટે મોટી મોટી રકમો ચૂકવી દેતા હોય છે એટલે એ બધું જરૂરી હોવું જોઈએ. મને તેમાં સમજણ નથી પડતી, પણ તેનો અર્થ એવો નથી કે હું તેની અવગણના કરતો હોઉં."

"કેવું સાફ દિલ છે તમારું! લાવો, તમારો હાથ દબાવવા દો!"

ઓલ્ગા ઈવાનોવ્ના ભોજન પછી લોકોને મળવા જતી, અને ત્યાંથી કોઈ નાટક જોવા કે સંગીતકાર્યક્રમમાં ચાલી જતી. તે મધરાત પછી જ ઘેર પાછી ફરતી. દરરોજ એમ જ બનતું.

બુધવારે તેને ત્યાં સંધ્યા મિલન થતાં. એ મિલનોમાં મેજબાન તથા મહેમાનો પત્તાંની કે નાચગાનની મઝાને બદલે કલામય મનોરંજન માણતાં. રંગભૂમિનો કલાકાર કશુંક વાંચી સંભળાવે, ગાયક ગાય, ચિત્રકારો ઓલ્ગાનાં અગણિત આલ્બમોમાં રેખાચિત્રો દોરે, અને મેજબાન મહિલા પોતે ચિત્રાંકન કરે, પ્રતિમાઓ બનાવે, ગાય, અને ગાયન જોડે વાદ્ય વગાડે. વાંચન, વાદન, અને ગાયનમાં વચ્ચે વચ્ચે તેઓ સાહિત્ય, રંગભૂમિ, અને ચિત્રકલા વિશે વાતો અને ચર્ચાઓમાં ડૂબી જાય. સંધ્યા મિલનમાં મહિલાઓ કદી ન હોય કારણ કે ઓલ્ગા ઈવાનોવ્નાને અભિનેત્રીઓ તથા પોતાની દરજણ સિવાય બીજી બધી સ્ત્રીઓ તુચ્છ અને કંટાળાજનક લાગતી. એક પણ સંધ્યા મિલન એવું ન જતું કે જ્યારે બારણાની ઘંટડીના દરેક રણકારે મેજબાન મહિલા ઉત્સુક ન બની જાય અને ફતેહની અદાથી બોલી ન ઊઠે કે

"એ જ છે!" એ સર્વનામનો ઉપયોગ કરીને તે કોઈ નવી આમંત્રિત વ્યક્તિનો નિર્દેશ કરતી. દીમોવ કદી દીવાનખાનામાં ન રહેતો, અને તેના અસ્તિત્વની વાત કોઈને યાદ પણ ન રહેતી. પરંતુ બરાબર સાડા અગિયાર વાગ્યે દીવાનખાનાનું બારણું ખૂલી જતું અને દીમોવ નજરે પડતો. તે સુજનતાથી મોં આછું મલકાવતો અને એક હથેળી વડે બીજી હથેળી પંપાળતો સૌને બોલાવતો:

"સજ્જનો, જમવા પધારો!"

સૌ ભોજનખંડમાં પહોંચી જતાં અને દરેક વખતે તેમને નિત્યની વાનગીઓ નજરે પડતી: કાલુ માછલી, માંસ, પનીર, કેવિયાર, સાર્ડીન મચ્છી, આથવેલાં મશરૂમ, વોદકા, અને મદ્ય.

"પ્યારા કારભારી!" ઓલ્ગા ઈવાનોવ્ના પંજામાં પંજો દબાવતી આહ્લાદથી બોલી ઊઠતી. "તમે તો ગજબના ઉસ્તાદ છો! એમનું કપાળ જુઓ, સૌ જુઓ! દીમોવ, અમારી તરફ ફરો તો! જુઓ, સૌ જુઓ—બંગાળી વાઘનો ચહેરો અને મોં ઉપર હરણા જેવા મીઠા ને મમતા નીતરતા ભાવ! કેવા વહાલા છો તમે!"

મહેમાનો જમતા જમતા દીમોવ તરફ નજર નાખી લેતા અને વિચારવા લાગતા: "ખરેખર મઝાનો આદમી છે"; પરંતુ થોડી વારમાં જ તેને ભૂલી જતા અને વળી પાછા રંગભૂમિ, સંગીત, અને કલાની વાતોમાં મશગૂલ બની જતા.

યુવાન યુગલ સુખી હતું. તેમના જીવનનો પ્રવાહ સરળતાથી વહેતો હતો. પરંતુ તેમના મધુમિલનનું ત્રીજું અઠવાડિયું બહુ સુખમાં ન વીત્યું, બલકે ગમગીનીમાં વીત્યું. દીમોવને હૉસ્પિટલમાં કોઈ રોગનો ચેપ લાગી ગયો એટલે તેને છ દિવસ પથારીમાં પડી રહેવું પડયું અને તેના વાળ

સાવ મૂળમાંથી કપાવી નાખવા પડ્યા. ઓલ્ગા ઈવાનોવ્ના તેના બિછાના પાસે બેસીને દુઃખથી રડતી રહેતી, પરંતુ તેની તબિયત જરાક બહેતર થઈ એટલે તેના કેશ વગરના માથા ઉપર સફેદ રૂમાલ બાંધીને તેનું આરબ આદમી જેવું ચિત્ર બનાવવા લાગી. બેઉને ખૂબ રમૂજ પડી. તેની તબિયત સાવ સારી થઈ ગયા પછી ત્રીજે દિવસે તેણે ફરી હૉસ્પિટલમાં જવાનું શરૂ કર્યું ત્યારે તેને માથે નવી વિપદા આવી પડી.

"મારું નસીબ જ વાંકું છે," તેણે જમતી વેળા પત્નીને કહ્યું. "આજે મેં ચાર શબપરીક્ષણ કર્યાં પણ તે દરમિયાન કોણ જાણે ક્યારે મારી બે આંગળીઓમાં કાપા પડી ગયા. મને તો હું ઘેર પહોંચ્યો ત્યારે જ ખબર પડી."

ઓલ્ગા ઈવાનોવ્ના ફિકરમાં પડી ગઈ. પણ દીમોવે હસીને કહ્યું કે આ તો સાવ નજીવી બાબત છે, શબપરીક્ષણ દરમિયાન ઘણી વાર મારા હાથમાં કાપા પડે છે.

"હું કામમાં એવો મશગૂલ બની જાઉં છું કે મને કશો ખ્યાલ જ નથી રહેતો."

ઓલ્ગા ઈવાનોવ્ના બેચેન બની ગઈ અને જખમો પાકી જવાની બીકે ફફડતી રહી. તે રોજ રાતે પ્રાર્થના કરતી કે પતિ એવી આફતથી બચી રહે. કશું અનિષ્ટ બન્યા વગર બધું હેમખેમ પાર ઊતરી ગયું. પુરાણું સુખમય, સ્વસ્થ, વેદના કે ચિંતાની છાયા વગરનું જીવન ફરી શરૂ થઈ ગયું. ચાલુ જિંદગી મોજભરી હતી, અને દૂરથી મલકી રહેલી તથા સેંકડો ખુશીઓની આશા જન્માવતી વસંત થોડા સમયમાં જ આવી પહોંચવાની હતી. સુખનો જાણે ક્યાંય અંત જ દેખાતો નહોતો. એપ્રિલ, મે, અને જૂનમાં મોસ્કોથી દૂર ગ્રામકુટિરમાં રહેવાની, વનરાજીમાં ફરવાની, ચિત્રો દોરવાની, માછલાં પકડવાની, અને બુલબુલનું ગાન સાંભળવાની મઝા,

પછી જુલાઈથી છેક શરદ સુધી કલાકારોનું વોલ્ગા સરિતા પર્યટન, અને ઓલ્ગા ઈવાનોવ્નાને વર્તુળની કાયમી સભ્યા તરીકે તેમાં સામેલ કરવામાં આવે જ. તેણે સુતરાઉ કાપડના બે સફર પોશાક બનાવડાવી લીધા હતા, અને પર્યટન માટે રંગો, પીંછીઓ, કૅન્વાસ, નવી તખતી, વગેરે ખરીદી લીધું હતું. રિયાબોવ્સ્કી લગભગ દરરોજ આવીને જોઈ જતો કે તેનું ચિત્રકામ કેવું ચાલી રહ્યું છે. તે પોતાની મહેનતનું પરિણામ બતાવતી ત્યારે રિયાબોવ્સ્કી હાથ ખીસાંમાં ઊંડા ઘાલીને, હોઠ જોરથી દબાવીને, અને શ્વાસ લઈને કહેતો:

"જોઈએ... આ વાદળ તો જાણે ચીસો પાડી રહ્યું છે. પ્રકાશ સંધ્યાનો નથી. આગળના ભાગમાં ગોટાળા જેવું લાગે છે અને જાણે કશીક ખોટ વરતાય છે, મારો મતલબ તો તમે સમજી ગયાં હશો... કુટિર જાણે ચગદાઈ ગઈ હોય અને દયાજનક વિલાપ કરતી હોય એવી લાગે છે... ખૂણો જરાક વધારે ઘેરો બનાવો. પણ બધી રીતે જોતાં ચિત્ર ખરાબ નથી... મને ગમ્યું."

અને તેની વાત જેટલી વધારે ગૂઢ હોય એટલી વધારે સરળતાથી ઓલ્ગા ઈવાનોવ્નાને સમજાઈ જતી.

૩

તહેવારના બીજે દિવસે બપોર પછી દીમોવ ખાવા પીવાની થોડીક ચીજો અને ચૉકલેટ વગેરે ખરીદીને પત્નીને મળવા ગ્રામવિસ્તાર તરફ રવાના થઈ ગયો. તે બે અઠવાડિયાંથી ઓલ્ગા ઈવાનોવ્નાને મળ્યો નહોતો અને પત્નીની યાદ તેને બેહદ સતાવી રહી હતી. રેલગાડીના ડબ્બામાં અને

ત્યાર બાદ ગીચ ઝાડીમાં કુટિર ગોતી કાઢવાની મહેનત દરમિયાન તે ભૂખની પીડા વેઠતો રહ્યો અને પત્ની સાથે નિરાંતે બેસીને જમવાની તથા પછી બિછાનામાં લંબાવવાની મોજનાં સ્વપ્નાં જોતો રહ્યો. તે કેવિયાર, પનીર, અને શેકેલી મચ્છીના પાર્સલ ઉપર નજર નાખીને ખુશીમાણી લેતો.

તેણે કુટિર ગોતી લીધી અને ઓળખી કાઢી ત્યાં સુધીમાં સૂરજ આથમી ગયો. આધેડ નોકરે તેને જણાવ્યું કે બાઈ સાહેબ ઘેર નથી પણ થોડી વારમાં પાછાં આવવાં જોઈએ. કુટિર દેખાવમાં જરાય ગમે એવી નહોતી—છત નીચી હતી, દીવાલોની સજાવટ સાદા લખવાના કાગળ વડે કરવામાં આવી હતી. ભોંયપટ સમતલ નહોતો, તેમાં ઠેર ઠેર ગાબડાં નજરે પડતાં હતાં, અને માત્ર ત્રણ જ ઓરડા હતા. એક ઓરડામાં ખાટલો હતો. તેની બાજુના ઓરડામાં કેન્વાસ, પીંછીઓ, ગંદા કાગળનો ટુકડો, અને ખુરશીઓ તથા બારીની પાળ ઉપર પુરુષોનાં કોટ-ટોપીઓ પડેલાં હતાં. ત્રીજા ઓરડામાં દીમોવને ત્રણ અજાણ્યા પુરુષો નજરે પડયા—બે ઘેરા વાનના તથા દાઢીવાળા હતા, અને ત્રીજો દાઢી કરેલો તગડો આદમી હતો, અદાકાર લાગતો હતો. ટેબલ પર સમોવારમાં ચાનું પાણી ઊકળી રહ્યું હતું.

"શું કામ છે?" અદાકારે અણગમાની નજરે દીમોવની સામે જોઈને ઘોઘરા અવાજે સવાલ કર્યો. "ઓલ્ગા ઈવાનોવ્નાને મળવું છે? થોડીક વાટ જોવી પડશે. હમણાં આવશે."

દીમોવ બેસીને વાટ જોવા લાગ્યો. ઘેરા વાનના આદમીઓમાંથી એકે નીંદરઘેરી સુસ્ત નજર તેની ઉપર ઠેરવીને પોતાને માટે ચા રેડતાં રેડતાં પૂછ્યું:

"ચા પીશો?"

દીમોવને ભૂખ પણ લાગી હતી અને તરસ પણ લાગી હતી, પરંતુ ભૂખ મરી જવાની બીકે તેણે ચાની ના પાડી દીધી. થોડી વારમાં પગલાંનો અને તેને પરિચિત હાસ્યનો અવાજ કાને પડ્યો. બારણાનો ખખડાટ સંભળાયો અને ઓલ્ગા ઈવાનોવ્ના ઓરડામાં ધસી આવી. તેણે પહોળી કિનારીની હૅટ પહેરી હતી અને તેના હાથમાં પેટી હતી. તેની પાછળ પાછળ રિયાબોવ્સ્કી હાથમાં મોટી છત્રી અને ફોલ્ડિંગ સ્ટૂલ લઈને આવ્યો. તેના ગાલ લાલ થઈ ગયેલા હતા અને તે ભારે ખુશમિજાજમાં હતો.

"દીમોવ!" ઓલ્ગા ઈવાનોવ્ના બોલી ઊઠી. તેનો ચહેરો ખુશીથી રતુમડો થઈ ગયો. "દીમોવ!" તે માથું અને બેઉ હાથ દીમોવની છાતીએ ચાંપી દેતી ફરી વાર બોલી. "તમે! આટલા બધા દિવસ કેમ ન આવ્યા? કેમ? કેમ?"

"ક્યારે આવું? મને તો હંમેશાં કામ જ કામ રહેતું હોય છે, અને વચમાં થોડોક વખત મળે ત્યારે માફક ગાડી જ ન હોય."

"આહ, કેવી ખુશી થાય છે તમને જોઈને! આખી રાત હું તમને સ્વપ્નમાં જોતી રહી, આખી રાત, મને બીક લાગેલી કે તમે કદાચ માંદા પડી ગયા હશો કે એવું જ કંઈક થયું હશે. તમે કેવા વહાલા લાગો છો એની તમને ખબર હોત ને... અને મારું નસીબ જોરમાં છે એટલે જ તમે આવી પહોંચ્યા! તમે જ મારા તારણહાર છો! એકલા તમે જ મને ઉગારી શકો એમ છો! અહીંયાં કાલે એકદમ અસલી શાદી થવાની છે," તે હસતી હસતી અને પતિની ટાઈ નવેસરથી બાંધતી બોલતી જ રહી. "સ્ટેશનના ટેલિગ્રાફ ઑપરેટરની શાદી થવાની છે, એનું નામ ચિકેલદેયેવ છે. દેખાવડો જુવાન છે. વળી બુદ્ધુ નથી, અને એના ચહેરામાં

જાણે કશીક તાકાતની, સાહસની, છાયા વરતાય છે... એને સામે બેસાડીને એની આકૃતિના આધારે જુવાન બહારવટિયાનું છબીચિત્ર બનાવી શકાય. અમને ઉનાળાના મુલાકાતીઓને સૌને ગમી ગયો છે. અને અમે એની શાદીમાં ભાગ લેવાનું વચન આપી ચૂક્યાં છીએ... આદમી બિચારો પૈસાદાર નથી, એકલો છે, શરમાળ છે, એની તરફ હમદર્દી ન બતાવીએ તો મોટું પાપ થઈ જાય. શાદી પ્રાર્થના પછી તરત જ થવાની છે, અને સૌ દેવળમાંથી સીધાં જ લાડીને ઘેર જવાનાં છે... વૃક્ષોની ઘટા, પક્ષીઓનો કલરવ, ઘાસ ઉપર સૂર્યપ્રકાશનાં કુંડાળાં, અને ઝળકતી લીલીછમ પૃષ્ઠભૂમિમાં અમે સૌ જાણે રંગબેરંગી ભાતો જેવાં—કેટલું મૌલિક, જાણે ફ્રેંચ પ્રભાવવાદીઓનાં સર્જનો જેવું. પણ દીમોવ, દેવળમાં જવા મારે પહેરવું શું?" ઓલ્ગા ઈવાનોવ્ના બોલી. તેના ચહેરા પર ગમગીની છવાઈ ગઈ. "અહીંયાં મારી પાસે કશું જ નથી, ખરેખર કશું જ નથી. ડ્રેસ નથી, ફૂલ નથી, દસ્તાના નથી... તમારે જ મને ઉગારી લેવાની છે! તમે આવી પહોંચ્યા તેમાં વિધાતાનો સંકેત છે કે તમારે જ મને ઉગારી લેવાની છે. મારી ચાવીઓ લઈ જાઓ, વહાલા, પાછા ઘેર જાઓ, કબાટમાંથી મારો ગુલાબી ડ્રેસ લાવી આપો. તમે તો જોયો છે, કબાટ ઉઘાડશો એટલે સામે જ ટાંગેલો દેખાશે... અને પેટીઓના કમરામાં ભોંયપટ પર પૂંઠાનાં બે ખોખાં છે. પહેલું ખોખું ખોલશો એટલે ઉપર ઢગલાબંધ જાળીદાર રેશમ છે, અને કાપડની તરેહવાર કાપલીઓ છે, સાવ નીચે ફૂલ છે. બધાં ફૂલ કાળજીથી કાઢી લેજો, ચોળાઈ ન જાય એનું ધ્યાન રાખજો, વહાલા, હું એમાંથી પસંદ કરી લઈશ. અને દસ્તાનાની જોડી ખરીદી લાવજો."

"સારું," દીમોવે કહ્યું. "કાલે પાછો જઈશ અને બધું તરત મોકલી આપીશ."

"કાલે?" ઓલ્ગા ઈવાનોવ્ના અકળાઈને તેની સામે તાકતી બોલી. "તો તો તમે કાલે વખતસર પાછા આવી જ ન શકો! પહેલી ગાડી સવારે નવ વાગ્યે જાય છે, અને શાદી અગિયાર વાગ્યે છે. ના, વહાલા, તમારે આજે જ જવું પડશે, જવું જ પડશે! કાલે તમે પોતે ન આવી શકો તો માણસ જોડે બધું મોકલી દેજો. હમણાં જ નીકળવું પડશે... ગાડીને થોડીક જ વાર છે, મોડા પડવાનું નથી, વહાલા!"

"ભલે."

"તમને જવા દેવાનું મને કેટલું અકારું લાગે છે!" ઓલ્ગા ઈવાનોવ્ના બોલી. તેની આંખોમાં આંસુ છલકાઈ ગયાં. "ટેલિગ્રાફ ઑપરેટરને વચન આપી દેવામાં મેં કેવી મૂર્ખાઈ કરી!"

દીમોવ ચાનો ગ્લાસ ઝડપથી ગટગટાવી ગયો અને એક બિસ્કિટ હાથમાં લઈને વીલું સ્મિત કરતો સ્ટેશન તરફ રવાના થઈ ગયો. કેવિયાર, પનીર, અને શેકેલી મચ્છી ઘેરા વાનના બે આદમીઓ અને જાડિયો અદાકાર મોજથી ઉડાવી ગયા.

૪

જુલાઈની એક નીરવ ચાંદની રાતે ઓલ્ગા ઈવાનોવ્ના વોલ્ગાની સ્ટીમરના તૂતક પર ઊભી ઊભી ઘડીક નદીના જળને અને ઘડીક રળિયામણા કિનારાને નીરખી રહી હતી. રિયાબોવ્સ્કી બાજુમાં ઊભો ઊભો તેને કહી રહ્યો હતો કે જળની સપાટી ઉપર જે ઘેરા પડછાયા દેખાઈ રહ્યા છે તે

પડછાયા નહિ પરંતુ સ્વપ્ન છે; આ ચમત્કારી ચળકતો જળપ્રવાહ, આ અનંત આકાશ, અને આ શોકાતુર મ્લાન કિનારા આપણને આપણાં જીવનના મિથ્યાત્વની અને કશાક અધિક ઉર્ધ્વ, કશાક સનાતન, કશાક પરમાનંદમયના અસ્તિત્વની વાત કહી રહ્યાં છે; આવા દિવ્ય વાતાવરણમાં તો બધું વીસરી જવામાં, મૃત્યુને અપનાવી લેવામાં, કેવળ સ્મૃતિ જ બની રહેવામાં ખરું સાર્થક્ય છે. વીતી ગયેલો સમય જાણે નિર્માલ્ય અને રસહીન છે, ભવિષ્ય શૂન્ય સમું છે, ફરી કદી ન આવનારી આ દૈવી નિશા પણ સત્વર વિલય પામી જવાની છે, સનાતનતામાં સમાઈ જવાની છે—તો પછી જીવીને શું કરવું છે?

ઓલ્ગા ઈવાનોવ્ના રિયાબોવ્સ્કીનો સ્વર સાંભળતી રહી અને જાણે રાત્રીની નીરવતાને સુણતી રહી અને પોતાની હસ્તીને કહેતી રહી કે હું તો અમર છું, હું કદી વિલય નહિ પામું. તેણે અગાઉ કદી ન નીરખેલું એવું સપ્તરંગી જળ, ગગન, કિનારા, ઘેરા પડછાયા, અને તેના હૈયામાં છલકાઈ રહેલી અગમ્ય ખુશી—એ સર્વ તેને જાણે કહી રહ્યું હતું કે એક દિવસ તું મહાન કલાકાર બની જવાની છે અને અંતરની સીમા પાર, ચાંદની રાતની પાર, અનંત અવકાશમાં સિદ્ધિઓ, ગૌરવ, અને લોકપ્રીતિ તારી રાહ જોઈ રહ્યાં છે... તેણે લાંબી અપલક દૃષ્ટિ અફાટ અંતરમાં ઠેરવી ત્યારે તેને લાગ્યું કે પોતે માનવ મહેરામણ તથા દીપકોની સજાવટ નીરખી રહી છે અને પવિત્ર સંગીતના સૂર તથા હર્ષનાદ સાંભળી રહી છે, ધવલ વેશભૂષામાં શોભી રહી છે, અને પોતાની ઉપર ચોતરફથી થઈ રહેલી પુષ્પવર્ષા માણી રહી છે. તે પોતાના મનને કહેવા લાગી કે મારી સમીપ કઠેરાને અઢેલીને ઊભેલો કલાકાર ખરેખરો મહાન માનવી છે,

પ્રતિભાવાન છે, ઈશ્વરનો માનીતો છે... તેણે આજ પર્યંત જે કંઈ કર્યું છે તે અદ્‌ભુત, તાજગીભર્યું, અસાધારણ છે; અને આગામી વર્ષો દરમિયાન તેની અનોખી પ્રતિભા વિકાસ પામશે ત્યારે ભવિષ્યમાં તે જે કંઈ સર્જન કરશે તે અનન્ય હશે, અપરિમિત ઉદાત્ત કક્ષાનું હશે; ભાવિના એ લેખ તેના વદન ઉપર, પોતાને વ્યકત કરવાની તેની રીતમાં, અને નિસર્ગ પ્રત્યેના તેના વલણમાં પારખી શકાય છે. પડછાયાઓ, સંધ્યાની રંગછાયાઓ, અને ચાંદનીના ઝગમગાટનું વર્ણન તે પોતાની વિશિષ્ટ ભાષામાં કરે છે, અને નિસર્ગની ઉપર તેના પ્રભુત્વની મોહકતા લગભગ અદમ્ય છે. તે સોહામણો પણ છે, અનોખો છે, અને તેનું સ્વાધીન, આઝાદ, દુન્યવી બંધનોથી મુકત જીવન જાણે પંખીના જીવન જેવું છે.

"ટાઢ વાય છે," ઓલ્ગા ઇવાનોવ્ના બોલી. તેની કાયા ધ્રૂજી ગઈ.

રિયાબોવ્સ્કી પોતાનો કોટ તેને પહેરાવતો ગમગીન ભાવે બોલ્યો:

"હું તો તદ્દન તમારા પાશમાં બંધાઈ ગયો છું, તમારો ગુલામ બની ગયો છું. તમે આજે આટલાં મનમોહક કેમ બની ગયાં છો?"

તેણે પોતાની નજર સતત ઓલ્ગા ઇવાનોવ્નાની ઉપર ઠેરવી રાખી, એક પળ પણ હઠાવી નહિ. તેની આંખોમાં કશુંક ભયંકર હતું. ઓલ્ગા ઇવાનોવ્નાને તેની સામે જોવામાં બીક લાગી.

"હું તમને ચાહું છું, પ્રેમથી ઘેલો બની ગયો છું..." તે ઓલ્ગા ઇવાનોવ્નાના ગાલ ઉપર શ્વાસ ફૂંકતો ગણગણ્યો. "બસ એક જ વેણ બોલો અને હું મારું જીવન સંકેલી લઈશ,

કલાને તજી દઈશ..." તે ઊંડી ઉત્તેજના અનુભવતો હળવા અવાજે બોલ્યો. "મને પ્યાર કરો, પ્યાર કરો..."

"આવી વાત ન કરાય," ઓલ્ગા ઈવાનોવ્ના આંખો મીચી દેતી બોલી. "ભયંકર વાત છે. અને દીમોવનું શું?"

"દીમોવ વળી કોણ છે? શા માટે દીમોવ? મારે દીમોવની જોડે શો સંબંધ? વોલ્ગા, ચંદ્રમા, સુંદરતા, મારો પ્યાર, મારો આહ્‌લાદ—પણ ના, દીમોવ નહિ... ઓહ! હું કશું જ નથી જાણતો... મને ભૂતકાળની જરૂર જ નથી, મને તો બસ એક જ પળની ભેટ આપો, એક જ નાનકડી પળની ભેટ આપો!"

ઓલ્ગા ઈવાનોવ્નાનું દિલ જોરથી ધડકવા લાગ્યું. તેણે પતિનો ખ્યાલ મનમાં આણવાની કોશિશ કરી, પરંતુ તેનો સમગ્ર ભૂતકાળ, શાદી, દીમોવ, બુધવારનાં સંધ્યા મિલનો, બધું તેને જાણે સાવ તુચ્છ, નજીવું, નીરસ, નકામું, કશુંક દૂરના અતીતનું, ખૂબ દૂરના અતીતનું લાગ્યું... અને આખર દીમોવની ગણનાયે શી હતી? શા માટે દીમોવ? પોતાને દીમોવ જોડે શો સંબંધ? એવો કોઈ આદમી સાચેસાચ છે ખરો? તે કોઈ સ્વપ્નની યાદનો અવશેષ જ નથી શું?

"એણે જેટલું સુખ માણી લીધું છે એટલું એના જેવા સાધારણ આદમી માટે પૂરતું છે," તે બેઉ હાથ વડે પોતાનો ચહેરો ઢાંકી દેતી મનમાં વિચારવા લાગી. "ભલે મને ત્યાં ઈનસાફના ત્રાજવામાં તોળે, ભલે મારી ઉપર કદુવાઓ વરસાવે, હું બરબાદ થઈ જઈશ, બીજું કંઈ નહિ તો એ લોકોને ખરી નફરત બતાવી આપવા ખાતર જ હું બરબાદ થઈ જઈશ... જિંદગીમાં એક વાર તો બધુંયે અજમાવી લેવું જોઈએ. હે ભગવાન, કેવું ભયંકર, અને તોયે કેવું મનોહર!"

"બોલો ને! બોલો ને!" કલાકાર તેને આલિંગનમાં લેતો અને પોતાને દૂર ધકેલવાની ઢીલી કોશિશ કરતા હાથને ઉત્સુકતાથી ચૂમતો હોઠ ફફડાવતો બોલ્યો. "મને ચાહે છે ને? ચાહે છે ને? આહ! કેવી નિશા! કેવી દિવ્ય નિશા!"

"હા, કેવી નિશા!" તે કલાકારની ચળકતા આંસુથી છલકાતી આંખોમાં નજર પરોવતી બોલી, અને પછી તરત નજર ખસેડી લઈને તેણે બેઉ હાથ વડે તેને પાશમાં લઈને તેના હોઠ ઉપર ઉત્કટ લાગણીથી ચુંબન ચોડી દીધું.

"થોડી વારમાં આપણે કીનેશ્મા પહોંચી જઈશું," તૂતકને બીજે છેડે કોઈ બોલ્યું. ભારે પગલાંનો અવાજ કાને પડયો. ઉપાહાર ખંડનો માણસ નજીકથી પસાર થઈ ગયો.

"સાંભળો," ઓલ્ગા ઈવાનોવ્નાએ હસતાં હસતાં સાદ કર્યો. તેની આંખોમાં ખુશીનાં આંસુ છલકાઈ રહ્યાં હતાં. "થોડીક મદિરા લઈ આવો!"

ઉત્તેજનાથી ફિક્કો પડી ગયેલો કલાકાર બાંકડા ઉપર બેસી ગયો અને વહાલભરી અહેસાનમંદ નજરે ઓલ્ગા ઈવાનોવ્નાને નીરખવા લાગ્યો. પછી તે આંખો મીચી દઈને નિસ્તેજ સ્મિત કરતો બોલ્યો:

"થાક લાગ્યો છે."

અને તેણે માથું કઠેરા પર ટેકવી દીધું.

૫

બીજી સપ્ટેંબરના દિવસે વાતાવરણ ગરમ અને શાંત પણ ધૂંધળું હતું. વહેલી પ્રભાતે વોલ્ગાના જળ ઉપર ધુમ્મસ છવાઈ ગયું અને નવ વાગ્યા પછી ઝરમર વરસાદ વરસવા લાગ્યો. આસમાન સાફ થઈ જવાનાં કશાં એંધાણ વરતાતાં નહોતાં. નાસ્તો કરતી વેળા રિયાબોવ્સ્કીએ ઓલ્ગા ઈવાનોવ્નાને

જણાવ્યું કે ચિત્રકલા તો તદ્દન નિરર્થક અને તદ્દન કંટાળાજનક કલા છે, હું કલાકાર નથી, માત્ર મૂરખાઓ જ મને પ્રતિભાવાન ગણે છે. પછી તેણે જરાક સરખીયે ચેતવણી વગર એકાએક છરી લઈને પોતાના સરસમાં સરસ ચિત્રને સાવ પીંખી નાખ્યું. નાસ્તો કરી લીધા બાદ તે ખિન્ન વદને બારી પાસે બેસીને નદીને તાકતો રહ્યો. વોલ્ગાના જળમાં ચળકાટ નહોતો રહ્યો. નદી ઘેરી, નિસ્તેજ, અને ટાઢી લાગતી હતી. ચોમેર ગમગીન મ્લાન શરદના અણસારા વરતાઈ રહ્યા હતા. કિનારાઓના લીલાછમ ગાલીચાઓ, સૂર્યકિરણોનાં હીરામોતી સમાં પ્રતિબિંબો, અને નિસર્ગનાં રમણીય દૃશ્યો જાણે વોલ્ગા પાસેથી છીનવી લઈને નવી વસંત સુધી પટારામાં ભંડારી દેવામાં આવ્યાં હોય એમ લાગતું હતું. કાગડા નદીની ઉપર ઊડતા કા... કા... કરીને જાણે તેને ચીડવી રહ્યા હતા. રિયાબોવ્સ્કી કાગડાના કકળાટને સાંભળતો વિચારવા લાગ્યો કે મારાથી ચિત્રોનું સર્જન જેટલું થાય એમ હતું એટલું થઈ ચૂક્યું છે, મારી પ્રતિભા ઓસરી ગઈ છે, જગતમાં બધું રૂઢિગત હોય છે, સાપેક્ષ હોય છે, મૂઢતાભર્યું હોય છે, મારે આ ઓરતના લફરામાં પડવું જ નહોતું જોઈતું... સાદી વાત એમ હતી કે તે હતાશા અને ગમગીનીમાં ડૂબી ગયો હતો.

ઓલ્ગા ઈવાનોવ્ના પાર્ટિશનની બીજી તરફ પલંગ પર બેઠી બેઠી પોતાના આછા સોનેરી સુંદર કેશમાં આંગળીઓ ફેરવતી કલ્પનાવિહારમાં લીન થઈ ગઈ હતી. તે પોતાને જાણે ઘરના દીવાનખાનામાં, શયનખંડમાં, પતિના અભ્યાસખંડમાં નીરખી રહી હતી. તેની કલ્પના તેને થિયેટરમાં, દરજાણને ત્યાં, ખ્યાતનામ મિત્રો પાસે લઈ ગઈ. એ સૌ આ ઘડીએ શું કરતાં હશે? મને ક્યારેય યાદ કરતાં હશે? સિઝન શરૂ

થઈ ગઈ છે અને બુધવારનાં સંધ્યા મિલનોનો વખત ફરી આવી ગયો છે. અને દીમોવ? વહાલા દીમોવ! તે પત્રોમાં મને ઘેર પાછી ફરવાની આજીજી કેવી વિનમ્રતા અને બાળક સમી આતુરતાથી કરતા રહે છે! દર મહિને મને પંચોતેર રૂબલ મોકલે છે, અને મેં કલાકારો પાસેથી સો રૂબલ ઉછીના લીધેલા તેની વાત લખી કે તરત જ બીજા સો રૂબલ મોકલી આપ્યા. કેવા ભલા ને ઉદાર આદમી છે! ઓલ્ગા ઈવાનોવ્ના સફરથી થાકી ગઈ હતી, કંટાળી ગઈ હતી, તે ખેડૂતોથી અને નદીના પાણીમાંથી આવતી ભેજની વાસથી છુટકારો મેળવવા, ખેડૂતોનાં ઝૂંપડાંમાં રહેતી વેળા અને એક ગામથી બીજે ગામ ભટકતી વેળા તેને સતત વળગી રહેતી મલિન કાયાની લાગણીને ખંખેરી નાખવા, તલસી રહી હતી. રિયાબોવ્સ્કીએ વીસમી સપ્ટેંબર સુધી કલાકારોની સાથે રહેવાનું વચન ન આપ્યું હોત તો આજે જ પાછાં જઈ શક્યાં હોત. તો કેવું સારું થયું હોત!

"હે ભગવાન!" રિયાબોવ્સ્કીના અવાજમાં જાણે વેદના છલકાઈ રહી હતી. "સૂરજ ક્યારે નીકળશે? સૂરજ નીકળતો જ નથી એવી હાલતમાં સૂર્યપ્રકાશથી ઝળકતી કુદરતનું દૃશ્ય ચિત્રમાં ઉતારવાનું મારે માટે શક્ય જ નથી."

"વાદળોથી ઘેરાયેલા આકાશનું એક ચિત્ર તો તમે બનાવ્યું છે," ઓલ્ગા ઈવાનોવ્ના પાર્ટિશન પાછળથી નીકળતી બોલી. "યાદ છે ને? આગળના ભાગમાં જમણી બાજુએ વન છે અને ડાબી બાજુએ ગાયોનું ધણ ને હંસલાંનું ઝુંડ છે. અત્યારે એ ચિત્ર પૂરું કરી નાખો."

"બસ, બસ!" કલાકારે મોઢું બગાડીને નારાજી જાહેર કરી. "તું શું ખરેખર મને એટલો મૂરખ ગણે છે કે મારે શું કરવું એનીયે મને ખબર ન પડે?"

"મારી બાબતમાં તમે કેટલા બધા બદલાઈ ગયા છો!" ઓલ્ગા ઈવાનોવ્નાએ નિસાસો નાખ્યો.

"સારું જ થયું છે!"

ઓલ્ગા ઈવાનોવ્નાનું મોં પડી ગયું. તે સગડી પાસે જઈને ઊભી ઊભી રડવા લાગી.

"વળી પાછાં આંસુ, હવે તો હદ થઈ ગઈ છે! રોવાનું બંધ કરી દે! મારે રડવું પડે એવાં હજાર હજાર કારણો છે, પણ હું રડતો નથી."

"કારણો!" ઓલ્ગા ઈવાનોવ્ના ડૂસકાં ભરવા લાગી. "સૌથી મોટું કારણ તો એ છે કે તમે મારાથી સાવ કંટાળી ગયા છો, હા, એમ જ છે!" તેનાં ડૂસકાં વધી ગયાં. "સાચી વાત તો એ છે કે તમને આપણા પ્રેમની શરમ આવે છે, પણ હાલત છુપાવી છુપાય એમ નથી, એ લોકોને તો જમાનાથી ખબર છે."

"ઓલ્ગા, હું ફક્ત એક જ માગણી કરું છું," કલાકાર પોતાની છાતીએ હાથ મૂકીને આજીજીના ભાવે બોલ્યો, "ફક્ત એક જ માગણી—મને એકલો રહેવા દે! હું તારી પાસેથી બસ એટલું જ માગું છું."

"પણ સોગન ખાઓ કે તમે મને હજી ચાહો છો!"

"આ તો અત્યાચાર છે!" કલાકાર દાંત પીસીને ફૂંફાડો મારતો બોલ્યો અને ઠેકડો મારીને ઊભો થઈ ગયો. "હું કાં તો વોલ્ગામાં ઝંપલાવી દઈશ કે પછી ગાંડો થઈ જઈશ. અંજામ એવો જ આવવાનો! મને હેરાન કરવો મૂકી દે!"

"મને જ મારી નાખો, તો પછી મને જ મારી નાખો!" ઓલ્ગા ઈવાનોવ્ના ચિત્કાર કરતી બોલી. "મને જ મારી નાખો!"

તે જોરથી ડૂસકાં ભરવા લાગી અને વળી પાર્ટિશન પાછળ ચાલી ગઈ. પરાળના છાપરા ઉપર વરસાદનાં ફોરાં પડવાનો અવાજ સંભળાઈ રહ્યો હતો. રિયાબોવ્સ્કી માથે હાથ દબાવીને થોડી વાર ભોંયપટ પર આંટા મારતો રહ્યો, પછી જાણે કોઈની સાથેની દલીલબાજીને અંતિમ રૂપમાં પતાવી નાખતો હોય એવા ફેંસલાના ભાવ તેના ચહેરા ઉપર છવાઈ ગયા. તે ટોપી માથે મૂકીને અને બંદૂક ખભે ભરાવીને ઝૂંપડામાંથી બહાર નીકળી ગયો.

તે ચાલ્યો ગયો પછી ઓલ્ગા ઈવાનોવ્ના કેટલીય વાર સુધી બિછાનામાં પડી પડી રડતી રહી. પહેલાં તો તેને એવો વિચાર આવ્યો કે પોતે ઝેર ખાઈ લે અને રિયાબોવ્સ્કી પાછો આવે ત્યારે પોતાને મરેલી જુએ તો બહુ સારું. પરંતુ થોડી વારમાં જ તેના વિચારો પાછા તેના દીવાનખાનામાં અને પતિના અભ્યાસખંડમાં પહોંચી ગયા. તેણે કલ્પનામાં પોતાને દીમોવની બાજુમાં બેસીને તનમનની શાંતિ અને સ્વચ્છતાની ખુશી માણતી અને પછી થિયેટરમાં બેસીને માંઝીનીનું સંગીત સાંભળતી જોઈ. સભ્યતા, શહેરના અવાજો, અને સુખ્યાત વ્યક્તિઓના મેળાપનો તલસાટ તેના દિલમાં જાણે સણકો બની ગયો. ગામની કોઈ બાઈ ઝૂંપડામાં આવી અને રસોઈની તૈયારી માટે ધીરે ધીરે ચૂલો પેટાવવા લાગી. લાકડાં બળવાની ગંધ આવી અને હવામાં નીલો ધુમાડો ભરાઈ ગયો. કલાકારો અંદર આવ્યા. તેમના ઊંચા બૂટ કાદવથી ખરડાઈ ગયેલા હતા અને ચહેરા વરસાદમાં ભીંજાઈ ગયેલા હતા. તેઓ એકબીજાનાં ચિત્રો જોઈ રહ્યા હતા અને માંહોમાંહે એવી વાતો કરીને આશ્વાસન મેળવી રહ્યા હતા કે હવામાન ખરાબ હોય તોયે વોલ્ગાની મોહકતા ઓસરતી નથી. ભીંતે ટાંગેલા સસ્તા ઘડિયાળનું લોલક ટીક... ટીક... કરતું રહ્યું. ટાઢમાં ઠરતી

માખીઓ ખૂણામાં દેવચિત્રો નજીક ટોળે વળીને આછો ગણગણાટ કરી રહી હતી અને બાંકડાઓ હેઠળ ગોઠવેલી જાડી જાડી પોથીઓ ફરતે વંદા ચકરાવા લઈ રહ્યા હતા.

રિયાબોવ્સ્કી સાંજે પાછો ફર્યો. તેણે ટોપી ટેબલ પર ફગાવી, અને કાદવથી ખરડાયેલા બૂટ કાઢ્યા વગર જ બાંકડા ઉપર બેસી પડતાં આંખો બંધ કરી દીધી. તેના ફિક્કા ચહેરા ઉપર થાક વરતાઈ રહ્યો હતો.

"થાકી ગયો છું," તે બોલ્યો. આંખો ખોલવાની મહેનતમાં તેનાં ભવાં ફરકવા લાગ્યાં.

તેને ખુશ કરવાના અને પોતે ખરેખર ગુસ્સે નથી થઈ એમ બતાવવાના ઈરાદે ઓલ્ગા ઈવાનોવ્નાએ ચુપચાપ તેની પાસે જઈને તેને ચૂમી ભરી લીધી અને તેના ઊજળા કેશમાં દાંતિયો ફેરવ્યો. તેને એકાએક જ રિયાબોવ્સ્કીના વાળ ઓળવાનું મન થઈ આવ્યું.

"આ વળી શું?" જાણે કશુંક ચીકણું અડી ગયું હોય એવી રીતે ચોંકી જતો તે બોલી ઊઠ્યો અને તેણે આંખો ઉઘાડી. "આ શું માંડ્યું છે? હું આજીજી કરું છું કે મને હેરાન ન કર!"

તેણે ઓલ્ગા ઈવાનોવ્નાને અળગી ખસેડી દીધી અને પોતે આઘો સરકી ગયો. ઓલ્ગા ઈવાનોવ્નાને તેના ચહેરા ઉપર ઘૃણા અને ખીજના ભાવ સાફ વરતાઈ ગયા. એ જ વખતે રસોઈ કરનારી બાઈ કોબીજના સૂપની પ્લેટ બેઉ હાથમાં કાળજીથી પકડીને અંદર આવી. ઓલ્ગા ઈવાનોવ્નાએ જોયું કે બાઈના જાડા અંગૂઠા સૂપથી ભીંજાયેલા હતા. ગંધારી બાઈ, કમ્મરે તાણીને બાંધેલું તેનું સ્કર્ટ, કોબીજનો સૂપ, તેની ઉપર એકદમ તૂટી પડેલો રિયાબોવ્સ્કી, ઝૂંપડું, સાદગી અને કલાત્મક અવ્યવસ્થિતતાને કારણે આરંભમાં ઉલ્લાસમય

લાગેલી એ જિંદગી તેને હવે ત્રાસદાયક લાગી. એકાએક સ્વાભિમાન ઘવાયું હોય એવી લાગણી અનુભવીને તે ભાવહીન અવાજે બોલી:

"આપણે થોડો સમય અળગા થવું જ પડશે, નહિતર નર્યા કંટાળાને લીધે આપણે ઉઘાડા કંકાસમાં અટવાઈ જવાનાં. મને તો આવી હાલતમાં હવે ચીતરી ચડે છે! હું આજે ચાલી જઈશ."

"કેવી રીતે? સાવરણી ઉપર સવાર થઈને?"

"આજે ગુરુવાર છે, સાડા નવ વાગ્યે સ્ટીમર આવશે."

"એમ કે? અરે, હા... ભલે, ચાલી જા," નૅપ્કિન હતો જ નહિ એટલે ટુવાલ વડે હોઠ લૂછતો રિયાબોવ્સ્કી ધીમા અવાજે બોલ્યો. "તને અહીંયાં કંટાળો આવે છે, અને હું એટલો બધો આપમતલબી નથી કે તને પરાણે રોકી રાખવાની કોશિશ કરું. તુંતારે જા, આપણે વીસમી તારીખ પછી ફરી મળીશું."

ઓલ્ગા ઈવાનોવ્નાનું હૈયું હળવું ફૂલ જેવું થઈ ગયું, ખુશીને કારણે તેના ગાલ રાતા રાતા થઈ ગયા. તે સામાન બાંધતી બાંધતી મનમાં વિચારવા લાગી: "હું શું ખરેખર જ થોડા વખત પછી મારા દીવાનખાનામાં બેઠી હોઈશ, ચિત્રો બનાવતી હોઈશ, શયનખંડમાં સૂતી હોઈશ, અને મેજપોશ બિછાવેલા ટેબલ પાસે બેસીને જમતી હોઈશ?" જાણે તેના માથા ઉપરથી ભારે બોજો ઊતરી ગયો. કલાકારની ઉપર તેને ચડેલો ગુસ્સો સાવ ઓસરી ગયો.

"રંગ ને પીંછીઓ મૂકી જાઉં છું, રિયાબૂશા," તેણે સાદ પાડીને કહ્યું. "કાંઈ બચે તો ભેગું લેતા આવજો... હું

નહિ હોઉં ત્યારે નવરા ન બેસી રહેતા, ગમગીનીમાં ડૂબી જતા નહિ, કામ ચાલુ રાખજો! તમે તો મારા ખરા દોસ્ત છો, રિયાબૂશા!"

રિયાબોવ્સ્કીએ નવ વાગ્યે તેને ચૂમી ભરીને વિદાય આપી દીધી. ઓલ્ગા ઈવાનોવ્નાને ખાતરી લાગી કે તૂતક પર કલાકારોની હાજરીમાં ચૂમી ન ભરવી પડે એટલે જ રિયાબોવ્સ્કીએ એમ કર્યું હશે. રિયાબોવ્સ્કી તેને ફુરજા સુધી વળાવવા ગયો. થોડી વારમાં સ્ટીમર આવી પહોંચી અને તે રવાના થઈ ગઈ.

તેને ઘેર પહોંચતાં અઢી દિવસ લાગ્યા. હૅટ અને વરસાદી કોટ ઉતાર્યા વગર જ તે ઉત્તેજનાની દશામાં ભારે શ્વાસ લેતી દીવાનખાનામાં ગઈ અને ત્યાંથી ભોજનખંડમાં પહોંચી. દીમોવ શર્ટ અને બંડી પહેરીને ટેબલ પાસે બેઠો બેઠો કાંટા ઉપર છરી ઘસીને ધાર કાઢી રહ્યો હતો. બંડીનાં બટન ખુલ્લાં હતાં. તેની સામે ટેબલ પર પ્લેટમાં શેકેલું માંસ પડ્યું હતું. ઓલ્ગા ઈવાનોવ્નાએ ઘરમાં દાખલ થતાં પહેલાં પાકો મનસૂબો ઘડી રાખ્યો હતો કે પતિને કશી જ ખબર પડવા નહિ દઉં. તેને લાગેલું કે કિસ્સાને છુપાવી રાખવાની પૂરી આવડત અને શકિત પોતે ધરાવે છે. પરંતુ દીમોવનું મોકળું, વિનમ્ર, ખુશીથી છલકાતું સ્મિત અને તેની આંખોમાં ઝળકી રહેલા સુખાનંદના ભાવ નજરે પડતાં જ તેને લાગ્યું કે આવા માણસ જોડે છળ કરવાનું કરતૂત તો બદનક્ષી, ચોરી, કે ખૂન જેટલું જ અધમ, ધૃણાજનક, અને અશક્ય છે. તેણે એ જ ઘડીએ ફેંસલો કરી નાખ્યો કે આખો કિસ્સો પતિને જણાવી દેવો. પતિને ભેટવા તથા ચૂમી ભરી લેવા દઈને પછી તેના ગોઠણ પાસે બેસી પડીને તેણે પોતાનો ચહેરો બેઉ હાથ વડે ઢાંકી દીધો.

"શું થયું? શું થયું, વહાલી?" દીમોવ હેતથી પૂછવા લાગ્યો. "હું બહુ યાદ આવતો હતો?"

ઓલ્ગા ઈવાનોવ્નાએ શરમથી લાલ થઈ ગયેલું મોં ઊંચું કરીને અપરાધી નજરે પતિની સામે જોયું. તેની આંખોમાં વિનવણીના ભાવ છલકાઈ રહ્યા હતા. પરંતુ શરમ અને બીકને લીધે તે સાચી વાત જણાવી ન શકી.

"કંઈ નહિ..." તે બોલી, "જરાક..."

"ચાલ બેસીએ," દીમોવે પત્નીને ઊભી કરીને ટેબલ પાસે બેસાડી, "બરાબર... હવે થોડુંક ખાઈ લે, તને ભૂખ લાગી છે, બિચારી મીઠડી!"

સુપરિચિત વાતાવરણમાં આતુરતાથી શ્વાસ લેતી તે ખાવા લાગી અને પતિ ખુશીથી હસતો હસતો હેતથી તેને નીરખતો રહ્યો.

૬

પોતાની જોડે કરવામાં આવતા છળની શંકા દીમોવને શિયાળાના મધ્યમાં ક્યારેક પડી હોય એમ લાગતું હતું. જાણે કેમ તેનું જ દિલ સાફ ન હોય એમ તે હવે પત્નીની સાથે નજર નહોતો મિલાવી શકતો, પત્નીને મળે ત્યારે ખુશીથી હોઠ નહોતો મલકાવતો, અને તેની સાથે એકલો રહેવાનું બને એટલું ઓછું કરી નાખવાના આશયે પોતાના મિત્ર કોરોસ્તેલેવને ઘણી વાર જમવા ઘેર લઈ આવતો. ઠીંગણા કોરોસ્તેલેવને માથે ટૂંકા વાળ હતા અને તેનો ચહેરો કરચળિયાળો હતો. ઓલ્ગા ઈવાનોવ્ના તેની સાથે વાત કરે ત્યારે તે નરી અકળામણને લીધે કોટનાં બટન બંધ કરવા ને ખોલવા લાગતો, અને પછી જમણા હાથ વડે ડાબી મૂછ આમળવા લાગતો.

ડૉક્ટરો જમતા જમતા વાતો કરતા કે ઉદરપટલ વધારે પડતો ઊંચો હોય તો ક્યારેક હૃદયના ધબકારા વધી જાય છે, હમણાં હમણાં માનસિક બીમારી ખૂબ વધી ગઈ છે, અથવા જીવલેણ પાંડુરોગથી મરી ગયેલા ધારી લેવામાં આવેલા એક દરદીનું ગઈકાલે સાંજે શબપરીક્ષણ કરતી વેળા દીમોવને મોતનું કારણ પેનક્રિયાસનું કેન્સર જણાયું હતું. તેઓ એવી તબીબી વાતચીત જાણે ઓલ્ગા ઈવાનોવ્નાને કંઈ ન બોલવાનું, એટલે કે ખોટું ન બોલવાનું, બહાનું પૂરું પાડવા માટે જ કરતા હોય એમ લાગતું હતું. જમવાનું પતી ગયા પછી કોરોસ્તેલેવ પિયાનો પાસે બેસી જતો, અને દીમોવ નિસાસો નાખીને બોલી ઊઠતો:

"કેમ, ભાઈ! શાની વાટ જુએ છે? મઝાનું ગમ નીતરતું કંઈક સંભળાવ!"

કોરોસ્તેલેવ ખભા ઊંચા કરીને તથા આંગળીઓ ફેલાવીને થોડાક સૂર છેડતો અને ઊંચા સ્વરે ગાવા લાગતો: "બતાવો મને, આપણા દેશમાં જગ્યા એવી બતાવો મને, જ્યાં કણસતો ન હોય કિસાન રશિયાનો." દીમોવ ફરી નિસાસો નાખતો, મુઠ્ઠી વાળીને માથું તેની ઉપર ટેકવી દેતો, અને વિચારમાં ડૂબી જતો.

આખરી દિવસોમાં ઓલ્ગા ઈવાનોવ્નાનું વર્તન બેહદ લાપરવા બનવા લાગ્યું હતું. તે દરરોજ સવારે ઊઠે ત્યારે બદતરીન મિજાજમાં હોય, વિચારવા લાગે કે હવે હું રિયાબોવ્સ્કીને જરાય ચાહતી નથી, ઈશ્વરની દયાથી અમારી વચ્ચે બધું ખતમ થઈ ગયું છે. પરંતુ કૉફી પીધા પછી તે જાણે પોતાના મનને યાદ કરાવતી કે રિયાબોવ્સ્કીને લીધે જ મેં મારો પતિ ગુમાવી દીધો છે અને હું પતિ વગરની તેમ જ રિયાબોવ્સ્કી વગરની થઈ ગઈ છું. પછી તેને મિત્રોની

વાતો યાદ આવતી કે રિયાબોવ્સ્કી પ્રદર્શન માટે એક અદ્‌ભુત ચિત્ર પૂરું કરી રહ્યો છે, તેમાં પોલેનોવની શૈલી મુજબ નિસર્ગ ચિત્રણ અને ઘટના ચિત્રણનો એક જાતનો સુમેળ સાધવામાં આવ્યો છે, અને તેના સ્ટુડિયોમાં જઈને ચિત્ર જોનારા માણસો એકદમ અંજાઈ જાય છે. તે મનમાં કહેવા લાગતી કે રિયાબોવ્સ્કીએ એવા ચિત્રનું સર્જન મારા પ્રભાવ હેઠળ કર્યું છે, મારા પ્રભાવને કારણે જ તેની કલાપ્રતિભાનો પારાવાર વિકાસ થયો છે. મારો પ્રભાવ એટલો બધો લાભદાયક છે, એટલો બધો વાસ્તવિક છે, કે હું તેને તજી દઉં તો બિચારો સાવ ભાંગી જ પડે. વળી તેને યાદ આવતું કે રિયાબોવ્સ્કી ગયે વખતે મને મળવા આવેલો ત્યારે તેણે રૂપેરી તાણાવાણા ગૂંથેલો રાખોડી કોટ પહેર્યો હતો, નવી ટાઈ બાંધી હતી, અને તલસાટભર્યા અવાજે પૂછ્યું હતું: "હું સરસ દેખાઉં છું ને?" લાંબાં જુલફાં અને નીલી આંખો (ઓલ્ગા ઈવાનોવ્ના તો એમ જ માનતી) ધરાવતો રિયાબોવ્સ્કી ભપકાદાર કોટમાં તેને ખરેખર બહુ જ સોહામણો લાગ્યો હતો. અને તેણે ઓલ્ગા ઈવાનોવ્ના પ્રત્યે ખૂબ જ હેત દાખવ્યું હતું.

એ બધું તથા બીજું ઘણું યાદ કરતી કરતી અને તેમાંથી મનગમતા ખ્યાલો બાંધતી ઓલ્ગા ઈવાનોવ્ના ઉત્તેજિત દશામાં રિયાબોવ્સ્કીના સ્ટુડિયોમાં પહોંચી જતી. તે સામાન્ય રીતે ખુશમિજાજમાં હોય અને પોતાના ચિત્રનાં ખૂબ વખાણ કરે. ચિત્ર ખરેખર બહુ જ સરસ હતું. તે મોજમાં હોય ત્યારે ટોળટપ્પા કરતો રહેતો અને ગંભીર સવાલોને મજાક મશ્કરી વડે ટાળી દેતો. ઓલ્ગા ઈવાનોવ્નાને ચિત્રની ઈર્ષા આવતી. તે મનમાં ચિત્ર પ્રત્યે ધૃણા અનુભવતી હોવા છતાં હંમેશાં વિનયી ચુપકી સાધીને પાંચેક મિનિટ તેને નીરખતી

રહેતી, અને પછી દેરીમાં લોકો જેવી રીતે નિસાસા નાખતા હોય છે એવી રીતે નિસાસો નાખીને કહેતી:

"ખરેખર, તમે આવું ચિત્રસર્જન અગાઉ ક્યારેય નથી કર્યું! જોઈને મને તો જાણે બીક લાગે છે!"

પછી તે રિયાબોવ્સ્કીને વીનવવા લાગતી કે મને ચાહતા રહેજો, તજી ન દેશો, મુજ બિચારી દુ:ખી બાઈની ઉપર દયા રાખજો. તે રડી પડતી, તેના હાથ ચૂમતી, તેની પાસેથી અવિરત પ્રેમની ખાતરી કઢાવવાની કોશિશ કરતી, તેને કહેતી કે મારા ઇષ્ટ પ્રભાવ વગર તમે માર્ગ ભૂલીને ભટકવા લાગશો, ખોવાઈ જશો. એવી રીતે તેને સાવ બેચેન બનાવી દીધા પછી અને ખુદ પોતાને હલકી પાડી નાખ્યા પછી તે દરજણ પાસે અથવા થિયેટરની ટિકિટ માટે કોઈ અભિનેત્રી સાહેલી પાસે જતી.

રિયાબોવ્સ્કી સ્ટુડિયોમાં ન મળે એવા દિવસોએ તે ધમકીની ચિઠ્ઠી મૂકી જતી કે તમે આજ ને આજ મને મળવા નહિ આવો તો હું ઝેર ખાઈ લઈશ. રિયાબોવ્સ્કી ગભરાટમાં પડી જતો અને તેને ત્યાં જઈને જમવા રોકાઈ જતો. તેના પતિની હાજરીમાંયે કશા સંકોચ વગર તે તેનું અપમાન કરતો અને ઓલ્ગા ઈવાનોવ્ના પણ એવા જ વળતા જવાબ દેતી. બેઉને એમ લાગતું કે પોતે એકબીજાને આડાં આવી રહ્યાં છે, પરસ્પર દુશ્મનો અને જુલમગારો છે. એથી તેઓ ખીજે ભરાઈ જતાં અને ગુસ્સાના જોરમાં તેમને ભાન જ ન રહેતું કે પોતાનું વર્તન કેટલું બધું અશિષ્ટ છે, અને ટૂંકા વાળવાળા કોરોસ્તેલેવને પણ આખો કિસ્સો બરાબર સમજાઈ જવાનો જ. જમવાનું પતી જાય એટલે રિયાબોવ્સ્કી ઉતાવળમાં વિદાય લઈને રવાના થઈ જતો.

"ક્યાં જાઓ છો?" પરસાળમાં ઓલ્ગા ઈવાનોવ્ના નફરતભરી નજર તેની ઉપર ઠેરવીને પૂછતી.

તે ભવાં સંકોડીને અને આંખો ઝીણી કરીને એવી કોઈ મહિલાનું નામ જણાવી દેતો કે જે બેઉની પરિચિત હોય. સાફ વરતાઈ આવતું કે તે ઓલ્ગા ઈવાનોવ્નાની ઈર્ષાનો ઉપહાસ કરી રહ્યો છે અને તેને ખીજવવા માગે છે. તે શયનખંડમાં જઈને બિછાનામાં પટકાઈ પડતી અને ઈર્ષા, ખીજ, નામોશી, તથા શરમના ભાર હેઠળ તકિયાને બટકાં ભરવા અને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગતી. દીમોવ કોરોસ્તેલેવને દીવાનખાનામાં રહેવા દઈને શયનખંડમાં દાખલ થતો અને સંકોચ તથા અકળામણ અનુભવતો હળવા અવાજે કહેતો:

"આમ રડાય નહિ! એથી શો ફાયદો? ચુપ રહેવામાં જ સાર છે. લોકોને ખબર ન પડવા દેવાય... થઈ ગયું છે તે કોઈ રીતે ન થયું ન જ થાય, એટલું સમજી લે."

લમણાંમાં થડકારા પેદા કરતી ઈર્ષાને કાબૂમાં ન રાખી શકતી, અને બગડેલું સુધારી લેવાનો અવકાશ હજુ છે એમ કહીને મનને મનાવવાની કોશિશ કરતી, તે ઊઠતી, હાથમોં ધોતી, આંસુથી ખરડાયેલા ચહેરા ઉપર પાવડર લગાવતી, અને ઉલ્લેખિત મહિલાને ત્યાં દોડી જતી. રિયાબોવ્સ્કી ત્યાં ન મળતો એટલે તે ગાડી દોડાવતી બીજી મહિલાને ત્યાં જતી, ત્રીજીને ત્યાં જતી... શરૂઆતમાં તેને એવી દોડભાગ કરવામાં શરમ આવતી, પરંતુ થોડા સમયમાં તે ટેવાઈ ગઈ. ક્યારેક તો રિયાબોવ્સ્કીને ગોતી કાઢવા એક જ સાંજ દરમિયાન તે પોતાની પરિચિત બધી મહિલાઓને ત્યાં જઈ આવતી, અને તમામ બાનુઓ તેની મુરાદ બરાબર કળી જતી.

એક વાર તેણે પોતાના પતિ વિશે રિયાબોવ્સ્કીને કહ્યું:

"એ આદમી ઉદારતા બતાવીને મને પીડે છે."

તેને એ વાક્ય એટલું બધું ગમી ગયું કે રિયાબોવ્સ્કી જોડેના તેના આડા વહેવારનો ભેદ જાણનારા કલાકારોમાંથી કોઈને મળે ત્યારે તે પતિનો ઉલ્લેખ કરીને ખૂબ હાવભાવ કરતી કહેતી:

"એ આદમી ઉદારતા બતાવીને મને પીડે છે."

તેમની રોજિંદી જિંદગી વીતેલા વરસની જેમ જ ચાલતી રહી. તેને ઘેર બુધવારનાં સંધ્યા મિલનો થતાં રહ્યાં. અદાકાર વાંચન કરતો, ચિત્રકારો ચિત્રો બનાવતા, સંગીતકાર વાદ્ય વગાડતો, ગાયક ગીત ગાતો, બરાબર સાડા અગિયાર વાગ્યે ભોજનખંડનું બારણું અચૂક ખૂલી જતું, અને દીમોવ સસ્મિત સૌને બોલાવતો: "સજ્જનો, જમવા ચાલો!"

અગાઉની જેમ જ ઓલ્ગા ઈવાનોવ્ના મહાન વ્યકિતઓને ખોળતી રહેતી, ખોળી કાઢતી, એથી સંતોષ ન પામતી, અને નવી મહાન વ્યકિતઓને ખોળવા લાગતી. અગાઉની જેમ જ તે રોજ રાતે મોડી ઘેર પહોંચતી, પરંતુ વીતેલા વરસની જેમ જ દીમોવ કદી સૂઈ ન જતો, તે પાછી ફરે ત્યાં સુધી અભ્યાસખંડમાં કશુંક કામ કરતો બેસી રહેતો. તે રાતના ત્રણ વાગ્યે સૂવા જતો અને સવારે આઠ વાગ્યે ઊઠી જતો.

એક વાર સાંજે થિયેટરમાં જતાં પહેલાં તે આયનામાં પોતાના ચહેરા ઉપર છેલ્લી નજર નાખી રહી હતી ત્યારે દીમોવ શયનખંડમાં આવ્યો. તેણે ફ્રૉકકોટ પહેર્યો હતો અને સફેદ ટાઈ બાંધી હતી. તેના હોઠ પર આછો મલકાટ રમી રહ્યો હતો. જમાના પહેલાં તે જેવી રીતે પત્નીની નજર સાથે નજર મિલાવતો એવી જ રીતે તેણે સીધી નજરે તેની સામે જોયું. તેનો ચહેરો ઝળકી રહ્યો હતો.

"આજે મારી થિસિસ રજૂ કરી દીધી," તે બેસી ગયો અને ગોઠણ ઉપર પાટલૂનના સળ સરખા કરતો બોલ્યો.

"મંજૂર થઈ ગઈ?" ઓલ્ગા ઈવાનોવ્નાએ પૂછ્યું.

"કેવી સરસ રીતે!" તે હસી પડયો, અને આયનામાં પત્નીનો ચહેરો જોવા તેણે ડોક લંબાવી કારણ કે પત્ની હજુ પીઠ તેની તરફ રાખીને કેશની સજાવટ પૂરી કરી રહી હતી. "કેવી સરસ રીતે!" તે ફરી વાર બોલ્યો. "પૂરો સંભવ છે કે મને સામાન્ય નિદાનવિદ્યાના વિદ્વાન પ્રાધ્યાપકનું સ્થાન આપવામાં આવશે. ચોક્કસ એમ જ લાગે છે."

તેના ચહેરા ઉપર છવાયેલા ઝળકતા પરમાનંદના ભાવ પરથી સાફ લાગતું હતું કે ઓલ્ગા ઈવાનોવ્ના તેની ખુશીમાં તથા સિદ્ધિની લાગણીમાં સહભાગી બની હોત તો તેણે પત્નીના ચાલુ તેમ જ ભવિષ્યના તમામ વાંકગુના માફ કરી દીધા હોત, પોતાના મનમાંથી બધું જ ભૂંસી નાખ્યું હોત. પરંતુ ઓલ્ગા ઈવાનોવ્નાને ખબર જ નહોતી કે પ્રાધ્યાપક એટલે શું અને નિદાનવિદ્યાનો અર્થ શો થાય છે. વળી તેને થિયેટરે પહોંચવામાં મોડું થઈ જવાની ફિકર હતી એટલે તે કંઈ જ ન બોલી.

દીમોવ થોડીક વાર બેઠો રહ્યો અને પછી જાણે પોતે જ કસૂરવાર હોય એવી રીતે જરાક હસીને ચાલ્યો ગયો.

૭

એ દિવસે જાણે બેચેનીની જ બોલબાલા રહી.

દીમોવને માથાનો સખત દુખાવો ઊપડયો. તેણે સવારે કંઈ ખાધું નહિ, તે હૉસ્પિટલે પણ ન ગયો, આખો દિવસ અભ્યાસખંડમાં કોચ પર પડયો રહ્યો. ઓલ્ગા ઈવાનોવ્ના રોજની જેમ બાર વાગ્યા પછી થોડી વારે રિયાબોવ્સ્કીને

ત્યાં ચાલી ગઈ—તેને પોતાનું ચિત્ર બતાવવા અને પૂછવા કે આગલે દિવસે મળવા કેમ ન આવેલો. તેને ખબર હતી કે ચિત્ર સાવ નમાલું છે, તેણે કલાકારને મળવા જવાનું બહાનું ઊભું કરવા માટે જ ચિત્ર બનાવ્યું હતું.

તે ઘંટડી વગાડયા વગર જ અંદર દાખલ થઈ ગઈ, અને પરસાળમાં રબરના બૂટ ઉતારી રહી હતી એટલામાં તેને સ્ટુડિયોની અંદરથી હળવાં પગલાંનો અને સ્ત્રીનાં કપડાં ફરફરવાનો અવાજ સંભળાયો. તેણે ઝટ અંદર નજર નાખી તો એ જ ઘડીએ બદામી રંગનું સ્કર્ટ જાણે ઝબકારો કરીને મોટા ચિત્ર પાછળ અદૃશ્ય થઈ ગયું. ઘોડી પર ગોઠવેલા મોટા ચિત્રની ઉપર ઢાંકેલું કાળું કાપડ છેક ભોંયપટ સુધી પહોંચી જતું હતું. તદ્દન સાફ જણાઈ આવતું હતું કે કોઈ બાઈ તેની પાછળ છુપાઈ ગઈ છે. ઓલ્ગા ઈવાનોવ્ના પોતે કેટલી બધી વાર એ ચિત્રની પાછળ છુપાઈ ગયેલી! રિયાબોવ્સ્કીની ભારે અકળામણ એકદમ વરતાઈ આવતી હતી. જાણે ઓલ્ગા ઈવાનોવ્નાને જોઈને વિસ્મય થયું હોય એવી રીતે બેઉ હાથ તેની તરફ લંબાવતો અને પરાણે હોઠ મલકાવતો તે બોલ્યો:

"અરે! ખુશીની વાત! શું ખબર છે?"

ઓલ્ગા ઈવાનોવ્નાની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં. તેને શરમ આવી અને હીણપતની લાગણી થઈ. ચિત્રની પાછળ ઊભી ઊભી ચોક્કસ ફુલાઈને હોઠ મરકાવતી એ બીજી ઓરતની, હરીફની, લબાડની હાજરીમાં કશું બોલવા તે ગમે તેવો બદલો મળે તોયે જરાય તૈયાર નહોતી.

"મારું ચિત્ર બતાવવા આવી છું." તેણે તીણા ભીરુ અવાજે કહ્યું. તેના હોઠ ફરકવા લાગ્યા. "નિર્જીવ પદાર્થ ચિત્ર છે."

"એમ કે..? ચિત્ર..."

કલાકારે ચિત્ર હાથમાં લીધું અને નજર તેની ઉપર ઠેરવીને જાણે શૂન્ય ભાવે ચાલતો તે બીજા ખંડમાં ગયો.

ઓલ્ગા ઈવાનોવ્ના તાબેદારીથી તેની પાછળ પાછળ ચાલી.

"ચિત્ર મઝાનું, છે કમાલનું," તે યંત્રવત્ પ્રાસ બેસાડતો ગણગણવા લાગ્યો, "બહુ ગમવાનું, હૈયે વસવાનું..."

સ્ટુડિયોમાંથી ઉતાવળાં ડગલાં અને સ્કર્ટ ફરફરવાનો અવાજ સંભળાયો. એટલે એમ કે ઓરત ચાલી ગઈ. ઓલ્ગા ઈવાનોવ્નાને ચીસ પાડી ઊઠવાનું અને કોઈ ભારે વસ્તુ કલાકારના માથા ઉપર ફટકારીને ભાગી જવાનું મન થયું, પરંતુ તેની આંખોમાં આસુંનો પડદો છવાઈ ગયો હતો, તે શરમના ભારથી દબાઈ ગયેલી હતી. તેને લાગ્યું કે પોતે કલાકાર ઓલ્ગા ઈવાનોવ્ના નથી પણ કોઈ કંગાલ વામણો જીવ છે.

"થાકી ગયો છું," કલાકાર ચિત્રને જોતો અને માથું ઉછાળીને જાણે થાકને ખંખેરી નાખવાની કોશિશ કરતો ઢીલા અવાજે બોલ્યો. "ચિત્ર તો બેશક મઝાનું છે, પણ આજે ચિત્ર, ગયે વરસે ચિત્ર, અને વળી પાછું એકાદ મહિનામાં ચિત્ર... તમે કંટાળી નથી જતાં? તમારી જગ્યાએ હું હોત તો મેં ચિત્રકલા છોડી દીધી હોત અને સંગીતમાં કે બીજા કશાકમાં ગંભીરતાથી મન લગાવ્યું હોત. તમે ચિત્રકાર બની શકો એમ નથી, તમારામાં સંગીતની પ્રતિભા છે. પણ તમને ખબર જ નથી કે હું કેટલો થાકેલો છું. ચા મંગાવું, મંગાવું ને?"

તે ખંડમાંથી બહાર ગયો અને નોકરને કશુંક કહેવા લાગ્યો. તેનો અવાજ ઓલ્ગા ઈવાનોવ્નાને સંભળાતો હતો. રજા લેવાનો ઢોંગ તથા કજિયો ટાળવાના ઈરાદે અને સૌથી વધારે તો

પોતાને રડી પડતી અટકાવવાના આશયે તે રિયાબોવ્સ્કી પાછો આવે તે પહેલાં જ દોડતી પરસાળમાં પહોંચી ગઈ અને રબરના બૂટ પહેરીને બહાર નીકળી ગઈ. બહાર તેણે છુટકારાનો શ્વાસ લીધો. તેને થયું કે હવે હું રિયાબોવ્સ્કીથી, કલાથી, અને સ્ટુડિયોમાં વેઠવી પડેલી હીણપતની લાગણીથી સદાને માટે મુક્ત થઈ ગઈ છું, મામલો ખતમ થઈ ગયો છે.

તે દરજાણ પાસે ગઈ, પછી તાજા જ પાછા ફરેલા બાર્નાઈ પાસે ગઈ, અને બાર્નાઈ પાસેથી નીકળીને સંગીતની દુકાનમાં ગઈ. બધો વખત તે વિચારતી રહી કે રિયાબોવ્સ્કીને સાવ ભાવહીન, નિષ્ઠુર, અને સ્વમાન સાચવતો પત્ર લખીશ, વસંતમાં કે ઉનાળામાં દીમોવ ભેગી ક્રિમિયા જઈશ, ભૂતકાળને કાયમને માટે ખંખેરી નાખીશ, અને નવા જીવનનો આરંભ કરીશ.

તે ઘેર મોડી પહોંચી, પરંતુ કપડાં બદલાવવા પોતાના ખંડમાં જવાને બદલે સીધી દીવાનખાનામાં જઈને પત્ર લખવા બેસી ગઈ અને વિચારવા લાગી: રિયાબોવ્સ્કીએ મને કહ્યું છે કે હું કલાકાર નથી. હું જવાબમાં એમ કહીને વેર વાળીશ કે તમે વર્ષોથી એક જ જાતનાં ચિત્રો બનાવતા રહ્યા છો, દરરોજ એકસરખી જ વાતો કરતા રહ્યા છો, તમારી પ્રતિભાનો દીપક ઓલવાઈ ગયો છે, અને તમે જે કંઈ સિદ્ધિ હાંસલ કરી લીધી છે તેનાથી વધારે કશું જ હવે સાધી નહિ શકો. તેને એમ પણ ઉમેરવાનું મન થયું કે તમે મારા ઇષ્ટ પ્રભાવના ખૂબ જ ઋણી છો, અને હવે તમારું વર્તન ખરાબ થઈ ગયું છે કારણ કે આજે ચિત્રની પાછળ છુપાઈ ગયેલી પેલી ઓરત જેવાં જાતજાતનાં હલકટ માણસોને લીધે મારો પ્રભાવ રૂંધાઈ ગયો છે.

"સાંભળે છે?" દીમોવે બારણું ખોલ્યા વગર જ અભ્યાસખંડની અંદરથી સાદ પાડ્યો. "સાંભળે છે?"

"શું છે?"

"મારી નજીક આવતી નહિ, બારણા પાસે આવ. બરાબર. એકબે દિવસ પહેલાં હૉસ્પિટલમાં મને ડિફ્‌થેરિયાનો ચેપ લાગી ગયો છે, અને... તબિયત બહુ જ ખરાબ લાગે છે. માણસ મોકલીને કોરોસ્તેલેવને જલદી બોલાવી લે."

ઓલ્ગા ઈવાનોવ્ના પતિને અટકથી બોલાવતી, અને બધા પુરુષ મિત્રોને પણ એવી જ રીતે બોલાવતી. પતિનું નામ ઓસિપ તેને ગમતું નહોતું, એ નામ તેના મનમાં ગોગોલના પાત્ર ઓસિપની તેમ જ ઓસિપ તથા આર્ખિપ નામોવાળી શબ્દચાતુરીની યાદ તાજી કરાવી દેતું. પરંતુ અત્યારે તે બોલી ઊઠી:

"અરે! ઓસિપ! હોય નહિ!"

"એને બોલાવી લે. મારી તબિયત બહુ ખરાબ લાગે છે..." દીમોવ અંદરથી બોલ્યો, અને પછી પગલાંનો તથા સોફા પર લંબાઈ જવાનો અવાજ ઓલ્ગા ઈવાનોવ્નાને સંભળાયો. "એને બોલાવી લે." દીમોવનો અવાજ જાણે પોલો થઈ ગયો હતો.

"ખરેખર એમ થયું હશે?" ઓલ્ગા ઈવાનોવ્ના દહેશતથી ટાઢી પડી જતી વિચારવા લાગી. "આ તો ભારે જોખમની વાત!"

તે સાવ બેખબર હાલતમાં મીણબત્તી સળગાવીને શયનખંડમાં લઈ ગઈ, અને શું કરવું તેનો વિચાર કરતી હતી એટલામાં તેની નજર આયનામાં પોતાના પ્રતિબિંબ પર પડી. નિસ્તેજ ભયભીત ચહેરો, ફુલાવેલી બાંયોવાળું અને આગળ પીળી ઝાલરવાળું જાકીટ,

વિચિત્ર ચટાપટાવાળું સ્કર્ટ—તેને આયનામાં પોતાનો દેખાવ ભયંકર રીતે બેહાલ લાગ્યો, કોઈ ધૃણાજનક જીવ જેવો લાગ્યો. દીમોવનો અસીમ પ્રેમ, તેની યુવાની, અને લાંબા સમયથી અણવપરાયેલા તેના એકલવાયા બિછાના સુદ્ધાંના ખ્યાલો મનમાં ઝબકી જતાં ઓલ્ગા ઈવાનોવ્નાના દિલમાં પતિ પ્રત્યે અપાર કરુણા છલકી ઊઠી. પતિના હોઠ પર સદા રમતું રહેતું વિનમ્ર આજ્ઞાંકિત સ્મિત તેને યાદ આવ્યું. કારમું રુદન કરતાં કરતાં તેણે કોરોસ્તેલેવને આજીજીભરી ચિઠ્ઠી લખી. એ વખતે રાતના બે વાગ્યા હતા.

૮

ઓલ્ગા ઈવાનોવ્ના સવારે સાત વાગ્યા પછી શયનખંડમાંથી બહાર નીકળી ત્યારે તેનું માથું નીંદરવિહોણી રાતને લીધે ભારે હતું, તેના વાળ ઓળેલા નહોતા, તેના ચહેરા ઉપર અપરાધના ભાવ છવાયેલા હતા, તેનો દેખાવ બદરૂપ હતો. તેને પરસાળમાં કાળી દાઢીવાળો ડૉક્ટર જેવો દેખાતો સજ્જન સામો મળ્યો. હવામાં દવાઓની ગંધ ફેલાયેલી હતી. કોરોસ્તેલેવ અભ્યાસખંડના બારણા પાસે ઊભો ઊભો જમણા હાથ વડે ડાબી મૂછ આમળી રહ્યો હતો.

"માફ કરજો, પણ તમને અંદર જવાની છૂટ નથી," તેણે ગમગીન ભાવે ઓલ્ગા ઈવાનોવ્નાને કહ્યું. "કદાચ તમને પણ ચેપ લાગી જાય. વળી અંદર જવાનો કશો અર્થ જ નથી. તેને સનેપાત ઊપડયો છે."

"ખરેખર ડિફ્થેરિયા છે?" ઓલ્ગા ઈવાનોવ્ના હોઠ ફફડાવતી બોલી.

"મારું ચાલે તો બિનજરૂરી જોખમ માથે લેનારા કોઈ પણ માણસને હું જેલ ભેગો કરી દઉં," કોરોસ્તેલેવ તેને જવાબ આપવાને બદલે ગણગણતો બોલ્યો. "તમને ખબર છે એને ચેપ કેવી રીતે લાગ્યો? એણે ડિફ્‌થેરિયાના રોગી એક નાનકડા છોકરાના ગળામાંથી પરુ ચૂસી લીધું. શા માટે? નરી મૂર્ખાઈ. બેવકૂફી.

"હાલત ખતરનાક છે?" ઓલ્ગા ઈવાનોવ્નાએ પૂછ્યું.

"હા, બહુ જ ખરાબ હાલત છે. શ્રેકને બોલાવવો જોઈએ."

રાતું માથું, લાંબું નાક, અને બોલવામાં યહૂદી ભાષાની અસરવાળો એક ઠીંગણો આદમી આવ્યો. પછી એક ઊંચો, વળી ગયેલો, ઝીંથરિયો, જાણે પાદરીના મદદનીશ જેવો લાગતો આદમી આવ્યો. ત્યાર બાદ એક જુવાન, તગડો, રાતા મોઢાવાળો, ચશ્માંધારી માણસ આવ્યો. એ બધા ડૉક્ટરો હતા અને પોતાના બીમાર સાથીની સારવાર કરવા વારાફરતી આવી રહ્યા હતા. કોરોસ્તેલેવનો વારો પતી ગયા પછી તે ઘેર ન ગયો પરંતુ ભૂતની જેમ એક ખંડમાંથી બીજા ખંડમાં ભટકતો રહ્યો. કામવાળી બાઈ ડૉક્ટરોને ચા બનાવી આપતી અને વારે વારે દવાની દુકાને જતી, એટલે ખંડોની સફાઈ કરનારું કોઈ નહોતું. વાતાવરણ નીરવ અને બેનૂર હતું.

ઓલ્ગા ઈવાનોવ્ના શયનખંડમાં બેઠી બેઠી વિચારી રહી હતી કે ઈશ્વર મને પતિ જોડેના છળકપટની સજા કરી રહ્યો છે. શાંત, કદી બબડાટ ન કરનારો, સદ્‌ભાવની વેદી ઉપર પોતાના વ્યકિતત્વનો ભોગ ચડાવી દેનારો, સદા વશ બની રહેનારો, ભલાઈના અતિરેકને લીધે નિર્બળ બની ગયેલો આદમી કોચ પર લાંબો પડયો હતો અને મૂંગો મૂંગો પીડા વેઠી રહ્યો હતો. તેણે ફરિયાદ કરી હોત, સનેપાતની હાલતમાં

લવારા કર્યા હોત, તો સારવાર કરી રહેલા ડૉક્ટરોને ખબર પડી હોત કે પીડા એકલા ડિફ્થેરિયા પૂરતી જ સીમિત નહોતી. તેમણે આખી બાબતના જાણકાર કોરોસ્તેલેવને પૂછ્યું હોત. કોરોસ્તેલેવ પોતાના મિત્રની પત્નીને સાવ અકારણ જ એવા આક્ષેપભરી નજરે નહોતો જોતો કે ખરા શયતાનનું કરતૂત તો તેં જ કર્યું છે, ડિફ્થેરિયાનો રોગ તો કેવળ તારો મદદગાર જ છે. ઓલ્ગા ઈવાનોવ્ના વોલ્ગા પ્રવાસની ચાંદની રાતને, પ્રેમનાં વચનોને, કિસાનના ઝૂંપડામાંના કાવ્યમય જીવનને ભૂલી ગઈ. તેને માત્ર એટલો જ ખ્યાલ રહ્યો કે પોતે ગલીચ અને ચીકણા કશાકમાં નખશિખ ડૂબકી મારી છે, એવા ગંદવાડને ધોઈ નાખીને પોતાની જાતને નિર્મળ કદી નહિ બનાવી શકે—અને એ બધું નર્યા સ્વચ્છંદને લીધે, નજીવી રમૂજને ખાતર.

"હું કેવી લબાડ બની ગઈ!" રિયાબોવ્સ્કી અને પોતાની વચ્ચે ચાલેલા બેચેન પ્યારને યાદ કરતી તે મનમાં બોલી. "આખા કિસ્સાની ઉપર શાપ વરસો!"

તે ચાર વાગ્યે કોરોસ્તેલેવની સાથે જમવા બેઠી. કોરોસ્તેલેવે કશું ન ખાધું. તે થોડુંક લાલ મદ્ય લઈને પીતો પીતો ભવાં સંકોડતો બેસી રહ્યો. ઓલ્ગા ઈવાનોવ્નાએ પણ કંઈ ન ખાધું. તે મનમાં પ્રાર્થના કરતી રહી અને ઈશ્વરને વચન આપતી રહી કે દીમોવ સાજો થઈ જશે તો હું તેને ફરી ખરા દિલથી ચાહીશ અને વફાદાર પત્ની બની રહીશ. પણ પછી પળભર પોતાની પરેશાનીઓને ભૂલી જઈને કોરોસ્તેલેવની ઉપર નજર નાખતી અને વિચારવા લાગતી: "આવો કરચળિયાળો ચહેરો અને આવી ખરાબ રીતભાત! સાવ સાધારણ બિનજાણીતો આદમી! આની જિંદગીમાં ખરેખર કંટાળો જ કંટાળો રહેતો હશે!" વળી પાછું તેને થતું કે

ઈશ્વર કદાચ આ ઘડીએ જ મને સજા કરશે કારણ કે ચેપની બીકને લીધે હું એક વાર પણ પતિના અભ્યાસખંડમાં નથી ગઈ. તેના મનમાં ઉદાસીનતા અને ગમગીનીની લાગણી છવાઈ ગઈ હતી અને તેને ખાતરી લાગતી હતી કે મારી જિંદગી તો સાવ બરબાદ થઈ ગઈ, હવે ઉગારો કોઈ રીતે શક્ય જ નથી...

જમવાનું પતી ગયા પછી થોડી વારમાં જ સાંજ પડવા લાગી. ઓલ્ગા ઈવાનોવ્ના દીવાનખાનામાં ગઈ તો કોરોસ્તેલેવ સોનેરી તાર ગૂંથેલા રેશમના તકિયા પર માથું ટેકવીને સોફા પર ઊંઘી ગયો હતો અને નસકોરાં બોલાવી રહ્યો હતો: "ખર્ર્ ખર્, ખર્ર્ ખર્!"

રોગીની પાસે આવતા જતા ડૉક્ટરો એ બધી અવ્યવસ્થા અંગે સાવ બેખબર હતા. દીવાનખાનામાં નસકોરાં બોલાવતો અજબ આદમી, દીવાલો પર ટાંગેલાં ચિત્રો, વિચિત્ર રાચરચીલું, વાળ ઓળ્યા વગર અને બેહાલ લેબાસમાં આંટા મારતી રહેતી માલકિન, એ બધું હવે કોઈનું જરા સરખુંયે ધ્યાન નહોતું ખેંચી શકતું. એક ડૉક્ટર કશાક કારણે હસી પડ્યો, પરંતુ હાસ્યનો અવાજ વિચિત્ર રીતે દહેશતભર્યો હતો અને તેણે સૌને બેચેન બનાવી દીધાં.

ઓલ્ગા ઈવાનોવ્ના ફરી વાર દીવાનખાનામાં ગઈ ત્યારે કોરોસ્તેલેવ ઊઠી ગયો હતો અને સોફા પર બેઠો બેઠો ધુમાડા કાઢી રહ્યો હતો.

"ડિફ્થેરિયાનાં જંતુ નાકમાં જામી ગયાં છે," તે ધીમા અવાજે બોલ્યો. "હૃદય ઉપર તણાવની અસર વરતાવા લાગી છે. હાલત ખરાબ લાગે છે, બહુ જ ખરાબ."

"શ્રેકને કેમ નથી બોલાવતા?" ઓલ્ગા ઈવાનોવ્નાએ પૂછ્યું.

"આવી ગયો. એણે જ નિદાન કર્યું કે ડિફ્થેરિયાનાં જંતુ નાકમાં પહોંચી ગયાં છે. પણ શ્રેક એટલે કોણ? ખરું પૂછો તો એનામાં ખાસ કશું નથી. એ શ્રેક છે, અને હું કોરોસ્તેલેવ છું, બસ એટલું જ."

સમય વેદનાકારી મંદ વેગે વીતી રહ્યો હતો. ઓલ્ગા ઈવાનોવ્ના બહારનાં કપડાંમાં જ બિછાને લંબાવીને નીંદરના ઘેનમાં ઝોકાં ખાઈ રહી હતી. બિછાનું સવારથી જ એમનું એમ સરખું કર્યા વગરનું પડ્યું હતું. તેને આખા ફ્લૅટમાં ભોંયપટથી છત સુધી જાણે લોઢાનો જબ્બર ચોખંડો જડાઈ ગયો હોય એમ લાગતું હતું. તેને થયું કે આ ચોખંડાને હઠાવી દેવામાં આવે તો સૌ પાછાં ખુશખુશાલ બની જાય. તે સફાળી જાગી ગઈ અને તરત જ તેને ભાન થયું કે ખરેખર તો લોઢાનો ચોખંડો નથી પણ દીમોવની બીમારી છે.

"ચિત્ર મઝાનું, છે કમાલનું..." તે પાછી નીંદરના ઘેનમાં સરી પડતી મનમાં બોલવા લાગી. "બહુ ગમવાનું, હૈયે વસવાનું... પણ શ્રેક એટલે કોણ? શ્રેક, ત્રેક... દ્રેક, ગ્રેક... મારા બધા મિત્રો ક્યાં ગયા? એમને ખબર હશે કે અમે વિપદામાં સપડાઈ ગયાં છીએ? હે ભગવાન! ઉગારી લે. દયા કર... શ્રેક, ત્રેક..."

વળી પાછો લોઢાનો ચોખંડો. સમય જાણે વીતતો જ નહોતો, પરંતુ નીચલા માળાનું ઘડિયાળ તો વારે વારે ડંકા વગાડતું હોય એમ લાગતું હતું. બારણાની ઘંટડી અવારનવાર રણકી ઊઠતી. ડૉક્ટરો દીમોવને જોવા આવતા રહેતા. કામવાળી બાઈ હાથમાં થાળી લઈને ખંડમાં આવી. થાળીમાં ખાલી ગ્લાસ હતો.

"માલકિન, બિછાનું સરખું કરી દઉં?" તેણે પૂછ્યું.

કંઈ જવાબ ન મળ્યો એટલે તે પાછી બહાર ચાલી

ગઈ. નીચે ઘડિયાળમાં ડંકા વાગ્યા. ઓલ્ગા ઇવાનોવ્નાને સપનું આવ્યું કે વોલ્ગાના જળ ઉપર વરસાદનાં ફોરાં પડી રહ્યાં છે. વળી પાછું કોઈ તેના ખંડમાં આવ્યું, કોઈ અજનવી. પરંતુ બીજી જ પળે ઓલ્ગા ઇવાનોવ્નાએ કોરોસ્તેલેવને ઓળખી લીધો. તે બિછાનામાં બેઠી થઈ ગઈ.

"કેટલા વાગ્યા?" તેણે પૂછ્યું.

"લગભગ ત્રણ."

"એમની તબિયત કેમ છે?"

"તબિયત કેમ છે? હું તો કહેવા આવ્યો છું કે હવે આખરી ઘડી છે."

તે ડૂસકું દબાવી દેતો બિછાના પર ઓલ્ગા ઇવાનોવ્નાની પાસે બેસી ગયો અને બાંય વડે આંસુ લૂછવા લાગ્યો. પહેલાં તો વાત ઓલ્ગા ઇવાનોવ્નાના મનમાં ઊતરી જ નહિ, પરંતુ પછી તે એકાએક ટાઢી પડી ગઈ અને તેણે ધીરે ધીરે ક્રોસની નિશાની કરી.

"આખરી ઘડી..." કોરોસ્તેલેવ તીણા અવાજે ફરી બોલ્યો અને પાછો ડૂસકાં ભરવા લાગ્યો. "આખરી ઘડી, કારણ કે તેણે પોતાની જિંદગી કુરબાન કરી દીધી. વિજ્ઞાનને કેવી મોટી ખોટ પડી ગઈ!" તેના અવાજમાં કટુતા હતી. "અમારા સૌની સરખામણીમાં એ મહાન માનવી હતો, અદ્‌ભુત માનવી હતો. કેવી પ્રતિભા! અમારા સૌનાં દિલમાં કેવી આશાઓ રેડતો!" કોરોસ્તેલેવ પંજા ભીડીને બોલતો રહ્યો. "હે ભગવાન! હે ઈશ્વર! એવો સરસ વિજ્ઞાની બન્યો હોત, વિરલ વિજ્ઞાની બન્યો હોત! ઓસિપ દીમોવ! ઓસિપ દીમોવ! આ તેં શું કરી નાખ્યું! હે ભગવાન!"

હતાશામાં ડૂબી ગયેલા કોરોસ્તેલેવે પોતાનો ચહેરો બેઉ હાથ વડે ઢાંકી દીધો.

"અને કેવું નૈતિક મનોબળ!" તે આગળ બોલ્યો, અને જાણે કોઈની ઉપર વધારે ને વધારે ખીજે ભરાતો ગયો. "ભલો, વિશુદ્ધ, હેતાળ આત્મા—સ્ફટિક જેવો નિર્મળ! એણે વિજ્ઞાનની સેવા કરી અને વિજ્ઞાનને ખાતર મોત વહોરી લીધું. એ દિનરાત તનતોડ મહેનત કરતો, કોઈ એને નિરાંત નહોતું લેવા દેતું, અને એને બિચારા યુવાન, વિદ્વાન, ભાવિ પ્રોફેસરને ખાનગી કામકાજ કરવું પડતું, રાતે બેસીને ભાષાંતરો કરવાં પડતાં, આ કંગાલ ચીંથરાંની કિંમત ચૂકવવા માટે!"

કોરોસ્તેલેવે ઓલ્ગા ઈવાનોવ્નાની ઉપર નફરતભરી નજર નાખી, બેઉ હાથ વડે ચાદર પકડી લઈને તેને ફાડી નાખવાની કોશિશ કરી, જાણે કેમ બધો વાંક તેનો જ હોય.

"એણે પોતે ક્યારેય નિરાંતનો શ્વાસ ન લીધો અને કોઈએ એને જરાય નિરાંત ન લેવા દીધી. પણ હવે વાતોથી શું વળવાનું છે?"

"હા, ખરેખર અદ્ભુત માનવી હતો!" દીવાનખાનામાંથી ઘેરા સ્વરો સંભળાયા.

ઓલ્ગા ઈવાનોવ્નાએ પતિ સાથેની પોતાની આખી જિંદગીને આરંભથી અંત સુધી યાદ કરી, નાનામાં નાની વિગતોને યાદ કરી, અને એકાએક તેને લાગ્યું કે પોતે જાણેલા બીજા તમામ ઈન્સાનોની સરખામણીમાં દીમોવ ખરેખર અદ્ભુત માનવી હતો, અસાધારણ માનવી હતો, મહાન માનવી હતો. પોતાના સ્વર્ગસ્થ પિતાનું તેમ જ તેમના સઘળા સહયોગીઓનું દીમોવ તરફનું વલણ યાદ આવતાં તેને સમજાયું કે એ સૌએ દીમોવમાં ભાવિ યશગૌરવના અણસારા પારખી લીધા હતા. દીવાલો, છત, બત્તી, અને ભોંયપટ પર પાથરેલો ગાલીચો જાણે ઉપહાસથી આંખો મટમટાવતાં તેને કહી રહ્યાં હતાં: "તું અવસર ચૂકી ગઈ!" તે આક્રંદ કરતી શયનખંડમાંથી બહાર ધસી ગઈ, દીવાનખાનામાં કોઈ

અજાણ્યા માણસ જોડે લગભગ ભટકાઈ ગઈ, અને દોડતી પતિના અભ્યાસખંડમાં પહોંચી ગઈ. તે કોચ પર નિશ્ચલ પડયો હતો, તેની કાયા કમ્મર સુધી ધાબળા વડે ઢાંકેલી હતી. તેનો ચહેરો તદ્દન નિસ્તેજ અને કરમાઈ ગયેલો હતો, જીવિત અવસ્થામાં કદી જોવા ન મળેલી રાખોડી પીળી રંગછાયા તેના મોં પર છવાયેલી હતી. કેવળ તેનું કપાળ, કાળાં ભવાં, અને પરિચિત સ્મિત જ નિર્દેશ કરતાં હતાં કે આ દીમોવ છે. ઓલ્ગા ઈવાનોવ્નાએ ત્વરિત વેગે તેની છાતી, ભવાં, અને હાથને સ્પર્શ કરી જોયો. છાતીએ હજી ગરમાવો હતો, પરંતુ ભવાં અને હાથમાં અણગમતી ટાઢાશ આવી ગઈ હતી. અરધી મીચેલી આંખો ઓલ્ગા ઈવાનોવ્નાને નહિ પરંતુ ધાબળાને તાકી રહી હતી.

"દીમોવ!" તે જોરથી પોકારી ઊઠી. "દીમોવ!"

તેને ખુલાસો કરવો હતો કે જે બની ગયું તે બધું તો એક ભૂલ હતી, હજુ બધું ખતમ નથી થઈ ગયું, જીવન હજુ મંગળ અને સુખી બની શકે એમ છે, તમે અસાધારણ, અદ્ભુત, મહાન માનવી છો, હું આખી જિંદગી તમારી પૂજા કરતી રહીશ, મારું મસ્તક તમારાં ચરણોમાં નમાવી રાખીશ, તમારો પવિત્ર પ્રતાપ સદા અનુભવતી રહીશ...

"દીમોવ!" તેણે પતિની કાયાને ખભા વડે હલાવતાં સાદ પાડયો, તે માની જ નહોતી શકતી કે પતિ હવે કદી ઊઠવાનો નથી. "દીમોવ! દીમોવ! મારી વાત સાંભળો!"

દીવાનખાનામાં કોરોસ્તેલેવ કામવાળી બાઈને કહી રહ્યો હતો:

"પૂછવાનું શું છે? દેવળમાં જઈને તપાસ કર કે માગણ બાઈઓ ક્યાં રહે છે. તેઓ આવીને શબ ધોઈ નાખશે અને બધું સરખું ગોઠવી દેશે—જરૂરી હશે તે બધું કામ કરી આપશે."

૧૮૯૨

મેડીવાળું ઘર

એક કલાકારની વાત

૧

છ કે સાત વરસ પહેલાંની વાત છે. એ વખતે હું ... પ્રાંતમાં બેલોકૂરોવ નામે જાગીરદારની જાયદાદમાં રહેતો હતો. બેલોકૂરોવ યુવાન હતો, સવારે વહેલો ઊઠી જતો, ખેડૂતો પહેરે એવો પૂરા ઘેરવાળો કોટ પહેરીને ફરતો રહેતો, સાંજે બીયર પીતો, અને હંમેશાં ફરિયાદ કરતો રહેતો કે મને હમદર્દી ક્યાંય મળતી જ નથી. તે બગીચામાં બાંધેલા નવા ઘરમાં રહેતો હતો અને મેં પુરાણી હવેલીમાં થાંભલાવાળા વિશાળ નૃત્યખંડમાં રહેવાનું રાખ્યું હતું. ખંડમાં એક પહોળા સોફા અને એક ટેબલ સિવાય બીજું કશું ફર્નિચર નહોતું. હું સોફાનો ઉપયોગ સૂવા માટે કરતો અને ટેબલ પર ગંજીફાની રમત રમતો. ભીંતમાં જડેલી જરીપુરાણી સગડીઓમાં લગાતાર, શાંત હવામાનમાં પણ, કશોક અવાજ થતો રહેતો, અને બહાર ગાજવીજ હોય ત્યારે તો આખી ઈમારત હચમચી ઊઠતી અને જાણે હમણાં જ પડી ભાંગશે એમ લાગતું. એમ બને ત્યારે, અને ખાસ કરીને તો રાતે તોફાન દરમિયાન મોટી મોટી દસ બારીઓ વીજળીના ઝબકારામાં ઝગમગી ઊઠે ત્યારે, ફિકર થવા લાગતી.

નિષ્ક્રિય જીવનની જાળમાં સપડાઈ ગયેલો હું કંઈ જ કરતો નહોતો. હું કલાકો સુધી બારીએથી ગગનને, પંખીઓને,

અને બગીચાની પગદંડીઓને નીરખતો રહેતો, ટપાલમાં વાંચવાનું જે કંઈ આવે તે વાંચતો રહેતો, અને નીંદર ખેંચતો રહેતો. ક્યારેક હું બહાર નીકળી જતો અને મોડી રાત સુધી રખડતો રહેતો.

એક વાર હું એવી રખડપટ્ટી કરીને પાછો ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે મેં અગાઉ કદી ન જોયેલી એક જાગીર મારી નજરે પડી. સૂર્ય અસ્તાચળમાં ગમન કરી રહ્યો હતો અને જવના મોલ પર સંધ્યાની છાયાઓ પથરાઈ રહી હતી. એકબીજાની અડોઅડ ઉગાડેલાં પુરાતન ગગનચુંબી ફરવૃક્ષોની લગભગ નક્કર દીવાલો બની રહેતી બે કતારો વચ્ચે આવેલી પગદંડીની ગમગીન રમણીયતા મનને મોહી લેતી હતી. હું વાડને સહેલાઈથી ઓળંગીને એ પગદંડી પર ચાલવા લાગ્યો. ભોંયે પાઈનવૃક્ષોની અણીદાર સળીઓના લગભગ એક ઇંચ જાડા ગાલીચા પર મારા પગ લપસી રહ્યા હતા. કરોળિયાનાં જાળાંમાં મેઘધનુષની જેમ ફરકતા રહેતા સૂર્યપ્રકાશના સોનેરી ઝગમગાટ સિવાય ચોમેર નીરવતા અને અંધકાર છવાયેલાં હતાં. ફરવૃક્ષોમાંથી ફેલાતી સુવાસ જાણે મોહપાશમાં બાંધી લેતી હતી. થોડીવારમાં હું લિંબુડીઓના લાંબા તરુમાર્ગે પહોંચ્યો. ત્યાં પણ બધું જાણે બેદરકારી અને પુરાતનતાની ચાડી ખાતું હતું. ગત વર્ષનાં પાંદડાં પગ નીચે ગમગીન ખખડાટ કરી રહ્યાં હતાં, અને સંધ્યાના આછા ઉજાસમાં વૃક્ષોનાં થડ વચ્ચેથી જાણે પડછાયા ટાંપી રહ્યા હતા. જમણી તરફ પુરાતન ફળોદ્યાનમાં એક ઑરિઓલ પંખી દુર્બળ અને શિથિલ અવાજે ગાન કરી રહ્યું હતું—બીજું બધું પુરાણું લાગતું હતું એમ એ પંખી પણ ઘણું કરીને ઘરડું થઈ ગયેલું હશે. લિંબુડીઓની કતારો એક સફેદ ઘરની સામે ખતમ થઈ ગઈ. ઘરને પરસાળ અને મેડી હતી. પછી

એકાએક મારી નજર સામે આંગણ, મોટું તળાવ, તળાવને કિનારે નાહવાનો ઘાટ, લીલાં બરુનું ઝુંડ, તળાવને સામે કાંઠે ગામની વચ્ચેથી આકાશ તરફ જતો ઊંચો સાંકડો દેવળ-મિનારો, અને વિદાય લઈ રહેલા સૂર્યનાં અંતિમ કિરણોમાં મિનારાની ટોચે ઝગમગતા ક્રૉસનું દૃશ્ય અંકિત થઈ ગયું. હું પળભર તો જાણે મને પરિચિત કશાકના, લાંબા સમય પૂર્વે મને જાણીતા કશાકના, મોહપાશમાં બંધાઈ ગયો. મને લાગ્યું કે આ દૃશ્ય મેં અગાઉ જોયેલું છે, મારા બાળપણ દરમિયાન ક્યારેક જોયેલું છે.

આંગણમાંથી ખુલ્લાં ખેતરોમાં જવાનો પથ્થરનો મજબૂત સફેદ દરવાજો સિંહોની સજાવટથી શોભતો હતો, અને એ દરવાજે બે તરુણીઓ ઊભી હતી. તેમાંથી મોટી તરુણી પાતળી, ચંપકવર્ણી, બહુ દેખાવડી હતી. તેના માથા ઉપર બદામી કેશનો અંબોડો વાળેલો હતો. તેના નાનકડા વદનમાં હઠીલાઈની છાયા વરતાતી હતી. તે બહુ કડક સ્વભાવની લાગતી હતી, અને તેણે મારી તરફ નજર પણ ભાગ્યે જ નાખી હોય એમ લાગ્યું. બીજી તરુણી ખૂબ જ કુમળી વયની બાળા લાગતી હતી, સત્તર કે અઢાર વરસથી વધારે નહિ. તે પણ ચંપકવર્ણી અને પાતળી હતી, પરંતુ તેનું વદન પહોળું હતું અને તે શરમાળ લાગતી હતી. તે અચરજથી છલકાતી આંખો વડે મને તાકી રહી હતી, અને હું પાસે થઈને નીકળ્યો ત્યારે અંગ્રેજીમાં કશુંક બોલી રહી હતી. મને લાગ્યું કે આ મનોહર મુખડાં પણ અતીતના ઊંડાણમાં ક્યારેક મારાં પરિચિત રહ્યાં છે. મેં જાણે કોઈ દિલખુશ સપનું જોયું હોય એવી હાલતમાં હું ઘેર પાછો ફર્યો.

થોડાક દિવસો બાદ એક વાર બપોર પછી હું ને બેલોકૂરોવ ઘરની સામે આંટા મારી રહ્યા હતા એટલામાં એક

હળવી બગી આંગણમાં વળી અને ઊંચું ઘાસ તેનાં પૈડાં નીચે દબાવાનો અવાજ અમારે કાને પડયો. મેં જોયેલી તરુણીઓમાંની મોટી તેમાં બેઠી હતી. આગથી તારાજ થઈ ગયેલા માણસોને મદદ કરવા માટે ફાળાની યાદી લઈને તે આવી હતી. અમારી સામે જોયા વગર ગંભીર અવાજે તેણે અમને વિગતવાર જણાવ્યું કે સિયાનોવો ગામની આગમાં કેટલાં ઘર બળી ગયેલાં, કેટલાં સ્ત્રીપુરુષો અને બાળકો ઘરબાર વગરનાં થઈ ગયેલાં, અને તારાજીના ભોગ બની ગયેલાં માણસોને મદદ કરવા માટે સમિતિ કેવાં કામચલાઉ પગલાં લઈ રહી હતી. તે પોતે સમિતિની સભ્યા હતી. ફાળાની યાદીમાં અમારી રકમ ભરાવી લઈને તરત જ તે વિદાય લેવા લાગી.

"તમે તો અમને સાવ ભૂલી ગયા છો, પ્યોતર પેત્રોવિચ," તેણે બેલોકૂરોવની તરફ હાથ લંબાવતાં કહ્યું. "ક્યારેક અમારે ત્યાં આવો તો ગમે, અને શ્રીમાન ન... ને (તેણે મારું નામ લીધું) તેમના પ્રશંસકો જોડે પરિચય કરવાનું મન હોય તો તેમને મળવામાં મને અને મારી માને બહુ જ ખુશી થશે."

મેં માથું નમાવ્યું.

તે ચાલી ગઈ ત્યાર પછી પ્યોતર પેત્રોવિચે મને તેને વિશે વાત કરી. તેના કહેવા મુજબ તરુણી ખાનદાન કુટુંબની પુત્રી હતી અને તેનું નામ લીદિયા વોલચાનીનોવા હતું. તે પોતાની મા અને બહેન જોડે જ્યાં રહેતી હતી તે જાગીરનું તેમ જ તળાવને સામે કાંઠે આવેલા ગામનું નામ શેલકોવકા હતું. તેના પિતા મોસ્કોમાં અગત્યના પદાધિકારી હતા અને દેહાંતના સમયે શાહી સલાહકારનો દરજ્જો ધરાવતા હતા. વોલચાનીનોવ પરિવારને સારી સુખસમૃદ્ધિ હોવા છતાં તેઓ આખું વરસ ગામમાં જ રહેતાં, અને લીદિયા પોતાના

વતનના ગામ શેલકોવકાની ઝેમ્સ્ત્વો નિશાળમાં માસિક પચીસ રૂબલના પગારે શિક્ષિકાનું કામ કરતી. તે પોતાનો અંગત નિભાવ એટલા પૈસામાં કરી લેતી, અને પોતાની આજીવિકા પોતે જ કમાઈ લેતી હોવાનું તેને અભિમાન હતું.

"જાણવા જેવો પરિવાર છે," બેલોકૂરોવે કહ્યું. "આપણે મળવા જઈએ. તમે આવશો તો એ લોકો બહુ ખુશ થશે."

એક તહેવારના દિવસે બપોરે જમી લીધા પછી અમને વોલચાનીનોવ પરિવાર યાદ આવી ગયો અને અમે શેલકોવકા તરફ રવાના થઈ ગયા. મા અને બેઉ દીકરીઓ ઘેર જ હતાં. મા, યેકાતેરીના પાવ્લોવ્ના, એક જમાનામાં દેખાવડી મહિલા રહી હશે, પરંતુ તે ઉંમરની દૃષ્ટિએ જોતાં વધારે પડતી જાડી થઈ ગઈ હતી, તેને દમનો રોગ હતો, અને તે ગમગીન તથા શૂન્યમનસ્ક રહેતી હતી. તે મને સારું લગાડવાના આશયે ચિત્રકલાની વાત કરવા લાગી. તેને દીકરી પાસેથી જાણવા મળેલું કે હું તેમને મળવા કદાચ શેલકોવકા આવું, એટલે તેણે મોસ્કોનાં પ્રદર્શનોમાં જોયેલાં મારાં નિસર્ગચિત્રોને ઉતાવળમાં યાદ કરી લીધાં હતાં, અને તેણે મને પૂછ્યું કે એ ચિત્રોમાં મારી નેમ શું વ્યકત કરવાની હતી. લીદિયાએ, અથવા ઘરમાં બોલાતા નામ પ્રમાણે લીદાએ, તો મારી સરખામણીમાં બેલોકૂરોવની સાથે જ વધારે વાતો કરી. તેણે મોં મલકાવ્યા વગર ગંભીર ભાવે બેલોકૂરોવને સવાલ કર્યો કે તમે ઝેમ્સ્ત્વોમાં કાર્ય કેમ નથી કરતા, અને તમે ઝેમ્સ્ત્વોની કોઈ પણ મિટિંગમાં ક્યારેય કેમ નથી આવતા.

"આ તો ઠીક ન ગણાય, પ્યોતર પેત્રોવિચ," તેણે ઠપકાના ભાવે કહ્યું. "ના, ઠીક ન જ ગણાય. શરમની વાત છે."

"ખરી વાત, લીદા, સાવ ખરી વાત," માએ સૂર પુરાવ્યો, "ઠીક ન જ ગણાય."

"અમારો આખો જિલ્લો બાલાગિનની મુઠ્ઠીમાં છે," લીદા મારી તરફ ફરતી આગળ બોલી. "સ્થાનિક મંડળનો અધ્યક્ષ છે, એણે જિલ્લાનાં તમામ પદો પર પોતાના ભત્રીજાઓ અને જમાઈઓને ગોઠવી દીધા છે, મરજી પડે એમ કરે છે. સામનો કરવો જ જોઈએ. આપણે યુવાન લોકોએ જોરદાર જૂથ બનાવવું જોઈએ, પણ તમને તો ખબર જ છે કે આપણાં જુવાનિયાંમાં કેટલો કસ છે. હાલત બહુ ખરાબ છે, પ્યોતર પેત્રોવિચ!"

ઝેમ્સ્ત્વોની ચર્ચા ચાલતી હતી તે દરમિયાન નાની બહેન ઝેન્યા કશું જ ન બોલી. તેણે ગંભીર વાતચીતમાં ભાગ ન લીધો. તેને કુટુંબમાં હજુ પુખ્ત નહોતી ગણવામાં આવતી, સૌ તેને બાળપણના **મિસી** નામે બોલાવતાં કારણ કે તે નાનકડી બાળકી હતી ત્યારે પોતાની આયાને મિસી કહીને બોલાવતી. હું પરિવારનું આલ્બમ જોઈ રહ્યો હતો ત્યારે બધી વિગતો સમજાવતી તે કુતૂહલભરી નજરે મને જોતી રહી. "આ મારા કાકા... અને આ મારા ધર્મના પિતા..." તે છબીઓ પર આંગળી મૂકતી બોલી. તેનો ખભો અનાયાસે મારા ખભા જોડે ઘસાયો, અને તેનાં ટચૂકડાં અવિકસિત સ્તન, પાતળા ખભા, ચોટલો, અને તેની આખી કમનીય દેહલતાનું રમણીય દૃશ્ય મને સાફ દેખાયું. તેની પાતળી કમ્મર ફરતે પટ્ટો કસીને બાંધેલો હતો.

અમે ગેડીદડો અને ટેનિસ રમ્યાં, બગીચામાં ફર્યાં, ચા પીધી, અને નિરાંતે બેસીને મોજથી જમ્યાં. થાંભલાવાળા મોટા જબ્બર ખાલી ખંડની જિંદગી પછી એ નાનકડા સગવડદાર ઘરમાં મને બહુ સારું લાગ્યું. ત્યાં દીવાલો પર

તૈલચિત્રો ટાંગેલાં નહોતાં અને નોકરોને તુંકારે નહિ પણ તમે કહીને બોલાવવામાં આવતા. લીદા અને મિસી વાતાવરણમાં જાણે નિર્મળતા અને તારુણ્ય ભરી રહી હતી, અને દરેક વસ્તુમાંથી જાણે શિષ્ટતા ફેલાઈ રહી હતી. જમતી વેળા લીદાએ ફરી વાર બેલોકૂરોવને ઝેમ્સ્ત્વોની, બાલાગિનની, અને શાળા પુસ્તકાલયોની વાત કરી. તે ચેતનમય તથા નિખાલસ હતી, અને પ્રબળ પ્રતીતિઓ ધરાવતી હતી. તેની વાત કરવાની રીત રસપ્રદ હતી, જોકે તે બોલતી બહુ અને ખૂબ મોટેથી બોલતી. તેનું કારણ કદાચ એ હશે કે તે શાળાના વર્ગોમાં બોલવા ટેવાયેલી હતી. પરંતુ મારો મિત્ર પ્યોતર પેત્રોવિચ વિદ્યાર્થી જીવનની આદતને, દરેક વાતચીતને દલીલબાજીમાં પલટાવી નાખવાની આદતને, હજી વળગી રહ્યો હતો. તે ચેતનહીન અને કંટાળાજનક રીતે લંબાણથી દલીલો કરતો. પોતાની બુદ્ધિપ્રભા અને પ્રગતિશીલ વિચારોનું પ્રદર્શન કરવાની તેની ઉત્સુકતા તેમાં સાફ વરતાઈ આવતી. તે હાવભાવ કરવા લાગ્યો અને તેની બાંયનો ધક્કો લાગવાથી સૉસ ઢોળાઈ જતાં મેજપોશ પર મોટો રેલો થયો, પરંતુ મારા સિવાય બીજા કોઈનું તો ધ્યાન જ એ તરફ ન ગયું હોય એમ લાગ્યું.

અમે ઘેર જવા નીકળ્યા ત્યારે અંધારું થઈ ગયું હતું અને નીરવતા છવાયેલી હતી.

“સારા સંસ્કાર ટેબલ પર સૉસ ઢોળાવા ન દેવામાં નહિ પરંતુ કોઈ એવી રીતે સૉસ ઢોળી નાખે ત્યારે તેને ધ્યાનમાં ન લેવામાં વ્યકત થાય છે,” બેલોકૂરોવ નિશ્વાસ નાખતો બોલ્યો. “ખરેખર, ઉલ્લાસમય સંસ્કારી કુટુંબ છે. શિષ્ટ લોકો સાથેનો મારો સંપર્ક જ તૂટી ગયો છે, હું કેટલો અળગો પડી ગયો છું! ઘણુંબધું કરવાનું છે! ઘણુંબધું!”

તે કહેતો રહ્યો કે આદર્શ જમીનદાર બનવું હોય તો કેટલું બધું કામ કરવું પડે. અને મારા મનમાં વિચારો ઊભરાવા લાગ્યા કે આ તે કેવો બેઢંગો પ્રમાદી માણસ છે! તે કશી ગંભીર વાતો કરે ત્યારે વચમાં "એ... એ... એ..." બોલીને જાણે પીડાકારી રીતે ભાર મૂકતો રહેતો, અને તેની કામ કરવાની રીત પણ બોલવાની રીત જેવી જ હતી—ધીરે ધીરે કરે, ઢીલ પાડતો રહે, કોઈ કામ કદી વખતસર પૂરું ન કરે. હું તેને જરાય વહેવારુ નહોતો માનતો. તેનું એક કારણ તો એ હતું કે મેં ટપાલમાં નાખવા આપેલા કાગળો અઠવાડિયાં સુધી તેના ખીસામાં જ પડી રહેતા.

"અને સૌથી ખરાબ વાત તો એ છે કે તમે સખત મહેનત કરતા જ રહો, કરતા જ રહો, પણ તમને કોઈની હમદર્દી ક્યારેય ન મળે, જરાય હમદર્દી ન મળે," તે મારી બાજુમાં ચાલતો ચાલતો બબડયો.

૨

મને વોલચાનીનોવ પરિવારને ત્યાં જવાની જાણે કે આદત પડી ગઈ. સામાન્ય રીતે હું ઓટલીઓવાળી ઓસરીમાં સૌથી નીચેની ઓટલીએ બેસતો. ખેદની લાગણી મને કોરી રહી હતી. એકદમ ઝડપથી વીતી રહેલી મારી નકામી જિંદગી ઉપર તુચ્છકાર વરસાવતો હું મારા મનને સતત કહેતો રહેતો કે ભારે બોજ બની ગયેલા મારા દિલને ખેંચી કાઢીને ફગાવી દેવાય તો સારું. અને બધો વખત પરસાળમાં વાતો ચાલતી રહેતી, કપડાં ફરકતાં રહેતાં, પુસ્તકનાં પૃષ્ઠો પલટતાં રહેતાં. હું થોડા સમયમાં જ એવી જાણકારીથી ટેવાઈ ગયો કે લીદા રોગીઓને દવાદારૂની મદદ કરે છે, લોકોને પુસ્તકો વાંચવા

આપે છે, ઘણી વાર દિવસના વખતે ઉઘાડે માથે છત્રી ઓઢીને ગામમાં જાય છે અને સાંજે ઝેમ્સ્ત્વો તથા શાળાઓ વિશે મોટે અવાજે વાતો કરે છે. એ પાતળી, દેખાવડી, ચહેરા પર અચૂક કરડા ભાવ રાખતી તરુણી નાનકડા સુરેખ મોં વડે કશી પણ વહેવારુ વાતો શરૂ કરે ત્યારે હંમેશાં પહેલાં ભાવશૂન્ય અવાજે જરૂર કહેતી:

"તમને આમાં રસ નહિ પડે."

હું તેને ગમતો જ નહિ. હું તેને ગમતો નહિ કારણ કે હું નિસર્ગદૃશ્યોનો ચિત્રકાર હતો, મારાં ચિત્રોમાં લોકોની જરૂરિયાતોના ચિત્રણની કોશિશ નહોતો કરતો, અને વધુમાં તેની દૃઢ પ્રતીતિઓની તમામ બાબતો પ્રત્યે ઉદાસીન રહેતો. મને બાઈકાલ સરોવરનો કિસ્સો યાદ આવ્યો. હું સરોવરને કિનારે ઘોડેસવારી કરી રહ્યો હતો ત્યારે મને સામેથી આવતી એક ઘોડેસવાર બુર્યાત યુવતી મળેલી. શર્ટ અને નીલા રંગના ડેનિમનું પાટલૂન પહેરેલી એ યુવતી ઘોડા પર બેઉ તરફ પગ લટકાવીને બેઠેલી હતી. મેં તેને કહ્યું કે મને તારી હોકલી વેચાતી આપ, પણ તેણે મારા યુરોપિયન ચહેરા તથા હૅટ ઉપર ઘૃણાભરી નજર નાખી અને મારી જોડે એક મિનિટથી વધારે વાત કરવામાં જાણે કંટાળો આવતો હોય એમ જોરથી હાકોટો પાડીને ઘોડો મારી મૂક્યો. લીદાને પણ મારામાં કશુંક પરાયું લાગતું હતું. તે ઉપરથી તો અણગમાની કોઈ નિશાની જાહેર નહોતી થવા દેતી, પરંતુ હું અણગમો કળી જતો, અને પરસાળને નીચલે પગથિયે બેઠો બેઠો ખીજે ભરાઈને બબડતો કે પોતે ડૉક્ટર ન હોય તોપણ ખેડૂતોના રોગનો ઇલાજ કરવો એટલે તેમની જોડે કપટ રમવું, અને પોતાની પાસે પાર વગરની જમીન જાયદાદ હોય ત્યારે સખાવતી બનવાનું બહુ સહેલું હોય છે.

પરંતુ તેની બહેન મિસીને કશી વાતની ફિકર નહોતી. તે પણ મારી જેમ જ તદ્દન નિષ્ક્રિય જિંદગી જીવતી હતી. તે સવારે ઊઠે કે તરત જ પરસાળમાં પહોંચી જતી અને પગ માંડ ભોંયપટ સુધી પહોંચે એવડી મોટી આરામખુરશીમાં બેસીને વાંચવાનું શરૂ કરી દેતી, અથવા પુસ્તક લઈને લિંબડીઓના તરુમાર્ગે એકલી ફરવા નીકળી પડતી, અથવા દરવાજો પાર કરીને ખેતરોમાં ચાલી જતી. તે આખો દિવસ વાંચતી રહેતી, આતુરતાથી પાનાં ઉલટાવતી રહેતી. માત્ર ક્યારેક ક્યારેક જ તે થાકેલી ચેતનહીન નજર નાખે અને તેનો ચહેરો એકદમ ફિક્કો પડી જાય ત્યારે જ ખબર પડતી કે વાંચવામાં તે માનસિક તણાવ અનુભવી રહી છે. હું તેમને ત્યાં પહોંચું અને તેની નજર મારી ઉપર પડે ત્યારે તેનું મોં જરાક રાતું થઈ જતું, તે ઝટપટ પુસ્તક અળગું મૂકી દેતી, અને પોતાની મોટી મોટી આંખો મારા ચહેરા પર ઠેરવીને મને કહેવા લાગતી કે મારી જોડેની છેલ્લી મુલાકાત પછી શું શું બન્યું છે—નોકરોના ઘરના ધુમાડિયામાં આગ લાગેલી, એક મજૂરે તળાવમાંથી મોટી જબ્બર માછલી પકડેલી, વગેરે. રવિવાર સિવાયના દિવસોએ તે આછું રંગીન બ્લાઉઝ અને ઘેરું નીલું સ્કર્ટ પહેરતી. અમે બેઉ ફરવા નીકળી પડતાં, મુરબ્બા સારુ ચેરીફળ વીણતાં, અથવા હોડીની સહેલ કરતાં. તે ડાળીએથી ચેરી તોડવા ઠેકડો મારે અથવા હલેસાં પર નમે ત્યારે તેની પહોળી બાંયોમાંથી તેનાં પાતળાં નાજુક કાંડાં નજરે પડતાં. અથવા હું ચિત્રાંકન કરતો અને તે પ્રશંસાભરી નજરે નીરખતી બાજુમાં ઊભી રહેતી.

જુલાઈના અંતમાં રવિવારના એક દિવસે હું સવારે નવ વાગ્યે વોલચાનીનોવ પરિવારને ઘેર જવા નીકળ્યો. હું ઘરથી બને એટલો દૂર રહીને બગીચામાં ફરતો ફરતો મશરૂમ ગોતવા

લાગ્યો. એ ઉનાળામાં મશરૂમ ખૂબ ઊગ્યાં હતાં. સારું મશરૂમ નજરે પડે ત્યાં હું લાકડી ખોડીને નિશાની કરી લેતો કારણ કે મારો ઇરાદો ફરી વાર ઝેન્યાની જોડે આવીને મશરૂમ એકઠાં કરી લેવાનો હતો. હૂંફાળો પવન ફૂંકાઈ રહ્યો હતો. ઝેન્યા અને તેની મા દેવળમાંથી પાછાં ફરતાં મારી નજરે પડયાં. બેઉએ રવિવારના આછા રંગીન પોશાક પહેર્યા હતા. ઝેન્યાએ હેટને પવનમાં ઊડી જતી અટકાવવા એક હાથ વડે પકડી રાખી હતી. પછી મારે કાને પડતા અવાજો પરથી મેં અનુમાન કર્યું કે સૌ ઓસરીમાં ચા પી રહ્યાં છે.

કશું ન કરવાનું બહાનું હંમેશાં ખોળતા રહેતા મારા જેવા બેફિકરા માણસ માટે અમારી ગ્રામવિસ્તારની જાયદાદમાં આવી ઉનાળાના રવિવારની સવાર વિશેષ રૂપે મોહક બની રહેતી હોય છે. સૂર્યનાં કિરણોમાં ઝળકતો સુખદ બગીચો ચોમેર પથરાયેલો હોય, તેમાં ઝાકળનાં બિંદુઓ ઝગમગી રહ્યાં હોય, ફૂલની ક્યારીઓમાંથી વિવિધ પુષ્પોનો પમરાટ હવામાં ફેલાઈ રહ્યો હોય, તરુણ લોકો દેવળમાંથી પાછાં ફરીને બગીચામાં ચા પી રહ્યાં હોય, સૌ મનોહર વસ્ત્રોમાં સોહતાં હોય, અને મને ખબર હોય કે આ બધાં નિરોગી તાજાંમાજાં નરનારીઓ આખો દિવસ કશું જ કામ કરવાનાં નથી, ત્યારે મારે હૈયે મંછા હિલોળા લેવા લાગે છે કે જીવન સદૈવ એવું જ બની રહે. એ દિવસે સવારે મારા મનમાં એવા વિચારો છલકાઈ રહ્યા હતા અને હું બગીચામાં આંટા મારી રહ્યો હતો, આખો દિવસ અને આખો ઉનાળો કંઈ જ કામ કર્યા વગર એવી રીતે કશા હેતુ વગર ફરતા રહેવાની ઉત્સુકતા અનુભવી રહ્યો હતો.

ઝેન્યા હાથમાં ટોપલી લઈને આવતી નજરે પડી. તેના મોં પર છવાયેલા ભાવ ચાડી ખાઈ રહ્યા હતા કે બગીચામાં

મારો મેળાપ થઈ જવાની તેને ખબર હતી અથવા અપેક્ષા તો હતી જ. અમે મશરૂમ વીણતાં વીણતાં વાતો કરતાં રહ્યાં, અને તે મને કંઈ પૂછે ત્યારે મારો ચહેરો નીરખવાના આશયે ફરી જઈને સામે ઊભી રહી જતી.

"ગઈકાલે ગામમાં ચમત્કાર થઈ ગયો," તેણે કહ્યું. "લંગડી પેલાગેયા આખા વરસથી માંદી હતી, ડૉકટરોની કારી ફાવી જ નહિ અને દવાઓથી જરાય ફાયદો ન થયો, પણ ગઈકાલે એક શાણી બાઈ તેની ઉપર નમીને હોઠ ફફડાવતી કશુંક બોલી, અને પેલાગેયાની બીમારી ખતમ થઈ ગઈ."

"એમાં ખાસ કંઈ નથી," મેં કહ્યું. "આપણે કેવળ માંદગી કે ઘડપણની બાબતમાં જ ચમત્કારની અપેક્ષા ન રાખવી જોઈએ. આરોગ્ય જ શું ચમત્કાર નથી? અને જીવન પણ? આપણને ન સમજાય તે બધું જ ચમત્કાર છે."

"સમજાય નહિ એવી બાબતોની તમને બીક નથી લાગતી?"

"ના, મને ન સમજાય એવી પરિઘટનાઓને નીરખવામાં હું હિંમતનું વલણ રાખું છું. હું તેમને વશ નથી થઈ જતો. મારું સ્થાન તેમનાથી ઊંચું છે. માનવીએ પોતાને સિંહ, વાઘ, અને સિતારાઓથી, આખી કુદરતથી, આપણને ન સમજાય અને ચમત્કારી લાગે એવી બાબતોથીયે, ઊંચા સ્થાને ગણવો જોઈએ, નહિતર તે માનવી નહિ પણ દરેક વસ્તુથી ડરતો ઉંદર જ બની રહે."

ઝેન્યા માનતી કે હું કલાકાર હોવાથી મને વિપુલ જાણકારી હોય અને જે કંઈ હું ન જાણતો હોઉં તેને ચોકસાઈથી પારખી લઈ શકું. તે ઇચ્છતી હતી કે હું તેને કોઈ ઉત્કૃષ્ટ સનાતન ક્ષેત્રમાં દોરી જાઉં, એવા ઉચ્ચતર જગતમાં દોરી જાઉં કે

જ્યાં હું સાવ સ્વસ્થ રહી શકતો હોઉં. એટલે તે મારી સાથે ઈશ્વરની, શાશ્વત જીવનની, ચમત્કારોની વાતો કરતી. હું પોતે અને મારી કલ્પના મૃત્યુ પછી સાવ નષ્ટ થઈ જવાનાં છીએ એ વાતનો એકરાર કરવા હું તૈયાર ન હોવાથી જવાબમાં કહેતો: "હા, માનવી અમર છે. હા, શાશ્વત જીવન આપણી વાટ જોઈ રહ્યું છે." તે સાંભળતી અને પુરાવાઓ માગ્યા વગર જ મારી વાત માની લેતી.

અમે ઘર તરફ પાછાં જઈ રહ્યાં હતાં એટલામાં એકાએક તે ઊભી રહી ગઈ અને બોલી:

"અમારી લીદા સરસ ઇન્સાન છે, નહિ? મને બહુ જ વહાલી છે. એને ખાતર જિંદગી કુરબાન કરી દેવાનું આવે તો એક પળનાયે વિચાર વગર કરી દઉં. પણ તમે..." ઝેન્યાએ મારા કોટની બાંય ઉપર આંગળી મૂકી, "...એની જોડે હંમેશાં દલીલો કેમ કરો છો? તમે આટલા બધા ચિડિયલ કેમ છો?"

"કારણ કે એની ભૂલ હોય છે."

ઝેન્યાએ અસંમતિના ભાવે માથું હલાવ્યું, અને તેની આંખોમાં આંસુ છલકાવા લાગ્યાં.

"તમારી વાત સમજવાનું કેટલું બધું મુશ્કેલ છે!" તે બોલી.

ક્યાંકથી પાછી ફરેલી લીદા એ ઘડીએ હાથમાં ઘોડેસવારીનો ચાબુક લઈને બારણા પાસે ઊભી હતી. પાતળી રૂપાળી લીદા સૂર્યનાં કિરણોમાં ઝળકી રહી હતી. તે ઊભી ઊભી મજૂરને કામ ચીંધી રહી હતી. તેણે ભારે ઉતાવળમાં મોટેથી બોલતાં બોલતાં બેત્રણ રોગીઓને દવા આપી. અને પછી તે ખૂબ જ કામમાં ડૂબેલી તથા અન્યમનસ્ક દેખાતી એક પછી એક ખંડમાં જઈને એક પછી એક કબાટ ઉઘાડતી

મેડીમાં ચાલી ગઈ. તેને જમવા બોલાવવા માટે કેટલીય વાર સુધી બધે ગોતવામાં આવી, પરંતુ આખરે તે આવી ત્યારે અમે સૌ સૂપ પૂરો કરી ચૂક્યાં હતાં. કોણ જાણે કેમ પણ એ બધી વિગતો મારી સ્મૃતિમાં અંકિત થઈ ગઈ છે અને મને પ્રિય બની ગઈ છે. એ દિવસે ખાસ કશું ન બન્યું હોવા છતાં તેની યાદ મારા મનમાં એકદમ તાજી છે. ભોજન પછી ઝેન્યા મોટી આરામખુરશીમાં પડીને વાંચવા લાગી અને હું ઓસરીમાં નીચલી ઓટલીએ બેસી ગયો. અમે ચુપચાપ બેસી રહ્યાં. આકાશ ઘેરાયેલું હતું અને ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. પવન ક્યારનો થંભી ગયો હતો, હવામાં હૂંફ હતી, અને લાગતું હતું કે દિવસ ક્યારેય પૂરો થશે જ નહિ. યેકાતેરીના પાવ્લોવ્ના હાથમાં પંખો લઈને ઓસરીમાં આવી. તેની આંખોમાં હજી નીંદરનો ભાર વરતાતો હતો.

"અરે, મમ્મી!" ઝેન્યા તેનો હાથ ચૂમતી બોલી ઊઠી. "દિવસે સૂવાથી તારી તબિયત ખરાબ થઈ જાય છે!"

તેઓ એકબીજાને બેહદ પ્યારાં હતાં. એક બગીચામાં જાય તો બીજી ચોક્કસ ઓસરીમાં આવીને વૃક્ષોનાં થડ વચ્ચે નજર ફેરવતી સાદ પાડે જ: "અલી ઝેન્યા!" અથવા "મમ્મી, તું ક્યાં છે?" બેઉ પ્રાર્થના હંમેશાં ભેગી જ કરતી, એકસરખી ધર્મનિષ્ઠ હતી, અને કશું ન બોલે ત્યારે પણ એકબીજીનાં મન બરાબર સમજતી. બીજા લોકો વિશેના તેમના અભિપ્રાયો પણ એકસરખા જ રહેતા. થોડા વખતમાં જ યેકાતેરીના પાવ્લોવ્ના પણ મારા પ્રત્યે હેત દાખવવા લાગી, અને હું બેત્રણ દિવસ તેમને ત્યાં ન જાઉં તો માણસ મોકલીને મારી તબિયતના ખબર પુછાવતી. તે પણ મારાં ચિત્રો પ્રશંસાની નજરે નીરખતી, અને જે કંઈ બને તેની

વાત મિસીની જેમ જ મુકત અને નિખાલસ રીતે મને કરતી. તે ઘણી વાર ઘરની ખાનગી વાતો પણ મને જણાવતી.

તે મોટી દીકરીના પ્રતાપથી અંજાયેલી રહેતી. હેતપ્રેમની મૃદુ લાગણીઓ વ્યકત કરવાનું લીદાના સ્વભાવમાં જ નહોતું, તે હંમેશાં ગંભીર વિષયોની જ વાતો કરતી. તે પોતાના જ નિરાળા જીવનમાં ડૂબેલી રહેતી, અને પોતાની કૅબિનમાં ભરાઈ રહેતો નૌકાદળનો એડમિરલ નૌસૈનિકોની નજરમાં જેવો હોય છે એવી જ રીતે તે પોતાની માતા અને બહેનની નજરમાં જાણે અગમ્ય તથા થોડીઘણી રહસ્યમય વ્યકિત બની રહેતી.

"અમારી લીદા સરસ ઇન્સાન છે, નહિ?" તે ઘણી વાર કહેતી.

ઝરમર વરસાદ વરસી રહ્યો હતો, અને અમે લીદાની વાત કરવા લાગ્યાં.

"સરસ ઇન્સાન છે," મા બોલી, અને બીકભરી નજર આસપાસ ફેરવતી જાણે છાની વાત કરતી હોય એમ ધીમા અવાજે આગળ કહેવા લાગી, "એના જેવાં માણસ બહુ ઓછાં હોય છે, પણ કોણ જાણે કેમ મને તો હવે ફિકર થવા લાગી છે. નિશાળો, દવાખાનાં, પુસ્તકો— એ બધું તો ઠીક છે, પણ કંઈ વધારે પડતું કરવામાં શો ફાયદો? એને લગભગ ચોવીસ વરસ થવા આવ્યાં છે, ભવિષ્યનો ગંભીર વિચાર કરવાની વેળા આવી ગઈ છે. આ બધાં પુસ્તકો અને દવાદારૂની ધમાલમાં માણસને વખતનો ખ્યાલ જ ન રહે... એની તો હવે લગ્નની ઉંમર થઈ ગઈ છે."

ઝેન્યાનું મોં વાંચવાથી ફિક્કું પડી ગયું હતું, અને તેના વાળ વીખરાયેલા હતા. તેણે માથું ઊંચું કરીને જાણે સ્વગત બોલતી હોય એમ પણ માની સામે જોઈને કહ્યું:

"મમ્મી, આપણી સૌની જિંદગી ભગવાનના હાથમાં છે."

તે પાછી પુસ્તકમાં મશગૂલ થઈ ગઈ.

બેલોકૂરોવ આવ્યો. તેણે ગૂંથેલું શર્ટ અને ખેડૂત જેવો કોટ પહેર્યાં હતાં. અમે ગેડીદડો અને ટેનિસ રમ્યાં, પછી અંધારું થઈ જતાં જમવાના ટેબલ ફરતે બેસી ગયાં. જમવાનું કેટલીય વાર સુધી ચાલતું રહ્યું અને તે દરમિયાન લીદાએ ફરી નિશાળોની અને આખા જિલ્લાને મુઠ્ઠીમાં પકડી રાખનારા બાલાગિનની વાતો કરી. એ દિવસે રાત્રે હું વોલચાનીનોવ પરિવારને ત્યાંથી નીકળ્યો ત્યારે મારા મનમાં ખૂબ જ લાંબા નિષ્ક્રિય દિવસની છાપ પડેલી હતી, અને હું ગમગીન ભાવે મનમાં વિચારી રહ્યો હતો કે આ જગતમાં કોઈ પણ બાબત ભલે ગમે એટલી લંબાય તોપણ આખરે તેનો અંત તો આવે જ છે. ઝેન્યા અમને વળાવવા દરવાજા સુધી આવી. મેં સવારથી સાંજ સુધી આખો દિવસ તેની જોડે ગાળેલો એટલે જ કદાચ મને એવી લાગણી થઈ કે તેના વગર મને એકલવાયું લાગશે, મને ખ્યાલ આવ્યો કે આખું કુટુંબ મને કેટલું બધું વહાલું બની ગયું હતું. એ ઉનાળા દરમિયાન પહેલી જ વાર મારા દિલમાં ચિત્ર આલેખવાની ઝંખના ઉત્પન્ન થઈ.

"તમારી જિંદગી આટલી બધી નીરસ અને બેનૂર કેમ છે?" અમે ભેગા ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે મેં બેલોકૂરોવને પૂછ્યું. "મારી જિંદગી નીરસ, કંટાળાજનક, એકધારી છે કારણ કે હું તો કલાકાર છું, ઘેલો છું, મારી જુવાનીના દિવસોથી જ ઈર્ષા, વિષાદ, અને મારા પોતાના કાર્ય અંગે નિષ્ઠાનો અભાવ મારા દિલને કોરી ખાતાં રહ્યાં છે. હું તો હંમેશાં ગરીબ અને રખડુ આદમી રહ્યો છું—પણ તમે નિરોગી છો, રીતસરની જિંદગી જીવો છો, જમીનદાર છો,

ઉમરાવ છો — તમારી જિંદગી આટલી બધી નીરસ કેમ છે? તમે જિંદગીમાંથી આટલું ઓછું કેમ પામો છો? દાખલા તરીકે, લીદા કે ઝેન્યાના પ્રેમમાં પડતાં તમને શું રોકે છે?"

"તમે ભૂલી જાઓ છો કે મારા દિલમાં બીજી કોઈ સ્ત્રી વસેલી છે," તેણે જવાબ આપ્યો.

હું સમજી ગયો કે તેનો ઈશારો લ્યુબોવ ઈવાનોવ્ના પ્રત્યે છે. એ બાઈ નવા ઘરમાં તેની સાથે રહેતી હતી. જાડી, રાતામાતા ચહેરાવાળી, ભપકાદાર, જાણે તહેવારે કુરબાન કરવાના બતક જેવી એ મહિલાને દેશી રૂસી પોશાક તથા મોતીઓનો હાર પહેરીને અને હાથમાં ઉઘાડી છત્રી લઈને બગીચામાં ફરતી હું દરરોજ જોતો. તેને નોકર હંમેશાં જમવા કે ચા પીવા બોલાવતો રહેતો. ત્રણ વરસ પહેલાં તેણે નવાં ઘરોમાંનું એક ઉનાળા પૂરતું ભાડે લીધું હતું અને ત્યારથી તેમાં જ બેલોકૂરોવની જોડે રહેતી હતી. બાકીની જિંદગી એવી રીતે જ ગાળવાનો તેનો ઈરાદો સાફ વરતાઈ આવતો હતો. તે બેલોકૂરોવથી દસ વરસ મોટી હતી, અને તેને બરાબર કાબૂમાં રાખતી. બેલોકૂરોવને ક્યાંય જવું હોય તો તેની પરવાનગી લેવી પડતી. તે ઘણી વાર ઘોઘરા, પુરુષ જેવા અવાજે ડૂસકાં ભરવા લાગતી, અને મારે માણસ મોકલીને તેને કહેવડાવવું પડતું કે રડવાનું બંધ કરી દો નહિતર હું ઘર ખાલી કરીને ચાલ્યો જઈશ. પછી તેનાં ડૂસકાં બંધ થઈ જતાં.

અમે ઘેર પહોંચ્યા એટલે બેલોકૂરોવ મારા સોફા પર બેસીને વિચારમાં ડૂબી ગયો. તેનાં ભવાં સંકોચાઈ ગયાં. હું ખંડમાં આંટા મારવા લાગ્યો, મૃદુ બેચેનીનો શિકાર બની ગયો, જાણે કેમ પ્રેમમાં પડી ગયો હોઉં. મારા મનમાં વોલચાનીનોવ પરિવાર વિશે વાત કરવાની ઉત્કંઠા જાગી.

"લીદા તો ઝેમ્સ્ત્વોના કોઈ સભ્યને જ, દવાખાનાં અને નિશાળો અંગે તેના જેટલી જ ઉત્સુકતા ધરાવતા કોઈ આદમીને જ, ચાહી શકે એવી છે," હું બોલ્યો. "પણ એના જેવી યુવતી માટે તો આદમીને ઝેમ્સ્ત્વોનો સભ્ય બનવાની વાત ઓછી પડે, પરીકથાના પ્રેમીની જેમ લોખંડના બૂટ પહેરીને ચાલવાની તૈયારી રાખવી પડે. અને મિસી? કેવી વહાલી લાગે એવી છે મિસી, નહિ?"

બેલોકૂરોવ વારે વારે "એ... એ..." કરતો સૈકાની બીમારી સમા નિરાશાવાદ વિશે લંબાણથી વિચારો વ્યકત કરવા લાગ્યો. તે આત્મવિશ્વાસથી બોલતો હતો, અને તેની બોલવાની ઢબ ઉપરથી કોઈને પણ એમ જ લાગે કે હું જાણે તેની સાથે દલીલો કરી રહ્યો હોઉં. પોતાના ખંડમાં બેસીને જાણે કદી થંભવાનો જ ન હોય એવી રીતે લગાતાર વાતો કરતા રહેતા આદમી જેટલો કંટાળો તો અસીમ, એકસરખી, તડકામાં ધખતી વેરાન ધરતી પણ ન જ ઉપજાવી શકે.

"સવાલ નિરાશાવાદ કે આશાવાદનો નથી," મેં ચીડભર્યા અવાજે કહ્યું. "અસલ મુદ્દો તો એ છે કે સોમાંથી નવ્વાણું માણસોને અક્કલ જ નથી હોતી."

બેલોકૂરોવે મારી વાતને પોતાના અપમાન જેવી ગણી લીધી, અને તે માઠું લગાડીને ચાલ્યો ગયો.

૩

"ઠાકોર માલોઝેમોવોમાં ઊતર્યા છે, અને તને સલામ કહેવડાવ્યા છે," લીદાએ માને કહ્યું. તે ક્યાંકથી હમણાં જ પાછી આવીને દસ્તાના કાઢી રહી હતી. "ઘણીબધી

મઝાની વાતો કરી. તેમણે માલોઝેમોવો ખાતે તબીબી કેંદ્રનો સવાલ પરિષદની આગલી મિટિંગમાં ઉઠાવવાનું વચન આપ્યું છે, પણ ઝાઝી આશા નથી એમ પણ કહ્યું છે." પછી મારી તરફ ફરીને તે બોલી: "માફ કરજો, હું વારે વારે ભૂલી જાઉં છું કે આવી બાબતોમાં તમને બહુ રસ ન પડે."

મને એકદમ ખીજ ચડી ગઈ.

"કેમ નહિ?" મેં ખભા હલાવતાં સવાલ કર્યો. "તમને તો મારો અભિપ્રાય જાણવાની ફિકર જ નથી હોતી, પણ હું તમને ખાતરી આપું છું કે આ બાબતમાં મને બહુ જ રસ છે."

"ખરેખર?"

"હા. મારો અભિપ્રાય એવો છે કે માલોઝેમોવોમાં તબીબી કેંદ્રની જરૂર જ નથી."

મારી ખીજ જાણે તેના મનમાં સંચારિત થઈ ગઈ. તે આંખો સંકોડીને મારી સામે જોતી બોલી:

"તો શાની જરૂર છે? નિસર્ગચિત્રોની?"

"ના, એનીયે નહિ. કશાની જરૂર નથી."

તેણે દસ્તાના કાઢી નાખ્યા હતા અને તે પોસ્ટ ઑફિસેથી આવેલું અખબાર ખોલી રહી હતી. એક મિનિટ પછી તે શાંત અવાજે બોલી. પોતાની લાગણીઓને કાબૂમાં રાખવાની તેની કોશિશ સાફ વરતાઈ આવતી હતી:

"ગયે અઠવાડિયે આન્ના સુવાવડમાં મરી ગઈ. વિસ્તારમાં ક્યાંક તબીબી કેંદ્ર હોત તો આન્ના આજે જીવતી હોત. મને લાગે છે કે ચિત્રકાર સજ્જનોને પણ આ સંબંધમાં કશાક વિચારો તો હોવા જ જોઈએ."

"ખાતરી રાખો કે આ સંબંધમાં હું એકદમ ચોક્કસ વિચારો ધરાવું છું," મેં જવાબ દીધો, પરંતુ તે જાણે મારી

વાત સાંભળવા માગતી જ ન હોય એમ અખબારની પાછળ છુપાઈ ગઈ હતી. "હું માનું છું કે હાલના સંજોગોમાં તબીબી કેંદ્રો, નિશાળો, પુસ્તકાલયો, દવાખાનાં, વગેરે તો માત્ર ગુલામી લાદવાનું જ કામ કરે છે. લોકો ભારે બેડીઓથી જકડાયેલા છે, તમે એ બેડીઓને તોડી નાખવા કંઈ જ નથી કરતાં પણ ઊલટાનાં એમાં નવી કડીઓ ઉમેરો છો. મારા વિચારો એવા છે."

તેણે આંખો ઊંચી કરીને મારી સામે જોતાં તુચ્છકારથી હોઠ મલકાવ્યા, પરંતુ મેં બોલવાનું ચાલુ રાખીને મારો બુનિયાદી ખ્યાલ સાફ જણાવી દેવાની કોશિશ કરી.

"ખરું પૂછો તો એ વાતનું કશું જ મહત્ત્વ નથી કે આન્ના સુવાવડમાં મરી ગઈ. અસલ મુદ્દો તો એ છે કે આન્ના, માવ્રા, અને પેલાગેયાને સવારથી સાંજ સુધી ઢસરડા કરવા પડે છે, તેઓ તનતોડ મહેનતને લીધે બીમારીમાં પટકાઈ જાય છે, આખી જિંદગી પોતાનાં ભૂખ્યાં માંદલાં બચ્ચાંની ફિકર કરતી રહે છે, મોત અને રોગની બીકમાં તરફડતી રહે છે, દવાદારૂ કરાવતી રહે છે, અકાળે કરમાઈ જાય છે, વહેલી ઘરડી થઈ જાય છે, અને ગંદવાડ તથા કોહવાટની હાલતમાં મરી જાય છે. તેમનાં બાળકો મોટાં થઈને માને પગલે પગલે ચાલે છે, સેંકડો વરસો એવી રીતે વીતી જાય છે, કરોડો ઈન્સાનો ખાલી રોટીના એક કકડા માટે અને કાયમી દહેશતની જિંદગી માટે જનાવરોથીયે બદતર હાલતમાં સબડતા રહે છે. તેમની હાલતની ખરી ભયાનકતા તો એ છે કે તેમને પોતાના આત્મા વિશે, પોતે પ્રભુનાં પ્રતીકો હોવા વિશે, વિચાર કરવાનો વખત જ ક્યારેય નથી મળતો. માનસિક પ્રવૃત્તિઓના, માનવીને પશુથી અલગ તારવતી અને જિંદગીને જીવવા લાયક બનાવતી દરેક બાબતના,

તમામ માર્ગોને ભૂખ, ટાઢ, શારીરિક ત્રાસ, અને કાયમી તનતોડ મહેનત જાણે હિમના ઢગલાઓની જેમ અવરોધી રાખે છે. તમે તમારાં દવાખાનાં અને નિશાળો મારફત તેમને મદદ કરવા દોડી જાઓ છો, પણ એ બધું તેમને જંજીરોથી છુટકારો નથી અપાવતું, એ તો ઊલટાનું તેમની ગુલામીને વધારે સખત બનાવી દે છે કારણ કે, દવાદારૂ અને પુસ્તકો માટે તેમને ઝેમ્સ્ત્વોમાં પૈસા ભરવા પડે છે એ હકીકતને બાજુ પર રહેવા દઈએ તોપણ, તેમની જિંદગીમાં નવા ખ્યાલો દાખલ કરીને તમે તેમની જરૂરિયાતો વધારી દો છો અને એટલે તેમને વધારે આકરી મહેનત કરવી પડે છે."

"હું તમારી જોડે દલીલ નહિ કરું," લીદા અખબાર નીચું નમાવતી બોલી. "આ બધું હું અગાઉ પણ સાંભળી ચૂકી છું. હું તો માત્ર આટલું જ કહીશ—કંઈ જ કર્યા વગર ખાલી બેસી રહેવાનું શક્ય જ નથી. એ ખરું કે અમે માનવજાતિનો ઉદ્ધાર નથી કરી રહ્યાં, અને અમે ભૂલોયે ઘણી કરીએ છીએ, પણ અમે અમારાથી બનતું કરીએ છીએ, અને અમારો માર્ગ ખરો છે. સંસ્કારી માણસનું સૌથી ઉદાત્ત અને સૌથી પુનિત કર્તવ્ય પાડોશીઓની સેવા કરવાનું હોય છે, અને અમે અમારી પૂરી શકિતઓ લગાવીને એવી સેવાના પ્રયાસો કરીએ છીએ. અમારું કામ તમને પસંદ નથી, પણ આખર સૌને રાજી રાખવાનું તો શક્ય જ નથી."

"ખરી વાત, લીદા, ખરી વાત", મા બોલી.

તે લીદાની હાજરીમાં હંમેશાં દબાયેલી રહેતી, અને કશુંક મૂર્ખાઈભર્યું કે અજુગતું કહી નાખવાની બીકે બેચેનીથી લીદાની સામે જોતી. તે લીદાનો વિરોધ કદી ન કરતી, હંમેશાં સહમત થઈ જતી: "ખરી વાત, લીદા, ખરી વાત."

"કિસાનોમાં અક્ષરજ્ઞાન, કંગાલ ઉપદેશ તથા પ્રચલિત સૂકિતઓથી ભરેલાં પુસ્તકો, અને તબીબી કેંદ્રોથી લોકોના અજ્ઞાન તથા મૃત્યુદરમાં થતો ઘટાડો, તમારી બારીઓમાંથી આ વિશાળ બગીચામાં પડતા મામૂલી અજવાળાથી વધારે ન જ હોઈ શકે," મેં કહ્યું. "તમે તેમને કશું જ આપતાં નથી, તમે તો આ લોકોની જિંદગીમાં દખલ કરીને ખાલી નવી જરૂરિયાતો જ પેદા કરો છો, વધારે મહેનતનાં નવાં કારણો જ ઊભાં કરો છો."

"ભલા ભગવાન! પણ કંઈક તો કરવું જ જોઈએ ને!" લીદા ચિડાઈને બોલી, અને તેની બોલવાની રીત ચાડી ખાતી હતી કે મારી દલીલો તેની નજરમાં સાવ નિર્માલ્ય તથા ધૃણાસ્પદ હતી.

"લોકોને સખત શારીરિક મહેનતથી છુટકારો અપાવવો જ જોઈએ," મેં કહ્યું. "તેમનો બોજો હળવો બનાવવો જ જોઈએ, તેમને શ્વાસ લેવાનો અવકાશ આપવો જ જોઈએ, જેથી તેમને આખી જિંદગી ચૂલે ને ચોકડીમાં કે ખેતરના કામમાં ન ગાળી દેવી પડે પરંતુ પોતાના આત્માનો તેમ જ ઈશ્વરનો વિચાર કરવાનો વખત પણ મળે, પોતાની માનસિક શકિતઓ દાખવવાની તક પણ મળે. દરેક વ્યકિતને માનસિક કર્તવ્ય કરવાનું હોય છે—જીવનના તથ્ય તથા મર્મની અવિરત શોધ. તેમને કપરી શારીરિક મહેનતથી છુટકારો અપાવો, તેમને મુકિતની લાગણી અનુભવવા દો, પછી જ તમને ખબર પડશે કે આ દવાખાનાં ને પુસ્તકો ખરેખર કેવી ઠેકડી સમાં છે. માણસને પોતાનું ખરું કર્તવ્ય સમજાઈ જાય ત્યારે તે કેવળ ધર્મ, વિજ્ઞાન, અને કલામાંથી જ સંતોષ પામી શકે—આવી નમાલી બાબતોમાંથી નહિ."

"મહેનતથી છુટકારો અપાવો!" લીદા ઉપહાસના ભાવે બોલી. "જાણે કેમ સાવ સહેલી વાત હોય!"

"હા. તેમની મહેનતનો થોડોક હિસ્સો તમે પોતે જ ઉપાડી લો. ભૌતિક જરૂરિયાતો સંતોષવા માટે વિશાળ માનવ સમુદાયો જે મહેનતમાં પોતાનો પૂરો સમય લગાવી દેતા હોય છે તેમાં સહભાગી બનવા આપણે શહેરો અને ગામોના સૌ રહેવાસીઓ એક પણ અપવાદ વગર સંમત થઈ જઈએ તો સંભવ છે કે આપણામાંથી દરેકને રોજ બે કે ત્રણ કલાકથી વધારે કામ ન કરવું પડે. કલ્પના કરો કે આપણે સૌ અમીરો ને ગરીબો એકસરખા ધોરણે રોજ માત્ર ત્રણ કલાક કામ કરીએ અને બાકીનો બધો વખત આપણે છૂટા હોઈએ તો જિંદગી કેવી બની રહે! અને કલ્પના કરો કે આપણી કાયાઓ ઉપર એથીયે ઓછો આધાર રાખવાના અને એથીયે ઓછું કામ કરવાના આશયે આપણે શારીરિક મહેનતનું સ્થાન લઈ લેનારાં મશીનો બનાવીએ અને આપણી જરૂરિયાતો જેટલી બને એટલી ઘટાડી નાખીએ તો તેનો અર્થ શો થાય! આપણે ખડતલ બનીશું અને આપણાં બાળકોને ખડતલ બનાવીશું, તેમને ભૂખ અને ટાઢની બીક નહિ રાખવી પડે, અને આપણને તેમના આરોગ્ય વિશે આન્ના, માશ્રા, અને પેલાગેયાની ફિકર જેવી સતત ફિકરના ભોગ નહિ બનવું પડે. જરાક કલ્પના કરો કે આપણને દવાઓ ન લેવી પડે અને દવાખાનાં તેમ જ તમાકુ અને મદ્યનાં કારખાનાં ન ચલાવવાં પડે તો આપણી પાસે કેટલો બધો વખત બચે! એ બધો સમય આપણે ભેગાં મળીને વિજ્ઞાન અને કલા સંબંધી કાર્યમાં લગાવી શકીએ. જેવી રીતે કિસાનો ક્યારેક ભેગા મળીને સડકોની મરામત કરતા હોય છે એવી જ રીતે આપણે સૌ સર્વસામાન્ય સંમતિના આધારે ભેગાં મળીને

જીવનના તથ્ય તથા મર્મની શોધ કરી શકીએ, અને મને ખાતરી છે કે તથ્ય થોડા સમયમાં જ ખોળી કાઢવામાં આવશે, માનવજાતિ મૃત્યુની અવિરત, વેદનાકારી, અસહ્ય બીકથી—અને ખુદ મૃત્યુથીયે—મુકત થઈ જશે."

"પણ તમે તો તમારી જ વાતનું ખંડન કરો છો," લીદા બોલી. "તમે વિજ્ઞાનની હિમાયત કરો છો અને શિક્ષણના ખ્યાલને નકારી કાઢો છો."

"માણસ માત્ર પીઠાંનાં પાટિયાં અને સમજણ ન પડે એવાં પુસ્તકો ક્યારેક ક્યારેક વાંચી શકે એવું શિક્ષણ તો આપણા દેશમાં રુરિકના જમાનાથી મોજૂદ છે, ગોગોલની પેત્રુશ્કા ક્યારની વાંચતી થઈ ગઈ છે, પણ ગામડાં રુરિકના જમાનામાં હતાં એવાં જ આજ સુધી કાયમ છે. આપણને શિક્ષણની જરૂર નથી પણ આપણી માનસિક શકિતઓના બહોળા ઉપયોગ માટે અવકાશની જરૂર છે. આપણને નિશાળોની નહિ પણ યુનિવર્સિટીઓની જરૂર છે."

"તમે દવાદારૂનો વિરોધ કરો છો."

"હા. તેની જરૂર તો કુદરતી પરિઘટના તરીકે રોગના અભ્યાસ માટે જ રહેશે, રોગના ઇલાજ માટે નહિ. ઇલાજ જરૂરી બને તો ભલે, પણ રોગનો નહિ, તેનાં કારણોનો. મુખ્ય કારણને, શારીરિક મહેનતને, ખતમ કરી નાખો એટલે પછી બીમારીઓ રહેશે જ નહિ. હું એવા વિજ્ઞાનને માન્ય જ નથી કરતો કે જે રોગનો ઇલાજ કરે," હું ઉત્તેજિત થઈને બોલતો ગયો. "ખરા વિજ્ઞાન અને કલાનું લક્ષ્ય અલ્પકાલીન, આંશિક પગલાં લેવાનું નહિ પરંતુ જે સનાતન અને સામાન્ય છે તેને સર કરવાનું હોય. તેઓ તો જીવનના તથ્ય તથા મર્મની ખોજ કરે, ઈશ્વરની ખોજ કરે, આત્માની ખોજ કરે; અને તેમને જ્યારે ચાલુ ઘડીની જરૂરિયાતોની

સાથે, દવાખાનાં તથા પુસ્તકાલયોની સાથે, જકડી લેવામાં આવે ત્યારે તેઓ જિંદગીને વધારે અટપટી અને બોજલ જ બનાવે. આપણે ત્યાં ઘણાબધા ડૉકટરો, રસાયણ-વિજ્ઞાનીઓ, તથા વકીલો છે, અને ભણેલા લોકો પણ પુષ્કળ છે, પરંતુ જીવ-વિજ્ઞાનીઓ, ગણિતશાસ્ત્રીઓ, તત્ત્વજ્ઞાનીઓ, અને કવિઓ નથી. આપણી બુદ્ધિપ્રભા, માનસિક શકિત, અલ્પકાલીન ક્ષણિક જરૂરિયાતોને સંતોષવામાં વેડફાઈ રહી છે... વિજ્ઞાનીઓ, લેખકો, અને ચિત્રકારો ખંતથી કાર્ય કરે છે, તેમના કાર્યના પરિણામે જીવનમાં સુખસગવડ નિરંતર વધતાં રહે છે, ભૌતિક જરૂરિયાતો અનેક ગણી વધી જાય છે, પરંતુ તોયે આપણે સત્યથી ખૂબ જ વેગળા છીએ, અને માનવી હજુ વધારેમાં વધારે હિંસક તથા વધારેમાં વધારે ગંદા જનાવર તરીકે કાયમ છે, દરેક બાબતનું વલણ સમગ્ર માનવજાતિના પતનની અને ચેતનના અસાધ્ય વ્યયની દિશાનું છે. એવા સંજોગોમાં ક્લાકારનું જીવન નિરર્થક છે, અને તે જેટલો વધારે પ્રતિભાવાન હોય એટલા પ્રમાણમાં તેની ભૂમિકા વધારે વિચિત્ર તથા વધારે અગમ્ય બની રહે છે કારણ કે તે વર્તમાન વ્યવસ્થાને ટેકો આપીને દેખીતી રીતે જ હિંસક તથા મલિન પ્રાણીના મનોરંજન માટે કાર્ય કરતો હોય છે. હું કાર્ય કરવા માગતો જ નથી, અને કરીશ જ નહિ... કશું જરૂરી નથી, ભલે પૃથ્વીના ભાંગીને ભુક્કા થઈ જાય..."

"મિસી, તું જતી રહે," લીદાએ બહેનને કહ્યું. સાફ જણાઈ આવ્યું કે એટલી કુમળી વયની બાળા માટે મારા શબ્દો સાંભળવાનું તે અનુચિત ગણતી હતી.

ઝેન્યા ગમગીન નજરે બહેન અને માની સામે જોઈને ચાલી ગઈ.

"લોકો પોતાની ઉદાસીનતાને વાજબી ઠરાવવા માગતા

હોય ત્યારે આવી મઝાની વાતો કરતા હોય છે," લીદા બોલી. "દવાદારૂ અને શિક્ષણના કામ કરતાં દવાખાનાં તથા નિશાળોનો વિરોધ કરવાનું ઘણું વધારે સહેલું હોય છે..."

"ખરી વાત, લીદા, ખરી વાત," મા બોલી.

"તમે કહો છો કે કામ નહિ કરો," લીદા આગળ બોલી. "સાફ દેખાય છે કે તમારા કામનું મૂલ્ય તમે બહુ ઊંચું આંકો છો. દલીલો બંધ કરી દઈએ તો સારું, આપણે એકમત કદી નહિ થઈએ કારણ કે તમે હમણાં જ આટલી બધી નફરતથી જેની વાત કરી છે એ દવાખાનાં તથા પુસ્તકાલયોનું મૂલ્ય હું જગતનાં તમામ ચિત્રોથી વધારે આંકું છું." પછી તેણે એકાએક મા તરફ ફરીને સાવ નિરાળા અવાજે કહ્યું: "ઠાકોર ગયે વખતે અહીંયાં આવેલા ત્યાર પછી બહુ જ સુકાઈ ગયા છે અને બદલાઈ ગયા છે. એમને વિશી મોકલવાનું નક્કી થયું છે."

તેણે મારી સાથે વાત કરવાનું ટાળવાના આશયે મા સાથે ઠાકોરની વાત કરી હતી. તેનો ચહેરો રાતો થઈ ગયો હતો, અને પોતાની ઉત્તેજના છુપાવવા માટે તે જાણે આંખો નબળી હોય એવી રીતે ટેબલ પર નમીને છાપું વાંચવાનો ઢોંગ કરવા લાગી. સાફ વરતાઈ આવતું હતું કે મારી હાજરી તેને અણગમતી હતી. હું વિદાય લઈને ઘેર જવા નીકળી ગયો.

૪

આંગણમાં તદ્દન નીરવતા-છવાયેલી હતી. તળાવને સામે કાંઠે ગામમાં પણ લોકો ક્યારના નીંદરને ખોળે પડી ગયા હતા, એકેય બત્તી નજરે પડતી નહોતી, માત્ર તળાવની

સપાટી પર તારલિયાઓનાં ઝાંખાં પ્રતિબિંબો લગભગ કળી ન શકાય એવી રીતે ફરકી રહ્યાં હતાં. સિંહોવાળે દરવાજે ઝેન્યા મને વિદાય આપવા નિશ્ચલ ઊભી હતી. "ગામમાં સૌ સૂઈ ગયાં છે," હું અંધારામાં તેનું મોં પારખી કાઢવાની કોશિશ કરતો બોલ્યો, પરંતુ મારા ચહેરા પર મંડાયેલી તેની વિષાદભરી આંખો સિવાય બીજું કશું મને દેખાયું નહિ. "સરાઈવાળો અને ઘોડાના ચોર નિરાંતે ઊંઘી ગયા છે, પણ આપણે આબરૂદાર લોકો એકબીજાને ચીડવતા ને દલીલબાજી કરતા રહીએ છીએ."

ઑગસ્ટની ગમગીન રાત હતી, ગમગીન એ કારણે કે હવામાં શરદની છાંટ વરતાતી હતી. રાતા વાદળ પાછળથી ઉદય પામી રહેલો ચંદ્ર રસ્તા ઉપર ધીમે ધીમે ઉજાસ પાથરી રહ્યો હતો. રસ્તાની બન્ને તરફ શિયાળુ પાકની વાટ જોતાં અંધારઘેરાં ખેતરો પથરાયેલાં હતાં. આસમાનમાં ખરતા તારા ઘડીએ ઘડીએ નજરે પડતા હતા. ઝેન્યા મારી બાજુમાં ચાલી રહી હતી અને ખરતા તારા જોવા ન પડે એટલા માટે નજર નીચે જ રાખવાની કોશિશ કરતી હતી. કોણ જાણે કેમ પણ ખરતા તારા જોવામાં તેને બીક લાગતી હતી.

"મને લાગે છે કે તમારી વાત ખરી છે," રાતની ઠંડકમાં ધ્રૂજતી તે બોલી. "આપણે સૌ, બધાં ભેગાં મળીને, માનસિક પ્રવૃત્તિઓમાં લાગી જઈએ તો શોધવાનું બધું થોડા સમયમાં જ શોધી કાઢીએ."

"બેશક. આપણે ઉચ્ચતર હસ્તીઓ છીએ, અને માનવીય પ્રતિભાના સામર્થ્યને ખરેખર સમજી લઈએ તથા ઉચ્ચતર લક્ષ્યો માટે જીવન જીવીએ તો અંતમાં દેવદેવીઓ સમાં બની જઈએ. પરંતુ એમ કદી બનવાનું નથી, માનવજાતિનું

પતન થઈ રહ્યું છે અને થોડા સમયમાં પ્રતિભાની છાયા સરખી બાકી નહિ રહે."

અમે દરવાજો દેખાય નહિ એટલે દૂર પહોંચ્યાં ત્યારે ઝેન્યા ઊભી રહી ગઈ અને તેણે ઉતાવળમાં મારો હાથ દબાવ્યો.

"સારું, ત્યારે..." તે ધ્રૂજતી ધ્રૂજતી વિદાયના શબ્દો બોલી. તેણે ખાલી એક પાતળું બ્લાઉઝ પહેર્યું હતું અને તેની કાયા ટાઢમાં સંકોડાઈ રહી હતી. "કાલે આવજો."

ખીજની અને મારા પોતાના તેમ જ બીજા લોકોના સંબંધમાં અસંતોષની લાગણી મનમાં લઈને એકલો પડી જવામાં મને દહેશત લાગી. હું પણ મારી નજર ખરતા તારા તરફ જતી અટકાવવાની કોશિશ કરવા લાગ્યો.

"હજી થોડીક વાર મારી ભેગાં રહો ને," મેં કહ્યું, "માગણી કરું છું!"

હું ઝેન્યાના પ્રેમમાં હતો. મારા દિલમાં તેના પ્રત્યે પ્રેમ કદાચ એ કારણે ઉદ્ભવ પામ્યો હશે કે તે મને મળવા અને વળાવવા આવી હતી, વહાલ નીતરતી પ્રશંસાભરી નજરે મને નીરખી લેતી હતી. તેનું ચંપકવર્ણું વદન, પાતળી ગરદન અને પાતળા હાથ, નાજુકાઈ, મંદતા, અને વાંચનમાં કેવી મોહક સુંદરતા છલકાતી હતી! અને બુદ્ધિપ્રભા? મને લાગતું હતું કે તે અસાધારણ બુદ્ધિપ્રભા ધરાવે છે, તેની બહોળી દૃષ્ટિ મને ગમતી હતી. તેનું કારણ કદાચ એ હશે કે તેના વિચારો મારી તરફ અણગમો રાખતી કરડા સ્વભાવની રૂપાળી લીદાના વિચારોથી ભિન્ન હતા. ઝેન્યાને હું કલાકાર તરીકે ગમતો હતો, મેં તેનું હૈયું મારી પ્રતિભા વડે જીતી લીધું હતું, હું માત્ર તેને ખાતર જ ચિત્રસર્જન કરવાની ઉત્કટ ઝંખના અનુભવી રહ્યો હતો, મારાં સ્વપ્નોની દુનિયામાં

તેને મારી નાનકડી રાણી તરીકે નીરખી રહ્યો હતો, અને આ ગામો, ખેતરો, ધુમ્મસ, સંધ્યાની આભા, તથા ગ્રામવિસ્તારના જે ઉલ્લાસમય ઉત્કૃષ્ટ વાતાવરણમાં મને અત્યાર સુધી કારમી એકલતા પીડી રહી હતી અને મારી હસ્તી નિરર્થક લાગી રહી હતી તે સર્વની ઉપર તેને મારા સંગાથમાં પોતાની આણ ફેલાવતી કલ્પી રહ્યો હતો.

"જરાક વાર જ..." મેં આજીજી કરી.

મેં મારો કોટ કાઢીને તેના ઠરી ગયેલા ખભાઓ પર ઓઢાડી દીધો. પુરુષના કોટમાં રમૂજી અને બદરૂપ દેખાવાની બીકે તેણે હસીને કોટ નીચે સરકાવી દીધો, અને હું તેને આલિંગનમાં ભીડીને તેના ચહેરા પર, ખભા પર, અને હાથ પર ચુંબનો વરસાવવા લાગ્યો.

"કાલે મળશું," તે જાણે રાત્રીની નીરવતામાં ભંગાણ પાડવાની બીકે સાવચેતીથી મને ભેટતી બોલી. "અમે ઘરમાં એકબીજાથી ખાનગી કશું નથી રાખતાં, મારે માને અને બહેનને આખી વાત કહી દેવી પડશે, તરત જ... મને તો બહુ જ બીક લાગે છે! મમ્મી તો જાણે ઠીક, એને તમે ગમો છો, પણ લીદા!"

તે દરવાજા તરફ દોડી ગઈ.

"આવજો!" તેણે સાદ પાડયો.

હું એકબે મિનિટ તેનાં પગલાંનો અવાજ સાંભળતો રહ્યો. મને ઘેર જવાનું મન નહોતું, અને ત્યાં કરવાનું પણ કંઈ જ નહોતું. હું ઊંડા વિચારમાં ગરકાવ થઈને થોડી વાર ઊભો રહ્યો, અને પછી જેમાં તે રહેતી હતી એ ઘરને, પ્યારા નિર્દોષ પુરાણા ઘરને, જાણે આંખો વડે મને જોતું હોય એવી રીતે વચલી મેડીની બારીઓ વડે મને તાકી રહેલા લાગતા એ ઘરને, એક નજરે ફરી નીરખી લેવાના આશયે

હું પાછો વળીને હળવે ડગલે એ તરફ ચાલવા લાગ્યો. ઓસરીને પાર કરીને હું ટેનિસ-કોર્ટ નજીક પુરાતન બરુ તળે બાંકડા ઉપર અંધારામાં બેસી ગયો અને ત્યાંથી ઘર તરફ જોવા લાગ્યો. મેડીમાં મિસીના ખંડની બારીમાં પ્રકાશ ઝળકી ઊઠયો અને પછી ઘેરા લીલા અજવાળામાં પલટાઈ ગયો. કોઈએ બત્તી ઉપર આવરણ ગોઠવી દીધું હતું. પડછાયા હલી રહ્યા હતા. મારા હૈયામાં વહાલ, શાંતિ, અને સંતોષ છલકાઈ રહ્યાં હતાં, હું પ્રેમમાં પડી શક્યો એ હકીકતથી ઉલ્લાસના ઓઘ ઉછાળા મારી રહ્યા હતા, પરંતુ સાથે સાથે જ એવા ખ્યાલથી હું ચિંતાતુર બની ગયો કે આ ઘડીએ, થોડાંક કદમોના અંતરે, આ ઘરના એક ખંડમાં લીદા મોજૂદ છે, લીદાને મારી તરફ અણગમો છે, કદાચ ઘૃણા છે. હું વાટ જોતો બેસી રહ્યો કે ઝેન્યા નજરે પડે, મેં કાન સરવા કર્યા, અને મને લાગ્યું કે મેડીમાં વાતચીત થઈ રહી છે.

લગભગ એક કલાક વીતી ગયો. લીલી બત્તી ઓલવાઈ ગઈ અને પડછાયા દેખાતા બંધ થઈ ગયા. ચંદ્ર ગગનમાં આગળ ધપતો ઘરની ઉપર પહોંચી ગયો હતો અને નિદ્રામય બગીચાને તેમ જ ખાલી પગદંડીઓને ઉજાળી રહ્યો હતો. ઘરની સામે ક્યારીમાં ઊગેલાં વિવિધ ફૂલો સાફ નજરે પડતાં હતાં પરંતુ બધાં એક જ રંગનાં લાગતાં હતાં. ટાઢ વધી ગઈ હતી. બગીચામાંથી બહાર નીકળીને રસ્તા પરથી મારો કોટ ઉપાડી લેતો હું ધીરે ધીરે ઘર તરફ ચાલવા લાગ્યો.

બીજે દિવસે બપોર પછી હું વોલચાનીનોવ પરિવારને ત્યાં ગયો ત્યારે બગીચામાં પડતું બારણું ઉઘાડું ફટાક હતું. હું એવી આશાએ ઓસરીમાં બેસી ગયો કે ઝેન્યા એકાએક ટેનિસ-કોર્ટમાં કે કોઈ પગદંડીએ નજરે પડશે અથવા કોઈ ખંડમાંથી તેનો અવાજ સંભળાશે. પછી હું દીવાનખાનામાં

ગયો અને ત્યાંથી ભોજનખંડમાં ગયો. ક્યાંય કોઈ નજરે પડ્યું નહિ. ભોજનખંડમાંથી નીકળીને હું લાંબી કૉરિડોર પાર કરતો પ્રવેશખંડમાં જોઈને પાછો વળ્યો. કૉરિડોરમાં કેટલાંય બારણાં પડતાં હતાં. તેમાંના એક ખંડમાંથી મને લીદાનો અવાજ સંભળાયો:

"કાગડાને કોણ જાણે ક્યાંથી દહીંથરું મળી ગયું..." તે જાણે ગાતી હોય એમ લહેકાથી બોલી રહી હતી, કદાચ લખાવતી હશે. "દહીંથરું... કાગડાને... કોણ છે?" મારાં પગલાંનો અવાજ સંભળાતાં તેણે એકાએક સાદ પાડ્યો.

"હું છું."

"અરે! માફ કરજો, પણ મારાથી હમણાં અવાય એમ નથી, દાશાને લેસન કરાવી રહી છું."

"યેકાતેરીના પાવ્લોવ્ના બગીચામાં છે?"

"ના. મા ને બહેન આજે સવારે પેન્ઝા પ્રાંતમાં માશીને ત્યાં ચાલ્યાં ગયાં." પછી જરાક થંભીને તેણે ઉમેર્યું: "અને શિયાળામાં ઘણું કરીને પરદેશ જવાનાં છે." "કાગડાને... કોણ જાણે ક્યાંથી... દહીંથરું... મળી ગયું... લખી લીધું?"

હું પ્રવેશખંડમાં જઈને ઊભો ઊભો તળાવને અને દૂર દેખાતા ગામને શૂન્ય નજરે તાકી રહ્યો. મારા કાનમાં હજી શબ્દો ડંખી રહ્યા હતા: "...દહીંથરું... કાગડાને કોણ જાણે ક્યાંથી દહીંથરું મળી ગયું..."

હું પહેલી વાર જે માર્ગે થઈને જાયદાદમાં પહોંચ્યો હતો એ જ માર્ગે ચાલતો થઈ ગયો, પરંતુ હવે દિશા ઊલટી હતી: આંગણમાંથી બગીચામાં ગયો અને ઘરને પાર કરતો લિંબડીઓના તરુમાર્ગે પહોંચ્યો. ત્યાં પાછળથી કોઈ છોકરો દોડતો આવીને એક ચિઠ્ઠી મને આપી ગયો. "મેં મારી

બહેનને આખી વાત જણાવી દીધી અને તેણે હઠ લીધી છે કે મારે તમારાથી દૂર રહેવું," મેં શબ્દો વાંચ્યા. "તેની આજ્ઞાનો ભંગ કરીને તેને દુ:ખી કરવાની મારામાં હિંમત નથી. ઈશ્વર તમને સુખી કરો! મને માફ કરજો! તમને કેવી રીતે ખબર પડે કે હું ને મમ્મી કેવું કારમું કલ્પાંત કરી રહ્યાં છીએ!"

પછી ફરવૃક્ષોથી ઢંકાયેલી પગદંડી આવી, તૂટેલી વાડ આવી... ખેતરમાં જ્યાં અગાઉ જવનો પાક હિલોળા લેતો હતો અને પંખી કલરવ કરતાં હતાં ત્યાં હવે ગાયો અને ડામણ બાંધેલાં ઘોડાં ચરી રહ્યાં હતાં. ક્યાંક ક્યાંક ટીંબાઓ પર હરિયાળો શિયાળુ પાક નજરે પડતો હતો. મારા મનમાં નિત્ય જેવી શુષ્ક લાગણીઓ છવાઈ ગઈ, વોલચાનીનોવ પરિવારને ત્યાં મેં જે કંઈ વાતો કરેલી તેની મને શરમ આવી, અને જિંદગી વળી પાછી કંટાળાજનક બની ગઈ. ઘેર પહોંચતાં જ મારો સામાન બાંધીને સાંજે હું પિટર્સબર્ગ જવા નીકળી ગયો.

ત્યાર પછી વોલચાનીનોવ પરિવારને મળવાનું કદી ન બન્યું. થોડા વખત પહેલાં હું ક્રિમિયા જતો હતો ત્યારે રેલગાડીમાં બેલોકૂરોવ ભેટી ગયો. તેણે અગાઉની જેમ જ ખેડૂત જેવો કોટ અને ગૂંથેલું શર્ટ પહેર્યાં હતાં. મેં તેની તબિયતના ખબર પૂછ્યા ત્યારે તેણે જવાબ આપ્યો: "મઝાની છે, તમારી દુવાના સારા પ્રતાપ!" અમે વાતો કરી. તેણે પોતાની જૂની જાયદાદ વેચી નાખીને બીજી નાનકડી જાયદાદ લ્યુબોવ ઈવાનોવ્નાના નામે ખરીદી લીધી હતી. તેની પાસેથી વોલચાનીનોવ પરિવાર વિશે ઝાઝું કંઈ જાણવા ન મળ્યું. લીદા હજી શેલકોવકામાં જ રહેતી હતી અને ગામની નિશાળમાં

ભણાવતી હતી. તેણે પોતાના વિચારો પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા લોકોનું વર્તુળ ધીરે ધીરે એકત્રિત કરી લીધું હતું, તેમનું જૂથ જોરદાર બની ગયું હતું, અને આખા જિલ્લાને પોતાની મુઠ્ઠીમાં પકડી રાખનારા બાલાગિનને તેમણે ઝેમ્સ્ત્વોની તાજેતરની ચુંટણીઓમાં હરાવી દીધો હતો. તે ઝેન્યા વિશે માત્ર એટલું જ જણાવી શક્યો કે ઝેન્યા હવે ઘેર નહોતી રહેતી અને તેને ખબર નહોતી કે ક્યાં રહેતી હશે.

મેડીવાળા ઘરની યાદ મારા મનમાં હવે ઝાંખી પડવા લાગી છે, પરંતુ ક્યારેક ક્યારેક ચિત્રમાં રંગો પૂરતી વેળા કે વાંચતી વેળા મને કશા દેખીતા કારણ વગર જ બારીનું લીલું અજવાળું, અંધારઘેરાં ખેતરોમાં મારાં પોતાનાં પગલાંના પડઘા, અને જ્યારે પ્રેમના વમળમાં અટવાઈ ગયેલો તથા ટાઢમાં ઠરી ગયેલા મારા પંજા મસળતો હું ઘેર પાછો ફરેલો એ રાત યાદ આવી જાય છે. એથીયે ઓછા પ્રસંગોએ એકલતા અને ગમગીનીની ઘડીઓમાં હું ઝાંખી સ્મૃતિઓને વશ બની જાઉં છું અને ધીરે ધીરે એવી માન્યતામાં સરી પડું છું કે મને પણ યાદ કરવામાં આવતો હશે, મારી વાટ જોવાતી હશે, અમારું મિલન થશે...

મિસી... તું ક્યાં છે?

૧૮૯૬

ખોખામાં ભરાઈ રહેતો આદમી

શિકારીઓ મિરોનોસિત્સ્કોયે ગામની ભાગોળે પહોંચ્યા એટલામાં અંધારું થઈ ગયું એટલે તેમણે ગામના મોવડી પ્રોકોફીની માલિકીના એકઢાળિયામાં રાત ગાળવાનું નક્કી કર્યું. બે શિકારીઓ હતા — જનાવરોનો ડૉક્ટર ઈવાન ઈવાનિચ અને હાઈસ્કૂલનો શિક્ષક બૂરકિન. ઈવાન ઈવાનિચની અટક વિચિત્ર હતી: ચીમ્શા-હિમાલાઈસ્કી. અટક માફક નહોતી લાગતી અને સૌ તેને તેનું અને તેના પિતાનું નામ જોડીને બોલાવતા — ઈવાન ઈવાનિચ. તે શહેર નજીક ઘોડાઉછેર મથકમાં રહેતો હતો અને તાજી હવામાં સહેલ કરવાના ઈરાદે શિકારે નીકળ્યો હતો. હાઈસ્કૂલનો શિક્ષક બૂરકિન દર વરસે ઉનાળો કાઉન્ટ...ની જાગીરમાં ગાળતો, અને એ વિસ્તારના રહેવાસીઓ તેને જાણે પોતાની અંદરનો જ એક હોય એવો ગણતા.

બેમાંથી એકેયને નીંદર નહોતી આવતી. ઊંચો, પાતળો, અને લાંબી મૂછોવાળો ઘરડો ઈવાન ઈવાનિચ બારણા બહાર ચાંદનીમાં બેઠો બેઠો હોકલીની મોજ માણી રહ્યો હતો. બૂરકિન અંદર ખડ ઉપર લંબાવીને પડયો હતો, અને અંધારામાં નજરે નહોતો પડતો.

તેઓ એકબીજાને કિસ્સાકહાણી સંભળાવીને વખત ગાળી રહ્યા હતા. તેમણે ગામના મોવડીની પત્ની માવ્રા વિશે વાત કરી. સરસ તંદુરસ્તી ધરાવતી, અને બુદ્ધિ વગરની કોઈ રીતે ન જ ગણાવી શકાય એવી, એ બાઈ આખી જિંદગી દરમિયાન વતનના ગામની બહાર ક્યારેય નહોતી નીકળી. તેણે શહેર કે રેલવે કદી નહોતાં જોયાં, છેલ્લાં દસ વરસ ઘરમાં ચૂલા પાસે બેસી રહીને ગાળ્યાં હતાં. તે ક્યારેક રાતના વખતે જ બહાર નીકળતી.

"પણ એમાં અજબ લાગે એવું શું છે?" બૂરકિન બોલ્યો. "આપણા જગતમાં પુષ્કળ એવા લોકો છે જે સ્વભાવે જ એકાંતવાસી હોય છે અને શંખજીવી કરચલા કે જીવડાની જેમ પોતાના શંખલાની અંદર ભરાઈ જવાની કોશિશો કરતા રહે છે. તેમાં કદાચ પૂર્વજોની રીતો તરફ ઢળવાની, આપણા પૂર્વજો હજુ સામાજિક પ્રાણીઓ નહોતા બન્યા અને એકાકી ગૂફાઓમાં વસતા હતા એ જમાનામાં પાછા ફરવાની, વૃત્તિ જ જાહેર થતી હશે. અથવા કદાચ એવા લોકો અનેકવિધ માનવીય લક્ષણોમાંથી એકને વ્યકત કરતા હોય, કોને ખબર? હું કંઈ પ્રકૃતિવિજ્ઞાની નથી અને આવી સમસ્યાઓને ઉકેલવાની કોશિશ કરવાનું કામ મારું નથી. હું તો માત્ર એટલું જ કહેવા માગું છું કે માવ્રા જેવા લોકો કશી વિરલ પરિઘટનાને કોઈ રીતે અંકિત નથી જ કરતા. અરે, હમણાં એક મહિના પહેલાં જ અમારા શહેરમાં મારા એક સાથી ગ્રીક ભાષાના શિક્ષક બેલિકોવનું અવસાન થયું. તમે એનું નામ સાંભળ્યું હશે. હવામાન એકદમ સરસ હોય તોપણ છત્રી, રબરના ઊંચા બૂટ, અને રૂ ભરેલા કોટ વગર ઘરની બહાર ડગલું ન માંડવાની એની ખાસિયતને લીધે એ નામચીન બની ગયેલો હતો. છત્રીની ઉપર ખોળ ચડાવી

રાખતો, એની પાસે ઘડિયાળ રાખવા મુલાયમ ચામડાની રાખોડી રંગની ખોળ હતી, અને પેનસિલની અણી કાઢવા ચાકુ વાપરવાનો વખત આવે ત્યારે એને ચાકુ પણ ખોળમાંથી ખેંચી કાઢવું પડતું, વળી એના ચહેરાની પણ ખાસ ખોળ હોય એમ લાગતું કારણ કે ચહેરો હંમેશાં ઓવરકોટના ઊંચા ચડાવેલા કૉલરમાં છુપાયેલો રહેતો. આંખે ઘેરા રંગનાં ચશ્માં ચડાવી રાખતો, જાડું ગરમ સ્વેટર પહેરતો, કાનમાં રૂનાં પૂંભડાં ભરાવી રાખતો, અને ઘોડાગાડી ભાડે કરે ત્યારે ઉપર ઢાંકણ રહે એટલા માટે કાયમ ગાડીની છત્રી ખોલાવી નાખતો. હકીકતમાં, પોતાને અલિપ્ત અને બહારની અસરોથી સુરક્ષિત રાખવા માટે ખોખા જેવું કશુંક આવરણ પેદા કરવાની કાયમી અદમ્ય તાલાવેલી એ જાહેર કરતો. વાસ્તવિકતા એને ખીજ ચડાવતી તથા ફિકરમાં નાખી દેતી અને સતત દહેશતમાં જકડી રાખતી, અને કદાચ પોતાના બીકણપણાને, વર્તમાન એના દિલમાં જે નફરત પેદા કરતું હતું તેને, વાજબી ઠરાવવા માટે હંમેશાં ભૂતકાળનાં અને કદી અસ્તિત્વમાં ન રહેલી બાબતોનાં વખાણ કરતો રહેતો. એના તરફથી શીખવવામાં આવતી મૃત ભાષાઓ પણ જાણે એની હયાતી અને વાસ્તવિક જીવન વચ્ચે ખાલી રબરના બૂટ તથા છત્રીઓ જેવી જ હતી.

'ગ્રીક ભાષા કેવી સરસ છે, કેવી મધુર છે!' એ પરમાનંદના ભાવે કહેતો; અને સાબિતી તરીકે આંખો અરધી મીચીને તથા એક આંગળી ઊંચી કરીને ગણગણતો: 'ઍન્થ્રોપોસ!'

"બેલિકોવ પોતાના વિચારોની ઉપર પણ ખોળ ચડાવેલી રાખવાની કોશિશ કરતો. કેવળ એવા પરિપત્રો તથા અખબારી લેખો જ એની સમજણમાં ઊતરતા કે જેમાં

કશીક બાબતની મનાઈની હિમાયત કરવામાં આવી હોય. નિશાળના છોકરાઓને રાતના નવ વાગ્યા પછી રસ્તે બહાર નીકળવાની મનાઈ કરતી સૂચનાઓ પ્રસારિત કરવામાં આવે અથવા દૈહિક પ્રેમમાં રાચવાની વૃત્તિને વખોડી કાઢતો લેખ પ્રગટ થાય ત્યારે બધું એના મગજમાં સાફ અને ચોક્કસ રીતે બેસી જતું — આ બાબતોની કાયમને માટે બંધી કરી દેવામાં આવી છે. એની નજરે તો છૂટ તથા ભોગવિલાસમાં જાણે હંમેશાં કશુંક શંકાસ્પદ તત્ત્વ સામેલ રહેતું, કશુંક કહ્યા વગરનું રહી જતું, અસ્પષ્ટ રહી જતું. કોઈ નાટક મંડળ કે વાચનાલય કે ઉપાહારગૃહ ખોલવાની છૂટ આપવામાં આવે તો એ માથું ધુણાવીને હળવા અવાજે કહેતો:

"'આમ તો બેશક મઝાની વાત છે... પણ... આશા રાખીએ કે એમાંથી કશું માઠું પરિણામ ન આવે.'

"નિયમોનો જરાક સરખોયે ભંગ કે અવગણના થાય તો તે વિષાદમાં ગરકાવ થઈ જતો, પછી ભલે બાબતને એની જોડે સંબંધ હોવાની શક્યતા જ ન હોય. એની સાથે કામ કરતા શિક્ષકોમાંથી કોઈ પ્રાર્થનામાં મોડો પહોંચે, અથવા નિશાળના કોઈ છોકરાઓનાં તોફાનની અફવાઓ એને સાંભળવા મળે, અથવા વર્ગની સુંદર તરુણી રાતે કોઈ અફસર ભેગી નજરે પડી જાય, તો એ એકદમ બેચેન બની જતો અને વારંવાર દોહરાવતો રહેતો કે આનો અંજામ સારો નહિ આવે. શિક્ષક પરિષદની મિટિંગોમાં એ પોતાની સાવચેતીઓ તથા વહેમો તેમ જ આશંકાઓ તથા સૂચનો (ખોળ ચડાવી રાખેલા માનસ માટે લાક્ષણિક) વડે અમને બહુ હેરાનપરેશાન કરી નાખતો: છોકરાઓની નિશાળોમાં તેમ જ કન્યાશાળાઓમાં તરુણ લોકો નામોશીભર્યું વર્તન કરે છે, વર્ગમાં ભયંકર શોર મચાવે છે — ઉપરી અમલદારોને ખબર પડી જાય અને કંઈ

મારું પરિણામ ન આવે તો સારું, બીજા ધોરણના પેત્રોવને અને ચોથા ધોરણના યેગોરોવને નિશાળમાંથી કાઢી મૂકીએ તો હાલતમાં સુધારો ન થાય? અને કલ્પના કરી શકો છો કે આખર શું થયું? નાનકા ધોળા ચહેરા ઉપર—અને ચહેરો સમજો કે ખાંખાંખોળુ છે—ઘેરા રંગનાં ચશ્માં પહેરીને નિસાસા નાખતાં નાખતાં ને ઊંહકારા ભરતાં ભરતાં એણે છેવટે અમને એટલી હદે હતાશામાં ડુબાડી દીધા કે અમે હથિયાર હેઠાં મૂકી દીધાં, પેત્રોવને તથા યેગોરોવને વર્તણૂકના માર્ક સાવ ઓછા આપ્યા, કોટડીમાં પૂરી દેવાની સજા કરી, અને અંતે નિશાળમાંથી કાઢી મૂક્યા. અમારે ઘેર આવીને અમને મળવાની એને કેટલાય વખતની જૂની ટેવ હતી. સાથી શિક્ષકને ઘેર જઈને બેસે, કંઈ જ બોલે નહિ, મોં પર સાવચેતીના ભાવ હોય. એકાદ કલાક એમ બેસી રહે અને પછી ઊભો થઈને ચાલ્યો જાય. એવી મુલાકાત એની નજરમાં 'સાથી શિક્ષકો જોડે દોસ્તીના સંબંધો જાળવી રાખવાની' રીત હતી, અને સાફ વરતાઈ આવતું હતું કે એવું કામ અણગમતું હોવા છતાં તેને સાથી શિક્ષક તરીકેની પોતાની ફરજ ગણતો હોવાથી જ એ અમને મળવા આવતો. અમને સૌને એની બીક લાગતી. બિચારા હેડમાસ્તરને પણ બીક લાગતી. જરાક વિચાર કરો! આમ જોઈએ તો આપણા શિક્ષકો બધા સદ્ભાવી બુદ્ધિશાળી માણસો હોય છે, તુર્ગેનિવ અને શ્ચેદ્રિનનાં લખાણો વડે કેળવાયેલા હોય છે, તેમ છતાં કાયમી છત્રી અને રબરના બૂટવાળા એ માનવજંતુએ આખી નિશાળને પંદર પંદર વરસ સુધી પોતાની ધાકમાં રાખી! વળી નિશાળને એકલીને જ નહિ, આખા શહેરને! એને ખબર પડી જવાની બીકે મહિલાઓએ શનિવારના ખાનગી રંગભૂમિ કાર્યક્રમો તજી દીધા, એની હાજરીમાં પાદરીઓને માંસ ખાવામાં કે પત્તાં રમવામાં

બીક લાગતી. બેલિકોવ જેવા માણસોની અસરને લીધે અમારા શહેરમાં લોકો દરેક બાબતથી ડરવા લાગ્યા છે. તેમને મોટેથી બોલવામાં, પત્રો લખવામાં, મિત્રો બનાવવામાં, પુસ્તકો વાંચવામાં, ગરીબોને મદદ કરવામાં, અભણ માણસોને ભણાવવામાં બીક લાગે છે..."

ઇવાન ઇવાનિચે જાણે કશાક મહત્ત્વના કથનની તૈયારીમાં ગળું ખોંખાર્યું, પરંતુ પહેલાં હોકલી ફરી સળગાવી તથા ચંદ્ર તરફ નજર નાખી, અને પછી જ સ્વસ્થ અવાજે કહ્યું:

"સાવ ખરી વાત. સદ્ભાવી બુદ્ધિશાળી માણસો, શ્ચેદ્રિન ને તુર્ગેનેવ ને બોકલ વગેરેનાં પુસ્તકો વાંચે, પણ તેમ છતાં મિયાંની મીનડી જેવા થઈને દબાઈ ગયા, એને સાંખી લીધો... અસલ વાત તો એ છે."

"બેલિકોવ અને હું એક જ મકાનમાં એક જ માળે રહેતા," બૂરકિન આગળ બોલ્યો. "એનું બારણું બરાબર મારા બારણાની સામે જ હતું, અમે એકબીજાને ઘણી વાર મળતા, અને મને એની ઘરની જિંદગીનો ઠીક ઠીક ખ્યાલ આવી ગયો હતો. એ જ પુરાણી કહાણી: ડ્રેસિંગ ગાઉન, માથે ટોપી, બારીઓ બંધ, બારણે સાંકળ ને આંગળો, અંકુશો અને મનાઈઓની લાંબી યાદી, અને એ જ ગાણું — આશા રાખીએ કે આનો અંજામ બૂરો ન આવે! માંસ વગરનો ખોરાક એને માફક ન આવતો, પણ એનાથી માંસ તો ખવાય નહિ, ખાય તો લોકોમાં વાતો થાય કે બેલિકોવ ઉપવાસના ધાર્મિક રીતરિવાજ નથી પાળતો. એટલે એ માખણમાં તળેલી માછલી ખાતો — તેને ઉપવાસ તો ન કહેવાય પણ માંસ ખાધું છે એમ પણ ન કહેવાય. લોકો 'મનગમતા ખ્યાલો' બાંધી લે એવી બીકે એ કદી બાઈઓને કામે ન રાખતો પણ એણે એક પુરુષ રસોઇયો રાખ્યો હતો — અફાનાસી, લગભગ

સાઠ વરસનો ડોસો, દારૂડિયો ને ઘેલો. ડોસાએ જિંદગીમાં ક્યારેક કોઈ લશ્કરી અફસરની નોકરી કરેલી એટલે એને રાંધતાં આવડતું હતું. અફાનાસી ઘણી વાર બહાર બારણા પાસે અદબ વાળીને ઊભો ઊભો ઊંડા નિસાસા નાખતો એકની એક વાત ફરી ફરીને દોહરાવતો નજરે પડતો:

"'આજકાલ તો આવા બહુ ભેટી જાય છે!'

"બેલિકોવનો નાનકડો શયનખંડ પટારા જેવો હતો, અને એના પલંગમાં છત્રી જડેલી હતી. નીંદરમાં પડી જતાં પહેલાં તે હંમેશાં માથે ઓઢી લેતો. ઓરડામાં ગરમી ને બફારો થતાં. પવન બંધ બારણાં ઉપર ઝપાટા લગાવતો રહેતો અને ધુમાડિયામાં સુસવાટા કરતો રહેતો; રસોડામાંથી જાણે નિસાસા, અમંગળ નિસાસા, સંભળાતા રહેતા...

"અને એ ધાબળો ઓઢીને ધ્રૂજતો પડી રહેતો. એને બીક લાગતી કે કશીક આફત તૂટી પડવાની છે, અફાનાસી મારું ખૂન કરી નાખશે, ઘરમાં ચોર ઘૂસી આવશે. એને સ્વપ્નમાંયે એવી બીકના હાઉ સતાવતા રહેતા. સવારે અમે ભેગા નિશાળ તરફ જઈએ ત્યારે એનો ચહેરો હંમેશાં ફિક્કો ને નીંદરઘેરો રહેતો. સાફ વરતાઈ આવતું કે દરેક ડગલે નજીક આવી રહેલી અને માનવજીવનથી છલકાતી નિશાળનો ખ્યાલ જ એને અણગમતો અને ત્રાસદાયક લાગતો હતો, અને સ્વભાવે જ એકાંતવાસી એ આદમીને મારી જોડે ચાલવું પડે એવી હાલત નાપસંદ હતી.

"'વર્ગમાં એટલો બધો શોર મચાવે છે કે બસ,' એ કહેતો, જાણે કેમ પોતાના દિલ ઉપર લદાયેલા ભારનો ખુલાસો ગોતવાની કોશિશ કરતો હોય. 'એકદમ નામોશીભર્યું વર્તન કરે છે.'

"અને તમે કલ્પના કરી શકો છો કે ગ્રીક ભાષાનો એવો શિક્ષક, શંખજીવી કરચલો, એક વાર લગભગ પરણી ગયેલો?"

ઈવાન ઈવાનિચે પોતાનું મોં એકદમ એકઢાળિયા તરફ ફેરવી દીધું.

"હોય નહિ!" તે બોલી ઊઠયો.

"હા, વાત વિચિત્ર લાગે એવી તો છે, પણ લગભગ પરણી ગયેલો. ઈતિહાસ અને ભૂગોળનો એક નવો શિક્ષક અમને મોકલવામાં આવેલો. એનું નામ હતું કોવાલેન્કો, મિખાઈલ સાવ્વિચ. ઉક્રાઈની હતો. એની બહેન વાર્યાને ભેગી લઈ આવેલો. આદમી જુવાન, ઊંચો, અને ઘેરા વાને હતો. એના હાથ બહુ મોટા હતા, અને ચહેરો એવો કે ઊંડા અવાજ ભેગો જ મેળ ખાય. ખરું પૂછો તો એનો અવાજ જાણે પીપડામાંથી નીકળતો હોય એવો ઊંડો ને રણકતો હતો... બહેન બહુ જુવાન નહોતી, ઉંમર ત્રીસની કે લગભગ એટલી હશે—ઊંચી પાતળી દેખાવડી કાયા, કાળાં ભવાં, રાતા રાતા ગાલ, ટૂંકામાં કહેવું હોય તો મધ જેવી મીઠી તરુણી હતી, ભારે ચપળ અને કંઈક ને કંઈક ધમાલ કરતી જ હોય, હરદમ ઉક્રાઈની ગીતો ગાતી હોય, જ્યારે જુઓ ત્યારે હસતી હોય. જરાક સરખુંયે બહાનું મળે કે તરત જ ખડખડાટ હસી પડે! એ ભાઈબહેનની જોડે અમારો પહેલો ખરો પરિચય, મારી ભૂલ ન થતી હોય તો, અમારા હેડમાસ્તરના નામકરણની જયંતીના સમારંભમાં થયેલો. ગંભીર, રૂઢિપરાયણ, નીરસ શિક્ષકોની વચ્ચે અચાનક જ જાણે ફીણના ગોટાઓમાંથી નવલી રતિદેવી ફૂટી નીકળી; કમ્મરે હાથ ટેકવીને ચાલતી, હસતી, ગાતી, નાચતી રમણી સાકાર થઈ ગઈ... એણે 'વાય છે રે વાયરા...'નું ગીત

ખૂબ જ લાગણીભર્યા અવાજે ગાયું, પછી બીજું ગીત ગાયું, પછી ત્રીજું... અમે સૌ મોહિત થઈ ગયા, બેલિકોવ પણ મુગ્ધ થઈ ગયો. એ વાર્યાની બાજુમાં બેઠો હતો, અને એણે મધઝરતો મલકાટ કરીને કહ્યું:

"'ઉક્રાઈની વાણીની મધુરતા અને આહ્લાદક ગુંજન પ્રાચીન ગ્રીક ભાષાની યાદ તાજી કરાવે છે.'

"બાનુ ખુશખુશ થઈ ગઈ અને ખરી લાગણીથી છલકાતા શબ્દોમાં એને ગાદ્યાચી ઉયેઝ્દની પોતાની વાડીની વાત કરવા લાગી—મારી મા ત્યાં રહે છે, અને અમારી વાડીમાં તરેહવાર ફળો, તરબુચ, અને કોળાંની રેલમછેલ રહે છે! કોળાને ઉક્રાઈની ભાષામાં મજ્જા કહે છે, અને બીજા થોડાક ભાજીપાલા ભેગો એનો સૂપ એવો લહેજતદાર બને કે બસ!

"અમે સૌ એને ઘેરીને બેઠા બેઠા વાતો સાંભળી રહ્યા હતા, અને અમારાં સૌનાં મનમાં એકસરખો ખ્યાલ ઝબકી ગયો.

"'આ બેય પરણી જાય તો શું ખોટું?' હેડમાસ્તરની વહુએ હળવા અવાજે મને કહ્યું.

"કોણ જાણે કેમ પણ સૌને એકાએક ભાન થયું કે આપણો બેલિકોવ તો કુંવારો છે, અને અમે વિચારમાં પડી ગયા કે એની જિંદગીની એટલી બધી મહત્ત્વની વિગત સાવ અમારા ધ્યાન બહાર કેવી રીતે રહી ગઈ હશે, અને તેને વિશે અમે ક્યારેય વાતચીત કેમ નહિ કરી હોય. સ્ત્રીઓની બાબતમાં એનું વલણ કેવું હશે? એના અંગત જીવનની એ પ્રાણભૂત સમસ્યા એણે કેવી રીતે ઉકેલી હશે? અમે તેને વિશે અગાઉ કદી વિચાર નહોતો કર્યો. અમારામાંથી કોઈ એવો ખ્યાલ કદાચ મનમાં આણી જ નહોતું શક્યું કે આખું વરસ રબરના મોટા બૂટ પહેરનારો અને છત્રીવાળા પલંગમાં સૂનારો માણસ પ્રેમસુખ માણવા શકિતમાન હોય.

"'આને ચાળીસ ક્યારનાં થઈ ગયાં છે, અને પેલી ત્રીસની છે...' હેડમાસ્તરની વહુ આગળ બોલી. 'મને લાગે છે કે બેલિકોવને પરણવા તૈયાર થઈ જશે.'

"પ્રાંતોમાં માણસ નર્યા કંટાળાને લીધે કેવાં કેવાં બેહૂદાં ને વાહિયાત કામ કરતો હોય છે! અને કારણ એટલું જ કે જે કરવું જોઈએ તે કદી કરવામાં નથી આવતું. જેને પરણેલા આદમી તરીકે કોઈ કલ્પી જ ન શકે એવા બેલિકોવને પરણાવી દેવાની મંછા અમારાં મનમાં કેમ પેદા થઈ હશે? હેડમાસ્તરની વહુ, ઈન્સ્પેક્ટરની વહુ, અને શાળા જોડે કંઈ પણ સંબંધ ધરાવતી બધી બાઈઓ રંગમાં આવી ગઈ અને ખરેખર વધારે રૂપાળી બની ગઈ, જાણે કેમ એમને આખરે જીવનનું ધ્યેય સાંપડી ગયું હોય. હેડમાસ્તરની વહુએ થિયેટરમાં બૉક્સ રાખ્યું, અને બૉક્સમાં નજરે પડે મોટો પંખો હલાવીને હવા ખાતી પ્રફુલ્લિત ખુશાલ વાર્યા, અને એની બાજુમાં ઠીંગણો બેલિકોવ કોકડું વળીને બેઠો હોય, જાણે કેમ એને ચીપિયા વડે પકડીને એના ખંડમાંથી બહાર ખેંચી કાઢવામાં આવ્યો હોય. મેં મારે ત્યાં મેળાવડો રાખેલો, અને બધી બાનુઓએ આગ્રહ કર્યો કે મારે બેલિકોવ અને વાર્યાને પણ આમંત્રણ મોકલવું. સો વાતની એક વાત કે ચક્કર ફરતું થઈ ગયું. અમને લાગ્યું કે શાદીનો ખ્યાલ વાર્યાને જરાય અણગમતો નથી. ભાઈ જોડેની એની જિંદગી બહુ સુખી નહોતી, બેઉ આખો દિવસ જીભાજોડી કરતાં રહેતાં અને એકબીજાની ઉપર ખિજાતાં રહેતાં. એમની જિંદગીની ઘટમાળનો એક લાક્ષણિક દાખલો આપું: ઊંચો ને કદાવર કોવાલેન્કો રુઆબથી ચાલતો રસ્તે જતો હોય, એણે ગૂંથેલું શર્ટ પહેર્યું હોય, ટોપી નીચે દબાતું રહી ગયેલું એક જુલફું એની ભમ્મર પર લટકી રહ્યું હોય, એના એક હાથમાં પુસ્તકોનું બંડલ હોય અને

બીજા હાથમાં ચાલવાની ગાંઠાદાર છડી હોય. એની પાછળ પાછળ બહેન પણ હાથમાં ચોપડીઓ લઈને જતી હોય.

"'પણ મીશા, તેં નથી વાંચી!' બહેન ઘાંટો પાડે. 'હું કહું છું કે તેં નથી વાંચી, મને પાકી ખાતરી છે કે તેં નથી વાંચી!'

"'અને હું કહું છું કે મેં વાંચી છે!' કોવાલેન્કો ફૂટપાથ ઉપર છડી ઠોકતો વળતો ઘાંટો પાડે.

"'ખુદા ખેર કરે! મીશા! આટલો બધો ખિજાઈ કેમ જાય છે? વાત તો આખર એટલી જ છે કે તેં વાંચી છે યા નહિ!'

"'પણ મેં તને કહી દીધું કે મેં ચોક્કસ વાંચી જ છે!' કોવાલેન્કો વધારે જોરથી ઘાંટો પાડે.

"અને ઘેર કોઈ મળવા આવે ત્યારે પણ બેઉની વચ્ચે એવી જ જીભાજોડી થતી. વાર્યા એવી જિંદગીથી કંટાળી જ ગઈ હોય અને એને પોતાના સ્વતંત્ર ઘરનો તલસાટ હોય જ. વળી ઉંમરની વાત—સરખી રીતે જોઈને ગમતો આદમી પસંદ કરવાનો વખત તો હવે હતો જ નહિ, છોકરી ગમે તેને, ગ્રીક ભાષાનો શિક્ષક હોય તોયે, પરણવા રાજી થઈ જાય એમ હતી. અને આપણી છોકરીઓની બાબતમાં એવું જ હોય છે—ખાલી પરણવા ખાતર જ ગમે તેને પરણી જાય. એ તો જાણે ભલે જેમ હોય તેમ, પણ વાર્યાને અમારો બેલિકોવ ગમવા લાગ્યો હોય એમ સાફ જણાઈ આવતું હતું.

"અને બેલિકોવ? એ તો જેવી રીતે અમને સૌને મળવા આવતો એવી જ રીતે કોવાલેન્કોને ઘેર પણ જતો. મળવા જાય અને કંઈ બોલ્યા વગર બેઠો રહે. એ મૂંગો મૂંગો બેઠો

હોય અને વાર્યા પોતાની ઘેરી આંખોની મીટ એની ઉપર માંડીને ‘વાય છે રે વાયરા...’નું ગીત ગાય અથવા એની ટેવ મુજબ અચાનક જ ખડખડાટ હસી પડે.

“પ્યારના મામલાઓમાં, અને ખાસ કરીને શાદીની બાબતમાં, સલાહની અસર બહુ જોરદાર પડતી હોય છે. સૌ—ભેગા કામ કરનારાઓ તેમ જ બાનુઓ—બેલિકોવને ખાતરીબંધ સલાહ આપવા લાગ્યા કે તમારે શાદી કરી જ લેવી જોઈએ, હવે તમારી જિંદગીમાં શાદી કરવા સિવાય બીજું કંઈ બાકી રહ્યું જ નથી. અમે સૌએ એને મુબારકબાદ આપી, અને ચહેરા ગંભીર બનાવીને એવી મતલબના તરેહવાર ચવાયેલા શબ્દો દોહરાવ્યા કે શાદી તો જિંદગીનું ગંભીર કદમ ગણાય, વગેરે. વળી અમે કહ્યું કે વારેન્કા બદસૂરત તો કોઈ રીતે નથી જ, ઊલટાની રૂપાળી ગણાવી શકાય એવી છે, રાજ્યના સલાહકારની દીકરી છે, એને પોતાની વાડી છે, અને સૌથી વધારે મહત્ત્વની વાત એ કે તમારી જોડે હેતાળ વર્તન કરનારી પહેલી જ ઓરત છે. એટલે એના માથામાં ભૂસું ભરાઈ ગયું અને એની પરણવાની ફરજ એના મગજમાં બરાબર બેસી ગઈ.”

“એની છત્રી અને રબરના બૂટની ટેવ છોડાવી દેવાનો ખરો મોકો!” ઈવાન ઈવાનિચે ટકોર કરી.

“ના, ભાઈ, ના, એ તો અશક્ય જ હતું! એણે વારેન્કાની છબી પોતાના ટેબલ પર ગોઠવી દીધી, વારંવાર મારી પાસે આવીને વારેન્કાની તેમ જ કુટુંબ જીવનની અને શાદીના પગલાની ગંભીરતાની વાતો કરતો, ઘણી વાર કોવાલેન્કોને ઘેર જતો, પણ એની જિંદગીની રીતમાં જરાય ફેર ન પડ્યો. એથી ઊલટું, એની ઉપર શાદીના ફેંસલાની જાણે માઠી અસર પડી, એ દૂબળો થઈ ગયો, એનો ચહેરો

ફિક્કો પડી ગયો, અને એ જાણે પોતાના ખોખાની અંદર વધારે સંકોડાઈને લપાઈ ગયો.

"'વર્વારા સાવ્વિશના મને ગમે છે,' એણે આછો ખંધો મલકાટ કરીને મને કહ્યું, 'અને એ વાતેય ખરી કે દરેક આદમીએ શાદી કરી લેવી જોઈએ, પણ... જુઓ ને, આ બધું એટલું અણધાર્યું છે... બરાબર વિચાર કરી લેવો જોઈએ...'

"'એમાં વિચાર કરવાનું તે વળી શું છે?' મેં જવાબમાં કહ્યું. 'શાદી કરી લો, બસ.'

"'ના, શાદી તો ગંભીર કદમ ગણાય, ભવિષ્યની ફરજો અને જવાબદારીઓને પહેલાં સરખી રીતે સમજી લેવી જોઈએ... જેથી કશો બૂરો અંજામ ન આવે... મને બહુ ફિકર થાય છે, રાતે નીંદર નથી આવતી. ખરું કહું તો મને જાણે બીક લાગે છે—એની ને એના ભાઈની વિચાર કરવાની રીત વિચિત્ર છે, એમનો દૃષ્ટિકોણ અજબ છે, સમજ્યા ને, અને પાછી બહુ લહેરી છે. ધારો કે શાદી કરી લઉં અને કશાક લફરામાં અટવાઈ જાઉં તો...'

"અને વાર્યાના હાથની માગણી કરવાનું એ મોકૂફ રાખતો ગયો, રોજ રોજ મોકૂફ રાખતો ગયો, હેડમાસ્તરની વહુને અને બીજી બાઈઓને ભારે નાઉમેદી થઈ. એ ભવિષ્યની ફરજો અને જવાબદારીઓને સરખી રીતે સમજી લેવાની કોશિશ કરતો રહ્યો, લગભગ દરરોજ વારેન્કાની જોડે ફરવા જતો—કદાચ સંજોગોમાં એમ કરવાનું જરૂરી ગણીને—અને મારી પાસે આવીને કુટુંબ જીવનનાં તમામ પાસાંની ચર્ચા કરતો. પૂરો સંભવ હતો કે એણે અંતે વાર્યાના હાથની માગણી કરી હોત અને મૂઢતાભરી બિનજરૂરી શાદીઓમાં એકનો ઉમેરો થઈ ગયો હોત. નર્યા કંટાળાને લીધે અને

બહેતર કંઈ જ કરવાનું ન હોવાને કારણે એવી શાદીઓ હજારોની સંખ્યામાં થતી જ રહે છે. પણ અચાનક ભયંકર કજિયો થઈ ગયો અને પરિણામે બધું ઊંધુંચત્તું થઈ ગયું. હું તમને જણાવી દઉં કે વારેન્કાના ભાઈ કોવાલેન્કોને બેલિકોવ જોડે ઓળખાણના પહેલા દિવસથી જ એની તરફ નફરત થઈ ગઈ હતી અને બેલિકોવની સૂરત જ એ નહોતો સાંખી શકતો.

"'મને તો સમજાતું જ નથી,' એ ખભા ઉલાળીને કહેતો, 'કે એ પામર જીવડાને, બેવકૂફને, તમે લોકો સાંખી જ કેવી રીતે લો છો? ભલા સજ્જનો, તમે અહીંયાં રહી જ કેવી રીતે શકો છો? વાતાવરણ ગૂંગળાવી નાખે એવું છે, જાણે ઝેર ભરેલું છે. તમે પોતાને શિક્ષકો, કેળવણીકારો, કહેવડાવો છો, ખરું ને? પણ તમે તો પદલોલુપ માણસોની ટોળકી જ છો, બીજું કંઈ નહિ. તમારી શાળા વિજ્ઞાનનું મંદિર નથી પણ સખાવતી સંસ્થા છે, એમાંથી તો પોલીસની ચોકીની જેમ મંદવાડની ગંધ આવે છે. ના, દોસ્તો, હું અહીંયાં તમારી ભેગો ઝાઝું નથી રહેવાનો, હું તો પાછો મારી વાડીએ જતો રહીશ, ત્યાં માછલાં પકડવાની મઝા માણીશ અને ઉક્રાઈની જુવાનિયાઓને ભણાવીશ. હા, હું તો જતો રહેવાનો, તમે રહેજો તમારા આ વિશ્વાસઘાતી ભેગા, દોજખમાં જાય કાળમુખો!'

"બીજી કોઈ વેળાએ એ પહેલાં ઊંડા ઘોઘરા અવાજે અને પછી તીણા અવાજે ખડખડાટ હસવા લાગતો, એટલું હસતો કે આંખોમાં પાણી છલકાવા લાગે.

"'આ અહીંયાં કેમ બેઠો છે? એને આખર શું જોઈએ છે—બેઠો છે ને આંખો ફાડીને તાકતો રહે છે!'

"એણે પોતાના તરફથી બેલિકોવનું ખાસ નામ પાડેલું: વાગોળ-કરોળિયો.

"એની બહેન બેલિકોવને પરણવાની તૈયારીમાં હતી એ વાત અમે સ્વાભાવિક રીતે જ કહેતા નહિ. હેડમાસ્તરની વહુએ એક વાર વાત વાતમાં ઈશારો કરતાં એને કહ્યું કે તમારી બહેન બેલિકોવ જેવા ખમતીધર અને મોભાદાર આદમી જોડે ઠરીઠામ થઈ જાય તો બહુ મઝાનું. સાંભળીને કોવાલેન્કો ભવાં સંકોડતો બોલ્યો:

"'મારે એ વાતની જોડે કંઈ સંબંધ નથી. એને ગમે તો ભલે કોઈ સાપનેય પરણી જાય, મને કશી પરવા નથી. હું બીજા માણસોના મામલામાં ડખલ નથી કરતો.'

"હવે સાંભળો કે આગળ જતાં શું થયું. કોઈ મશ્કરાએ ઠઠ્ઠાચિત્ર દોર્યું: બેલિકોવે રબરના ઊંચા બૂટ પહેર્યા છે, એના પાટલૂનના પાયચા નીચેથી વાળેલા છે, હાથમાં ઉઘાડી છત્રી છે, વાર્યા એના હાથમાં હાથ પરોવીને ઊભી છે. ચિત્રની નીચે લખેલું હતું: 'પ્રેમઘેલો આદિમાનવ'. એના ચહેરા ઉપરના ભાવ એકદમ જીવંત હતા. કલાકારે કેટલીય રાત સખત મહેનત કરી હશે કારણ કે છોકરાઓની નિશાળના તથા કન્યાશાળાના તેમ જ ધાર્મિક શાળાના શિક્ષકોને અને શહેરના તમામ અમલદારોને ચિત્રની નકલ મોકલવામાં આવી હતી. બેલિકોવને પણ એક નકલ મળેલી. એના મન ઉપર ઠઠ્ઠાચિત્રની બહુ જ હતાશાજનક અસર પડેલી.

"એક દિવસ અમે ભેગા બહાર નીકળ્યા. મે માસની પહેલી તારીખ હતી અને રવિવાર હતો. બધા શિક્ષકો અને તમામ વિદ્યાર્થીઓ નિશાળના ચોગાનમાં ભેગા થઈને શહેરની બહાર વનમાં સહેલ કરવા જવાના હતા—અમે બહાર નીકળ્યા. એ રાતોપીળો થઈ ગયેલો હતો. એનો મિજાજ સાતમે આસમાને ચડી ગયેલો હતો.

"'દુનિયામાં કેવા ઘાતકી ઝેરીલા માણસો હોય છે,' એ કંપતા હોઠે બોલ્યો.

"મને એની બહુ જ દયા આવી. અમે જઈ રહ્યા હતા એટલામાં બીજું કોઈ નહિ ને કોવાલેન્કો સાઇકલ દોડાવતો નજરે પડયો. એની પાછળ પાછળ વારેન્કા પણ સાઈકલ દોડાવતી પસાર થઈ ગઈ. એ હાંફી રહી હતી, એનું મોં રાતું ગતું થઈ ગયેલું હતું, અને ખૂબ લહેરમાં ને ખુશ દેખાતી હતી.

"'અમે સૌથી પહેલાં પહોંચી જવાનાં!' એ સાદ પાડતી બોલી. 'કેવો મઝાનો દિવસ છે, નહિ? અદ્‌ભુત!'

"બેઉ થોડી વારમાં જ દેખાનાં બંધ થઈ ગયાં. અમારો બેલિકોવ હવે રાતોપીળો નહોતો રહ્યો પણ પૂણી જેવો ધોળો પડી ગયો હતો, એની બોલતી બંધ થઈ ગઈ હતી. એ ઊભો રહી ગયો અને મારી સામે તાકીને જોવા લાગ્યો.

"'આનો શો અર્થ?' એણે પૂછ્યું. 'કે પછી મારી આંખો મને છેતરી રહી હશે? શાળાના શિક્ષકો અને બાઈઓ આમ સાઈકલ દોડાવતાં નીકળે એ શું ઠીક ગણાય?'

"'એમાં અજુગતું તો કંઈ નથી,' મેં કહ્યું. 'સાઈકલ ચલાવવામાં શું ખોટું છે?'

"'અજુગતું કેમ નથી?' એ બોલી ઊઠયો. 'તમારાથી આમ કહેવાય જ કેવી રીતે?'

"એને બહુ ભયંકર આઘાત લાગ્યો હતો. આગળ જવાનો ઇનકાર કરીને એ ઘર તરફ પાછો વળી ગયો.

"બીજે દિવસે એ બધો વખત પંજા મસળતો અને વારંવાર ચોંકી જતો રહ્યો. સાફ વરતાઈ આવતું હતું કે એની તબિયત બગડી ગઈ હતી. નિશાળનો સમય પૂરો થતાં પહેલાં જ એ ઘેર ચાલ્યો ગયો—એણે અગાઉ ક્યારેય એમ કર્યું

નહોતું. બપોરે જમ્યો પણ નહિ. સાંજ પડવા આવી ત્યારે ઉનાળાની ખરી ગરમી હોવા છતાં ગરમ કપડાં પહેરીને એ કોવાલેન્કોને ત્યાં જવા નીકળી પડયો. વારેન્કા ઘેર નહોતી પણ ભાઈ ઘરમાં જ હતો.

"'બેસો,' કોવાલેન્કો લાગણી વગરના ટાઢા અવાજે બોલ્યો. એનાં ભવાં સંકોડાઈ ગયેલાં હતાં. બપોરે આરામ કરીને એ હમણાં જ ઊઠયો હતો. એની આંખોમાં હજી નીંદરનો ભાર હતો, અને એનો મિજાજ બગડેલો હતો.

"બેલિકોવ લગભગ દસ મિનિટ મૂંગો બેસી રહ્યો અને પછી એણે બોલવાનું શરૂ કર્યું:

"'હું મારું મન હળવું કરવા આવ્યો છું. મને બહુ સંતાપ થયો છે. કોઈ બેશરમી મશ્કરાએ એક ચિત્ર બનાવ્યું છે અને એમાં મારી તેમ જ આપણ બેઉને વહાલી બીજી એક વ્યકિતની ઠેકડી ઉડાડી છે. હું મારી ફરજ સમજીને તમને ખાતરી આપું છું કે એમાં મારો વાંક નથી. મારા તરફથી એવી ઠેકડીનાં કશાં જ કારણો નથી આપવામાં આવ્યાં. એથી ઊલટું, મારું વર્તન તો બધો વખત ખરા સજ્જનને છાજે એવું જ રહ્યું છે.'

"કોવાલેન્કો નીચે જોઈને મૂંગો બેઠો રહ્યો. બેલિકોવ થોડીક વાર થંભીને પાછો ધીમા ગમગીન અવાજે બોલવા લાગ્યો:

"'મારે એક બીજી વાત પણ તમને કહેવાની છે. હું જૂનો અનુભવી શિક્ષક છું અને તમારી કારકિર્દીની હજી શરૂઆત જ છે. મારી ફરજ છે કે મોટેરા સાથી તરીકે હું તમને ચેતવી દઉં. તમે સાઈકલ દોડાવતા ફરો છો પણ નાની પેઢીને કેળવણી આપવાની જવાબદારી ધરાવતા માણસ માટે તો એવી મોજ એકદમ ખોટી ગણાય.'

"'કેમ?' કોવાલેન્કોએ ઊંડા ઘોઘરા અવાજે પૂછ્યું.

"'એ સમજાવવાની જરૂર છે ખરી, મિખાઈલ સાવ્વિચ? વાત સાવ સાફ નથી શું? શિક્ષકો સાઇકલ દોડાવતા ફરે તો પછી વિદ્યાર્થીઓ શું ન કરે? ઊંધે માથે ચાલવાનું જ શરૂ કરી દે ને? વળી સાઇકલ ચલાવવાની પરવાનગી ઉપરથી નથી આવી એટલે એવી મોજ અજુગતી જ ગણાય. ગઈકાલે હું તો આભો જ બની ગયેલો! તમારાં બહેનને સાઇકલ પર જોયાં ત્યારે હું તો લગભગ બેભાન બની ગયેલો. જુવાન બાનુ સાઇકલ દોડાવે—ભયંકર વાત!'

"'તમે કહેવા શું માગો છો?'

"'હું તો તમને ખાલી ચેતવણી આપું છું, મિખાઈલ સાવ્વિચ. તમે જુવાન છો, તમારી તો હજી આખી જિંદગી સામે પડી છે, તમારે બહુ બહુ સાવચેત રહેવું જોઈએ, પણ તમે એટલા બધા બેપરવા છો કે બસ, બેહદ બેપરવા છો! તમે ગૂંથેલું શર્ટ પહેરો છો, તરેહવાર ચોપડીઓ લઈને રસ્તે જતા નજરે પડો છો, અને હવે આ સાઇકલ! તમે ને તમારાં બહેન સાઇકલ દોડાવો છો એની ખબર હેડમાસ્તરને પડશે, વાત પેટ્રનને કાને પહોંચશે... અને એમાં સારાવાટ નથી.'

"'હું ને મારી બહેન સાઇકલ દોડાવીએ કે નહિ એની સાથે બીજા કોઈને કંઈ જ સંબંધ નથી!' કોવાલેન્કો બોલ્યો. એનું મોં રાતુંચોળ થઈ ગયું. 'અને મારા ઘરની અને કુટુંબની બાબતોમાં માથું મારનારા બધાય દોજખમાં જાય.'

"બેલિકોવનો ચહેરો ફિક્કો પડી ગયો. એ ઊભો થઈ ગયો.

"'તમે મારી જોડે આવી રીતે વાત કરો છો એટલે હવે મારાથી વધુ કંઈ કહેવાય જ નહિ,' એ બોલ્યો. 'અને હું તમને અરજ કરું છું કે મારી હાજરીમાં આપણા ઉપરીઓ

વિશે જે કંઈ બોલો તે બરાબર ધ્યાન રાખીને બોલો. ઉપરી અમલદારો તરફ હંમેશાં અદબથી વર્તવું જોઈએ.'

"'પણ મેં ઉપરી અમલદારો વિશે અજુગતું કંઈ કહ્યું છે ખરું?' કોવાલેન્કોએ પૂછ્યું. એની નજરમાં ધિક્કાર છલકાઈ રહ્યો હતો. 'મહેરબાની કરીને મને નિરાંતે જીવવા દો. હું ઈમાનદાર આદમી છું, અને તમારા જેવા માણસને મારે કંઈ કહેવાનું હોય જ નહિ. મને સાપ જોઈને નફરત છૂટે છે.'

"બેલિકોવ અકળાઈ ગયો અને ઉતાવળમાં કોટ પહેરવા લાગ્યો. એના ચહેરા ઉપર સખત અણગમાના ભાવ છવાઈ ગયા હતા. એની આખી જિંદગીમાં કોઈએ એની જોડે એટલી ગુસ્તાખીથી ક્યારેય વાત નહોતી કરી.

"'તમને ફાવે એમ બોલી શકો છો', દાદરા તરફ જતાં જતાં એ બોલ્યો, 'પણ મારે તમને ચેતવવા જ જોઈએ. આપણી વાતચીત કદાચ કોઈ સાંભળી ગયું હોય, એટલ એનો ખોટો અહેવાલ અને માઠાં પરિણામ અટકાવવા ખાતર મારે આપણી વાતચીતનો ટૂંકો રિપોર્ટ હેડમાસ્તરને આપવો પડશે... એટલે એમ કે ખાસ ખાસ મુદ્દાઓ. એટલું તો મારે કરવું જ પડે.'

"'શું? રિપોર્ટ? તો જા, જઈને રિપોર્ટ કરી દે!'

"કોવાલેન્કોએ એને કૉલર પકડીને ધક્કો માર્યો. બેલિકોવ દાદરા પર ગબડતો નીચે જવા લાગ્યો, એના રબરના બૂટ પગથિયાં જોડે અફળાઈ રહ્યા હતા. દાદરો સીધો અને લાંબો હતો, પણ એ કશી ઈજા વગર નીચે પહોંચી ગયો. ઊભો થતાં જ એણે ચશ્માંની સલામતીની ખાતરી કરવા નાકે હાથ અડાડયો. પણ એ પગથિયાં પર ગબડી રહ્યો હતો ત્યારે વારેન્કા આંગણમાં દાખલ થઈ. એની જોડે બીજી બે બાનુઓ

હતી. ત્રણેય બાઈઓ દાદરાને નીચલે છેડે ઊભી ઊભી એને ગબડતો જોતી રહી—અને બેલિકોવની વિપદામાં એ બાબત સૌથી મોટી હતી. એવી હાસ્યાસ્પદ હાલતમાં નજરે પડવા કરતાં તો એની ગરદન અને બેઉ પગ ભાંગી ગયા હોત તોયે એને ઓછું દુ:ખ થયું હોત. હવે આખા શહેરમાં વાત ફેલાઈ જશે, હેડમાસ્તરને જણાવવામાં આવશે, ઘણું કરીને પેટ્રનને પણ વાત પહોંચી જ જવાની. કોને ખબર છે કે એનો અંજામ કેવો આવશે! કોઈને વળી નવું ઠઠ્ઠાચિત્ર દોરવાની ગમ્મત સૂઝે, અને એમ થાય તો તો રાજીનામું જ આપી દેવું પડે...

"એ ઊભો થયો એટલે વાર્યાએ એને ઓળખી લીધો અને એનો હાસ્યાસ્પદ ચહેરો, ચોળાઈ ગયેલો કોટ, તથા રબરના બૂટ જોતાં જ, શું થયું છે એનો જરાક સરખોયે ખ્યાલ ન હોવા છતાં પણ પગ લપસી ગયો હશે એમ માની લઈને, એ હસવું ખાળી શકી નહિ અને 'ખી... ખી... ખી...' કરતી ખડખડાટ હસી પડી.

"એ ખુશાલ રણકતા 'ખી... ખી...'એ દાટ વાળી નાખ્યો. બેલિકોવના સંવનનનો અને પાર્થિવ અસ્તિત્વનો અંત આવી ગયો. એણે વારેન્કાને ફરી જોઈ નહિ. ઘેર પહોંચીને એણે પહેલું કામ ટેબલ ઉપરથી વારેન્કાની છબી હાથમાં લઈ લેવાનું કર્યું, પછી એ પલંગમાં લાંબો થઈ ગયો. છબી એણે ક્યારેય પોતાનાથી અળગી ન કરી.

"ત્રણ દિવસ પછી અફાનાસીએ આવીને મને જણાવ્યું કે માલિકનું વર્તન બહુ અજબ થઈ ગયું છે, અને એણે મને પૂછ્યું કે ડૉક્ટરને બોલાવવો કે નહિ. હું બેલિકોવને જોવા ગયો. એ છત્રીવાળા પલંગમાં ધાબળો ઓઢીને ચુપચાપ પડયો હતો. મારા સવાલોના એણે એકાક્ષરી 'હા' કે 'ના'

જવાબ આપ્યા, વધુ કંઈ કહ્યું નહિ. એ પલંગમાં સૂતો હતો, અને ગમગીન અફાનાસી ભવાં સંકોડીને ઊંડા નિસાસા નાખતો પલંગ ફરતે આંટા મારી રહ્યો હતો. એના મોંમાંથી દારૂની પીઠા જેવી ગંધ આવી રહી હતી.

"એક મહિના પછી બેલિકોવ મરી ગયો. સૌ—એટલે બેઉ નિશાળો તથા ધાર્મિક શાળાના માણસો—એના મૈયતમાં ગયા હતા. એ કફનપેટીમાં પડયો હતો ત્યારે એના ચહેરા ઉપર મૃદુ, સુખમય, અને આનંદનાયે ગણાય એવા ભાવ છવાયેલા હતા, જાણે કેમ એને ભવિષ્યમાં કદી છોડવું જ ન પડે એવા ખોખામાં આખરે મુકાઈ જવાની બહુ જ ખુશી થઈ હોય. હા, એણે એનો આદર્શ સિદ્ધ કરી લીધો હતો! જાણે કેમ એના માનમાં વાદળો છવાયેલાં હતાં, વરસાદ પડી રહ્યો હતો, અને અમે સૌ રબરના બૂટ પહેરીને તેમ જ હાથમાં છત્રી લઈને નીકળ્યા હતા. વાર્યા પણ મૈયતમાં આવી હતી, અને કફનપેટીને કબરમાં ઉતારવામાં આવી ત્યારે એની આંખોમાંથી આંસુ ખરી પડયાં. મેં જોયું છે કે ઉક્રાઈની સ્ત્રીઓ કાં તો હસે અથવા રડે, એમને વચ્ચેના કોઈ મનોભાવ ન થાય.

"મારે એકરાર કરવો જ જોઈએ કે બેલિકોવ જેવા માણસોને દફનાવવાની બાબત ભારે ખુશીની હોય છે. પણ અમે કબ્રસ્તાનમાંથી પાછા ફર્યા ત્યારે અમારા ચહેરા ઉદાસ અને જાણે ઉપવાસી જેવા હતા, અમારામાંથી કોઈ પોતાની રાહતની લાગણી જાહેર કરવા તૈયાર નહોતું, લાંબા વખત પહેલાં નાનપણમાં મોટેરાંઓ ચાલ્યાં જાય ત્યાર પછી બગીચામાં દોડાદોડી કરતી વેળા અને પૂરી આઝાદીની લાગણી અનુભવતી વેળા અમને થતી એવી રાહતની લાગણી જાહેર કરવા કોઈ તૈયાર નહોતું. આહ! આઝાદી! એના જરાક સરખા

અણસારાથી કે એને સાધી લેવાની સાવ ઝાંખી આશાથી પણ જાણે આપણાં મનને પાંખો મળી જતી હોય છે, ખરું કે નહિ?

અમે કબ્રસ્તાનમાંથી ખુશમિજાજમાં પાછા ફર્યા. પણ માંડ એક અઠવાડિયું વીત્યું હશે એટલામાં રોજિંદી જિંદગી— બેનૂર, થકાવી નાખતી, નિરર્થક, જેની કોઈ ફતવામાં મનાઈ નહોતી કરવામાં આવી કે કોઈ ફતવામાં છૂટ નહોતી આપવામાં આવી એવી જિંદગી—પાછી અગાઉની જેમ ચાલુ થઈ ગઈ. અને હાલત અગાઉ કરતાં જરાય બહેતર નહોતી. વિચાર કરો તો અમે બેલિકોવને દફનાવી દીધો હોવા છતાં ખોખામાં જ ભરાઈ રહેતા પુષ્કળ માણસો હજી દુનિયામાં છે, અને એવા પુષ્કળ માણસો ભવિષ્યમાં જન્મ લેવાના જ છે."

"હા, ખરી વાત," ઈવાન ઈવાનિચ હોકલી સળગાવતો બોલ્યો.

"અને એવા પુષ્કળ માણસો ભવિષ્યમાં જન્મ લેવાના જ છે," બૂરકિને દોહરાવ્યું.

હાઈસ્કૂલનો શિક્ષક એકઢાળિયામાંથી બહાર નીકળ્યો. તે ઠીંગણો ને જાડિયો હતો, તેનું માથું સાવ ટાલિયું હતું, અને તેની લાંબી કાળી દાઢી લગભગ કમ્મર સુધી પહોંચી જતી હતી. તેની જોડે બે કૂતરા બહાર નીકળ્યા.

"ચાંદો કેવો મઝાનો છે!" તેણે ઉપર નજર નાખતાં પૂછ્યું.

મધરાત વીતી ગઈ હતી. જમણી તરફ આખું ગામ નજરે પડતું હતું, લાંબો માર્ગ દૂર દૂર સુધી પથરાયેલો હતો. બધું જાણે ઊંડી શાંત નીંદરમાં ગરકાવ હતું. ક્યાંય કશો અવાજ નહોતો થતો, ક્યાંય કશું હલતું નહોતું. કુદરત

આટલી શાંત હોઈ શકે એ વાત જાણે માન્યામાં જ નહોતી આવતી. આપણે ચાંદની રાતે ગામના પહોળા માર્ગ ઉપર, ઘરો ઉપર, ખડની ગંજીઓ ઉપર, અને હરિયાળી ઉપર નજર ફેરવીએ ત્યારે આપણાં મનમાં જાણે ઊંડી શાંતિ છવાઈ જાય છે. રાતના પડછાયાઓના રક્ષણમાં બધી મહેનત, ચિંતાઓ, અને દુ:ખથી મુક્ત સ્વસ્થ ગામ જાણે મૃદુ, ગમગીન, અને રમણીય લાગે છે, જાણે સિતારાઓ એની ઉપર મમતાભરી નજર નાખી રહ્યા હોય એમ લાગે છે, અને જાણે દુનિયામાં કશું અનિષ્ટ બાકી રહ્યું જ ન હોય, બધું કુશળ મંગળ હોય, એમ લાગે છે. ડાબી તરફ જ્યાં ગામ પૂરું થતું હતું ત્યાં ખેતરો ફેલાયેલાં હતાં, નજર દૂર દૂરનાં ખેતરો સુધી પહોંચી જતી હતી, છેક ક્ષિતિજ સુધી પહોંચી જતી હતી, ત્યાં પણ બધું નીરવ અને નિશ્ચલ હતું, અને અફાટ વિસ્તારમાં ચાંદની પથરાયેલી હતી.

"હા, ખરી વાત," ઈવાન ઈવાનિચે શબ્દો દોહરાવ્યા. "અને બફારાવાળી સાંકડી ઓરડીઓની આપણી શહેરી જિંદગી, આપણું નકામા કાગળોનું લેખન, પત્તાંની રમત, એવી જિંદગી પણ શું ખોખામાં ભરાઈ રહેવાની જિંદગી નથી? અને એ હકીકત પણ કે આપણે આપણી આખી જિંદગી આળસુઓ, કજિયાખોર ગમારો, અને મૂઢ એદી બૈરાંની વચ્ચે વિતાવી દઈએ છીએ, બકવાદ કરતા રહીએ છીએ અને બકવાદ સાંભળતા રહીએ છીએ—એ પણ શું ખોખામાં ભરાઈ રહેવાની જિંદગી નથી? તમે સાંભળવા તૈયાર હો તો હું તમને એક બહુ જ બોધપ્રદ કિસ્સો સંભળાવું..."

"ના, સૂવાનો વખત થઈ ગયો," બૂરકિને કહ્યું. "કાલે વાત."

તેઓ એકઢાળિયામાં જઈને સૂઈ ગયા. હુંફાળા ખડમાં તેમની આંખો ઘેરાવા લાગી એટલામાં બહારથી હળવાં પગલાંનો આછો અવાજ કાને પડયો. કોઈ એકઢાળિયા નજીક ચાલી રહ્યું હતું. થોડાંક પગલાં, પછી અવાજ બંધ, અને પાછો હળવાં પગલાંનો અવાજ. કૂતરાંએ ઘુરકાટ કર્યો.

"માવ્રા ફરવા નીકળી છે," બૂરકિન બોલ્યો.

પગલાંનો અવાજ ફરી ન સંભળાયો.

"ખાલી જોતા રહેવું અને લોકોનાં જૂઠાણાં સાંભળતા રહેવું," ઈવાન ઈવાનિચ પડખું ફેરવતો બોલ્યો, "અને પછી એ બધાં જૂઠાણાં સાંખી લેવા બદલ ગધેડાની ઉપમા મેળવવી; અપમાનો અને નામોશીઓ મૂંગે મોઢે ગળી જવી, મનની વાત સાફ બોલી નાખવાની અને પોતાને ઈમાનદાર આઝાદ ઇન્સાનોના પક્ષે જાહેર કરી દેવાની હિંમત ન કરવી, ખુદ પોતાની જાતને જૂઠાણાં કહેવાં, મોં મલકાવવું, અને એ બધું ખાલી રોટીના એક ટુકડા ખાતર કરવું, રહેવાનો સગવડદાર ખૂણો મેળવવા ખાતર કરવું, કોઈ કંગાલ હોદ્દા ખાતર કરવું — ના, ના, જિંદગી અસહ્ય છે!"

"આ તો તમે સાવ જુદી જ વાત શરૂ કરી દીધી," સ્કૂલનો માસ્તર બોલ્યો. "હવે સૂઈ જઈએ."

બૂરકિન દસ મિનિટમાં ઊંઘી ગયો. પરંતુ ઈવાન ઈવાનિચ નિસાસા નાખતો રહ્યો અને ખડમાં પડખાં ઘસતો રહ્યો. પછી તે ઊભો થઈને બહાર નીકળ્યો, અને બારણા પાસે બેસી જઈને હોકલી સળગાવવા લાગ્યો.

૧૮૯૮

ઇઓનિચ

૧

...શહેરમાં નવા આવનારા માણસો ત્યાંની જિંદગીમાં કંટાળા અને નીરસતાની ફરિયાદ કરે ત્યારે જૂના સ્થાયી રહેવાસીઓ તેની તરફેણમાં કહેતા કે ...શહેર તો બહુ જ મઝા પડે એવું છે, અહીંયાં પુસ્તકાલય છે, થિયેટર છે, ક્લબ છે, નાચગાનની મહેફિલો થતી રહે છે, વળી કેટલાંય મઝાનાં બુદ્ધિશાળી દિલચસ્પ કુટુંબો સાથે પરિચય કેળવી શકાય એમ છે. બધી રીતે સંસ્કારી તથા પ્રતિભાવાનના ઉદાહરણ તરીકે તેઓ તૂર્કિન પરિવારનો ઉલ્લેખ કરતા.

તૂર્કિન કુટુંબ મુખ્ય માર્ગે ગવર્નરના નિવાસની જોડાજોડ આવેલા પોતાની માલિકીના મકાનમાં રહેતું હતું. કુટુંબનો વડો ઈવાન પેત્રોવિચ કાળા વાળવાળો અને થોભિયાવાળો તગડો દેખાવડો આદમી હતો. તે ખાનગી સખાવતી મનોરંજન કાર્યક્રમો ગોઠવતો, ઘરડા જનરલોની ભૂમિકા ભજવતો, અને જોઈને એકદમ હસવું આવી જાય એવી રીતે ખોંખારા ખાતો. તેની પાસે જાણે ટુચકા, ઉખાણાં, અને કહેવતોનો ભંડાર ભરેલો રહેતો, તેને ટોળટપ્પા ગમતા, હકીકતમાં તે ખરો મશ્કરો હતો, અને તેના ચહેરાના ભાવ જોઈને પારખવું અશક્ય બની જતું કે તે ગંભીર વાત કરે છે કે મશ્કરી કરે છે. તેની પત્ની વેરા ઇઓસિફોવ્ના ખુશનુમા ચહેરાવાળી

પાતળી બાનુ હતી, ચાંપવાળાં ચશ્માં પહેરતી, વાર્તાઓ તથા નવલકથાઓ લખતી, અને પોતાનાં લખાણો મહેમાનોને મોટેથી વાંચી સંભળાવવા સદા ઉત્સુક રહેતી. તેમને એક દીકરી હતી—યેકાતેરીના ઈવાનોવ્ના. એ તરુણ બાનુ પિયાનો વગાડતી. ટૂંકામાં, કુટુંબમાં દરેક વ્યકિત કંઈ ને કંઈ પ્રતિભા ધરાવતી હતી. તૂર્કિન પરિવારમાં સૌ માણસો ખરાં અતિથિપ્રેમી હતાં અને લહેરથી તેમ જ નિખાલસ સાદાઈથી પોતાની પ્રતિભાઓ પ્રદર્શિત કરતાં. મોટા પથ્થરના ઘરમાં ઉનાળામાં હંમેશાં ઠંડક રહેતી, પાછળના ભાગની મોટી બારીઓ પુરાણા છાંયાદાર બગીચામાં પડતી, બગીચામાં વસંતમાં બુલબુલોનું ગાન સંભળાતું રહેતું. મહેમાનો આવે ત્યારે રસોડામાંથી છરીઓની ધાર કાઢવાનો રણકાર સંભળાતો રહેતો, તળાતી ડુંગળીની ખુશબો આંગણમાં ફેલાઈ જતી અને ભરપૂર તેમ જ લહેજતદાર જમણની આશા બંધાવતી.

નવો નિમાયેલો ઝેમ્સ્ત્વો તબીબી અમલદાર ડૉક્ટર દ્મીત્રી ઈઓનિચ સ્તાર્ત્સેવ ...શહેરથી લગભગ નવ માઈલના અંતરે દિયાલિઝમાં રહેવા આવ્યો એટલે તરત જ તેને જણાવવામાં આવ્યું કે સંસ્કારી માણસ તરીકે તેણે તૂર્કિન પરિવારનો પરિચય સત્વર સાધી લેવો જોઈએ. શિયાળામાં એક દિવસ તેને રસ્તા પર ઈવાન પેત્રોવિચની ઓળખાણ કરાવવામાં આવી. તેમણે હવામાન, થિયેટર, કૉલેરાનો રોગચાળો, વગેરેની વાતો કરી અને અંતમાં આમંત્રણ આપવામાં આવ્યું. એટલે વસંતમાં એક ખ્રિસ્તી તહેવારે—ઈસુના સ્વર્ગારોહણની તિથિ હતી—સ્તાર્ત્સેવ બધા રોગીઓને તપાસી લીધા પછી મન બહલાવવા અને સાથે સાથે કેટલીક જરૂરી ચીજો ખરીદી લેવા શહેર તરફ રવાના થઈ ગયો. તે પગપાળો જ નીકળ્યો (તેણે હજી પોતાની ઘોડાગાડી નહોતી

વસાવી), અને લહેરથી ધીમે ડગલે ચાલતો આખે રસ્તે ગીત ગણગણતો રહ્યો :

> જ્યારે હયાતીના પ્યાલામાંથી
> મેં નહોતાં પીધાં આંસુ હજી...

તે શહેરમાં જમીને બાગમાં ફરવા ગયો, અને ઈવાન પેત્રોવિચનું આમંત્રણ યાદ આવતાં તેણે તૂર્કિન પરિવારને ત્યાં જઈને જોવાનું નક્કી કર્યું કે કેવા લોકો છે.

"કેમ છો! કેમ-બેમ છો!" આંગણમાં તેને આવકારતો ઈવાન પેત્રોવિચ બોલી ઊઠયો. "તમારા જેવા મઝાના મહેમાન આવ્યા એની બેહદ ખુશી થાય છે! આવો, અંદર આવો, મારાં શ્રીમતીજી સાથે ઓળખાણ કરાવું. હું આમને કહેતો હતો, વેરા," પત્ની સાથે ડૉકટરની ઓળખાણ કરાવીને તે આગળ બોલ્યો, "હું આમને કહેતો હતો કે બધો વખત હૉસ્પિટલમાં જ મશગૂલ રહેવાનો કશો ખાસ દુન્યવી અધિકાર તમને નથી, તમારી ફરજ છે કે ફુરસદનો લાભ સમાજને પણ આપો. કેમ, ખરું ને, વહાલી?"

"આવો, અહીંયાં બેસો," વેરા ઈઓસિફોવ્નાએ પોતાની બાજુમાં પડેલી ખુરશી તરફ આંગળી ચીંધતાં કહ્યું. "મારી જોડે ઈશ્ક લડાવો. મારા વર તો ઓથેલો જેટલા અદેખા છે, પણ આપણે સાવચેતીથી કામ લઈશું, ખરું ને?"

"ખરી ડાકણ છો!" ઈવાન પેત્રોવિચ પત્નીને ભમ્મરે ચૂમી ભરતો હેતથી બોલ્યો. પછી વળી મહેમાન તરફ ફરીને તેણે કહ્યું: "તમે બરાબરને મોકે અમારે ત્યાં આવ્યા છો. મારાં શ્રીમતીજીએ હમણાં જ એક મોટી નવલકથા લખી કાઢી છે, અને એમનો ઈરાદો આજે સાંજે મોટેથી વાંચી સંભળાવવાનો છે."

"વહાલા," વેરા ઈઓસિફોવ્નાએ પતિને ફ્રેંચ ભાષામાં કહ્યું, "જરા કહો ને, ચા લઈ આવે."

પછી સ્તાર્ત્સેવની ઓળખાણ યેકાતેરીના ઈવાનોવ્ના જોડે કરાવવામાં આવી. અઢાર વરસની તરુણી એકદમ મા જેવી જ દેખાતી હતી અને એટલી જ પાતળી તથા ખુશનુમા ચહેરાવાળી હતી. તેના મોં પર હજુ બાળક જેવા ભાવ વરતાતા હતા અને તેની દેહલતા કમનીય તથા નાજુક હતી. તેનાં કૌમાર્યની અવસ્થાનાં વિકસવા લાગેલાં સુંદર અને નીરોગી સ્તન વસંતનો, અસલ વસંતનો, અણસારો આપતાં હતાં. પછી સૌ ચા પીવા બેઠાં. ચાની સાથે મુરબ્બો, મધ, મીઠાઈ, અને મોંમાં તરત ઓગળી જાય એવાં સરસ બિસકિટ પીરસવામાં આવ્યાં હતાં. સાંજ પડવા આવી એટલે મહેમાનો આવવા લાગ્યા, અને ઈવાન પેત્રોવિચ દરેક માણસને હસતી આંખો વડે આવકારતો દુવાસલામ કરવા લાગતો: "કેમ છો! કેમ છો!"

સૌ આવી ગયાં અને મોં પર ગંભીર ભાવ ધારણ કરીને દીવાનખાનામાં બેસી ગયાં એટલે વેરા ઈઓસિફોવ્નાએ પોતાની નવલકથા વાંચી સંભળાવી. તેની શરૂઆત આવા શબ્દો વડે કરવામાં આવી હતી: "સખત ટાઢ હતી..." બારીઓ આખી ખોલી નાખવામાં આવી હતી, રસોડામાંથી છરીઓના રણકાર સંભળાઈ રહ્યા હતા અને તળાતી ડુંગળીની ખુશબો ફેલાઈ રહી હતી... દીવાનખાનામાં અરધા અંધારામાં જાણે ટમટમતી બત્તીઓના વાતાવરણમાં મુલાયમ આરામ-ખુરશીઓમાં સૌ બહુ નિરાંતની લાગણી અનુભવી રહ્યાં હતાં. ઉનાળાની સાંજે રસ્તા પરથી લોકોની વાતચીત અને હસવાના અવાજ સંભળાઈ રહ્યા હોય, અને બગીચામાંથી પુષ્પોની સુગંધ પ્રસરી રહી હોય, ત્યારે માનવું મુશ્કેલ હતું કે "સખત

ટાઢ હતી અને આથમતો સૂરજ પોતાનાં શીતળ કિરણો વડે હિમાચ્છાદિત વિસ્તાર તથા એકલવાયા રાહદારીની ઉપર પ્રકાશ પાથરી રહ્યો હતો." વેરા ઇઓસિફોવ્નાએ વાંચી સંભળાવ્યું કે તરુણ અને રૂપાળી કાઉન્ટેસે પોતાના વતનના ગામમાં કેવી રીતે નિશાળો, હૉસ્પિટલો, તથા પુસ્તકાલયોની સ્થાપના કરી, અને તે ભટકતા કલાકારના પ્રેમમાં કેવી રીતે પડી ગઈ. તેણે વાસ્તવિક જીવનમાં કદી ન બનતી બાબતોનું વર્ણન કર્યું હતું, પરંતુ તેને વાંચતી સાંભળવામાં ખુશી અને રાહતની લાગણી થતી, મનમાં સ્વસ્થતાભર્યા તથા આહ્લાદક વિચારો છલકાવા લાગતા, એટલે કોઈને ઊભા થવાનું મન જ ન થતું...

"ખરાબસમ ના કહેવાય..." ઈવાન પેત્રોવિચ હળવા અવાજે બોલ્યો.

અને નવલકથા સાંભળતી વખતે જેના વિચારો ક્યાંક બહુ બહુ દૂર વિહરતા રહ્યા હતા એવા એક મહેમાને માંડ સંભળાય એવા ધીમા અવાજે કહ્યું:

"હા, ખરેખર..."

એક કલાક વીતી ગયો, અને બીજો કલાક પણ વીતી ગયો. નજીક શહેરના બાગમાં સંગીત મંડળીનું ગાનવાદન ચાલી રહ્યું હતું. વેરા ઇઓસિફોવ્નાએ નોટબુક બંધ કરી ત્યારે પાંચ મિનિટ સુધી કોઈ કંઈ બોલ્યું નહિ, સૌ સંગીત મંડળીનું 'લુચીનુશ્કા' ગીત સાંભળી રહ્યાં હતાં. નવલકથામાં જે ખૂટતું હતું અને વાસ્તવિક જીવનમાં જે મોજૂદ હતું તેની વાત ગીત તેમને જણાવી રહ્યું હતું.

"તમારી રચનાઓ તમે સામયિકોમાં પ્રગટ કરાવો છો?" સ્તાર્ત્સેવે વેરા ઇઓસિફોવ્નાને પૂછ્યું.

"ના," તેણે જવાબ આપ્યો. "હું પ્રગટ કરાવતી જ

નથી. લખું છું અને પછી કબાટમાં મૂકી દઉં છું. પ્રગટ શા માટે કરાવું? અમારે ખાધેપીધે કશી વાતની ખોટ નથી," તેણે ખુલાસો કરતાં ઉમેર્યું.

કોણ જાણે કેમ પણ દરેક જણે નિસાસો નાખ્યો.

"હવે તું થોડુંક સંગીત સંભળાવ, મીઠી મીનીબાઈ," ઈવાન પેત્રોવિચે દીકરીને કહ્યું.

મોટા પિયાનોનું ઢાંકણ ઊંચું કરવામાં આવ્યું. ઘોડી પર સંગીતરચના તૈયાર ગોઠવેલી હતી. યેકાતેરીના ઈવાનોવ્ના પિયાનોની સામે બેઠી અને તેણે બેઉ હાથ વડે કળો દબાવી. પછી કળોને પૂરું જોર લગાવીને ફરી દબાવી, ફરી વાર, વળી ફરી વાર. તેના ખભા અને સ્તન ફરકી રહ્યાં હતાં, તે દૃઢ નિર્ધારથી એક જ જગ્યાએ કળો દબાવતી રહી, જાણે કેમ એ કળો પિયાનોની અંદર ગરક થઈ જાય ત્યાં સુધી દબાવવાનું બંધ કરવા માગતી જ ન હોય. દીવાનખાનામાં જાણે ગડગડાટ ભરાઈ ગયો. બધું જાણે ગડગડાટ કરી રહ્યું હતું—ભોંયપટ, છત, ફર્નિચર, બધું જ... યેકાતેરીના ઈવાનોવ્ના અટપટી રચના વગાડી રહી હતી, રચનાનું પૂરું આકર્ષણ તેને વગાડવાની મુશ્કેલીમાં જ કેંદ્રિત હતું. રચના લાંબી અને એકધારી હતી. સંગીત સાંભળી રહેલા સ્તાર્ત્સેવના માનસપટમાં ઊંચા પર્વતના શિખર પરથી ગબડી રહેલી શિલાઓનું ચિત્ર અંકિત થઈ ગયું—શિલાઓ એક પછી એક ગબડતી જ રહેતી હતી. તેને થયું કે શિલાઓ ગબડતી બંધ થઈ જાય તો સારું, જોકે પિયાનો વગાડતી ઘાટીલી અને સ્ફૂર્તિલી યેકાતેરીના ઈવાનોવ્ના તેને બેહદ આકર્ષક લાગી. વાદનની મહેનતથી તરુણીનું મોં રાતું રાતું થઈ ગયું હતું અને તેના કેશની એક લટ ઊડીને વારંવાર કપાળે આવી

જતી હતી. દિયાલિઝમાં રોગીઓ અને ખેડૂતોની વચ્ચે શિયાળો ગાળ્યા પછી અહીંયાં દીવાનખાનામાં બેસીને આ તારુણ્ય ટપકાવતી લાલિત્યસભર અને નિ:શંક નિર્મળ હસ્તીને નીરખવામાં અને આ જોરદાર તેમ જ કંટાળાજનક હોવા છતાં સંસ્કારી ધ્વનિઓ સાંભળવામાં સ્તાર્ત્સેવને ખૂબ ખુશીનો અને ખૂબ નવીન અનુભવ થયો...

પુત્રી વાદન પૂરું કરીને ઊભી થઈ એટલે ઇવાન પેત્રોવિચ બોલી ઊઠયો: "વાહ! મારી મીની! આજે તો તેં કમાલ કરી!" તેની આંખોમાં આંસુ છલકાઈ રહ્યાં હતાં. "દેનિસ, તું કોશિશ કરતો કરતો મરી જશે તોયે આનાથી બહેતર સંગીત નહિ સર્જી શકે!" તે આગળ બોલ્યો.

સૌ યેકાતેરીના ઇવાનોવ્નાને ઘેરી લઈને અભિનંદન આપવા લાગ્યાં, વખાણ કરવા લાગ્યાં, સોગન ખાઈને જાહેર કરવા લાગ્યાં કે આવું સરસ સંગીત તો વરસોથી નહોતું સાંભળ્યું. તરુણી અબોલ રહીને સાંભળતી રહી, તેનું મોં આછું આછું મલકી રહ્યું હતું, તેની આખી કાયા જાણે વિજય વ્યકત કરી રહી હતી.

"કમાલ! અદ્ભુત!"

અને સર્વસામાન્ય ઉત્સાહના રંગે રંગાઈ જઈને સ્તાર્ત્સેવ પણ બોલી ઊઠયો: "કમાલ!"

"તમે સંગીતનો અભ્યાસ ક્યાં કરેલો? સંગીત વિદ્યાલયમાં?" તેણે યેકાતેરીના ઇવાનોવ્નાને પૂછ્યું.

"ના, હું તો હજી સંગીત વિદ્યાલયની તૈયારી જ કરી રહી છું, અને દરમિયાનમાં માદામ ઝાવલોવસ્કાયા પાસે શીખું છું."

"તમે અહીંની હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો કરી લીધો હશે, ખરું ને?"

"ના," વેરા ઇઓસિફોવ્નાએ પુત્રી વતી જવાબ આપ્યો. "અમે એને ઘેર ભણાવવા શિક્ષકો રાખેલા. તમે તો જાણતા જ હશો કે હાઈસ્કૂલમાં અથવા બોર્ડિંગ સ્કૂલમાં જાતજાતની ખરાબ અસરો પડતી હોય છે. દીકરી મોટી થઈ રહી હોય ત્યારે મા સિવાય બીજા કોઈની અસર હેઠળ કોઈ રીતે ન જ હોવી જોઈએ."

"પણ હું સંગીત વિદ્યાલયમાં તો જવાની," યેકાતેરીના ઇવાનોવ્નાએ કહ્યું.

"ના, અમારી મીનીબાઈને મા બહુ વહાલી છે. અમારી મીનીબાઈ માને અને બાપુને નારાજ કરે જ નહિ."

"હું તો જવાની! હું તો જવાની!" યેકાતેરીના ટોળમાં ખીજ કરતી અને પગ પછાડતી બોલી.

રાતે જમતી વેળા ઇવાન પેત્રોવિચે પોતાની પ્રતિભાઓ પ્રદર્શિત કરી. તેણે ખાલી આંખોમાં જ હાસ્ય છલકાવતાં છલકાવતાં ટુચકા સંભળાવ્યા, ટોળટપ્પા કર્યા, હાસ્યજનક ઉખાણાં રજૂ કરીને પોતે જ એના ઉકેલ બતાવ્યા, અને બધો વખત પોતાની ખાસ વિચિત્ર ભાષામાં બોલતાં બોલતાં એવો આનંદવિનોદ રેલાવ્યો. તેણે રંગલાવેડાના લાંબા મહાવરા દરમિયાન વાપરેલી એવી ભાષા હવે તો એની પાકી ટેવ જેવી બની ગઈ હતી: કમાલસમ, ખરાબસમ ના કહેવાય, નમ્રતાસમ રીતે માનું તુજ આભાર, વગેરે.

પરંતુ કાર્યક્રમ એટલેથી પૂરો ન થયો. તૃપ્ત અને ખુશ મહેમાનો પોતપોતાના ઓવરકોટ અને છડીઓ લેવા હૉલમાં પહોંચ્યા ત્યારે ચાકર પાવેલ તેમની ફરતે ચકરાવા લઈ રહ્યો હતો. માથે ટૂંકા વાળ અને ભરાવદાર ગાલવાળા ચૌદ વરસના એ છોકરાને સૌ પાવા કહીને બોલાવતા.

"તારો ખેલ દેખાડ, પાવા!" ઇવાન પેત્રોવિચે કહ્યું.

પાવાએ એકદમ અદા ધારણ કરી લીધી. એક હાથ ઊંચો કર્યો, અને કરુણ અવાજે શબ્દો ઉચ્ચાર્યા:

"મરી જા, દુ:ખી નારી!"

સૌ હસી પડયાં.

"મઝા પડી!" ઘરમાંથી બહાર નીકળતી વેળા સ્તાર્ત્સેવને થયું.

તે બીયર પીવા એક રેસ્તરાંમાં ગયો, અને પછી પગપાળો જ દિયાલિઝ ગયો. આખે રસ્તે તે મનમાં ગણગણતો રહ્યો:

"તારા કોમળ કંઠના ઓસરતા રણકાર..."

છ માઈલ ચાલ્યા પછી જરાય થાક વગર તે બિછાનામાં પડયો અને મનમાં વિચારવા લાગ્યો કે બીજા છ માઈલ પણ ખુશીથી ચાલ્યો હોત.

"ખરાબસમ ના કહેવાય!" તેને યાદ આવ્યું અને તે હસતો હસતો નીંદરને ખોળે પડી ગયો.

૨

સ્તાર્ત્સેવને ફરી તૂર્કિન પરિવારને ત્યાં જવાનું મન તો હતું પરંતુ હૉસ્પિટલમાં કામ બહુ રહેતું અને એકબે કલાકની ફુરસદ તેને કદી મળતી જ નહિ. એવી રીતે કામ અને એકલતામાં એક વરસથી વધારે સમય વીતી ગયો. એક દિવસ તેને શહેરથી નીલા કવરમાં પત્ર મળ્યો...

વેરા ઈઓસિફોવ્નાને માથાના દુખાવાની બીમારી તો ઘણા વખતથી હતી, પરંતુ હમણાં હમણાં મીનીબાઈની

સંગીત વિદ્યાલયમાં જવાની રોજની હઠને લીધે દુખાવો વારંવાર ઊપડતો. શહેરના બધા ડૉક્ટરો ઈલાજ કરવા તૂર્કિન પરિવારને ત્યાં જઈ આવ્યા હતા, અને હવે ઝેમ્સ્ત્વોના ડૉક્ટરનો વારો આવ્યો હતો. વેરા ઈઓસિફોવ્નાએ હૃદયસ્પર્શી પત્ર લખ્યો હતો અને ડૉક્ટરને વિનંતિ કરી હતી કે તમે આવીને મને મારી પીડામાં રાહત અપાવો. સ્તાર્ત્સેવ ગયો, અને ત્યાર પછી તો ઘણી વાર, ઘણી ઘણી વાર, તૂર્કિન પરિવારને ત્યાં જવા લાગ્યો... તેણે વેરા ઈઓસિફોવ્નાને થોડીઘણી રાહત તો બેશક અપાવી જ, અને બધા મહેમાનોને કહેવામાં આવતું કે તે અસાધારણ અદ્‌ભુત ડૉક્ટર છે. પરંતુ હવે સ્તાર્ત્સેવ વેરા ઈઓસિફોવ્નાના માથાના દુખાવાના ઈલાજ માટે તૂર્કિન પરિવારને ત્યાં ન જતો...

તહેવારનો દિવસ હતો. યેકાતેરીના ઈવાનોવ્નાએ પિયાનોની લાંબી કંટાળાજનક રિયાજ પૂરી કરી લીધી હતી. પછી સૌ જમવાના ટેબલ ફરતે બેસીને ઘણી વાર સુધી ચા પીતા રહ્યા. ઈવાન પેત્રોવિચ કોઈ રમૂજી કિસ્સો સંભળાવી રહ્યો હતો એટલામાં મુખ્ય બારણેથી ઘંટડીનો રણકાર સંભળાયો અને તેને ઊઠીને બહાર જવું પડ્યું. સ્તાર્ત્સેવે મોકાનો લાભ લઈને ભારે બેચેનીથી હોઠ ફફડાવતાં યેકાતેરીના ઈવાનોવ્નાના કાનમાં કહ્યું:

"તમને વીનવું છું કે ખુદાને ખાતર મને સતાવો નહિ. ચાલો, બગીચામાં જઈએ."

તરુણીએ જાણે અચરજ થયું હોય અને વાતનો મતલબ ન સમજાયો હોય એવી રીતે ખભા ઉલાળ્યા, પરંતુ તે ઊભી થઈને બહાર ગઈ.

સ્તાર્ત્સેવ તેની પાછળ જતો જતો બોલ્યો: "તમે ત્રણ કે ચાર કલાક રિયાજ કરો છો, પછી મા જોડે બેસો છો.

તમારી સાથે વાત કરવાની તક જ ક્યારેય નથી મળતી. હું તમને અરજ કરું છું કે ફક્ત પા કલાક જેટલો વખત મને આપો!"

શરદ નજીક આવી રહી હતી. પુરાણા બગીચામાં નીરવતા અને ગમગીની છવાયેલી હતી. પગદંડીઓ પર ઘેરાં પાંદડાં પથરાયેલાં હતાં. દિવસ રોજ રોજ ટૂંકો બની રહ્યો હતો.

"આખું અઠવાડિયું તમને મળાયું નથી," સ્તાર્ત્સેવ આગળ બોલ્યો. "એથી મારે કેવી વેદના ભોગવવી પડે છે એની તમને ક્યાંથી ખબર પડે! ચાલો બેસીએ. મારે તમારી સાથે વાત કરવી છે."

બગીચામાં તેમની માનીતી એક જગ્યા હતી—વિશાળ પુરાતન વૃક્ષ નીચે ગોઠવેલો બાંકડો. બેઉ એ બાંકડા પર બેસી ગયાં.

"બોલો, શું કહેવું છે?" યેકાતેરીના ઈવાનોવ્નાએ શુષ્ક અવાજે અને જાણે કામની વાત પતાવતી હોય એવી રીતે કહ્યું.

"આખું અઠવાડિયું તમને મળાયું નથી, તમારો અવાજ સાંભળ્યાને તો જાણે વરસો વીતી ગયાં છે! તમારો અવાજ સાંભળવા બેહદ ઝંખી રહ્યો છું, તલસી રહ્યો છું! બોલો!"

તરુણીની તાજગીથી, નયનોમાં તથા ગાલે રમી રહેલા ભોળપણના ભાવથી, તે મોહપાશમાં બંધાઈ ગયો હતો. યેકાતેરીના ઈવાનોવ્નાની વસ્ત્ર સજાવટમાંયે તેને કશુંક અસાધારણ વરતાતું હતું, કશુંક સાદું અને નિર્દોષ લાવણ્ય તેના હૈયાને સ્પર્શી જતું હતું. પરંતુ એવી નિર્દોષતા છતાંયે તરુણી તેને બહુ ચતુર લાગતી હતી, ઉંમર કરતાં વધારે શાણી લાગતી હતી. તેની સાથે સાહિત્ય, કલા, અથવા ગમે તેવા વિષયની વાત તે કરી શકતો હતો, જીવન વિશે

અને લોકો વિશે ફરિયાદની લાગણી વ્યકત કરી શકતો હતો, જોકે ક્યારેક ગંભીર વાતચીત દરમિયાન તે અકળાવી નાખે એવી રીતે હસવા લાગતી અથવા દોટ મૂકીને પાછી ઘરમાં ચાલી જતી. શહેરની લગભગ બધી તરુણીઓની જેમ તે વાંચતી બહુ (... શહેરમાં વાંચન બહુ ઓછું થતું, અને સ્થાનિક ગ્રંથપાલો હંમેશાં કહેતા કે તરુણીઓ અને જુવાન યહૂદીઓ ન હોય તો પુસ્તકાલય બંધ કરી દેવામાં જ સાર છે), અને સ્તાર્ત્સેવને એથી બેહદ ખુશી થતી. તે જ્યારે જ્યારે યેકાતેરીના ઈવાનોવ્નાને મળતો ત્યારે જરૂર પૂછતો કે છેલ્લા થોડાક દિવસો દરમિયાન શું શું વાંચ્યું છે, અને તેનો જવાબ ભારે આતુરતાથી સાંભળતો.

"આપણે છેલ્લી વાર મળ્યાં ત્યાર પછી આ અઠવાડિયામાં તમે શું શું વાંચ્યું છે?" તેણે સવાલ પૂછ્યો. "માંડીને વાત કરો."

"પીસેમસ્કીને વાંચું છું."

"એનાં કયાં પુસ્તકો?"

"'હજાર આત્માઓ'," મીનીએ જવાબ દીધો. "પીસેમસ્કીનું નામ કેવું રમૂજી છે, નહિ? આલેક્સેઈ ફેઓફિલાકતિચ!"

"ક્યાં જાઓ છો?" તેને એકાએક ઊભી થઈને ઘર તરફ જતી જોઈને સ્તાર્ત્સેવ ફિકરમાં પડી જતો બોલી ઊઠયો. "મારે તમારી જોડે બહુ જરૂરી વાત કરવાની છે, તમને કંઈક કહેવું છે... જરાક થોભી જાઓ—ફકત પાંચ જ મિનિટ, આજીજી કરું છું!"

તે જાણે બોલવા જતી હોય એવી રીતે થંભી ગઈ, પછી કઢંગી રીતે તેના હાથમાં એક ચિઠ્ઠી પકડાવી દેતી ઘરમાં દોડી ગઈ, અને ત્યાં એકદમ પિયાનો વગાડવા બેસી ગઈ.

"રાતે અગિયાર વાગ્યે કબ્રસ્તાનમાં દેમેત્તીને મકબરે આવજો," સ્તાર્ત્સેવે ચિઠ્ઠી વાંચી.

"આ તો સાવ ઢંગધડા વગરની વાત છે," અચરજ ઓસરી જતાં તે વિચારવા લાગ્યો. "કબ્રસ્તાન કેમ? શાને માટે?"

બાબત સાફ છે: મીની મને ગધેડો બનાવવાની કોશિશ કરી રહી છે. રસ્તે કે મ્યુનિસિપાલિટીના બાગમાં સહેલાઈથી મળી શકાતું હોય એવા સંજોગોમાં અક્કલવાળું કોઈ માણસ શહેરથી દૂર રાતે મળવાનું ગોઠવે જ નહિ. કોઈ છોકરીના નામે નિસાસા નાખતા રહેવું, આવી રીતે ચિઠ્ઠીઓ મળે, કબ્રસ્તાનમાં ભટકવું, આજના જમાનાનો નિશાળિયો હસી પડે એવી મૂર્ખાઈઓ કરવી—એ બધું મારા જેવા ઝેમ્સ્ત્વો તબીબી અમલદાર માટે, બુદ્ધિશાળી અને ખૂબ મોભાદાર માણસ માટે, ઠીક ગણાય ખરું? આનો અંજામ કેવો આવશે? સાથે કામ કરનારા માણસોને ખબર પડે તો કેવી વાતો થાય? સ્તાર્ત્સેવ કલબમાં ટેબલોની વચ્ચેથી માર્ગ કરતો જઈ રહ્યો હતો ત્યારે તેના મનમાં એવા વિચારો ઘોળાઈ રહ્યા હતા. તેમ છતાં, બરાબર સાડા દસ વાગ્યે તે કબ્રસ્તાન તરફ રવાના થઈ ગયો.

તેની પાસે હવે પોતાની બે ઘોડાની ગાડી હતી, અને તેનો કોચવાન પાન્તેલેઈમોન મખમલની બંડી પહેરતો. ચોમેર નીરવતા છવાયેલી હતી. હવામાં હૂંફ હતી, પરંતુ શરદની. ઉપનગરના વિસ્તારમાં કતલખાના નજીક કૂતરાં રાગડા તાણી રહ્યા હતા. સ્તાર્ત્સેવે ગાડી ભાગોળે એક શેરીમાં ઊભી રખાવી દીધી અને ત્યાંથી તે પગપાળો કબ્રસ્તાન તરફ નીકળી પડ્યો. "દરેકના સ્વભાવમાં કંઈ ને કંઈ વિચિત્રતા હોય છે," તે મનમાં વિચારવા લાગ્યો. "મીની અજબ છોકરી છે. અને કોને ખબર છે?—કદાચ મશ્કરી ન પણ હોય, એ ખરેખર

કબ્રસ્તાનમાં આવી હોય." તે પોતાની ઝાંખી વ્યર્થ આશાના કેફને વશ થઈ ગયો.

માર્ગનો આખરી હિસ્સો ખેતરમાં પડતો હતો. દૂરથી કબ્રસ્તાન ઘેરી પટ્ટી જેવું, લાંબી ઝાડી કે મોટા બગીચા જેવું, લાગતું હતું. પથ્થરની સફેદ દીવાલ નજરે પડી, અને પછી દરવાજો... દરવાજા ઉપર અંકિત શબ્દો ચાંદનીમાં વાંચી શકાતા હતા: 'તમારી ઘડી પણ આવવાની જ છે'. સ્તાર્ત્સેવ નાનકડી ઝાંપલીને હડસેલીને અંદર દાખલ થયો અને પહોળી પગદંડીએ ચાલવા લાગ્યો. બન્ને તરફ ધોળા ક્રૉસ તથા સ્મારકો તથા ઊંચાં પોપલારવૃક્ષો તેના માર્ગમાં લાંબા કાળા પડછાયા પાથરી રહ્યાં હતાં. બધું કાં તો કાળું અથવા ધોળું હતું. નીંદરઘેરાં ઝાડવાં પોતાની ડાળીઓ ધોળા પથ્થરો પર ફેલાવી રહ્યાં હતાં. અહીંયાં ખેતર કરતાં વધારે ઉજાસ લાગતો હતો. મૅપલવૃક્ષોનાં પાંદડાં પંજા જેવાં લાગતાં હતાં અને પગદંડીની પીળી રેતી તથા કબરોના સફેદ પથ્થરોની સામે સાફ વરતાઈ આવતાં હતાં. સ્મારક તકતીઓનાં લખાણો સ્પષ્ટ જોઈ શકાતાં હતાં. સ્તાર્ત્સેવના મનમાં ખ્યાલ ઝબકી ગયો કે હું જિંદગીમાં પહેલી જ વાર એવું કશુંક જોઈ રહ્યો છું જેને ઘણું કરીને ફરી ક્યારેય નહિ જોઉં—બીજી કોઈ દુનિયાથી નિરાળી દુનિયા, એવી દુનિયા કે જેમાં ચાંદની મૃદુ અને મધુર છે, આ સ્થળ જાણે તેનું પારણું હોય એવી છે, જ્યાં જીવન છે જ નહિ, મુદ્દલ નથી, પરંતુ જ્યાં દરેક ઘેરા પોપલારવૃક્ષમાં, દરેક કબરમાં, પ્રશાંત અને સુંદર અને અનુપમ સનાતન જીવનનું વચન આપતા રહસ્યનું અસ્તિત્વ અનુભવી શકાય છે. કબરોના પથ્થરોમાંથી, કરમાતાં પુષ્પોમાંથી, અને કોહતાં પાંદડાંની શરદકાલીન ગંધમાંથી જાણે ગમગીની તથા સ્વસ્થતા ફેલાઈ રહી હતી.

આસપાસ બધે નીરવતાનું સામ્રાજ્ય હતું. ગગનમાંથી તારલિયાઓ જાણે ઊંડી નમ્રતાથી નીચે મીટ માંડી રહ્યા હતા, અને સ્તાર્ત્સેવનાં પગલાં કર્કશ વિસંવાદી અવાજ કરી રહ્યાં હતાં. દેવળના ઘડિયાળના ટકોરા રણકવા લાગ્યા અને તે પોતાને મરી ગયેલો, કાયમને માટે દફનાવી દેવામાં આવેલો, કલ્પી રહ્યો હતો ત્યારે જ તેને લાગ્યું કે કોઈ મારી સામે તાકી રહ્યું છે, આ કંઈ નીરવતા અને શાંતિ નથી પરંતુ બિન-અસ્તિત્વની ઊંડી ગમગીની છે, દબાયેલી હતાશા છે...

દેમેત્તીનો મકબરો નાનકડા દેવળના રૂપમાં હતો. છાપરા ઉપર દેવદૂતની પ્રતિમા ગોઠવેલી હતી. ભૂતકાળમાં કોઈ ઇટાલિયન સંગીતનાટક મંડળી ... શહેરમાં આવેલી. તેની એક ગાયન કલાકાર મૃત્યુ પામતાં તેને અહીંયાં દફનાવવામાં આવી હતી અને સ્મારક બાંધવામાં આવ્યું હતું. શહેરમાં કોઈને તે યાદ નહોતી રહી, પરંતુ મકબરાના પ્રવેશદ્વારે ટાંગેલા ફાનસમાં ચંદ્રનાં કિરણો પ્રતિબિંબિત થતાં હતાં એટલે તે જાણે બળતું હોય એમ લાગતું હતું.

આસપાસ ક્યાંય કોઈ દેખાતું નહોતું. મધરાતે ત્યાં કોણ આવે? પરંતુ સ્તાર્ત્સેવ વાટ જોવા લાગ્યો, ચાંદનીએ જાણે તેની ઊર્મિઓને જગાવી દીધી હોય એમ ઉમંગથી વાટ જોવા લાગ્યો અને ચુંબનો તથા આલિંગનોની કલ્પનામાં ડૂબી ગયો... તે મકબરા નજીક લગભગ અરધો કલાક બેસી રહ્યો, પછી ઊભો થયો અને હૅટ હાથમાં પકડીને પગદંડીઓ ઉપર આંટા મારતો મારતો વિચારવા લાગ્યો કે આ કબરોમાં પોઢેલી સ્ત્રીઓ તથા તરુણીઓમાંથી કેટલી સુંદર અને મોહક રહી હશે, પોતપોતાના આશકોના વહાલને વશ બની જતી પ્યાર કરતી રહી હશે, અનંગની આગમાં સળગતી રહી હશે. પ્રકૃતિ માતા માનવપ્રાણીની કેવી કરુણ મજાક ઉડાવતી હોય

છે, અને એ બાબતને સ્વીકારી લેવામાં કેવી હીણપત સમાયેલી છે! એવા બધા વિચારોમાં ડૂબી ગયેલા સ્તાર્ત્સેવને ચિત્કાર કરવાની ઝંખના થઈ આવી કે મને પ્યાર જોઈએ છે, ગમે તે ભોગે પ્યાર જોઈએ છે! હવે તેને આરસપહાણની લાદીઓ જાણે દેખાતી જ નહોતી પરંતુ સુંદર કાયાઓ નજરે પડતી હતી, તે જાણે સુંદર શરીરોના ઘાટને લજ્જાથી વૃક્ષોના પડછાયાઓમાં સંતાઈ જતા નીરખી રહ્યો હતો, તેમની હૂંફ અનુભવી રહ્યો હતો, અને આખરે તેનો કામુક તલસાટ અસહ્ય બની ગયો...

એટલામાં એકાએક જાણે પડદો પાડવામાં આવ્યો હોય એમ ચંદ્રમા વાદળની પાછળ છુપાઈ ગયો અને ચોમેર અંધકાર ફેલાઈ ગયો. સ્તાર્ત્સેવ દરવાજો માંડ ખોળી શક્યો કારણ કે અંધારું શરદની રાત જેવું ઘોર બની ગયું હતું. તેણે ગાડી જ્યાં ઊભી રખાવી હતી એ શેરી ગોતવામાં તેને લગભગ અરધો કલાક લાગી ગયો.

"એટલો બધો થાકી ગયો છું કે ઊભોયે માંડ માંડ રહી શકું છું," તેણે પાન્તેલેઈમોનને કહ્યું.

અને ગાડીની મુલાયમ ગાદીમાં આરામથી બેસી પડતો તે મનમાં બોલ્યો:

"બહુ જાડા થઈ જવાનું ઠીક નથી."

૩

બીજે દિવસે તે મીનીના હાથનું માગું કરવાનો પાકો ઈરાદો કરીને સાંજે તૂર્કિન પરિવારને ત્યાં ગયો. પરંતુ સંજોગો માફક નહોતા કારણ કે યેકાતેરીના ઈવાનોવ્ના શયનખંડમાં

કેશની સજાવટ કરાવી રહી હતી. તેને કલબમાં નૃત્યની મહેફિલમાં જવાનું હતું.

ફરી વાર ભોજનખંડમાં ચા પીતાં પીતાં લાંબો વખત ગાળવો પડ્યો. મહેમાનને ઉદાસ તથા શુષ્ક જોઈને ઇવાન પેત્રોવિચે બંડીના ખીસામાંથી કાગળો કાઢ્યા અને તે જર્મન નોકરનો એકદમ રમૂજી ભાંગીતૂટી રશિયન ભાષામાં લખેલો પત્ર વાંચવા લાગ્યો.

"ઘણું કરીને કરિયાવર બહુ સારો આપશે," સ્તાર્ત્સેવ શૂન્ય ભાવે સાંભળતો મનમાં વિચારવા લાગ્યો.

આખી રાત નીંદર વગર ગાળી હોવાથી તે બેચેન હતો અને જાણે કશુંક મીઠું ને કેફી પિવડાવી દેવામાં આવ્યું હોય એવી લાગણી તેને થઈ રહી હતી. તેના દિલમાં એકીસાથે સ્વપ્નમય, આનંદી, અને હૂંફાળાં સ્પંદનો થઈ રહ્યાં હતાં, પરંતુ તેના મગજમાં કશોક ટાઢોબોળ અને ભારે કણ દલીલો કરી રહ્યો હતો:

"સીમા ઓળંગી જવાય તે પહેલાં થંભી જા. કન્યા તને માફક આવે એવી છે ખરી? બગડેલી અને તરંગી છે, બપોરના બે વાગ્યા સુધી ઊંઘતી રહે છે, અને તું દેવળના કારભારીનો દીકરો, ઝેમ્સ્ત્વોનો ડૉક્ટર..."

"તો શું કરવું છે?" તે વિચારવા લાગ્યો. "ભલે થઈ જાય."

"વળી આની જોડે શાદી કરી લઈશ તો," કણની દલીલ આગળ ચાલી, "એનાં સગાં તારું ઝેમ્સ્ત્વોનું કામ છોડાવી દેશે અને તને શહેરમાં આવીને વસવા મજબૂર બનાવી દેશે."

"શહેરમાં વસવામાં શું ખોટું છે?" તેને થયું. "આ લોકો મઝાનો કરિયાવર આપશે અને અમે શહેરમાં રહીશું."

આખરે યેકાતેરીના ઈવાનોવ્ના ખૂલતા ગળાનો નૃત્યનો ડ્રેસ પહેરીને ખૂબ તાજગી છલકાવતી ને રૂપાળી દેખાતી ખંડમાં આવી. સ્તાર્ત્સેવ એકીટસે તેને નીરખતો રહ્યો અને એવા આહ્‌લાદમાં સરી પડયો કે તે એક શબ્દ પણ બોલી શક્યો નહિ, કેવળ મોં મલકાવતો નીરખતો જ રહ્યો.

તે સૌની વિદાય લેવા લાગી. સ્તાર્ત્સેવને હવે રોકાવાનું કશું કારણ રહ્યું નહોતું એટલે તે એમ કહેતો ઊભો થઈ ગયો કે ઘેર જવાનો વખત થઈ ગયો છે, મારા રોગીઓ વાટ જોઈ રહ્યા હશે.

"અફસોસની વાત છે!" ઈવાન પેત્રોવિચ બોલ્યો. "ભલે, તો જાઓ! તમારી ગાડીમાં મીનીને પહોંચાડતા જજો!"

બહાર અંધારું હતું અને ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. પાન્તેલેઈમોનની ઘોઘરી ઉધરસના અવાજના આધારે જ તેઓ ગાડી ખોળી શક્યા. ગાડીની છત્રી ખોલી નાખવામાં આવી હતી.

ઈવાન પેત્રોવિચ બેટીને મદદ કરીને ગાડીમાં બેસાડતી વેળા અણથંભ ટોળટપ્પા કરતો રહ્યો અને પછી તેણે વિનોદી વિદાય આપતાં કહ્યું: "નીકળી પડો ત્યારે! આવજો!"

ગાડી ચાલવા લાગી.

"હું રાતે કબ્રસ્તાન ગયેલો," સ્તાર્ત્સેવે કહ્યું. "તમારું વર્તન કેવું સંકુચિત અને નિષ્ઠુર ગણાય..."

"કબ્રસ્તાન ગયેલા?"

"હા, બે વાગ્યા સુધી વાટ જોઈ, બહુ ત્રાસ થયો..."

"એવા જ લાગના છો—જરાક જેટલી મજાક ન સમજે એના તો એવા જ હાલ થવા જોઈએ."

પોતાના ચાહકને મૂરખ બનાવવામાં મળેલી સફળતાથી અને આટલો ઊર્મિલ પ્રેમ પામવાથી ખુશ ખુશ થઈ ગયેલી યેકાતેરીના ઇવાનોવ્ના જોરથી હસી પડી અને બીજી જ પળે ફિકરમાં ચીસ પાડી ઊઠી કારણ કે ઘોડા ક્લબના દરવાજામાં એકદમ વળ્યા એટલે ગાડી એક તરફ નમી ગઈ. સ્તાર્સેવે પોતાનો હાથ તેની કમ્મર ફરતે વીંટાળી દીધો. દહેશત ખાઈ ગયેલી તરુણીની કાયા તેની તરફ ઢળી ગઈ. સ્તાર્સેવ તેના હોઠ તથા ચિબુક પર આવેશમય ચૂમીઓ ચોડી દેવાની અને તેને સખત આલિંગનમાં ભીડી લેવાની વૃત્તિને રોકી શક્યો નહિ.

"બસ, બહુ થયું," તરુણીનો અવાજ ઠંડોગાર હતો.

બીજી જ પળે તે ગાડીમાંથી બહાર નીકળી ગઈ, અને ક્લબના ઝળહળતા પ્રવેશદ્વાર પાસે ઊભેલા પોલીસે પાશવી અવાજે બરાડો પાડીને પાન્તેલેઈમોનને પરખાવ્યું:

"ઊભો કેમ છે, ગધેડા? ચાલતો થઈ જા!"

સ્તાર્સેવ ઘેર ગયો, પરંતુ થોડી વારમાં પાછો બહાર નીકળ્યો. બીજા કોઈનો ફ્રૉક-કોટ અને વારંવાર વળી જતી તથા એક તરફ સરકી જતી સફેદ કડક ટાઈ પહેરીને તે મધરાતે ક્લબના દીવાનખાનામાં બેઠો બેઠો ભાવાવેશથી યેકાતેરીના ઇવાનોવ્નાને કહી રહ્યો હતો:

"આહ! કદી પ્રેમને વશ ન થયેલા માણસો કેટલા અજ્ઞાની છે! મને તો લાગે છે કે પ્રેમનું વર્ણન વફાદારીથી આજ સુધી કોઈએ કર્યું જ નથી. આ મૃદુ, આનંદી, વેદનાકારી લાગણીનું વર્ણન વાસ્તવમાં ખરેખર અશક્ય જ છે, અને જેણે ભલે એક જ વાર આવી લાગણી અનુભવી હોય તે શબ્દોમાં તેનું વર્ણન કરવાનો પ્રયાસ જ કદી ન કરે. ભૂમિકા બાંધવાની કે વર્ણનો કરવાની શી જરૂર છે? નકામો વાગાડંબર

શા માટે? મારો પ્રેમ અસીમ છે... હું તમને વીનવું છું, આજીજી કરું છું," સ્તાર્ત્સેવે આખરે ઊભો થઈ જતાં વાત પૂરી કરી, "મારી જોડે શાદી કરો!"

"દ્મીત્રી ઇઓનિચ," યેકાતેરીના ઇવાનોવ્નાએ અત્યંત ગંભીર ભાવ ધારણ કરીને થોડી વાર પછી કહ્યું, "દ્મીત્રી ઇઓનિચ, તમે મને આટલું માન આપો છો એટલે હું તમારી ખૂબ અહેસાનમંદ છું, મને તમારે માટે આદરની લાગણી છે, પણ..." તે ઊભી થઈ ગઈ અને ઊભી ઊભી જ આગળ બોલી, "પણ મને માફ કરો. તમારી જોડે શાદી કરવાનું મારે માટે શક્ય નથી. આપણે સાફ વાત કરી લઈએ. દ્મીત્રી ઇઓનિચ, તમને તો બરાબર ખબર છે કે મારી જિંદગીમાં કલા મને વધારેમાં વધારે પ્યારી છે, હું સંગીતના પ્રેમમાં ઘેલી છું, સંગીતની પૂજારણ છું, મારું જીવન મેં સંગીતને અર્પણ કરી દીધું છે. મારે સંગીતકાર બનવું છે, મારે કીર્તિ, સફળતા, મુક્તિ હાંસલ કરવી છે, અને તમે ઇચ્છો છો કે હું આ શહેરમાં જ રહું, મારે માટે અસહ્ય બની ગયેલું આ નીરસ વ્યર્થ જીવન ચાલુ રાખું. કેવળ કોઈની પત્ની જ, બસ? ના, તમારો આભાર! ઇન્સાને કશુંક ઉદાત્ત તેજસ્વી ધ્યેય સાધવાની આકાંક્ષા રાખવી જોઈએ, અને કુટુંબ જીવન તો મને સદાને માટે જકડી જ રાખે. દ્મીત્રી ઇઓનિચ" (તેણે આછું સ્મિત કર્યું કારણ કે 'દ્મીત્રી ઇઓનિચ' નામ બોલતી વેળા તેને 'આલેક્સેઈ ફેઓફિલાકતિચ' નામ યાદ આવ્યા વગર રહેતું જ નહિ), દ્મીત્રી ઇઓનિચ, તમે ભલા, ઉદાર, બુદ્ધિશાળી માણસ છો, તમે બાકીના સૌ કરતાં બહેતર છો—" તેની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં, "મને તમારા તરફ ખરા દિલની લાગણી છે, પણ... પણ... મને ખાતરી છે કે તમે સમજી શકશો..."

તે રુદન ખાળવા બીજી તરફ ફરી ગઈ અને દીવાનખાનામાંથી બહાર ચાલી ગઈ.

સ્તાર્ત્સેવનું હૈયું હવે બેચેનીથી ધડકી નહોતું રહ્યું. ક્લબમાંથી રસ્તા પર બહાર નીકળીને તેણે પહેલું કામ કડક ટાઈ ખોલી નાખવાનું અને ઊંડો શ્વાસ લેવાનું કર્યું. તે જરાક અકળાઈ ગયો હતો, તેના અહંને ધક્કો લાગ્યો હતો—તેણે ઇનકારની ધારણા નહોતી રાખી—અને તે માની જ નહોતો શકતો કે તેનાં બધાં સ્વપ્ન, યાતનાઓ, તથા આશાઓનો અંજામ આવો સાવ તુચ્છ આવ્યો છે, શિખાઉ અદાકારોએ ભજવેલી કોઈ નાનકડી હાસ્યનાટિકાના અંતિમ દૃશ્ય જેવો આવ્યો છે. તેને પોતાની લાગણીઓ બદલ, પોતાના પ્રેમ બદલ, એટલો બધો અફસોસ થયો કે તેને જાણે ડૂસકાં ભરીને રડી પડવાનું કે પછી પોતાની છત્રી પાન્તેલેઇમોનના પહોળા ખભાઓ પર પૂરા જોરથી ફટકારી દેવાનું મન થઈ આવ્યું.

ત્રણ દિવસ સુધી તેની જિંદગીમાં બધું ગોટાળામાં અટવાતું રહ્યું. તે ખાઈ નહોતો શકતો અને તેને નીંદર ન આવતી. પરંતુ યેકાતેરીના ઇવાનોવ્ના સંગીત વિદ્યાલયમાં દાખલ થવા મોસ્કો ચાલી ગઈ હોવાના સમાચાર તેને મળ્યા ત્યારે તેનું મન સ્વસ્થ થઈ ગયું અને તે અગાઉની જેમ જિંદગી ગુજારવા લાગ્યો.

પછી તો જ્યારે તેને યાદ આવતું કે પોતે કબ્રસ્તાનમાં કેવી રીતે ભટકેલો અને ફ્રૉક-કોટની તલાશમાં આખા શહેરમાં કેવી રીતે ગાડી દોડાવતો રહેલો, ત્યારે તે આરામથી કાયા લંબાવીને મનમાં કહેતો:

"વાહ રે! કેવી ધમાલ કરેલી!"

૪

ચાર વર્ષ વીતી ગયાં. શહેરમાં સ્તાર્ત્સેવની પ્રૅક્ટિસ જોરથી ચાલતી હતી. દરરોજ સવારે તે દિયાલિઝમાં રોગીઓને ઉતાવળમાં તપાસી લેતો અને પછી શહેરના રોગીઓને તપાસવા ગાડીમાં નીકળી પડતો. હવે તેની પાસે બે ઘોડાની નહિ પરંતુ ત્રણ ઘોડાની ગાડી હતી. ઘોડાઓની ડોકમાં ઘંટડીઓ રણકતી રહેતી. તેને ઘેર પાછા ફરતાં મોડી રાત થઈ જતી. તે જાડો ને સ્થૂળ બની ગયો હતો અને ચાલવાનું ટાળતો કારણ કે ચાલવાથી તેના દિલના ધડકારા વધી જતા. પાન્તેલેઈમોન પણ જાડો થઈ ગયો હતો અને તેનો ઘેરાવો જેમ જેમ વધતો જતો તેમ તેમ તે વધારે ને વધારે સોગિયું ડાચું કરીને નિસાસા નાખતો અને પોતાની વસમી હાલતની ફરિયાદ કરતો: "બસ ચાલો ને ચાલો, નિરાંતનો દમ ક્યારેય મળતો જ નથી."

સ્તાર્ત્સેવને ઘણાં ઘરોમાં જવાનું થતું અને તે ઘણા લોકોને મળતો, પરંતુ કોઈની સાથે આત્મીયતા કદી ન કેળવતો. શહેરના લોકોની વાતચીત, ખ્યાલો, અને દેખાવ સુદ્ધાં તેને ખીજે ભરાવી દેતાં. તેને ધીરે ધીરે સમજાઈ ગયું હતું કે ... શહેરમાં કોઈ પણ માણસ જોડેના સંબંધો જ્યાં સુધી પત્તાં રમવા અને જમવા પૂરતા મર્યાદિત હોય ત્યાં સુધી તો એ માણસ શાંત, ખુશમિજાજ, અને પ્રમાણમાં બુદ્ધિશાળી પણ હોય છે, પરંતુ જે ઘડીએ વાતચીત ખાવાપીવા સિવાય બીજી કોઈ દિશામાં, સમજો કે રાજકારણ અથવા વિજ્ઞાનની દિશામાં, વળે કે તરત જ એ માણસ કાં તો એકદમ ગૂંચવણમાં પડી જાય છે અથવા એવી મૂઢતા અને

નિષ્ઠુરતાની ફિલસૂફી હાંકવા લાગે છે કે એને પડતો મૂકીને જતા રહેવા સિવાય બીજું કંઈ થઈ જ ન શકે.

સ્તાર્સેવ ક્યારેક કોઈ ઉદારવાદી માણસની સાથે પણ એવી વાત કરવાની કોશિશ કરે કે ઈશ્વરની કૃપાથી માનવજાતિ પ્રગતિ સાધી રહી છે અને વખત જતાં આપણે માટે પાસપોર્ટ તથા મોતની સજા રદ કરી નાખવાનું શક્ય બનશે, ત્યારે વાત સાંભળનારો માણસ તેની તરફ ત્રાંસી અવિશ્વાસની નજર નાખીને સવાલ કરતો: "એટલે લોકોને છડેચોક એકબીજાનાં ગળાં મરજી પડે એટલાં કાપવાની છૂટ મળી જાય, ખરું ને?" જમતી વેળા કે ચા પીતી વેળા સ્તાર્સેવ એવી વાત કરે કે દરેક માણસે કામ કરવું જોઈએ, કામ વગરની જિંદગી તો અશક્ય છે, ત્યારે મોજૂદ તમામ માણસો તેને ટીકાનાં વેણ ગણી લેતા અને જોરશોરથી દલીલો કરવા લાગતા. હાલત એવી હતી. એ નમાલા માનવજીવો કશું ન કરતા, બિલકુલ કંઈ જ ન કરતા, કશી બાબતમાં રસ ન લેતા, અને તેમની જોડે કોઈ જાતની વાત કરવાનું અશક્ય હતું. સ્તાર્સેવ વાતચીત ટાળતો, તેમની સાથે ખાલી જમતો કે પત્તાં રમતો, અને ક્યારેક કશા કૌટુંબિક પ્રસંગની ઉજવણીના વખતે કોઈને ત્યાં પહોંચી જાય અને તેને મહેફિલમાં ભાગ લેવાનું આમંત્રણ આપવામાં આવે ત્યારે બેસીને પ્લેટની ઉપર નજર ઠેરવી.દેતો અને ચુપચાપ જમી લેતો. એવા પ્રસંગોએ થતી બધી વાતો તેને નીરસ, ગેરવાજબી, તથા મૂઢતાભરી લાગતી અને તે ખિજાઈ તથા ઉશ્કેરાઈ જતો; પરંતુ તે જીભને કાબૂમાં રાખતો અને હંમેશાં ગંભીર ચુપકી સાધીને પ્લેટને તાકી રહેતો હોવાથી શહેરમાં "ચિડિયલ પોલૅંડી" તરીકે જાણીતો થઈ ગયો હતો, જોકે તેની રગોમાં પોલૅંડી લોહીનું એક ટીપુંયે નહોતું.

તે નાટક અને સંગીત જેવાં મનોરંજનોથી વેગળો રહેતો પરંતુ દરરોજે લગભગ ત્રણ કલાક પત્તાં બહુ મોજથી રમતો. એ ઉપરાંત, નિજાનંદની બીજી એક રીત તે ધીરે ધીરે અને અજાણ્યે કેળવી રહ્યો હતો: આખા દિવસની વિઝિટો દરમિયાન ભેગી થયેલી અને ઠાંસી ઠાંસીને ખીસાંમાં ભરેલી ચલણી નોટો—પીળી ને લીલી તેમ જ અત્તારની, સરકાની, ધૂપની, કે મચ્છીની વાસવાળી નોટો—તે સાંજની વેળાએ ખીસાંમાંથી કાઢીને ગણતો. ક્યારેક તો સિત્તેર રૂબલ જેટલી રકમ નીકળતી. કેટલાક સેંકડા રૂબલ ભેગા થઈ જાય એટલે તે બૅંકના પોતાના ખાતામાં જમા કરાવી દેતો.

યેકાતેરીના ઈવાનોવ્ના ચાલી ગઈ ત્યાર પછીનાં ચાર વર્ષ દરમિયાન તે તૂર્કિન પરિવારને ત્યાં માત્ર બે જ વાર વેરા ઈઓસિફોવ્નાના આમંત્રણના જવાબમાં ગયો હતો. વેરા ઈઓસિફોવ્નાના માથાના દુખાવાનો ઈલાજ ચાલુ જ હતો. યેકાતેરીના ઈવાનોવ્ના દર વરસે ઉનાળામાં માબાપને મળવા ઘેર આવતી પરંતુ સ્તાર્ત્સેવ તેને મળ્યો નહોતો. કોણ જાણે કેમ પણ એવો સંજોગ ઊભો જ નહોતો થયો.

એવી રીતે ચાર વર્ષ વીતી ગયાં હતાં. એક દિવસે શાંત હૂંફાળી સવારે હૉસ્પિટલમાં એક પત્ર પહોંચાડવામાં આવ્યો. વેરા ઈઓસિફોવ્નાએ દ્મીત્રી ઈઓનિચને લખી જણાવ્યું હતું કે તમે બહુ જ યાદ આવો છો, તમારે આવીને મારી પીડા હળવી કરવી જ પડશે, અને વળી આજે તો મારી વરસગાંઠ છે. પત્રમાં નીચે તાજાકલમ ઉમેરવામાં આવી હતી: "માની વિનંતિમાં હું સહભાગી છું. મી."

સ્તાર્ત્સેવે બાબત વિશે વિચાર કરી લીધો અને સાંજે તે તૂર્કિન પરિવારને ત્યાં ગયો.

"આવો! કેમ છો! કેમ-બેમ છો!" ઈવાન પેત્રોવિચે માત્ર આંખોમાં જ સ્મિત છલકાવતાં પોતાની હંમેશની રીતે તેને આવકાર્યો અને ઉમેર્યું: "સોનાવરણો સૂરજરામ!"

વેરા ઈઓસિફોવ્ના સારી પેઠે ઘરડી દેખાતી હતી અને તેના વાળ ધોળા થઈ ગયા હતા. તેણે સ્તાર્ત્સેવનો હાથ દબાવ્યો અને દેખાવ કરીને નિસાસો નાખતાં કહ્યું:

"ડૉક્ટર, તમને મારી જોડે ઈશ્ક કરવાનું ગમતું નથી લાગતું, તમે ક્યારેય અમને મળવા નથી આવતા, તમારી નજરમાં તો હું હવે બુઠ્ઠી થઈ ગઈ. પણ જુવાન બાઈ આવી ગઈ છે, કદાચ એનું નસીબ જોરમાં હોય."

અને મીની? તે દૂબળી ને ફિક્કી પડી ગઈ હતી પરંતુ વધારે સુંદર ને મોહક લાગતી હતી. તે હવે યેકાતેરીના ઈવાનોવ્ના હતી, મીની નહિ. તેની તાજગી અને બાળક સમી નિર્દોષતાનો ભાવ અદૃશ્ય થઈ ગયાં હતાં. તેની નજરમાં કશુંક નવું હતું, કશુંક ભયભીત અને અપરાધી હતું, જાણે કેમ અહીંયાં તૂર્કિન પરિવારમાં તેને હવે ચેન ન પડતું હોય.

"આપણે વરસોથી મળ્યાં નથી," તે સ્તાર્ત્સેવના હાથમાં હાથ પરોવતી બોલી. સાફ વરતાઈ આવતું હતું કે તેનું દિલ જોરથી ધડકી રહ્યું છે. કુતૂહલભરી નજર સ્તાર્ત્સેવના ચહેરા ઉપર ઠેરવીને તે આગળ બોલી: "તમારું શરીર મઝાનું ગોળમટોળ થઈ ગયું છે! વાન વધારે ઘેરો બન્યો છે, હવે બરાબર મરદ આદમી જેવા દેખાઓ છો, પણ બધી રીતે જોતાં બહુ બદલાયા નથી."

સ્તાર્ત્સેવને તે આકર્ષક લાગી, ખૂબ જ આકર્ષક લાગી, પરંતુ હવે તેનામાં જાણે કશુંક ખૂટતું હતું, અથવા કશુંક ફાલતુ હતું. તે પારખી ન શક્યો કે એ શું છે, પરંતુ જે કંઈ હતું તે તેના દિલમાં અગાઉ જેવી લાગણી પેદા નહોતું

શવા દેતું. તેને યેકાતેરીના ઇવાનોવ્નાનો વાન, તેના ચહેરા પરના નવા ભાવ, તેનું આછું સ્મિત, તેનો અવાજ—કશું જ ન ગમ્યું, અને થોડી વારમાં તો તેના પોશાક તથા જે ખુરશીમાં તે બેઠી હતી એ ખુરશી તરફ પણ અણગમો થઈ ગયો, જ્યારે પોતે તેની જોડે લગભગ શાદી કરી લીધેલી એ ભૂતકાળમાંના કશાક તરફ અણગમો થઈ ગયો. ચાર વર્ષ પહેલાં તેને બેચેન બનાવી દેનાર તેનો પ્યાર, આશાઓ, તથા સ્વપ્નાં યાદ આવી જતાં તે અકળામણ અનુભવવા લાગ્યો.

ચા અને મલાઈની વાનગી પીરસવામાં આવી. વેરા ઇઓસિફોવ્નાએ પોતાની નવલકથા મોટેથી વાંચી સંભળાવી, વાસ્તવિક જીવનમાં કદી ન બને એવી ઘટનાઓ વાંચી સંભળાવી, અને સ્તાર્ત્સેવ તેના રૂપાળા ધવલ શીશને નીરખતો તથા તેનું વાંચન પૂરું થવાની રાહ જોતો બેઠો બેઠો સાંભળતો રહ્યો.

"વાર્તાઓ ન લખી શકનાર નહિ પણ લખીને એ હકીકતને છુપાવી ન શકનાર વ્યક્તિ જ નિર્માલ્ય ગણાય," તેને થયું.

પરંતુ ઇવાન પેત્રોવિચ બોલ્યો: "ખરાબસમ ન ગણાય!"

પછી યેકાતેરીના ઇવાનોવ્ના પિયાનો વગાડવા બેઠી અને કેટલીય વાર સુધી જોર જોરથી વગાડતી રહી. તેનું વાદન પૂરું થયું એટલે સૌ ઘણી વાર સુધી તાળીઓ વગાડતાં રહ્યાં અને આભારનાં વેણ બોલતાં રહ્યાં

"આને પરણ્યો નહિ તેમાં આખરે સારું જ થયું છે," સ્તાર્ત્સેવ મનમાં વિચારવા લાગ્યો.

યેકાતેરીના ઇવાનોવ્નાએ તેની સામે જોયું. તેની નજરમાં અપેક્ષા સાફ વરતાઈ આવતી હતી કે હમણાં બગીચામાં જવાનું કહેશે. પરંતુ સ્તાર્ત્સેવ કંઈ બોલ્યો નહિ.

"ચાલો વાતો કરીએ," તેણે સ્તાર્ત્સેવની પાસે જઈને કહ્યું. "તમારું કેમ ચાલે છે? કેવી જિંદગી ગુજારો છો? મારા મનમાં હંમેશાં તમારા વિચારો આવતા રહ્યા છે," તે બેચેનીથી બોલતી રહી. "મને મન થતું કે તમને પત્ર લખું, દિયાલિઝ આવીને તમને મળું, મેં નક્કી જ કરી નાખેલું, પણ પછી ઇરાદો બદલાવી નાખ્યો— કોને ખબર તમારા મનમાં હવે મારે વિશે કેવી લાગણી હોય! આજે હું તમારા આવવાની વાટ અધીરાઈથી જોતી રહી હતી. ચાલો, બગીચામાં જઈએ."

તેઓ બગીચામાં ગયાં અને ચાર વર્ષ પહેલાં જ્યાં બેસતાં ત્યાં જ પુરાણા વૃક્ષ તળે બાંકડા ઉપર બેઠાં. અંધકાર છવાયેલો હતો.

"બોલો, કેમ ચાલે છે?" યેકાતેરીના ઇવાનોવ્નાએ શરૂઆત કરી.

"ઠીક છે, આભાર," સ્તાર્ત્સેવે જવાબ આપ્યો.

તેને બીજું કંઈ કહેવાનું સૂઝ્યું જ નહિ. બેઉ મૂંગાં બેસી રહ્યાં.

"હું અકળાઈ ગઈ છું," યેકાતેરીના ઇવાનોવ્ના હાથ વડે પોતાનું મોં ઢાંકી દેતી બોલી, "પણ તમે ધ્યાનમાં લેશો નહિ. ઘેર પાછી ફરીને હું બહુ જ ખુશ થઈ ગઈ છું, સૌને મળવામાં મને બેહદ ખુશી થઈ છે, અને એવી ખુશીથી હું હજી ટેવાઈ નથી શકતી. કેવી કેવી યાદો! મને હતું કે તમે ને હું આખી રાત વાતો કરતાં રહીશું!"

તે યેકાતેરીના ઇવાનોવ્નાનું વદન અને તેજના ઝગારા મારતાં તેનાં નયનો જોઈ શકતો હતો. ઘરના ખંડ કરતાં અંધકારમાં તે વધારે તરુણ લાગતી હતી, તેના અગાઉના

બાળક જેવી નિર્દોષતાના ભાવ પણ જાણે પાછા આવી ગયા હતા. તે જોઈ શકતો હતો કે યેકાતેરીના ઈવાનોવ્ના તેની સામે ભોળપણભરી જિજ્ઞાસાની નજરે તાકી રહી છે, જાણે કેમ એક જમાનામાં પોતાને ઉત્કટ, મૃદુ, અને નિષ્ફળ પ્રેમ કરનારા આદમીની વધારે નિકટ આવવા માગતી હોય, તેને સરખી રીતે સમજવા માગતી હોય. તેની આંખો એ પ્રેમ બદલ અહેસાનની લાગણી વ્યકત કરી રહી હતી. અને સ્તાર્ત્સેવને પણ જે કંઈ બની ગયું હતું તે બધું નાનામાં નાની વિગતો સમેત યાદ આવી ગયું—તે કેવી રીતે કબ્રસ્તાનમાં ભટકતો રહેલો અને તદ્દન થાકીને રાતના છેલ્લા પહોરમાં ઘેર પાછો ફરેલો. એકાએક તે ગમગીન બની ગયો, વીતેલા ભૂતકાળનો અફસોસ તેના દિલમાં છલકાવા લાગ્યો. તેના હૈયાના ઊંડાણમાં જાણે જ્યોતિનો ઝબકારો થયો.

"મેં તમને કલબમાં પહોંચાડેલાં એ રાત યાદ છે?" તેણે કહ્યું. "વરસાદ વરસી રહ્યો હતો, અંધકાર છવાયેલો હતો..."

તેના હૈયામાં ઝબકી રહેલી જ્યોતિ વધારે ને વધારે મોટી થવા લાગી, તેના મનમાં વાત કરવાનો તલસાટ પેદા થયો, પોતાની જિંદગીનો અફસોસ જાહેર કરવાની ઝંખના જાગી...

"અરે!" તેણે નિસાસો નાખ્યો. "તમે પૂછો છો કે મારી જિંદગી કેવી ચાલે છે. અહીંયાં અમારી જિંદગી કેવી છે? અમારે જિંદગી છે જ નહિ. ઘરડાં ને જાડાં થતાં રહીએ છીએ, બસ, ગાડું ચાલતું રહે છે. એક દિવસ જાય છે ને બીજો આવે છે, નીરસ ને બેનૂર જિંદગી કશા ખાસ અનુભવો કે વિચારો વગર ગુજરતી રહે છે... દિવસ પૈસા કમાવામાં વીતી જાય છે, અને સાંજ પત્તાંના રસિયાઓ, દારૂના શોખીનો, તથા બડાઈખોરોના સંગાથમાં કલબમાં વેડફાઈ જાય છે. મને

તો એ લોકો ઉપર નફરત છૂટે છે. એવી જિંદગીને કંઈ જિંદગી કહેવાય?"

"પણ તમારે તો તમારું કામ છે, જીવનમાં ઉમદા ધ્યેય છે. તમને તમારી હૉસ્પિટલની વાતો કરવાનું બહુ ગમતું. હું તો એ વખતે અજબ જીવ જેવી હતી, મારી જાતને પિયાનો વાદનના મહાન કલાકારની કક્ષાએ ગણતી. આજકાલ બધી તરુણ મહિલાઓ પિયાનો વગાડે છે, અને સૌની જેમ હુંયે વગાડતી, મારામાં ખાસ પ્રતિભા જેવું કંઈ નહોતું. માને નવલકથા લખતાં જેટલું આવડે છે એટલું જ મને પિયાનો વગાડતાં આવડે છે. એ વખતે તો હું બેશક તમને સમજી નહોતી શકી, પણ પછી મોસ્કોમાં મારા મનમાં ઘણી વાર તમારા વિચારો આવતા. હું બીજું કંઈ વિચારતી જ નહોતી. ઝેમ્સ્ત્વોના ડૉક્ટર તરીકે કામ કરવું, પીડામાં ટળવળતા માણસોને રાહત અપાવવી, લોકોની સેવા કરવી, એટલે કેવી ખુશીની વાત! કેવી ખુશીની વાત!" યેકાતેરીના ઈવાનોવ્નાએ ઉત્સાહમાં આવી જઈને શબ્દો દોહરાવ્યા. "હું મોસ્કોમાં તમારા વિચારો કરતી ત્યારે તમે મને આદર્શ ઉદાત્ત વ્યકિત લાગતા..."

સ્તાર્ત્સેવને દરરોજ ખીસાંમાંથી રૂબલની નોટો કાઢીને ખૂબ સંતોષની લાગણીથી ગણવાની વાત યાદ આવી અને તેના હૈયામાં જલતી જ્યોતિ બુઝાઈ ગઈ.

તે પાછો ઘરમાં જવા ઊભો થઈ ગયો. યેકાતેરીના ઈવાનોવ્નાએ તેના હાથમાં હાથ પરોવી દીધો.

"મારી ઓળખાણના લોકોમાં તમે સૌથી સારા માણસ છો," તે આગળ બોલી. "આપણે મળતાં રહીશું અને ખૂબ વાતો કરીશું, નહિ? મને એવું વચન આપો. પિયાનો વાદનની ખરી કાબેલિયત મારામાં નથી. મને મારે વિશે હવે

કશા ભ્રમ નથી રહ્યા, અને તમારી હાજરીમાં હું કદી પિયાનો નહિ વગાડું કે સંગીતની વાત નહિ કરું."

તેઓ ફરી ઘરમાં દાખલ થયાં અને ઝળહળતા ખંડમાં સ્તાર્ત્સેવે તેનો ચહેરો જોયો, તથા પોતાની ઉપર મંડાયેલી તેની ગમગીન, વેધક, અહેસાનમંદ આંખો જોઈ, ત્યારે તેને જરાક બેચેની થઈ પણ ફરી તેના મનમાં વિચાર આવ્યો:

"આને પરણ્યો નહિ તેમાં આખરે સારું જ થયું છે."

તેણે વિદાય માગી.

"તમને જમ્યા વગર જવાનો મુદ્દલ હક નથી," ઈવાન પેત્રોવિચે તેને વિદાય આપતી વેળા કહ્યું. "આ તો તમારું બહુ વિ... ચિ... ત... ર... વર્તન કહેવાય. ચાલ, ખેલ બતાવ!" તેણે પ્રવેશખંડમાં પાવા તરફ ફરીને ફરમાન છોડ્યું.

પાવા હવે નાનકડો છોકરો નહોતો રહ્યો પણ મૂછોવાળો જુવાન બની ગયો હતો. તે અદા ધારણ કરીને, હાથ ઊંચો કરીને, કરુણ સ્વરે બોલ્યો:

"મરી જા, દુ:ખી નારી!"

આખો તમાશો જોઈને સ્તાર્ત્સેવને હવે તો ખીજ જ ચડી. ગાડીમાં બેસીને તેણે પોતાને એક જમાનામાં બહુ પ્યારા અંધારઘેરા મકાન તથા બગીચા ઉપર નજર નાખી ત્યારે બધી યાદો ધસારાબંધ તેના મનમાં તાજી થઈ ગઈ— વેરા ઈઓસિફોવ્નાની નવલકથાઓ, મોટા પિયાનો પર મીનીનું ધોંધાટિયું વાદન, ઈવાન પેત્રોવિચના ચતુરાઈભર્યા ટોળટપ્પા, તથા પાવાની કરુણ અદા, અને તેણે મનમાં ને મનમાં સવાલ કર્યો કે આખા શહેરના સૌથી પ્રતિભાવાન માણસો આટલા નિર્માલ્ય છે તો પછી ખુદ શહેર પાસેથી કેવી અપેક્ષા રાખી શકાય?

ત્રણ દિવસ પછી પાવાએ તેને યેકાતેરીના ઇવાનોવ્નાનો પત્ર પહોંચાડયો.

"તમે અમને મળવા આવતા જ નથી. કેમ?" તેણે લખ્યું હતું. "મને લાગે છે કે અમારી બાબતમાં તમારું વલણ સાવ બદલાઈ ગયું છે. મને એમ લાગે છે, અને એવો ખ્યાલ મને તો દહેશતમાં જ નાખી દે છે. મને સાંત્વન આપો, આવીને મને જણાવો કે બધું બરાબર છે.

"મારે તમને મળવું જ છે. તમારી યે. ઇ."

તેણે પત્ર વાંચ્યો, એક પળ વિચાર કર્યો, અને પાવાને કહ્યું:

"ભલા આદમી, કહેજે કે આજે તો મારાથી કોઈ રીતે અવાય એમ નથી. બહુ કામમાં છું. એકબે દિવસમાં આવી જઈશ."

પરંતુ ત્રણ દિવસ વીતી ગયા, પછી અઠવાડિયું વીતી ગયું, તેમ છતાં તે ગયો નહિ. એક વાર ગાડીમાં તૂર્કિન પરિવારના ઘર પાસેથી નીકળતી વેળા તેને થયું કે ઊતરી જાઉં અને ભલે થોડીક જ વાર પણ મળી લઉં, પરંતુ થોડીક વાર વિચારમાં પડી જઈને તેણે ગાડીને આગળ ચાલવા દીધી.

તે તૂર્કિન પરિવારને ત્યાં ફરી કદી ગયો જ નહિ.

૫

વળી થોડાંક વર્ષો વીતી ગયાં. સ્તાર્ત્સેવ વધારે જાડો થઈ ગયો હતો, જાડો ભોલ બની ગયો હતો, તેને વારંવાર શ્વાસ ચડી જતો, અને ચાલતી વેળા તેને માથું પાછળ

ઉછાળવું પડતું. તે ગાડીમાં જતો હોય ત્યારે દેખાવ જોવા જેવો બની રહેતો—તેનો રાતો ને તાજોમાજો ચહેરો નજરે પડે, તેના ત્રણ ઘોડાની ડોકમાં ઘંટડીઓ રણકતી હોય, પાન્તેલેઈમોન કોચવાનની જગ્યાએ બેઠો હોય, તેનો ચહેરો પણ રાતો ને તાજોમાજો હોય, તેની ગરદનના પાછળના ભાગમાં ચરબીના થર લબડતા હોય, તેના હાથ જાણે લાકડાના બનેલા હોય એવી રીતે સીધા આગળ લંબાયેલા હોય, અને તે સામેથી આવતી ગાડીઓના કોચવાનોને ઘાંટા પાડીને કહેતો હોય કે "જમણી બાજુ, જમણી બાજુ!" કોઈ માનવી જતો હોય એમ નહિ પરંતુ જાણે કોઈ જંગલી પ્રજાના દેવની સવારી નીકળી હોય એમ લાગતું. શહેરમાં તેની પ્રૅક્ટિસ એટલી વધી ગઈ હતી કે તેને શ્વાસ લેવાનો વખત પણ ન મળતો. તેને ગ્રામવિસ્તારમાં જાયદાદ હતી, શહેરમાં બે મકાન હતાં, અને એથીયે વધારે નફાકારક ત્રીજા મકાન ઉપર તેની નજર હતી. જ્યારે જ્યારે તેને બૅંકમાં જાણવા મળતું કે કોઈ નવું મકાન લિલામ થવાનું છે ત્યારે ત્યારે તે એ મકાનમાં પહોંચી જઈને કશી શિષ્ટતા વગર બધા ખંડોમાં ફરતો, તેમાં રહેતાં અને હેરત તથા દહેશતની નજરે તેની સામે જોઈ રહેતાં સ્ત્રીબાળકોની કશી પરવા ન કરતો, અને પોતાની છડી વડે દરેક બારણા ઉપર ઠપઠપ કરીને સવાલ કરતો:

"આ અભ્યાસખંડ છે? આ શયનખંડ છે? આ ખંડ શાનો છે?"

અને બધો વખત તે ભારે શ્વાસ લેતો રહેતો, ભવાં પર બાઝેલો પરસેવો લૂછતો રહેતો.

તેને ઘણા કારોબાર સંભાળવા પડતા, પરંતુ તેણે ઝેમ્સ્ત્વોના ડૉક્ટર તરીકેનું કામ છોડયું નહિ. તે લાલસાનો

ગુલામ હતો. તેને દરેક ઠેકાણે બને એટલું બધું ઝડપી લેવાની ઝંખના રહેતી. તેને હવે દિયાલિઝમાં તેમ જ શહેરમાં સૌ "ઈઓનિચ" કહેતા. "ઈઓનિચ ક્યાં ગયો છે?" અથવા "ઈઓનિચને બોલાવીએ તો ઠીક, નહિ?"

તેનો અવાજ બેશક તેના ગળા ફરતે જામી ગયેલા ચરબીના થરોને લીધે તીણો ને કર્કશ બની ગયો હતો. તેનો સ્વભાવ પણ બદલાઈ ગયો હતો. તે ચિડિયલ અને ગરમ મિજાજી બની ગયો હતો. રોગીઓને તપાસતી વેળા તેનો પિત્તો ઘણી વાર ખસી જતો, તે અધીરાઈથી છડી ભોંય પર ઠપકારવા લાગતો અને કોઈને ગમે નહિ એવા અવાજે બોલી ઊઠતો:

"તમારે મારા સવાલોના જવાબ જ આપવાના છે. નકામી વાતો ન કરો."

તે એકલો રહે છે. તેની જિંદગી કંટાળાજનક છે. તેને કશી બાબતમાં રસ નથી પડતો.

તેનો મીની પ્રત્યેનો પ્રેમ તેની એકમાત્ર ખુશી સમો હતો, દિયાલિઝમાં તેના વસવાટના પૂરા સમય દરમિયાન તેણે અનુભવેલા અંતિમ ઉલ્લાસ સમો હતો. તે ક્યારેક કલબમાં પત્તાં રમે છે, અને પછી મોટા ટેબલ પાસે એકલો બેસીને જમે છે. કલબના નોકરોમાં સૌથી પુરાણો અને સૌથી વધારે આદર પામતો ઇવાન તેને ખાવાનું પીરસે છે. સરસ મદ્ય તેની તહેનાતમાં રજૂ કરવામાં આવે છે, અને સૌ—વહીવટનું કામ સંભાળનારા માણસો, મુખ્ય ખાનસામો, અને હજૂરિયાઓ—તેની પસંદગીઓ તથા નાપસંદગીઓ બરાબર જાણે છે. તેઓ બધા તેને રાજી રાખવાની પૂરી કોશિશ કરે છે કારણ કે તે નાખુશ થઈ જાય તો ખુદા ખેર કરે, તે અચાનક ગુસ્સાથી લાલચોળ થઈને તેની છડી ભોંય પર ઠપકારવા માંડે.

રાતે જમતી વેળા તે ક્યારેક ક્યારેક એક યા બીજી તરફ ફરીને વાતચીતમાં જોડાય છે.

"શાની વાત કરો છો? આહ! કોણ?"

અને બાજુના ટેબલે વાતચીતમાં તૂર્કિનનો ઉલ્લેખ આવે તો તે સવાલ કરે છે:

"તમે તૂર્કિનની વાત કરો છો? જેની દીકરી પિયાનો વગાડે છે એ તૂર્કિનની?"

તેને વિશે બસ એટલું જ કહી શકાય એમ છે.

અને તૂર્કિન પરિવાર? ઈવાન પેત્રોવિચ નથી ઘરડો દેખાતો કે નથી કોઈ રીતે જરાય બદલાયો. તે હજી ટોળટપ્પા કરે છે અને રમૂજી ટુચકા સંચકા સંભળાવે છે. વેરા ઈઓસિફોવ્ના મહેમાનોને પોતાની નવલકથાઓ કાયમ જેટલા જ ઉત્સાહ અને નિખાલસતાથી વાંચી સંભળાવે છે. અને મીનીબાઈ રોજ ચાર કલાક રિયાજ કરે છે. તેની કાયામાં ઉંમર વરતાવા લાગી છે, તે વારંવાર માંદી પડે છે અને દર વરસે શરદમાં મા ભેગી ક્રિમિયા જાય છે. ઈવાન પેત્રોવિચ તેમને વિદાય આપતી વેળા ગાડી સ્ટેશનમાંથી બહાર નીકળવા લાગે ત્યારે આંખો લૂછતો લૂછતો સાદ પાડે છે:

"જલદી પાછાં આવજો!"

પછી તે રૂમાલ ફરફરાવે છે.

૧૮૯૮

કૂતરાવાળી બાનુ

૧

લોકોમાં વાતો થતી હતી કે પાળ પર ફરવાની જગ્યાએ નવો ચહેરો નજરે પડે છે, એક બાનુ કૂતરું લઈને આવે છે. દ્‌મીત્રી દ્‌મીત્રિચ ગૂરોવ પખવાડિયાથી યાલ્તામાં હતો, ત્યાંની રીતભાતથી ટેવાઈ ગયો હતો, અને નવા સહેલાણીઓની બાબતમાં તેને પણ રસ પડવા લાગ્યો હતો. તે વેર્નેના કાફેની ખુલ્લી જગ્યામાં બેઠો હતો એટલામાં તેને એક યુવાન સ્ત્રી પાળ પરથી પસાર થતી નજરે પડી. બાઈએ માથે સોનેરી કેશ ઉપર ટોપી પહેરી હતી, તે ઊજળે વાને હતી અને બહુ ઊંચી નહોતી, તેની પાછળ એક સફેદ કૂતરું દડબડ દોડતું જઈ રહ્યું હતું.

પછી તો એ બાઈ તેને શહેરના બાગમાં અને ચોકમાં દરરોજ કેટલીય વાર નજરે પડતી. તે હંમેશાં એ જ ટોપી પહેરીને એકલી જ નીકળતી અને કૂતરું હંમેશાં તેની ભેગું જ રહેતું. કોઈને ખબર નહોતી કે બાઈ કોણ છે, અને લોકો તેની વાત ફક્ત "કૂતરાવાળી બાનુ" કહીને જ કરતા.

ગૂરોવને થયું કે બાઈ પતિ વગર એકલી આવી હોય અને તેને કોઈ મિત્રો ન હોય તો ઓળખાણ કરી લેવામાં વાંધો નથી.

તે હજુ ચાળીસની ઉંમરે નહોતો પહોંચ્યો, પરંતુ તેને બાર વરસની દીકરી અને નિશાળમાં ભણતા બે દીકરા હતાં. તેનું લગ્ન વહેલું થઈ ગયું હતું, ત્યારે તે કૉલેજના બીજા વર્ષમાં હતો, અને હવે તેની પત્ની ઉંમરમાં તેના કરતાં દોઢ ગણી લાગતી હતી. કાળાં ભવાં અને ઊંચી ટટ્ટાર કાયાવાળી એ ઓરત ભારેખમ, જાજરમાન, અને પોતે જ કહેતી તેમ "ચિંતક" હતી. તે વાંચન બહુ કરતી, પત્રો લખતી વેળા શબ્દોના અંતમાં આવતાં "કઠણ ઉચ્ચારનાં ચિહ્નો" છોડી દેતી, અને પતિને દ્‌મીત્રીને બદલે 'દિમીત્રી' કહીને બોલાવતી. પતિ મનમાં તો તેને આછકલી, સંકુચિત માનસની, અને ફૂવડ ગણતો હતો પરંતુ તેનાથી દબાયેલો રહેતો અને ઘરમાં રહેવાનું પસંદ ન કરતો. તેણે પત્ની જોડે બેવફાઈની શરૂઆત લાંબા વખત પહેલાં કરી દીધી હતી, તે હવે તો લગાતાર બેવફાઈ કરતો જ રહેતો, અને કદાચ એ કારણે જ સ્ત્રીઓની વાત તુચ્છકારથી કરતો તથા તેમનો ઉલ્લેખ હલકી જાતિ તરીકે કરતો.

તે માનતો કે કડવા અનુભવના પુષ્કળ બોધપાઠોના આધારે પોતાને સ્ત્રીઓના સંબંધમાં મરજી પડે એમ કહેવાનો હક મળી ગયો છે, પરંતુ એ "હલકી જાતિ" વગર તે બેચાર દિવસ પણ ન રહી શકતો. પુરુષોના સંગાથમાં તેને હંમેશાં કંટાળો આવતો અને બેચેની લાગતી, તેનું વર્તન ભાવશૂન્ય અને સંકોચભર્યું રહેતું, પરંતુ સ્ત્રીઓના સંગાથમાં તે પૂરો સ્વસ્થ રહેતો, તેને બરાબર ખબર હતી કે સ્ત્રીઓની જોડે કેવી વાતો કરવી, કેવું વર્તન કરવું, તે સ્ત્રીઓની હાજરીમાં જરા સરખીયે અકળામણ અનુભવ્યા વગર અબોલ પણ રહી શકતો. તેના દેખાવ અને સ્વભાવમાં એક જાતની ભ્રામક મોહકતા હતી જે સ્ત્રીઓને કશીક રહસ્યમય રીતે આકર્ષી

લેતી. તે પોતાની એવી મોહકતા વિશે સભાન હતો, અને તેને પણ કશીક શકિત સ્ત્રીઓ તરફ આકર્ષતી રહેતી.

ફરીફરીને થયેલા કડવા અનુભવથી તે સમજી ગયો હતો કે દરેક નવી આત્મીયતા શરૂઆતમાં તો રોજિંદી જિંદગીમાં એકદમ આહ્લાદક વિવિધતા આણી દેતી અને મોહક હળવું સાહસ બની રહેતી, પરંતુ ભદ્ર લોકોની બાબતમાં (ખાસ કરીને મોસ્કોમાં કે જ્યાં તેઓ બહુ જ અનિશ્ચિત અને મંદવેગી હોય છે) તે અનિવાર્ય રૂપે વધારે પડતી અટપટી સમસ્યામાં પલટાઈ જતી અને અસહ્ય ત્રાસદાયક પરિસ્થિતિમાં પરિણમતી. પરંતુ કોઈ આકર્ષક મહિલાને મળવાનું થાય કે તરત જ તે પોતાનો બધો અનુભવ ભૂલી જતો, જિંદગી માણી લેવાની ઝંખના તેના મનમાં ઉત્પાત મચાવી દેતી, અને એકાએક તેને બધું જાણે સરળ તથા રમૂજી લાગતું.

એક વાર સાંજે તે બાગના રેસ્તરાંમાં જમી રહ્યો હતો ત્યારે ટોપીવાળી બાનુ ફરતી ફરતી ત્યાં આવી પહોંચી અને બાજુના ટેબલ પાસે બેસી ગઈ. તેના ભાવ, ચાલવાની રીત, પોશાક, કેશની સજાવટ—બધું જાણે સાફ જણાવી રહ્યું હતું કે બાઈ અમીર વર્ગની છે, પરણેલી છે, યાલ્તા પહેલી જ વાર આવી છે, એકલી છે, અને કંટાળાના પાશમાં જકડાયેલી છે... યાલ્તાના પ્રવાસીઓની નૈતિક સ્વચ્છંદતા અંગેની વાતોમાં બહુ જ અતિશયોકિત હોય છે. તે એવી વાતોને સાચી નહોતો માની લેતો. એવી વાતો સાંભળતાં તેને નફરતની લાગણી થતી. તે જાણતો હતો કે એ બધી વાતો ઘડી કાઢનારા મોટે ભાગે તો એવા માણસો હોય છે કે જે પોતાનામાં આવડત હોય તો પોતે જ થોડીઘણી મોજમઝા ખુશીથી માણી લે. પરંતુ બાનુ તેનાથી થોડાંક જ કદમોના અંતરે બાજુના ટેબલ પાસે બેસી ગઈ ત્યારે આસાન ફતેહોની

તથા પહાડોના સહેલસપાટાની એ વાતો તેને યાદ આવી ગઈ, અને ત્વરિત અલ્પજીવી ઇશ્કનો, પોતે જેનું નામ પણ નહોતો જાણતો એવી બાઈ સાથે આડા વહેવારનો, લલચામણો ખ્યાલ તેના મનમાં એકાએક સવાર થઈ ગયો.

તેણે કૂતરાની સામે ચપટી વગાડી, અને કૂતરું પાસે આવ્યું ત્યારે તેની સામે આંગળી હલાવી. કૂતરું ઘૂરકવા લાગ્યું. ગૂરોવે ફરી આંગળી હલાવી.

બાનુએ તેની સામે જોયું અને તરત જ નજર નીચે ઢાળી દીધી.

"કરડશે નહિ," તે બોલી, અને તેનું મોં રાતું થઈ ગયું.

"હાડકું આપું?" તેણે પૂછ્યું, અને બાનુએ માથું હલાવીને હા પાડી એટલે ભાવભીના અવાજે ઉમેર્યું: "બહુ વખતથી છો યાલ્તામાં?"

"લગભગ પાંચ દિવસ."

"હું તો બીજું અઠવાડિયું ખેંચી રહ્યો છું."

થોડી વાર બેઉ અબોલ રહ્યાં.

"અહીંયાં દિવસો તો ઝડપથી વીતી જાય છે, પણ તોયે કંટાળો બહુ જ આવે છે," બાનુ તેની સામે જોયા વગર બોલી.

"એ તો ખાલી કહેવાની જ વાત છે કે અહીંયાં કંટાળો આવે છે. લોકો બેલેવો કે ઝીઝ્દ્રો જેવી નમાલી જગ્યાઓમાં કંટાળાની ફરિયાદ ક્યારેય નહિ કરે, પણ અહીંયાં આવે કે તરત જ કહેશે: 'અરે, કેવો કંટાળો! અરે, કેટલી ધૂળ!' જાણે કેમ ગ્રેનાદાથી આવ્યાં હોય!"

બાઈ હસી પડી. પછી બેઉ જાણે એકબીજાથી સાવ અજાણ્યાં હોય એમ મૂંગાં મૂંગાં જમવા લાગ્યાં. પરંતુ જમવાનું

પતી ગયા પછી બેઉ ભેગાં જ રેસ્તરાંમાંથી બહાર નીકળ્યાં, અને પોતે ગમે ત્યાં જાય અથવા ગમે તેવી વાતો કરે એથી જેમને કશો જ ફરક ન પડતો હોય એવા આઝાદ તથા સંતુષ્ટ લોકોની જેમ હળવી ટોળટપ્પાની વાતો કરવા લાગ્યાં. તેઓ સમુદ્રની ઉપર ફેલાયેલા અજબ પ્રકાશની વાતો કરતાં ફરવા લાગ્યાં. પાણી હૂંફાળા આછા જાંબલી રંગનું હતું, તેની સપાટી પર ચાંદની જાણે સોનેરી પટની જેમ પથરાયેલી હતી. તેમણે વાતો કરી કે આખા દિવસની સખત ગરમીને લીધે બફારો થાય છે. ગૂરોવે તેને કહ્યું કે હું મોસ્કોમાં રહું છું, આમ તો ભાષાશાસ્ત્રી છું પણ બૅંકમાં કામ કરું છું, એક જમાનામાં મેં ખાનગી સંગીતનાટક મંડળમાં ગાયનની તાલીમ લીધી હતી પણ પછી એ ખ્યાલ છોડી દીધો, મોસ્કોમાં મારાં બે મકાન છે... બાઈ પાસેથી તેને જાણવા મળ્યું કે તે પિટર્સબર્ગમાં મોટી થઈ હતી પરંતુ તેનું લગ્ન ... શહેરમાં થયું હતું અને તે બે વરસથી ત્યાં જ રહેતી હતી, યાલ્તામાં હજી એક મહિનો રોકાવાની હતી, તેના પતિને પણ આરામની જરૂર હતી એટલે તે કદાચ યાલ્તા આવે. તે ચોક્સાઈથી જણાવી ન શકી કે તેનો પતિ પ્રાંતિક પરિષદનો સભ્ય હતો કે ઝેમ્સ્ત્વોના કાર્યવાહક મંડળનો સભ્ય હતો, અને એવું અજ્ઞાન જાહેર કરવામાં તેને પોતાને જ ખૂબ રમૂજ પડી. એ ઉપરાંત ગૂરોવને જાણવા મળ્યું કે તેનું નામ આન્ના સેર્ગેયેવ્ના હતું.

ગૂરોવ પાછો પોતાની રૂમમાં પહોંચીને બાઈના વિચાર કરવા લાગ્યો. તેને થયું કે ઘણું કરીને બીજે દિવસે મુલાકાત થશે. એમ બનવાનું જ. તે બિછાનામાં પડયો ત્યારે તેના મનમાં વિચારો ઘોળાવા લાગ્યા કે યુવતી હજી તો થોડાક જ સમય પહેલાં મારી પોતાની દીકરી જેવી શાળાની બાલિકા

રહી હશે, ભણવામાં મશગૂલ રહી હશે. તેને યાદ આવ્યું કે હસતી વેળા અને અજાણ્યા માણસ જોડે વાત કરતી વેળા તે કેટલી શરમાઈ જતી અને સંકોચ અનુભવતી. તે કદાચ જિંદગીમાં પહેલી જ વાર એકલી અને એવા સંજોગોમાં રહેતી હશે કે પુરુષો તેની પાછળ પાછળ જાય, તેને ધારી ધારીને જુએ, અને તે સમજી ગયા વગર રહે જ નહિ એવી એકમાત્ર મુરાદ લગાતાર મનમાં રાખીને તેની સાથે વાતચીત કરે. તેને બાઈની પાતળી નાજુક ગરદન અને સુંદર રાખોડી આંખો યાદ આવી.

"પણ એનામાં કરુણા ઉપજાવે એવું કશુંક છે," તેને થયું, અને પછી તે નીંદરમાં પડી ગયો.

૨

તેમનો પરિચય થયો ત્યાર પછી એક અઠવાડિયું વીતી ગયું હતું. રજાનો દિવસ હતો. ઘરમાં બફારો થતો હતો પરંતુ બહાર ધૂળના વંટોળિયા ચાલી રહ્યા હતા અને લોકોના ટોપા પવનમાં ઊડી રહ્યા હતા. આખો દિવસ તરસ જાણે છીપતી જ નહોતી, અને ગૂરોવ આન્ના સેર્ગેયેવ્નાને ઠંડું પીણું પિવડાવવા કે આઇસક્રીમ ખવડાવવા વારંવાર કાફેમાં લઈ જતો. ગરમી સખત હતી.

સાંજે પવન થંભી ગયો ત્યારે તેઓ સ્ટીમરને આવતી જોવા ડક્કે ગયાં. ત્યાં ઘણાંબધાં માણસો આંટા મારી રહ્યાં હતાં. કેટલાક લોકો હાથમાં ફૂલના તોરા લઈને મિત્રોને લેવા આવ્યા હતા. યાલ્તાના ભપકાદાર લોકોની બે વિલક્ષણતાઓ સાફ નજરે પડતી હતી: પીઢ ઉંમરની મહિલાઓ બધી સાવ

તરુણ બાળાઓ જેવા સાજશણગારની કોશિશ કરતી, અને જનરલોની સંખ્યા જાણે બેસુમાર હોય એમ લાગતું.

દરિયે તોફાનને લીધે સ્ટીમર મોડી પડીને સૂરજ આથમી ગયા પછી આવી, અને તેને ડક્કે ગોઠવવામાં થોડી વાર મહેનત કરવી પડી. આન્ના સેર્ગેયેવ્ના જાણે કોઈ પરિચિતને ગોતતી હોય એવી રીતે નાનકડા દૂરબીનમાંથી સ્ટીમર અને મુસાફરોની ઉપર બારીક નજર ફેરવતી રહી, અને પછી ગૂરોવ તરફ ફરી ત્યારે તેની આંખો ચળકી રહી હતી. તે લગાતાર બોલતી રહેતી હતી અને અણધાર્યા સવાલો પૂછીને તરત જ ભૂલી જતી કે પોતે શું પૂછેલું. પછી ટોળાની ધમાલમાં તેનું દૂરબીન હાથમાંથી પડીને ખોવાઈ ગયું.

ભપકાદાર ટોળું વીખરાવા લાગ્યું. લોકોના ચહેરા હવે સાફ પરખાતા નહોતા. પવન સાવ થંભી ગયો હતો. આન્ના સેર્ગેયેવ્ના અને ગૂરોવ જાણે હજી સ્ટીમરમાંથી કોઈના ઊતરવાની વાટ જોતાં હોય એમ ઊભાં હતાં. આન્ના સેર્ગેયેવ્ના ચુપ થઈ ગઈ હતી, તે ઘડીએ ઘડીએ ફૂલોને સૂંઘી લેતી પરંતુ ગૂરોવની સામે નહોતી જોતી.

"સાંજની હવા મઝાની થઈ ગઈ છે," તે બોલ્યો. "હવે શું કરીશું? ક્યાંક ફરવા જઈએ તો?"

આન્ના સેર્ગેયેવ્નાએ કશો જવાબ ન આપ્યો.

ગૂરોવે એકધારી નજર તેની ઉપર ઠેરવી અને પછી એકાએક તેને આલિંગનમાં જકડી લઈને તેને હોઠ પર ચુંબન કરી લીધું. પુષ્પોની સુગંધ અને ભીનાશે તેને જાણે આવરી લીધો. પરંતુ બીજી જ પળે તેણે ચિંતાતુર નજરે પાછળ જોયું—કોઈ જોઈ તો નહિ ગયું હોય ને?

"ચાલો, તમારી રૂમમાં જઈએ..." તે ધીમા અવાજે બોલ્યો.

બેઉ ખૂબ વેગીલાં ડગલાં ભરતાં ચાલવા લાગ્યાં.

તેની રૂમમાં બફારો હતો અને તેણે જાપાની દુકાનેથી ખરીદેલા કોઈ અત્તરની ખુશબો ફેલાયેલી હતી. ગૂરોવ તેની તરફ જોઈ રહ્યો હતો અને મનમાં વિચારી રહ્યો હતો: "જિંદગીમાં કેવા કેવા અજબ ભેટા થઈ જતા હોય છે!" તેને નચિંત અને મઝાના સ્વભાવની એવી સ્ત્રીઓ પણ મળી હતી કે જેણે તેના પ્રેમથી આહ્લાદ માણ્યો હોય અને તેણે બક્ષેલી સુખની ભલે થોડીક જ ઘડીઓ બદલ અહેસાનની લાગણી અનુભવી હોય. અને તેને એવી સ્ત્રીઓ પણ મળી હતી—જેમાં તેની પત્ની સામેલ હતી—કે જેનું વહાલ ઉમળકા વગરનું, દંભી, ઉન્માદી, તેમ જ પાર વગરની નકામી વાતોમાં અટવાઈ ગયેલું હોય, અને તેનું પ્રદર્શન જાણે કહી રહ્યું હોય કે આ બધું કેવળ પ્યાર કે ભાવાવેગ નથી પરંતુ એથી ઘણું વધારે મહત્ત્વ ધરાવતું કશુંક છે. એ ઉપરાંત તેને બેત્રણ સુંદર પણ ટાઢીબોળ એવી સ્ત્રીઓ મળી હતી કે જેના મોં પર ફરકી જતા શિકારી જેવા ભાવ, જિંદગી આપી શકે એથી વધારે તેમાંથી શોષી લેવાનો તેમનો નિર્ધાર છતો કરી દેતા. એ સ્ત્રીઓ આરંભની યુવાની વટાવી ચૂકેલી, તરંગી, બેસમજ, આપખુદ, અને અક્કલ વગરની હતી, અને તેમના પ્રત્યેની ગૂરોવની આસક્તિ ટાઢી પડી ગયા પછી તેમની સુંદરતા તેના દિલમાં ઘૃણા સિવાય બીજી કશી લાગણી ઉપજાવી નહોતી શકતી, અને તેમનાં અંદરનાં કપડાંની ઝાલર જોઈને તેને મચ્છીનાં ભીંગડાં યાદ આવી જતાં.

પરંતુ આ બાઈની બાબતમાં તરુણાવસ્થાનો સંકોચ તથા અસ્વસ્થતા તેમ જ બિનઅનુભવ હજુ વરતાઈ આવતાં હતાં, અને જાણે કોઈએ હમણાં જ બારણું ખખડાવ્યું હોય એવી અકળામણની લાગણી વાતાવરણમાં ફેલાયેલી હતી.

આન્ના સેર્ગેયેવ્ના, "કૂતરાવાળી બાનુ", બાબતને કશીક બહુ ખાસ, બહુ ગંભીર, ગણી રહી હતી, જાણે પોતે પતિત બની ગઈ હોય એમ સમજી રહી હતી. એવું વલણ ગૂરોવને વિચિત્ર અને મૂંઝવણમાં નાખી દેનારું લાગ્યું. તેને મોં વીલું પડી ગયું હતું અને કરમાઈ ગયું હતું. તેના લાંબા કેશ ચહેરાની બન્ને તરફ લટકતા જાણે ગમગીની ટપકાવી રહ્યા હતા. તેણે કોઈ ક્લાસિકલ ચિત્રકૃતિમાં પસ્તાઈ રાહેલા પાપી જેવી હતાશાભર્યા ચિંતનની અદા ધારણ કરી લીધી હતી.

"આ તો સારું ન જ ગણાય," તે બોલી. "હવે તમે મને કદી આદરની નજરે જોઈ જ નહિ શકો."

ટેબલ પર તરબૂચ પડયું હતું. ગૂરોવ તેમાંથી એક ચીર કાપીને ધીરે ધીરે ખાવા લાગ્યો. લગભગ અરધો કલાક ચુપકીમાં જ વીતી ગયો.

આન્ના સેર્ગેયેવ્ના કરુણાજનક લાગતી હતી, જિંદગીનો બહુ ઓછો અનુભવ પામેલી નેકદિલ ભોળી નારીની વિશુદ્ધતા જાણે તેના વ્યકિતત્વમાંથી ફૂટી રહી હતી. ટેબલ પર બળી રહેલી એકાકી મીણબત્તીનું ઝાંખું અજવાળું તેના ચહેરા સુધી માંડ પહોંચતું હતું, પરંતુ સાફ જણાઈ આવતું હતું કે તેનું દિલ ભારે થઈ ગયું છે.

"હું તને આદરની નજરે કેમ ન જોઈ શકું?" ગૂરોવે પૂછ્યું. "તને કદાચ ખબર જ નથી કે તું શું કહી રહી છે."

"ઈશ્વર મને માફ કરે!" તે બોલી ઊઠી, અને તેની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં. "ભયંકર વાત છે!"

"તું તો જાણે તારો પોતાનો બચાવ કરી રહી છે."

"બચાવનો સવાલ જ ક્યાં છે? હું તો દુરાચારી પતિત સ્ત્રી છું, મને મારી પોતાની ઉપર ઘૃણા આવે છે, અને મારા મનમાં બચાવનો ખ્યાલ જરાય નથી જ. મેં મારા પતિને

નહિ પણ મારી જાતને જ દગો દીધો છે. વળી આ કંઈ આજની જ વાત નથી, હું તો કેટલાય વખતથી મારી જાતને દગો દેતી રહી છું. મારો પતિ કદાચ ઈમાનદાર ને સજ્જન માણસ હશે, પણ ખાંધિયો છે. મને ખબર નથી કે ઑફિસમાં શું કામ કરે છે, પણ એટલું તો હું ચોક્કસ જાણું છું કે ખાંધિયો છે. એની જોડે મારું લગ્ન થયું ત્યારે મારી ઉંમર વીસ વરસની હતી, મારા મનમાં કુતૂહલ સવાર થઈ ગયું હતું. મને કશુંક બહેતર જોઈતું હતું. હું મનમાં કહેતી રહેતી કે મારે જુદી જાતની જિંદગી જોઈએ છે, મારે જીવન માણી લેવું છે! જિંદગી ખરેખર જીવી લેવી છે, જીવી લેવી છે... કુતૂહલનો કીડો મને કોરી રહ્યો હતો... તમને આ વાત કદી નહિ સમજાય, પણ હું ઈશ્વરના સમ ખાઈને કહું છું કે હું મારા મનને કાબૂમાં ન રાખી શકી, કશું મને અટકાવી ન શક્યું, મેં પતિને કહ્યું કે મારી તબિયત ખરાબ છે, અને હું અહીંયાં આવતી રહી... અહીંયાં હું જાણે ભૂતની જેમ, ઘેલી થઈ ગઈ હોઉં એવી રીતે, ભટકવા લાગી, અને હવે સાવ સાધારણ, નાલાયક ઓરત બની ગઈ છું, કોઈ પણ માણસને મારી ઉપર નફરત વરસાવવાનો હક છે."

ગૂરોવ સાંભળતો રહ્યો. તેને ભયંકર કંટાળો ચડયો. ભોળપણના અણસારા, પસ્તાવો — બધું સાવ અણધાર્યું હતું, સાવ અસ્થાને હતું. બાઈની આંખોમાં આંસુ ન હોત તો એમ જ લાગ્યું હોત કે તે ટોળ અથવા નાટક કરે છે.

"મને તો સમજાતું જ નથી," તે હળવા અવાજે બોલ્યો, "તું આખર શું ઇચ્છે છે?"

આન્ના સેર્ગેયેવ્નાએ પોતાનું મોં તેની છાતીએ ચાંપી દીધું અને તેને વધારે જોરથી બાહુપાશમાં જકડી લીધો.

"મારી વાત સાચી માનજો, સાચી માનજો, આજીજી કરું છું," તે બોલી. "જીવનમાં નિષ્કપટ અને વિશુદ્ધ હોય એવું બધું મને પ્યારું છે, દુરાચાર જોઈને મને ઘૃણા થાય છે, મને ખબર નથી કે હું શું કરી રહી છું. સાધારણ લોકો કહેતા હોય છે કે અમને શયતાને લલચાવી દીધા. હવે હુંયે કહી શકું કે મને પણ શયતાને લલચાવી દીધી."

"બસ, બસ હવે..." તે ગણગણ્યો.

તેણે બાઈની અપલક ભયભીત આંખોમાં નજર પરોવી, તેને ચૂમી લીધી, અને વહાલભર્યા મૃદુ શબ્દો વડે તેનું મન શાંત કરવાની કોશિશ કરી. આન્ના સેર્ગેયેવ્ના ધીરે ધીરે શાંત થતી ગઈ અને પાછી આનંદી બની ગઈ. થોડી વારમાં તો બેઉ ભેગાં હસવા લાગ્યાં.

પછી તેઓ બહાર નીકળ્યાં ત્યારે ફરવાની જગ્યાએ એક પણ માણસ નજરે પડતું નહોતું, શહેર અને તેનાં વૃક્ષોની ઉપર જાણે મોતની છાયા ફરી વળી હતી, પરંતુ કિનારે અફળાતો દરિયો હજી ગરજી રહ્યો હતો. કોઈ માછીમારની એકાકી હોડી મોજાં ઉપર હિલોળા લઈ રહી હતી, તેની બત્તી જાણે નીંદરમાં હોય એમ ઝાંખી ટમટમી રહી હતી.

તેઓ એક ઘોડાગાડી ગોતી કાઢીને ઓરેઆન્દા ગયાં.

"મેં હમણાં વરંડામાં પાટિયા ઉપર તારું નામ જોયું," ગૂરોવ બોલ્યો. "ફોન દીદેરિત્સ. તારો પતિ જર્મન છે?"

"ના. મને ખ્યાલ છે ત્યાં સુધી એના દાદા જર્મન હતા, પોતે તો રૂઢિચુસ્ત સંપ્રદાયમાં માને છે."

તેઓ ઓરેઆન્દા પહોંચી ગયાં એટલે ઘોડાગાડીમાંથી ઊતરીને દેવળ નજીક બાંકડા ઉપર બેસી ગયાં અને મૂંગાં મૂંગાં સમુદ્રને નીરખવા લાગ્યાં. પરોઢના ધુમ્મસની આરપાર

યાલ્તા ઝાંખું ઝાંખું નજરે પડતું હતું, અને સફેદ વાદળાં પર્વતોનાં શિખરો ઉપર જાણે થંભી જઈને વિશ્રામ કરી રહ્યાં હતાં. ક્યાંય પાંદડુંયે હલતું નહોતું, જીવડાં ગણગણાટ કરી રહ્યાં હતાં, અને સમુદ્રની એકધારી પોલી ગર્જના જાણે તેમની નજીક આવીને શાંતિની, સૌની વાટ જોઈને બેઠેલી સનાતન નીંદરની, વાત કરી રહી હતી. સમુદ્ર તો યાલ્તા કે ઓરેઆન્દાના અસ્તિત્વથી લાંબા સમય પહેલાં પણ આવી જ રીતે ગર્જના કરતો રહ્યો હતો, અત્યારે ગરજી રહ્યો હતો, અને આપણે સૌ અતીતમાં વિલીન થઈ ગયા હોઈશું ત્યારે પણ આવી જ ઉદાસીન પોલી ગર્જના કરતો રહેશે. અને શક્ય છે કે આપણા અંતિમ ઉદ્ધારનું, આપણા ગ્રહમાં જીવનના પ્રવાહનું, અને પરિપૂર્ણતાની દિશામાં તેની અવિરત ગતિનું રહસ્ય કદાચ એ સાતત્યમાં જ હોય, જીવન અને મૃત્યુ પ્રત્યેની એવી તદ્દન ઉદાસીનતામાં જ હોય. પ્રભાતના પ્રકાશમાં અત્યંત લાવણ્યમયી દેખાતી, અને ચોમેર ફેલાયેલી સુંદરતા—સમુદ્ર, પર્વતો, વાદળો, તથા અનંત આકાશ—નીરખીને શાંત અને મોહિત બની ગયેલી તરુણીની જોડાજોડ બેઠેલો ગૂરોવ મનમાં વિચારવા લાગ્યો કે ખરું જોતાં તો આપણે જ્યારે જીવનનાં ઉચ્ચતર ધ્યેયોને તથા માનવ હસ્તીઓ તરીકેના આપણા ગૌરવને ભૂલી ગયા હોઈએ એવી ઘડીઓ દરમિયાન આપણા ખ્યાલો અને કૃત્યો સિવાય જગતમાં બીજું બધું સાચેસાચ સુંદર હોય છે.

કોઈ માણસ, કદાચ ચોકીદાર, નજીક આવ્યો અને તેમની સામે નજર નાખીને ચાલ્યો ગયો. તેમાં પણ કશુંક રહસ્યમય અને સુંદર હતું. ગોદી તરફ આવી રહેલી ફેઓદોસિયાની સ્ટીમર પરોઢના ઉજાસમાં નજરે પડી રહી હતી. તેની બત્તીઓ ઓલવી નાખવામાં આવી હતી.

"ઘાસ ઉપર ઝાકળ છવાયેલી છે," આન્ના સેર્ગેયેવ્ના ચુપકીનો ભંગ કરતી બોલી.

"હા. હવે ઘેર જવું જોઈએ."

તેઓ શહેરમાં પાછાં ફર્યાં.

ત્યાર પછી તેઓ દરરોજ સાગરકિનારે મળતાં, ભેગાં જમતાં, ફરતાં, મુગ્ધ નજરે સાગરને નીરખતાં. આન્ના સેર્ગેયેવ્ના નીંદર ન આવવાની અને દિલના ધબકારા વધી જવાની ફરિયાદ કરતી, એકસરખા સવાલો ફરીફરીને પૂછતી, ક્યારેક ઈર્ષ્યાની લાગણીને વશ બની જતી તો ક્યારેક એવી આશંકામાં અટવાઈ જતી કે ગૂરોવને તેની તરફ આદરની ભાવના ખરેખર નહિ જ હોય. કેટલીય વાર એવું બનતું કે ચોકમાં અથવા બાગમાં આસપાસ કોઈ ન હોય ત્યારે ગૂરોવ તેને પાસે ખેંચી લઈને ઊર્મિલ ચુંબનો કરતો. તદ્દન નિષ્ક્રિયતા, ધોળે દિવસે ચુંબનો, તેની સાથે સાથે છાની નજરો અને કોઈ જોઈ જાય એવી બીક, ગરમી, સમુદ્રની વાસ, અને સતત દેખાતા રહેતા નવરા વરણાગિયા તાજામાજા લોકો—એ સર્વથી ગૂરોવની જિંદગીમાં જાણે નવો જુવાળ આવ્યો હોય એમ લાગતું હતું. તે આન્ના સેર્ગેયેવ્નાને કહેતો કે તું સુંદર છે, કામણગારી છે, અને અધીરા ભાવાવેશથી તેને પ્રેમ કરતો, હરવખત તેને વળગી રહેતો, પરંતુ આન્ના સેર્ગેયેવ્ના હંમેશાં ગમગીન રહેતી, અને ગૂરોવ તેને આદરની નજરે ન જોતો હોય, જરાય પ્રેમ ન કરતો હોય, તથા ખાલી સાધારણ ઓરત જેવી જ ગણતો હોય એવો એકરાર તેની પાસેથી કરાવવાની કોશિશ નિરંતર કરતી રહેતી. તેઓ લગભગ દરરોજ રાતે શહેરની બહાર ઓરેઆન્દા કે ધોધ જોવા કે બીજા કોઈ રમણીય સ્થળે જતાં. એવી સહેલો અચૂક સફળ

બની રહેતી, દરેક સહેલ ભવ્ય સુંદરતાની નવી સ્મૃતિઓ મનમાં અંકિત કરી દેતી.

આન્ના સેર્ગેયેવ્નાનો પતિ ગમે ત્યારે આવી પહોંચે એવી ધારણા હતી. પરંતુ તેણે પત્ર લખીને પત્નીને જણાવ્યું કે મારી આંખોમાં દુખાવો ઊપડયો છે એટલે અવાય એમ નથી, અને તું બને એટલી જલદી પાછી આવી જા. આન્ના સેર્ગેયેવ્ના ઘેર પાછી ફરવાની તૈયારીઓ ઉતાવળમાં કરવા લાગી.

"સારું થયું કે મારે જવું પડે છે," તેણે ગૂરોવને કહ્યું, "વિધાતા જ વચ્ચે પડી હોય એમ લાગે છે."

તે ઘોડાગાડીમાં બેસીને યાલ્તાથી રવાના થઈ ગઈ. ગૂરોવ તેને રેલવે સ્ટેશન સુધી વળાવવા ગયો. સ્ટેશને પહોંચવામાં લગભગ આખો દિવસ લાગી ગયો. બીજી ઘંટડી વાગી ગયા પછી એક્સ્પ્રેસ ગાડીમાં ચડીને તે બોલી:

"હજી એક વાર તમને બરાબર નીરખી લેવા દો... આખરી વાર. કેવી નિરાંત થઈ!"

તે રડી નહિ, પરંતુ તેના મોં પર શોકની છાયા હતી, તે માંદી લાગતી હતી, તેના ગાલની ચામડી ફરકી રહી હતી.

"તમે યાદ આવતા રહેશો... હંમેશાં યાદ આવતા રહેશો," તેણે કહ્યું. "ભગવાન તમને સુખી રાખો! મારે વિશે ખરાબ ખ્યાલ બાંધી લેતા નહિ. આપણે સદાને માટે અળગાં પડી રહ્યાં છીએ, એમ જ થવું જોઈએ, આપણે મળ્યાં જ ન હોત તો સારું હતું. આવજો—ભગવાન તમને સુખી રાખો!"

ગાડી વેગ પકડતી સ્ટેશનમાંથી નીકળી ગઈ, થોડી વારમાં તેની બત્તીઓ અદૃશ્ય થઈ ગઈ, અને એકાદ મિનિટ પછી

તેનો અવાજ પણ સંભળાતો બંધ થઈ ગયો, જાણે કેમ બધું આ મીઠા સોણલાને, આ ઘેલછાને, બને એટલી ઝડપથી ખતમ કરી નાખવાનું કારસ્તાન કરી રહ્યું હોય. ગૂરોવ પ્લૅટફૉર્મ ઉપર એકલો ઊભો ઊભો અંધારા અંતરને તાકી રહ્યો હતો અને જીવડાંના ગણગણાટને તથા તારનાં દોરડાંના ગુંજનને સાંભળી રહ્યો હતો. જાણે હમણાં જ સફાળો જાગી ગયો હોય એવી લાગણી તેને થઈ રહી હતી. તે વિચારવા લાગ્યો કે આ પણ જિંદગીમાં બની ગયેલા કેટલાય કિસ્સાઓમાંનો જ એક હતો, હવે ખતમ પણ થઈ ગયો, માત્ર સ્મૃતિ જ બાકી રહી ગઈ... તે લાગણીવશ અને ઉદાસ થઈ ગયો, તેને જરાક પસ્તાવો થયો. તેને થયું કે જેને હું ફરી કદી મળવાનો નથી એવી આ તરુણી મારા સંગાથમાં ખરેખર તો સુખ નહોતી જ પામી. મેં તેની તરફ મિત્રતા અને હેત જરૂર દાખવ્યાં હતાં, પરંતુ મારા પૂરા વર્તનમાં, મારી બોલવાની રીતમાં, અને મારા વહાલમાંયે જાણે વ્યંગની છાયા હતી, વધારે ખુશકિસ્મત પુરુષની અપમાનભરી તોછડાઈ હતી, અને વળી મારી ઉંમર તેની કુમળી વયથી લગભગ બમણી હતી. તે લગાતાર મને ભલો, અસાધારણ, અને ઉમદા આદમી ગણાવીને મારાં વખાણ કરતી રહેતી. દેખીતી રીતે જ, હું તેને મારા અસલી રૂપથી નિરાળો જણાતો હતો, ટૂંકમાં હું અનાયાસે જ તેની જોડે છળકપટ રમ્યો હતો...

હવામાં શરદની છાંટ વરતાતી હતી અને સાંજે ટાઢ વધી જતી હતી.

"મારે પણ હવે ઉત્તર તરફ રવાના થઈ જવું જોઈએ," સ્ટેશનમાંથી નીકળતાં ગૂરોવ વિચારવા લાગ્યો, "વેળા થઈ ગઈ છે!"

૩

તે મોસ્કો પહોંચ્યો ત્યારે શિયાળાનાં એંધાણ નજરે પડવા લાગ્યાં હતાં, સગડી રોજ સળગાવવી પડતી, અને બાળકો સવારે નિશાળે જવા માટે ઊઠીને નાસ્તો કરવા બેસે ત્યારે હજી અંધારું રહેતું એટલે આયાને થોડીક વાર બત્તી પેટાવવી પડતી. ઠાર પડવા લાગ્યો હતો. પ્રથમ હિમવર્ષા થાય અને પહેલી વાર હિમગાડીમાં ફરવા નીકળીએ ત્યારે ધવલ ભોંય અને સફેદ છાપરાં જોવામાં મઝા પડે, આપણે મોકળા ને હળવા શ્વાસ લઈએ, આપણને યુવાનીના દિવસો યાદ આવી જાય. શ્વેત હિમ છવાયેલ પુરાતન લિંબુડીઓ તથા ફરવૃક્ષોનો દેખાવ જાણે સદ્‌ભાવ નીતરતો લાગે, એ તરુઓ દિલને સાઈપ્રેસ તથા તાડનાં ઝાડ કરતાં વધારે સમીપ લાગે, અને તેમની શાખાઓ તળે મનમાં જાણે પર્વતો તથા સમુદ્રની યાદથી છુટકારો મળી ગયો હોય એવી લાગણી થાય.

ગૂરોવ સદા મોસ્કોમાં જ રહ્યો હતો, અને મઝાના ઠારવાળા દિવસે તે પાછો મોસ્કો પહોંચ્યો. ફરનો ઓવરકોટ પહેરીને અને હાથે દસ્તાના ચડાવીને તે પેત્રોવ્કા માર્ગે લટાર મારવા નીકળે અને શનિવારે સાંજે તેને દેવળના ઘંટનો રણકાર સંભળાય ત્યારે તેના મનમાં તાજેતરના પ્રવાસનાં સ્થળોની મોહકતા સાવ ઓસરી જતી. તે ધીરે ધીરે મોસ્કોના જીવનમાં મશગૂલ બનતો ગયો. તે દરરોજ ત્રણ અખબાર ઉત્સુકતાથી વાંચતો પણ ભારપૂર્વક કહેતો કે મેં મોસ્કોનાં અખબારો કદી ન વાંચવાનો સિદ્ધાંત બનાવી લીધો છે. વળી પાછો તે રેસ્તરાં, કલબો, ભોજન સમારંભો, અને ઉત્સવોના વંટોળમાં અટવાઈ ગયો, વળી પાછો તે મનમાં ફુલાવા લાગ્યો કે નામાંકિત

વકીલો ને અદાકારો મારે ઘેર આવે છે, હું મેડિકલ કલબમાં પ્રોફેસરની જોડે પાનાં રમું છું.

તેણે માનેલું કે આન્ના સેર્ગેયેવ્ના એક જ મહિનામાં કેવળ ઝાંખી સ્મૃતિ જ બની રહેશે, તેની પહેલાં મળેલી સ્ત્રીઓની જેમ જ તેનું ચિંતાતુર સ્મિત કરતું વદન હવે માત્ર ક્યારેક ક્યારેક સ્વપ્નમાં જ નજરે પડશે. પરંતુ એક મહિનો તો ક્યારનો વીતી ગયો હતો, શિયાળો પુરજોસમાં હતો, અને જાણે આન્ના સેર્ગેયેવ્નાથી તે ગઈકાલે જ છૂટો પડયો હોય એમ બધી યાદો તેના મનમાં સાફ અંકિત હતી. જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ યાદો તેને વધારે ને વધારે સતાવવા લાગી. તે અભ્યાસખંડમાં બેઠો હોય અને ઘરમાં લેસન કરતાં બાળકોનો અવાજ સંધ્યાની નીરવતાને ભેદીને તેના કાનમાં સંચાર કરે, તે કોઈ ગીત સાંભળતો હોય કે રેસ્તરાંમાં સંગીતની મઝા માણતો હોય, અથવા ધુમાડિયામાં પવન સુસવાટા કરી રહ્યો હોય ત્યારે તમામ યાદો તેના મનમાં છલકાવા લાગતી: પરોઢિયે ગોદી નજીક સહેલ, ધૂંધળા પર્વતો, ફેઓદોસિયાની સ્ટીમર, ચુંબનો. તે કેટલીય વાર સુધી ખંડમાં આંટા મારતો રહેતો, યાદો તાજી કરીને મોં મલકાવતો રહેતો, સ્મૃતિઓ જાણે સ્વપ્નમાં પલટાઈ જતી, અને તેની કલ્પનાની દુનિયામાં જાણે વીતી ગયેલી બાબતો ભવિષ્યમાં બનનારી બાબતો જોડે એકરૂપ બની જતી. આન્ના સેર્ગેયેવ્ના તેની પાસે સ્વપ્નમાં નહોતી આવતી પણ દરેક ઠેકાણે પડછાયાની જેમ તેની ભેગી જ રહેતી હતી, તે જ્યાં જતો ત્યાં તેની પાછળ પાછળ જતી. તે આંખો બંધ કરે ત્યારે તેને આન્ના સેર્ગેયેવ્ના સદેહે તેની સામે ખડી નજરે પડતી, તે ખરેખર હતી એથી વધારે લાવણ્યમયી, વધારે તરુણ, વધારે કોમળ. અને તેને લાગતું કે પોતે પણ યાલ્તામાં

હતો એથી હવે બહેતર બની ગયો છે. સાંજના સમયે આન્ના સેર્ગેયેવ્ના જાણે પુસ્તકોની ઘોડીઓમાંથી, તાપણાની જગ્યામાંથી, ખૂણામાંથી તેને નીરખતી રહેતી, આન્ના સેર્ગેયેવ્નાના શ્વાસનો અવાજ અને કપડાંનો મધુર ફરફરાટ જાણે તેને સંભળાતો રહેતો. તે બહાર નીકળે ત્યારે રસ્તા પર આન્ના સેર્ગેયેવ્ના જેવી કોઈ બાઈ હોય તો ગોતી કાઢવા તેની નજર સ્ત્રીઓની પાછળ પાછળ ફરતી રહેતી...

તેને પોતાની યાદોમાં કોઈને ભાગીદાર બનાવવાની ઉત્કટ ઝંખના થવા લાગી. પરંતુ તે ઘરમાં તો પોતાના પ્રેમની વાત કરી શકે એમ નહોતો, અને ઘરની બહાર ભરોસો મૂકી શકાય એવું કોણ હતું? મકાનમાં રહેતા ભાડૂતોને ન કહેવાય, અને બૅંકમાં પોતાની ભેગા કામ કરતા માણસોને તો બેશક ન જ કહેવાય. વળી કહેવાનુંયે શું હતું? તેને શું ખરેખર પ્રેમની લાગણી થયેલી? આન્ના સેર્ગેયેવ્ના સાથેના પોતાના સંબંધોમાં ઉત્કૃષ્ટ, કાવ્યમય, બોધપ્રદ, કે પછી ખાલી દિલચસ્પ ગણાય એવુંયે કશું હતું ખરું? તેને પ્રેમ અને સ્ત્રીઓ વિશે અસ્પષ્ટ સામાન્ય ઉલ્લેખો કરીને સંતોષ માની લેવો પડતો, અને તેની વાતોનો મર્મ કોઈ કળી શકતું નહિ. પરંતુ તેની પત્નીએ પોતાની ઘેરી ભમ્મરો ફરકાવતાં કહ્યું:

"રંગીલા ઇશ્કીની ભૂમિકા તમને જરાય માફક નથી, દિમીત્રી!"

એક વાર સાંજે ગંજીફાની રમતમાં તેના સાથીદાર સરકારી અમલદારની જોડે મેડિકલ ક્લબમાંથી બહાર નીકળતી વેળા તે બોલ્યા વગર ન રહી શક્યો:

"આ વખતે યાલ્તામાં બહુ મઝાની બાઈ મળી ગયેલી!"

અમલદાર પોતાની હિમગાડીમાં બેસીને રવાના થતાં પહેલાં તેની તરફ ફરતો સાદ પાડીને બોલ્યો:

"દ્મીત્રી દ્મીત્રીચ!"

"શું?"

"તમે ખરું કહેલું, મચ્છી બરાબર નહોતી."

આમ તો સાધારણ ગણાય એવા એ શબ્દો સાંભળીને ગૂરોવને કોણ જાણે કેમ ખીજ ચડી ગઈ. તેને એ શબ્દો અપમાનકારક અને અશિષ્ટ લાગ્યા. કેવી જંગલી વર્તણૂક! કેવા માણસો! રાતના સમયની કેવી બરબાદી! અને કેવા કંટાળાજનક ખાલીખમ દિવસો! પાનાંની ઘેલછાભરી રમતો, ખાઉધરાપણું, નશાખોરી, હરદમ ચાલતી રહેતી એકસરખી વાતો! માણસનો મોટા ભાગનો સમય અને શકિત કોઈને ઉપયોગી ન હોય એવી બાબતોમાં અને એક જ વાતની ફરીફરીને ચર્ચા કરવામાં ખરચાઈ જાય, તેના કુલ પરિણામમાં ખાલી રૂંધાયેલી જકડાયેલી હયાતી અને નજીવી બાબતોના વારાફેરા, તેમાંથી છટકવાની બારી ક્યાંય નહિ, જાણે પાગલખાનામાં કે કારાગારમાં સપડાઈ ગયા હોઈએ.

ખીજે બળતો ગૂરોવ આખી રાત જાગતો રહ્યો, અને બીજે દિવસે તેને સવારથી સાંજ સુધી માથામાં દુખાવો રહ્યો. ત્યાર પછી પણ તેને રાતે નીંદર બરાબર ન આવતી, તે બિછાનામાં બેસી રહેતો, વિચારોમાં ડૂબી જતો, અથવા ખંડમાં આંટા મારતો રહેતો. તે બાળકોથી કંટાળી ગયો, બૅંકથી કંટાળી ગયો, તેને ક્યાંય જવાનું કે કશી વાત કરવાનું મન જરાય ન થતું.

ડિસેંબરમાં રજાઓ આવી ત્યારે તેણે પોતાનો સામાન બાંધીને પત્નીને કહ્યું કે મારે એક જુવાન માણસના કામસર પિટર્સબર્ગ જવાનું છે, પરંતુ વાસ્તવમાં તે ...શહેર તરફ રવાના થઈ ગયો. શા માટે? તેને પોતાને જ બરાબર ખ્યાલ નહોતો કે શા માટે. તેને તો આન્ના સેર્ગેયેવ્નાને

મળીને વાત કરવી હતી, બને તો મુલાકાત ગોઠવવી હતી.

સવારે ... શહેરમાં પહોંચીને તેણે હોટેલમાં સરસ જગ્યા મેળવી લીધી. ખંડમાં બિછાવેલા ગાલીચામાં રાખોડી રંગની લશ્કરી ભાતો ગૂંથેલી હતી. ટેબલ ઉપર પડેલો ધૂળથી છવાયેલો ખડિયો માથા વગરના ઘોડેસવારની આકૃતિમાં જડેલો હતો. ઘોડેસવારે ઊંચા કરેલા હાથમાં હૅટ પકડેલી હતી. તેને જરૂરી માહિતી હોટેલના પટાવાળા પાસેથી મળી ગઈ: ફોન દીદેરિત્સ હોટેલની નજીક સ્તારો-ગોનચાર્નાયા માર્ગે પોતાની માલિકીના ઘરમાં રહેતો હતો. તે પૂરા ઠાઠમાઠથી વૈભવની જિંદગી માણતો હતો, ઘોડાગાડીઓ રાખતો હતો આખું શહેર તેને ઓળખતું હતું. પટાવાળો નામનું ઉચ્ચારણ 'દ્રીદ્રીરિત્સ' કરતો હતો.

ગૂરોવે ફરતાં ફરતાં સ્તારો-ગોનચાર્નાયા માર્ગે જઈને ઘર ગોતી કાઢ્યું. ઘર આડી લાંબી ભૂખરી વાડ હતી અને તેને ઉપલે પાટિયે અણીદાર ખીલા જડેલા હતા.

વાડ અને બારીઓ જોઈને ગૂરોવને થયું: "આવી વાડમાં પુરાઈને રહેનાર માણસને ભાગી જવાની તાલાવેલી થાય જ."

તે વિચાર કરવા લાગ્યો કે રજાઓ હોવાથી આન્નાનો પતિ ઘણું કરીને ઘેર જ હશે. વળી અંદર જઈને આન્નાને કફોડી હાલતમાં મૂકી દેવાનું તો અજુગતું જ ગણાય. ચિઠ્ઠી કદાચ પતિના હાથમાં પડી જાય તો આફત જ તૂટી પડે. કોઈ તક સાંપડી જાય એવી આશાએ વાટ જોવાનું જ બહેતર છે. તે વાડ નજીક રસ્તા ઉપર આંટા મારતો એવી તકની વાટ જોવા લાગ્યો. કોઈ ભિખારી દરવાજામાં દાખલ થયો પણ તેને જોઈને અંદરથી કૂતરાં ભસવા લાગ્યાં. એકાદ કલાક

પછી પિયાનોના આછા અસ્પષ્ટ સૂર તેને કાને પડયા. આન્ના સેર્ગેયેવ્ના જ વગાડતી હશે. એકાએક ઘરનું મુખ્ય બારણું ખૂલી ગયું અને એક ડોશી બહાર નીકળી. ઓળખીતું સફેદ કૂતરું તેની પાછળ પાછળ આવી રહ્યું હતું. તેને બોલાવવાનું ગૂરોવને મન થયું, પરંતુ તેનું દિલ જોરથી ધડકી રહ્યું હતું અને ઉત્તેજનાની હાલતમાં તેને કૂતરાનું નામ જ યાદ ન આવ્યું.

તે ભૂખરી વાડ ઉપર વધારે ને વધારે નફરત ભરેલી નજર નાખતો ચાલવા લાગ્યો અને ખીજમાં વિચારવા લાગ્યો કે આન્ના સેર્ગેયેવ્ના તો મને સાવ ભૂલી ગઈ હશે અને તેણે પોતાના દિલને ખુશ રાખવા કદાચ બીજો કોઈ આદમી ગોતી કાઢયો હશે. જેને સવારથી સાંજ સુધી આ કાળમુખી વાડ જોવી પડતી હોય એવી જુવાન બાઈની બાબતમાં તો સાવ સ્વાભાવિક રીતે એમ બને જ. તે પાછો હોટેલમાં જઈને પોતાના ખંડમાં થોડી વાર સોફા ઉપર બેઠો. તેને સમજાતું જ નહોતું કે શું કરવું. પછી તેણે જમવાનું મંગાવ્યું અને જમી લીધા બાદ લાંબી નીંદર ખેંચી કાઢી.

"આ બધું કેવું મૂર્ખાઈભર્યું અને બેચેન બનાવી દેનારું છે!" તે જાગીને અંધારઘેરી બારીઓ તરફ જોતો વિચારવા લાગ્યો. સાંજ પડી ગઈ હતી. "નીંદર તો કરી લીધી. હવે રાતે શું કરું?"

તે બિછાનામાં બેઠો થઈ ગયો. સસ્તી રાખોડી રજાઈ તેને હૉસ્પિટલના બનૂસ જેવી લાગી. અકળામણની હાલતમાં તે પોતાને જ ટોણા મારવા લાગ્યો.

"તું ને તારી કૂતરાવાળી બાનુ... અને તારું પરાક્રમ! બેસ હવે અહીંયાં!"

તે સવારે સ્ટેશને ઊતર્યો ત્યારે તેની નજરે પડેલા સ્થાનિક થિયેટરના પોસ્ટરમાં 'ગેઈશા' નાટકના ઉદ્‌ઘાટનની જાહેરાત મોટા મોટા અક્ષરે છાપેલી હતી. તેને એ પોસ્ટર યાદ આવ્યું એટલે તે ઊભો થઈને થિયેટર તરફ રવાના થઈ ગયો.

તેને લાગ્યું કે આન્ના નાટકના પહેલા ખેલમાં જરૂર આવતી હશે.

થિયેટર ખીચોખીચ ભરેલું હતું. અસલ પ્રાંતીય થિયેટરમાં ઝુંમરો ફરતે આછી ધૂંધ ફેલાયેલી હતી અને ગૅલરીમાં બેચેન પ્રેક્ષકો કોલાહલ કરી રહ્યા હતા. પહેલી હારમાં શહેરના નાટક શોખીનો પડદો ઊંચો થવાની વાટ જોતા પીઠ પાછળ પંજા ભીડીને ઊભા હતા. ગવર્નરના બૉક્સની પહેલી બેઠકમાં ગવર્નરની પુત્રી ફરનો ગલપટો પહેરીને બેઠી હતી, અને ગવર્નર પોતે નમ્રતાથી બૉક્સના પડદા પાછળ છુપાઈને બેઠો હતો, માત્ર તેના હાથ નજરે પડતા હતા. રંગમંચનો પડદો હલવા લાગ્યો. વાદ્યમંડળીએ સ્વર મેળવવામાં ઘણી વાર લગાડી. અંદર દાખલ થઈને પોતપોતાની જગ્યાએ બેસતા પ્રેક્ષકોની ઉપર ગૂરોવની નજર આતુરતાથી ફરતી રહી.

આન્ના સેર્ગેયેવ્ના પણ દાખલ થઈ. તે ત્રીજી હારમાં બેસી ગઈ. ગૂરોવની નજર આન્નાની ઉપર પડી કે તરત જ તેનું હૈયું જાણે થંભી ગયું, તેને એક ઝબકારામાં સમજાઈ ગયું કે પોતાની બાબતમાં આન્નાથી વધારે નિકટની, વધારે વહાલી, કે વધારે મહત્ત્વની બીજી કોઈ વ્યકિત આખા જગતમાં ક્યાંય નથી. પ્રાંતીય ટોળામાં જાણે ખોવાઈ ગયેલી, કોઈ રીતે અસાધારણ ન ગણાય એવી, હાથમાં બેઢંગું દૂરબીન લઈને બેઠેલી એ નાનકડી બાઈ તેના આખા જીવનને ભરી દેતી હતી, તેની વેદના અને ખુશી બની રહી હતી, તેની સમગ્ર કામનાઓનું મૂર્ત રૂપ બની ગઈ હતી. નમાલા શિખાઉ

વાયોલિન વાદકોવાળી કંગાલ વાદ્યમંડળીના સૂર સાંભળતો સાંભળતો તે વિચારોમાં ડૂબી ગયો કે આન્ના કેટલી સુંદર છે... તે વિચાર કરતો રહ્યો અને સ્વપ્નમાં સરી પડતો રહ્યો.

આન્ના સેર્ગેયેવ્નાની ભેગો બેહદ ઊંચો જુવાન આદમી હતો. તેની ઊંચી કાયા ખભેથી થોડીક વળેલી હતી અને તેણે નાનકડા થોભિયા રાખ્યા હતા. તે આન્નાની બાજુમાં બેસતાં પહેલાં દરેક ડગલે માથું હલાવતો રહ્યો અને જાણે કોઈની સામે સતત નમતો રહ્યો. એ તેનો પતિ જ હોવો જોઈએ. યાલ્તામાં આન્નાએ કડવાશના ઊભરામાં તેને "ખાંધિયો" ગણાવ્યો હતો. તેના પાતળા લાંબા શરીરમાં, તેના થોભિયામાં, અને તેના માથા ઉપર દેખાતી નાનકડી ટાલમાં ખરેખર હજૂરિયાની દાસતા જેવું કશુંક વરતાઈ આવતું હતું. તે મીઠું હસતો હતો, અને તેના બટનના ગાજમાં ચળકતો કોઈ વૈજ્ઞાનિક મંડળનો ચંદ્રક બરાબર હજૂરિયાના ગણવેશના બિલ્લા જેવો હતો.

પહેલા અંકનો પડદો પડયો ત્યારે પતિ ધૂમ્રપાન કરવા બહાર ચાલ્યો ગયો અને આન્ના એકલી પડી ગઈ. ગૂરોવ પોતાની જગ્યાએથી ઊઠીને તેની પાસે ગયો અને પરાણે હોઠ મલકાવતો કંપતા અવાજે બોલ્યો:

"કેમ છો!"

તેની સામે જોતાં જ આન્નાનું મોં ફિક્કું પડી ગયું. પછી તેણે ગભરાટમાં ફરી તેની સામે જોયું. તે એક જ હાથમાં પંખો અને દૂરબીન જોરથી પકડી રાખીને જાણે તમ્મરને ખાળવાની કોશિશ કરવા લાગી. બેઉ અબોલ હતાં. આન્ના બેઠી હતી અને ગૂરોવ તેની બાજુમાં ઊભો હતો. તે આન્નાના ગભરાટને લીધે અકળામણ અનુભવી રહ્યો હતો અને બેસી જવાની હિંમત નહોતો કરી શકતો. સ્વર મેળવવાના પ્રયાસોમાં

વાયોલિન તથા બંસીઓના સૂર ગુંજી ઊઠ્યા. તેમને વાતાવરણમાં તંગ ઉત્તેજના ભરાઈ ગયેલી લાગી, જાણે કેમ તમામ બૉક્સમાંથી સૌ તેમને તાકી રહ્યાં હોય. આખરે આન્ના ઊભી થઈ ગઈ અને ઝડપથી એક બારણા તરફ ચાલવા લાગી. તે પણ પાછળ પાછળ ચાલવા લાગ્યો. તેઓ જાણે નિરુદ્દેશ કેટલીય કૉરિડોરમાં ભટકતાં રહ્યાં, એક પછી એક દાદરાનાં પગથિયાં ચડતાં ને ઊતરતાં રહ્યાં. કાનૂની અમલદારો, હાઈસ્કૂલના શિક્ષકો, અને સરકારી નોકરોના યુનિફૉર્મમાં સજ્જિત આકૃતિઓ તેમની નજર સામે ઝબકતી રહી. સૌએ ચાંદ લટકાવેલા હતા. મહિલાઓનાં મુખડાં ઝબકતાં રહ્યાં, ખીંટીએ ટાંગેલા કોટ ઝબકતા રહ્યા. એકાએક પવનની લહેરખી આવી. તેમાં સિગારેટનાં ઠૂંઠાંની ગંધ ભળી હતી. ગૂરોવનું દિલ જોરથી ધડકી રહ્યું હતું અને તે વિચારી રહ્યો હતો:

"હે ભગવાન! અહીંયાં આ બધા લોકો કેમ છે? વાદ્યમંડળી કેમ છે?.."

બીજી જ પળે તેને અચાનક યાદ આવી ગયું કે યાલ્તામાં સાંજના વખતે આન્ના સેર્ગેયેવ્નાને સ્ટેશને વળાવતી વેળા પોતે કેવી રીતે મનમાં કહેલું: કિસ્સો પૂરો થઈ ગયો, હવે ફરી કદી નહિ મળીએ. અને હવે કિસ્સાનો અંત કેટલો બધો દૂર સરકી ગયો હતો!

આન્ના એક અંધારી સાંકડી સીડી પર થંભી ગઈ. સીડીની ઉપર પાટિયું લગાવેલું હતું: "ઉપરની ગૅલરી તરફ."

"તમે મને કેવી ગભરાવી નાખી!" તે જોરથી હાંફતી હાંફતી બોલી. તેનું મોં હજી ફિક્કું હતું, તે હજી ચકિત અવસ્થામાં હતી. "કેવી ગભરાવી નાખી! મારો તો જાણે જીવ જ ઊડી ગયો! તમે શા માટે આવ્યા છો? શા માટે?"

"પણ આન્ના..." તે ધીમા તાકીદના અવાજે કહેવા લાગ્યો, "પણ આન્ના, સમજવાની કોશિશ કર... સમજવાની કોશિશ કર..."

આન્ના બીકની, કાલાવાલાની, પ્યારની નજર તેની ઉપર નાખીને પછી એકીટસે તેને તાકી રહી, જાણે કેમ તેના ચહેરાને પોતાના માનસપટમાં સજ્જડ અંકિત કરી દેવા માગતી હોય.

"હું બહુ જ દુ:ખી હતી," તે ગૂરોવના શબ્દોને જરાય ધ્યાનમાં લીધા વગર જ આગળ બોલી. "તમારા સિવાય બીજા કશાનો વિચાર જ નહોતી કરી શકતી, તમારે વિશેના ખ્યાલોના આધારે જ જિંદગી ટકાવી રહી હતી. હું ભૂલી જવાની કોશિશ કરી રહી હતી, મારે બધું ભૂલી જવું હતું. તમે શા માટે આવ્યા? શા માટે?"

સીડીએ જરાક ઉપર શાળાની ઉંમરના બે છોકરા સિગારેટ ફૂંકી રહ્યા હતા અને નીચે નજર નાખી રહ્યા હતા, પરંતુ ગૂરોવ તેમની પરવા કર્યા વગર આન્ના સેર્ગેયેવ્નાને બાહુપાશમાં જકડી લઈને મોં પર, હોઠ પર, હાથ પર ચુંબનો કરવા લાગ્યો.

"અરે, આ શું કરો છો? આ શું કરો છો?" તે એકદમ ભયભીત બનીને પાછળ ખસતી બોલી ઊઠી. "આપણે બેઉ પાગલ થઈ ગયાં છીએ. આજે રાતે જ પાછા ચાલ્યા જાઓ, અહીંથી આ ઘડીએ જ નીકળી જાઓ... ભગવાનને ખાતર... હું આજીજી કરું છું... કોઈ આવે છે!"

ખરેખર કોઈ પગથિયાં ચડી રહ્યું હતું.

"તમારે ચાલ્યા જવાનું જ છે," આન્ના સેર્ગેયેવ્ના હોઠ ફફડાવતી બોલતી રહી. "દ્મીત્રી દ્મીત્રિચ, સાંભળો છો ને? હું મોસ્કોમાં તમારી પાસે આવીશ. મને ક્યારેય સુખ નથી મળ્યું, અત્યારે પણ હું દુ:ખી છું, અને કદી

સુખી થવાની નથી, કદી નહિ! મારા દુ:ખમાં વધારો ન કરો! હું મોસ્કોમાં તમારી પાસે આવીશ, સોગન ખાઈને કહું છું! પણ અત્યારે ઝટ છૂટાં પડી જવાનું છે! મારા મીઠા, મારા મઝાના, મારા વહાલા... વિદાય!"

તે ગૂરોવનો હાથ દબાવીને ઝડપથી પગથિયાં ઊતરતી વારંવાર પાછળ ફરીને તેની ઉપર નજર નાખતી રહી. તેની આંખો સાફ જાહેર કરી દેતી હતી કે તે ખરેખર દુ:ખી છે... ગૂરોવ કાન સરવા કરીને થોડી વાર ત્યાં જ ઊભો રહ્યો, અને ચોમેર નીરવતા છવાઈ ગઈ એટલે નીચેથી પોતાનો ઓવરકોટ લઈને થિયેટરમાંથી બહાર નીકળી ગયો.

૪

આન્ના સેર્ગેયેવ્ના તેને મળવા અવારનવાર મોસ્કો જવા લાગી. તે બે કે ત્રણ મહિનામાં એક વાર સ્ત્રીઓના રોગોના નિષ્ણાત ડૉકટરની સલાહ લેવાનું બહાનું પતિને બતાવીને રવાના થઈ જતી. પતિને વાત ખરી પણ લાગતી અને શંકા પણ થતી. મોસ્કોમાં આન્ના હંમેશાં 'સ્લાવ્યાનસ્કી બાઝાર'માં ઊતરતી અને ત્યાં પહોંચતાં જ રાતી ટોપીવાળા આદમીને મોકલીને ગૂરોવને કહેવડાવતી. ગૂરોવ તેની પાસે પહોંચી જતો અને મોસ્કોમાં કોઈને ખબર ન પડતી.

એક વાર શિયાળામાં સવારે તે હંમેશની જેમ આન્ના પાસે ગયો (માણસ આગલી સાંજે ખબર પહોંચાડવા તેને ત્યાં ગયેલો પણ તે ઘેર નહોતો). તેની દીકરી ભેગી હતી કારણ કે નિશાળ રસ્તામાં પડતી હતી અને તેને થયું કે ભેગાભેગો બેટીને નિશાળે પહોંચાડતો જાઉં. પડતાં જ ઓગળી જાય એવું હિમ વરસી રહ્યું હતું.

"તાપમાન શૂન્યથી ત્રણ ડિગ્રી ઉપર છે," તેણે દીકરીને કહ્યું, "પણ તોયે હિમ વરસી રહ્યું છે. શૂન્યથી ઉપરનું તાપમાન તો ખાલી જમીનની નજીક જ છે, વાતાવરણના ઉપલા થરોમાં તાપમાન સાવ જુદું જ છે."

"પાપા, શિયાળામાં ક્યારેય ગાજવીજ કેમ નથી થતી?"

તેણે એ પણ દીકરીને સમજાવ્યું. તે બોલતો હતો ત્યારે તેના મનમાં વિચારો ઘોળાઈ રહ્યા હતા કે હું છાના મિલન માટે જઈ રહ્યો છું, જીવતા જાગતા કોઈ માણસને તેની ખબર નથી અને ઘણું કરીને કદી ખબર પડશે જ નહિ. હું એકીસાથે બે જાતની જિંદગી જીવી રહ્યો છું. એક જિંદગી જાહેર છે, લાગતાવળગતા સૌની નજર સામે જિવાઈ રહી છે, રૂઢિગત સત્ય અને રૂઢિગત કપટથી ભરેલી છે, તે મારા મિત્રો અને પરિચિતોની જિંદગી જેવી છે, અને બીજી જિંદગી ગુપ્ત રીતે વહેતી રહે છે. કોઈ વિચિત્ર અને કદાચિત આકસ્મિક સંજોગ પરંપરાને લીધે હાલત એવી બની ગઈ છે કે મારા જીવનમાં જે કંઈ મહત્ત્વનું, રસપ્રદ, અને આવશ્યક છે તે બધું, જેના સંબંધમાં હું સદા નિખાલસ રહ્યો છું અને મેં આત્મવંચના કદી નથી કરી તે બધું, મારા જીવનનું હાર્દ બની રહેતું બધું, બીજા લોકોથી ગુપ્ત રીતે ચાલી રહ્યું છે; પરંતુ મારી હસ્તીમાં જે કંઈ બનાવટી છે તે બધું, મને પોતાને અને મારામાં રહેલા તથ્યને હું જેમાં છુપાવી રાખું છું તે કોચલું બની રહેતું બધું—બૅંકમાં કામ, ક્લબમાં વાતચીત, મારી નજરે "હલકી જાતિ", સમારંભોમાં સજોડે હાજરી—સપાટી ઉપર છે. તે પોતાની હાલતના આધારે બીજા લોકોને મૂલવવા લાગ્યો, તેણે નજરે દેખાતી બાબતોને સાચી માની લેવાનું બંધ કરી દીધું, તે હંમેશાં ધારી લેવા લાગ્યો કે દરેક ઇન્સાનની ખરી જિંદગી, વધારેમાં

વધારે ખુશીની જિંદગી, તો ગુપ્ત રીતે જ ચાલતી હોય છે, જાણે રાતના પડદા પાછળ જ ચાલતી હોય છે. દરેક અલગ હસ્તી રહસ્ય ફરતે ચકરાવા લેતી હોય છે, અને કદાચ મુખ્યત્વે એ કારણે જ સંસ્કારી માણસો વ્યકિતગત રહસ્યોની મર્યાદા જાળવવાની બહુ જોરદાર હિમાયત કરતા હોય છે.

ગૂરોવ દીકરીને નિશાળે પહોંચાડીને 'સ્લાવ્યાનસ્કી બાઝાર' તરફ રવાના થઈ ગયો. તેણે ઓવરકોટ નીચે રખાવ્યો અને પછી ઉપર જઈને બારણું હળવેથી ખખડાવ્યું. સફરના થાકથી અને ઉચાટથી સાવ ઢીલી પડી ગયેલી આન્ના સેર્ગેયેવ્ના ગૂરોવને સૌથી વધારે ગમતો રાખોડી ડ્રેસ પહેરીને આગલી સાંજથી જ તેની વાટ જોઈ રહી હતી. તેનું મોં ફિક્કું હતું, ગૂરોવની સામે જોતી વેળા તેના હોઠ મલક્યા નહિ, પરંતુ હજુ તે માંડ દાખલ થયો એટલામાં તો તે એકદમ તેને ભેટી પડી. તેઓ જાણે વર્ષોથી મળ્યાં ન હોય એમ તેમનું ચુંબન કેટલીય વાર સુધી ચાલતું રહ્યું.

"બોલ, કેમ છે?" તેણે આન્નાને પૂછ્યું. "ખાસ નવીન કંઈ?"

"ઊભા રહો, હમણાં કહું છું... મારાથી..." તે બોલી ન શકી કારણ કે રડી રહી હતી. તે બીજી તરફ ફરી જઈને રૂમાલ વડે આંખો લૂછવા લાગી.

"રડી લે ત્યાં સુધી વાટ જોઉં," ગૂરોવને થયું, અને તે ખુરશીમાં બેસી ગયો.

તેણે ઘંટડી વગાડીને નોકરને બોલાવ્યો અને તેને ચા લઈ આવવા કહ્યું. થોડી વાર પછી તે ચા પીવા લાગ્યો ત્યારે આન્ના હજી એમ જ બારી તરફ મોં રાખીને ઊભી હતી... તે લાગણીવશ થઈને રડી રહી હતી, તેમની

જિંદગીની ગમગીનીમાંથી પેદા થયેલી કટુતાને લીધે રડી રહી હતી. તેઓ એકબીજાને માત્ર છાનીછપની રીતે જ મળી શકતાં હતાં, તેઓ જાણે ચોર હોય એમ તેમને લોકોથી છુપાતાં રહેવું પડતું હતું. તેમનું જીવન કેવું ખંડિત હતું!

"રડાય નહિ," તેણે કહ્યું.

તેને બરાબર ખબર હતી કે તેમના પ્રેમનો અંત જલદી આવવાનો નથી, કહેવાય નહિ કે અંત ક્યારે આવશે. આન્ના સેર્ગેયેવ્ના તેને નિરંતર વધારે ઉત્કટતાથી ચાહતી હતી, તેની આરાધના કરતી હતી, અને તેને સમજાવવાનો કશો અર્થ જ નહોતો કે આખર ક્યારેક તો અંત આવવાનો જ છે. એવી વાત આન્નાએ માની જ ન હોત.

તેણે આન્નાની પાસે જઈને તેના ખભા પર હાથ મૂક્યા. તેનો આશય વહાલ અને ટોળટપ્પા કરીને તેનું મન ખુશ કરવાનો હતો. પરંતુ એકાએક તેની નજર આયનામાં પોતાના પ્રતિબિંબ ઉપર પડી.

તેના વાળ સફેદ થવા લાગ્યા હતા. છેલ્લાં થોડાંક વરસો દરમિયાન પોતે બહુ ઘરડો દેખાવા લાગ્યો હતો, બદસૂરત થઈ ગયો હતો, એ હકીકત તેને ભયંકર લાગી. તેના હાથ નીચે આન્નાના ખભા હૂંફાળા હતા, ફરકી રહ્યા હતા. હજુ ઉષ્માભરી અને સુંદર પરંતુ કદાચ થોડા સમયમાં જ તેની પોતાની જિંદગીની જેમ ઓટમાં અટવાઈ જવાની અને ઢીલી પડી જવાની એ જિંદગી પ્રત્યે તેને અનુકંપા થઈ. આન્ના તેને આટલો બધો પ્રેમ કેમ કરતી હશે? સ્ત્રીઓ હંમેશાં તેને તે વાસ્તવમાં જેવો હતો એથી નિરાળો માનતી રહી હતી, તેની હસ્તીમાં તેને નહિ પરંતુ તેમની કલ્પનામાં અંકિત પુરુષને ચાહતી રહી હતી, તેમણે આખી જિંદગી ઉત્સુકતાથી ગોતેલા પુરુષને ચાહતી રહી હતી. અને પછી

પોતાની ભૂલ સમજાઈ જાય ત્યારે પણ તેઓ તેને એવી જ રીતે ચાહવાનું ચાલુ રાખતી. તેમાંથી એક પણ સ્ત્રી તેની જોડે કદી સુખી નહોતી થઈ. સમય વીતતો ગયો, તે એક પછી એક સ્ત્રીને મળતો, આત્મીયતાના સંબંધ બાંધતો, છૂટો પડતો, પરંતુ તેને ખરો પ્રેમ કદી નહોતો થયો. એવા સંબંધમાં તરેહવાર ઘણું ઘણું સામેલ રહેતું, પરંતુ પ્રેમ સામેલ ન રહેતો.

અને હવે તેના વાળ ધોળા થઈ ગયા ત્યારે તે જિંદગીમાં પહેલી જ વાર ખરેખરા પ્રેમમાં પડી ગયો હતો, પૂરેપૂરો પ્રેમના રંગે રંગાઈ ગયો હતો.

તેનો અને આન્ના સેર્ગેયેવ્નાનો પ્રેમ પરસ્પર બહુ જ નિકટ અને આત્મીય લોકોના પ્રેમ જેવો હતો, પતિ અને પત્ની વચ્ચેના પ્રેમ જેવો હતો, એકબીજાને વહાલા ગાઢ મિત્રોના પ્રેમ જેવો હતો. તેમને લાગતું કે વિધાતાએ આપણને એકબીજાને માટે જ ઘડયાં છે, અને તેમને સમજાતું જ નહિ કે તેઓ એક તરફ પતિની અને બીજી તરફ પત્નીની જાળમાં સપડાયેલાં કેમ છે. તેઓ જાણે પકડાઈને અલગ અલગ પાંજરામાં પુરાઈ ગયેલાં નર અને માદા પ્રવાસી પંખીઓ જેવાં હતાં. તેમના ભૂતકાળમાં અને વર્તમાનકાળમાં જે કંઈ શરમાવા જેવું હતું તે બધું તેમણે એકબીજાને માફ કરી દીધું હતું, અને તેમને લાગતું હતું કે તેમના પ્રેમથી તેઓ બન્ને બદલાઈ ગયાં છે.

અગાઉ તે ગમગીનીની ઘડીઓમાં પોતાને સૂઝતી પહેલી દલીલ વડે દિલાસો મેળવવાની કોશિશ કરતો, પરંતુ હવે દલીલો જાણે સાવ નિરર્થક બની ગઈ હતી, તેને ઊંડી અનુકંપાની લાગણી થતી, નિખાલસ અને હેતાળ બનવાનું મન થતું...

"રડ નહિ, વહાલી," તેણે કહ્યું. "રડી લીધું એટલું બસ છે, હવે રહેવા દે... ચાલ, આપણે વાત કરીએ, શું કરવું એનો વિચાર કરીએ."

પછી તેઓ કેટલીય વાર સુધી પોતાના સંજોગો અંગે વિચાર કરતાં રહ્યાં, અને વાતો કરતાં રહ્યાં કે આ છાનગપતિયાંની, છળકપટની, અલગ અલગ શહેરમાં વસવાની, અને લાંબા વખત સુધી એકબીજાને મળ્યા વગર ઝૂરતાં રહેવાની લાચાર દશાને કેવી રીતે ખતમ કરી નાખવી. આ કારમી બેડીઓને કેવી રીતે તોડી નાખવી?

"કેવી રીતે? કેવી રીતે?" ગૂરોવ પોતાનું માથું બેઉ હાથ વડે પકડીને બોલ્યો. "કેવી રીતે?"

આભાસ થતો હતો કે હવે ઝાઝી વાર નહિ લાગે, ઉકેલ ચોક્કસ મળી આવશે જ, અને પછી સરસ નવા જીવનનો આરંભ થઈ જશે. પરંતુ બેઉને મનમાં તો બરાબર ખબર હતી કે પંથ બહુ લાંબો છે, અને તેનો વધારેમાં વધારે મુશ્કેલ તથા અટપટો હિસ્સો હજી તો શરૂ જ થઈ રહ્યો છે.

૧૮૯૯

દુલહન

૧

રાતના નવ વાગી ગયા હતા. પૂર્ણિમાનો ચંદ્ર બગીચામાં પ્રકાશ પાથરી રહ્યો હતો. શૂમિન પરિવારના ઘરમાં દાદી માર્ફા મિખાઈલોવ્નાએ ગોઠવેલી પ્રાર્થના હજી હમણાં જ પૂરી થઈ હતી, અને થોડીક વાર બગીચામાં સરકી ગયેલી નાદ્યાને ભોજનખંડમાં વાળુ પીરસાતું નજરે પડતું હતું. ટેબલ ફરતે ચકરાવા લઈ રહેલી દાદીનાં રેશમનાં કપડાં ફરફરાટ કરી રહ્યાં હતાં. દેવળનો પાદરી ફાધર આન્દ્રેઈ નાદ્યાની મા નીના ઈવાનોવ્ના સાથે વાત કરી રહ્યો હતો. બારીમાંથી અંદર નજર નાખતાં નીના ઈવાનોવ્ના બત્તીના અજવાળામાં કોણ જાણે કેમ એકદમ યુવાન લાગતી હતી. ફાધર આન્દ્રેઈનો પુત્ર આન્દ્રેઈ આન્દ્રેઇચ તેની બાજુમાં ઊભો ઊભો ધ્યાનથી વાતચીત સાંભળી રહ્યો હતો.

બગીચામાં ઠંડક હતી અને નીરવતા છવાયેલી હતી. ઘેરા પડછાયા જાણે નિરાંતે ધરતી ઉપર લંબાવીને પડયા હતા. ખૂબ દૂરથી, કદાચ શહેરની બહારથી, દેડકાંના ડ્રાંઉં ડ્રાંઉં અવાજ કાને પડી રહ્યા હતા. મે માસની, મધુરા મે માસની, અસર વરતાઈ રહી હતી. ઊંડો શ્વાસ લઈને કલ્પનામાં સરી પડવાનું મન થતું હતું કે ક્યાંક, શહેરથી બહુ દૂર, ગગન તળે, વૃક્ષોની ટોચથી ઊંચે, ખેતરોમાં અને વનોમાં,

વસંત પોતાના આગવા જીવનનો, રહસ્યમય અને રમણીય જીવનનો, સમૃદ્ધ અને પુનિત જીવનનો, પાપી માનવ જીવોથી અલિપ્ત જીવનનો આરંભ કરી રહી છે. કોણ જાણે કેમ પણ રડી લેવાનું મન થતું હતું.

નાદ્યાની ઉંમર ત્રેવીસ વરસની હતી. તે સોળ વરસની હતી ત્યારથી જ ભારે ઉત્સુકતાથી લગ્નનાં સ્વપ્ન સેવતી રહી હતી, અને હવે આખરે તેની સગાઈ ભોજનખંડમાં ઊભેલા યુવક આન્દ્રેઈ આન્દ્રેઇચ સાથે થઈ ગઈ હતી. તેને આન્દ્રેઈ આન્દ્રેઇચ ગમતો હતો અને લગ્ન માટે જુલાઈની સાતમી તારીખ નક્કી થઈ ગઈ હતી, પરંતુ તેના હૈયામાં કશા ઉમળકા ઊઠતા નહોતા. તેને રાતે નીંદર બરાબર નહોતી આવતી, અને આનંદોલ્લાસે જાણે તેને તરછોડી દીધી હતી... ભોંયતળિયાના રસોડાની ઉઘાડી બારીઓમાંથી અંદરની ધમાલના અવાજ અને છરીકાંટાના ખણખણાટ સંભળાઈ રહ્યા હતા. ગરગડી ગોઠવેલું બારણું વારે વારે ધડાક કરતું બંધ થઈ જતું હતું. શેકાતા માંસની અને મસાલેદાર ચેરીફળની સુવાસ હવામાં ફેલાઈ રહી હતી. લાગતું હતું કે બધું એમ જ કશા પરિવર્તન વગર સદા ચાલતું રહેશે.

એક આદમી ઘરમાંથી નીકળીને ઓટા ઉપર ઊભો રહી ગયો. તે આલેક્સાન્દર તિમોફેઇચ હતો. સૌ તેને સાશા કહીને બોલાવતાં. તે લગભગ દસ દિવસ પહેલાં મોસ્કોથી આંટો આવ્યો હતો. લાંબા વખત પહેલાંની વાત છે. મૂળ અમીર કુટુંબની પણ ગરીબીમાં સરી પડેલી વિધવા બાનુ મારિયા પેત્રોવ્ના નાદ્યાની દાદી પાસે ખેરાતની આશાએ આવતી. એ નાના કદની દૂબળી પાતળી નાજુક બાઈ દાદીની દૂરની સગી થતી હતી. તેને સાશા નામે દીકરો હતો. કોણ જાણે કેમ પણ લોકો કહેતા કે સાશા સરસ કલાકાર છે.

તેની મા મરી ગઈ ત્યારે દાદીએ પોતાના આત્માના ઉદ્ધાર ખાતર છોકરાને મોસ્કોની કોમિસારોવ શાળામાં દાખલ કરાવી દીધો. તે એકબે વરસ ત્યાં ગાળીને પછી કલાશાળામાં દાખલ થઈ ગયો અને લગભગ પંદર વરસની મહેનત બાદ સ્થાપત્ય વિભાગની આખરી પરીક્ષાઓમાં જેમતેમ કરીને પાસ થઈ ગયો. તેણે સ્થપતિ તરીકે તો ક્યારેય કામ ન કર્યું પરંતુ મોસ્કોના કોઈ છાપખાનામાં નોકરી મેળવી લીધી. તે દર વરસે ઉનાળામાં, મોટે ભાગે તો સખત માંદગીની હાલતમાં, દાદીમાને ત્યાં આરામ અને દવાદારૂ માટે આવતો.

તેણે લાંબો કોટ પહેર્યો હતો, કોટનાં બટન છેક ગળા સુધી ભીડેલાં હતાં. કૅન્વાસના બેડોળ પાટલૂનના પાયચાઓની કોર ફાટી ગયેલી હતી, શર્ટ ઈસ્રી વગરનું હતું, અને આખો દેખાવ મેલોઘેલો હતો. તેનું શરીર સુકલકડી હતું, આંખો મોટી હતી, લાંબી આંગળીઓ સાવ સુકાઈ ગયેલી હતી, મોઢે દાઢી હતી, વાન ઘેરો હતો, અને તોયે તે દેખાવડો લાગતો હતો. શૂમિન કુટુંબમાં તેને જાણે પોતાનાં સ્વજનો ભેગો હોય એમ લાગતું અને તે ઘરમાં નિરાંતથી રહેતો. તેના ઉતારાનો ખંડ લાંબા સમયથી સાશાના ખંડ તરીકે જ ઓળખાતો.

તે ઓટા ઉપરથી આમતેમ નજર ફેરવતો હતો અને નાદ્યા નજરે પડી એટલે તેની પાસે પહોંચી ગયો.

"અહીંયાં તમારે ઘેર બહુ મઝાનું લાગે છે," તે બોલ્યો.

"હાસ્તો, મઝાનું લાગે એવું જ છે. તમે શરદ સુધી રોકાઈ જાઓ તો સારું."

"ખરી વાત છે, રોકાવું જ પડશે એમ લાગે છે. ઘણું કરીને સપ્ટેંબર સુધી રોકાઈ જઈશ."

તે કશા દેખીતા કારણ વગર હસી પડયો અને નાદ્યાની બાજુમાં બેસી ગયો.

"હું બેઠી બેઠી માને જોતી રહી છું," નાદ્યાએ કહ્યું. "અહીંથી જોતાં જાણે સાવ જુવાન હોય એવી લાગે છે." પછી જરાક થંભીને તે આગળ બોલી: "માની કમજોરીઓની તો મને બેશક ખબર છે જ, પણ તોયે અજબ સરસ ઓરત છે."

"હા, બહુ સારાં છે," સાશાએ સૂર પુરાવ્યો. "તમારાં મા બેશક બહુ સારાં ને ભલાં છે, પણ... કેવી રીતે કહું? હું સવારે વહેલો રસોડામાં ગયો તો ચાર નોકર ભોંયપટ ઉપર સૂતા હતા, બિછાનાં જેવું કંઈ નહિ, ખાલી ચીંથરાં પાથરીને સૂઈ ગયા હતા, ચોમેર ગંદવાડ, માકડ, જીવડાં... વીસ વરસ પહેલાં જેવી હાલત હતી એવી જ આજે પણ છે, જરાક સરખોયે ફેર નથી પડયો. દાદીનો વાંક તો બેશક ન જ કાઢી શકાય, એ તો ઘરડાં થઈ ગયાં છે, પણ તમારાં મા ફ્રેંચ ભાષા બોલે છે, શોખની નાટક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. આપણને થાય કે એમણે તો ખ્યાલ રાખવો જોઈએ."

સાશા બોલે ત્યારે લાંબી સૂકલી બે આંગળીઓ સાંભળનારની તરફ લંબાવી રાખવાની તેને ટેવ હતી.

"અહીંયાં બધું બહુ અજબ લાગે છે," તે આગળ બોલ્યો. "હું ટેવાયેલો નથી એટલે કદાચ એમ લાગતું હશે. ભલા ભગવાન! અહીંયાં તો કોઈ કશું કામ ક્યારેય કરતું જ નથી! તમારાં મા ઠકરાળાંની જેમ આમતેમ હરવાફરવા સિવાય બીજું કંઈ જ કરતાં નથી. દાદી પણ કંઈ નથી કરતાં, તમેય કશું નથી કરતાં. અને તમારા ભાવિ પતિ આન્દ્રેઈ આન્દ્રેઇચ પણ કંઈ નથી કરતા."

નાદ્યા એવી બધી વાતો ગયે વરસે સાંભળી ચૂકી હતી, અને તેને લાગ્યું કે તેની પહેલાંના વરસે પણ કદાચ સાંભળી ચૂકી છે. તેને ખબર હતી કે સાશાનું મગજ કેવળ એવી રીતે જ ચાલે છે. અગાઉ તેને એવી વાતો સાંભળવામાં

રમૂજ પડતી, પણ હવે કોણ જાણે કેમ તેને ચીડ ચડી.

“આ બધી તો ચવાઈ ગયેલી વાતો છે, સાંભળી સાંભળીને હું તો કંટાળી ગઈ છું,” તે ઊભી થઈ જતી બોલી. “તમને કોઈ નવી વાત સૂઝતી જ નથી કે શું?”

સાશા હસ્યો. તે પણ ઊભો થઈ ગયો અને બેઉ પાછાં ઘર તરફ ચાલવા લાગ્યાં. ઊંચી, રૂપાળી, પાતળી નાદ્યા સાશાની જોડે ચાલતી વેળા ખૂબ તંદુરસ્ત અને સરસ વસ્ત્રોમાં સોહામણી લાગતી હતી. તે પોતે એ વિશે સભાન હતી અને મનમાં સાશા પ્રત્યે અનુકંપા અને લગભગ અપરાધની લાગણી અનુભવી રહી હતી.

“તમે સાવ નકામી વાતો બહુ કરો છો,” તેણે કહ્યું. “જુઓ ને, મારા આન્દ્રેઈ વિશે તમે કેવી વાત કરી— અને તમે તો એમને જરાયે ઓળખતા પણ નથી, ખરેખર!”

“મારા આન્દ્રેઈ!.. ભગવાન ભલું કરે તમારા આન્દ્રેઈનું! મને તો તમારી જુવાની અંગે અફસોસ થાય છે.”

તેઓ ભોજનખંડમાં દાખલ થયાં ત્યારે સૌ જમવા બેસી રહ્યાં હતાં. નાદ્યાની દાદીને ઘરમાં સૌ મોટીબા કહેતાં. તે જાડી હતી, દેખાવડી નહોતી, તેને ગૂંછળિયાળાં ભવાં હતાં અને હોઠે મૂછ ઊગેલી હતી. તે જોરથી બોલી રહી હતી અને તેનો અવાજ તથા વાત કરવાની રીત જાહેર કરી દેતાં હતાં કે ઘરમાં ખરા મોવડીનું સ્થાન તો તેનું જ છે. બજારમાં કેટલીય દુકાનો તેની માલિકીની હતી અને થાંભલા તથા બગીચાવાળું જૂનું મકાન પણ તેની માલિકીનું હતું, તેમ છતાં તે રોજ સવારે આંખોમાં આંસુ છલકાવીને પ્રાર્થના કરતી કે હે ભગવાન, મને પાયમાલીથી બચાવી રાખજે. તેની પુત્રવધૂ અને નાદ્યાની મા—સોનેરી કેશ, તંગ પોશાક, ચાંપવાળાં ચશ્માં, અને પાંચેય આંગળીએ હીરાની વીંટીઓ

પહેરીને બેઠેલી નીના ઈવાનોવ્ના, જાણે કશુંક બહુ રમૂજી કહેવા જતો હોય એવો જ હંમેશાં દેખાતો પાતળો ને દાંત વગરનો ઘરડો ફાધર આન્દ્રેઈ, અને આન્દ્રેઈ આન્દ્રેઈચ, નાદ્યાનો ભાવિ પતિ—જાણે અદાકાર કે ચિત્રકાર જેવો લાગતો વાંકડિયાં જુલફાંવાળો તગડો દેખાવડો જુવાન, સૌ હિપ્નોટિઝમની વાતો કરી રહ્યાં હતાં.

"અહીંયાં અમારી ભેગો એક અઠવાડિયામાં રાતી રાણ જેવો થઈ જવાનો," મોટીબાએ સાશાને કહ્યું. "પણ ખોરાક વધારી દે, પેટ ભરીને ખાતો જા!" તેણે નિસાસો નાખ્યો. "તારી હાલત ભયંકર છે. તું તો ખરેખર પેલા હાલહવાલ થઈને પાછા ફરેલા ફક્કડ બેટા જેવો છે!"

"જિંદગીનું હીર ભોગવિલાસમાં વેડફી નાખ્યું," ફાધર આન્દ્રેઈ શબ્દો ધીરે ધીરે સરકાવતો વચમાં બોલ્યો. તેની આંખોમાં ટીખળ રમી રહ્યું હતું. "અને ખેતરોમાં ડુક્કરોને ખાણ નીરવાનું કામ કરવું પડયું."

"મારા બુઢ્ઢા બાપુ મને બહુ વહાલા છે," આન્દ્રેઈ આન્દ્રેઈચ પિતાનો ખભો પંપાળતો બોલ્યો. "પ્યારા બુઢ્ઢાબાબા! મઝાના બુઢ્ઢાબાબા!"

સૌ ચુપ રહ્યાં. સાશા એકાએક ખડખડાટ હસી પડયો અને તેણે નૅપ્કિન હોઠે દબાવ્યો.

"તો તમે હિપ્નોટિઝમમાં માનો છો, ખરું ને?" ફાધર આન્દ્રેઈએ નીના ઈવાનોવ્નાને પૂછ્યું.

"માનું છું એમ તો ન કહેવાય," નીના ઈવાનોવ્નાએ મોં પર ગંભીર, લગભગ રૂક્ષ, ભાવ આણીને જવાબ આપ્યો. "પણ એટલું તો કબૂલ કરવું જ પડે કે રહસ્યમય અને અગમ્ય ગણાય એવું ઘણું ઘણું કુદરતમાં છે."

"હું તમારી જોડે પૂરો સહમત છું, પણ મારે એટલું

ચોક્કસ ઉમેરવું જોઈએ કે શ્રદ્ધા આપણે માટે રહસ્યના ક્ષેત્રને સારી પેઠે મર્યાદિત બનાવી દે છે."

મોટો જબ્બર ટર્કી મરઘો પીરસવામાં આવ્યો. ફાધર આન્દ્રેઈ અને નીના ઈવાનોવ્નાની વાતચીત ચાલતી રહી. નીના ઈવાનોવ્નાની વીંટીઓના હીરા ઝગારા મારી રહ્યા હતા, અને તેની આંખોમાં આંસુ ચળકી રહ્યાં હતાં. તે ખૂબ જ લાગણીવશ થઈ ગઈ હતી.

"તમારી જોડે દલીલ કરવાની હિંમત તો મારાથી બેશક ન જ થાય," તે બોલી. "પણ તમે એટલું તો કબૂલ કરશો કે જીવનમાં અણઉકલ્યા કોયડા ઘણાબધા છે."

"એક પણ નહિ, ખાતરી માનજો."

જમવાનું પતી ગયા પછી આન્દ્રેઈ આન્દ્રેઈચે વાયોલિન વગાડયું અને નીના ઈવાનોવ્નાએ તેના સંગાથમાં પિયાનોના સૂર રેલાવ્યા. તેણે યુનિવર્સિટીના ભાષાશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ દસ વરસ પહેલાં પૂરો કરી લીધો હતો, પરંતુ તે નોકરી નહોતો કરતો અને કશું ખાસ કામ નહોતો કરતો, ખાલી ક્યારેક ક્યારેક ખેરાતી સંગીત જલસાઓમાં વાદન કરતો. શહેરમાં તેને સંગીતકાર ગણવામાં આવતો.

આન્દ્રેઈ આન્દ્રેઈચ વાયોલિન વગાડતો રહ્યો અને સૌ ચુપચાપ સાંભળતાં રહ્યાં. ટેબલ પર સામોવારમાં ચાનું પાણી એકધારું ઊકળી રહ્યું હતું, અને એકલો સાશા જ ચા પી રહ્યો હતો. બારના ટકોરા થયા ત્યારે વાયોલિનનો એક તાર તૂટી ગયો. સૌ હસી પડયાં અને વિદાયની ધમાલ શરૂ થઈ ગઈ.

ભાવિ પતિને વિદાય આપીને નાદ્યા ઉપર ચાલી ગઈ. તે માની જોડે ઉપર રહેતી હતી (નીચેનો ભાગ દાદીના કબજામાં હતો). નીચે ભોજનખંડમાં બત્તીઓ ઓલવાઈ રહી હતી પરંતુ સાશા હજુ બેઠો બેઠો ચા પી રહ્યો હતો. તે

હંમેશાં મોસ્કોની રીતે કેટલીય વાર સુધી બેઠો બેઠો ચા પીતો રહેતો, એક પછી એક છ કે સાત ગ્લાસ ચા પીતો. નાદ્યા કપડાં બદલાવીને બિછાનામાં પડી ત્યાર પછી ઘણી વાર સુધી નીચેથી નોકરોના કામના અને મોટીબાના ડારાડફારાના અવાજો સંભળાતા રહ્યા. આખરે ઘરમાં નીરવતા છવાઈ ગઈ, માત્ર નીચે સાશાના ખંડમાંથી ઉધરસનો ઘેરો અવાજ ક્યારેક ક્યારેક કાને પડતો હતો.

૨

નાદ્યા જાગી ગઈ ત્યારે લગભગ બે વાગ્યા હશે. પરોઢનો આછો ઉજાસ ફૂટી રહ્યો હતો. દૂર ક્યાંક ચોકીદાર ઠપકારા કરી રહ્યો હતો. નાદ્યાને નીંદર ન આવી, બિછાનું જાણે લહેરથી સૂઈ ન શકાય એવું વધારે પડતું મુલાયમ લાગતું હતું. નાદ્યાએ આ મે માસની અગાઉની બધી રાતો દરમિયાન કરેલું તેમ તે બિછાનામાં બેઠી થઈને વિચારોમાં ગરકાવ થઈ ગઈ. વિચારો આગલી રાતે કરેલા એવા જ એકસરખા, નિરર્થક, અદમ્ય હતા—આન્દ્રેઈ આન્દ્રેઇચે કેવી રીતે હેતપ્રીત બતાવવાનું શરૂ કરેલું, હાથની માગણી કરેલી, પોતે કેવી રીતે માગણી સ્વીકારી લીધેલી અને ધીરે ધીરે એ ભલા બુદ્ધિશાળી આદમીની કદર કરવા લાગેલી. પરંતુ હવે લગ્નને ફક્ત એક જ મહિનો બાકી રહ્યો હતો ત્યારે તેને કોણ જાણે કેમ બીક લાગતી હતી, બેચેની થતી હતી, જાણે કશુંક અસ્પષ્ટ શોકમય ટાંપીને બેઠું હોય એવી લાગણી થતી હતી.

"ઠપ... ઠપ... ઠપ... ઠપ..." ચોકીદાર ધીરે ધીરે ઠપકારા કરી રહ્યો હતો. "ઠપ... ઠપ..."

પુરાણી ઢબની મોટી બારીમાંથી બગીચો નજરે પડતો હતો, તેની પાછળ ફૂલોથી લદાયેલા છોડવા શીતળ હવામાં

જાણે નીંદરના ઘેનમાં સુસ્તીથી લચી પડેલા હતા. ધોળું ગાઢ ધુમ્મસ ફૂલોનાં ઝૂમખાં તરફ સરકી રહ્યું હતું, જાણે કેમ તેમને આવરી લેવા માગતું હોય. દૂર ઝાડવાંમાં ઊંઘટિયા કાગડા કા... કા... કરી રહ્યા હતા.

"અરે ભગવાન! મનમાં આટલી બધી ગમગીની કેમ ભરાઈ ગઈ હશે!"

બધી દુલહનોને લગ્ન પહેલાં આવી લાગણી થતી હશે? કોને ખબર! કે પછી સાશાની અસર હશે? પણ સાશા તો દર વરસે એકસરખી વાતો જાણે ગોખી લીધી હોય એમ ફરી ફરીને કરતો રહે છે, અને એની વાતો હંમેશાં સાવ ભોટ જેવી વિચિત્ર હોય છે. પણ હું સાશાના વિચારો મનમાંથી કાઢી કેમ નથી શકતી? કેમ?

ચોકીદારે પહેરો ભરવાનું ક્યારનું બંધ કરી દીધું હતું. પંખીઓ બારીની નીચે અને વૃક્ષોની ટોચ પર કલરવ કરવા લાગ્યાં, બગીચામાં ધુમ્મસ ઓસરી ગયું, સર્વત્ર વસંતનો સૂર્યપ્રકાશ પથરાઈ ગયો, ચોમેર કુદરત જાણે મલકાટ કરવા લાગી. સૂર્યકિરણોના હેતની ઉષ્મા માણતો આખો બગીચો થોડી વારમાં ચેતનમય બની ગયો, ઝાકળનાં બિંદુઓ વૃક્ષોનાં પર્ણો પર હીરામાણેકની જેમ ઝગમગવા લાગ્યાં. લાંબા વખતથી કશી દેખરેખ વગર રહેતો પુરાણો બગીચો એ પ્રભાતે જાણે તરુણ અને ઉલ્લાસમય બની ગયેલો લાગતો હતો.

મોટીબા ઊઠી ગયાં હતાં. સાશાએ ઊંડી કર્કશ ઉધરસ ખાધી. નીચે નોકરો ખુરશીઓ ખસેડી રહ્યા હતા અને ગરમ પાણીનો સામોવાર ગોઠવી રહ્યા હતા.

વખત બહુ ધીરે ધીરે વીતી રહ્યો હતો. નાદ્યા ક્યારની ઊઠીને બગીચામાં ફરી રહી હતી પણ સવાર તો જાણે લંબાતી જ રહેતી હતી.

નીના ઈવાનોવ્ના હાથમાં પાણીનો ગ્લાસ લઈને આવી. તેની આંખોમાં આંસુ છલકાઈ રહ્યાં હતાં. તે અધ્યાત્મવાદમાં અને હોમિયોપથીમાં માનતી, પુષ્કળ વાંચતી, અને તેને પોતાની ધાર્મિક શંકાઓ વિશે વાતો કરવાનો શોખ હતો. નાદ્યાને લાગતું કે એ સર્વમાં કશોક ગહન રહસ્યમય મર્મ હોવો જોઈએ. તે માને બચી ભરીને તેની જોડાજોડ ચાલવા લાગી.

"મા, કેમ રડેલી?" તેણે પૂછ્યું.

"રાતે ચોપડી વાંચી એમાં એક ડોસાની ને એની દીકરીની વાત હતી. ડોસો કોઈ ઑફિસમાં નોકરી કરતો હતો, અને એનો ઉપરી એની દીકરીના પ્રેમમાં પડી ગયો! મેં ચોપડી હજી પૂરી નથી કરી, પણ એક જગ્યાએ હું રડવું કોઈ રીતે ખાળી જ ન શકી," નીના ઈવાનોવ્નાએ કહ્યું. "એ વાત મને સવારે યાદ આવી એટલે ફરી રડવું આવી ગયું."

"મારા દિલમાં તો કેટલાય દિવસથી ગમગીની ભરાઈ ગયેલી છે," નાદ્યા થોડીક વાર થંભીને પછી બોલી. "મને નીંદર કેમ નહિ આવતી હોય?"

"ખબર નહિ, મીઠી! મને નીંદર ન આવે ત્યારે હું તો આંખો જોરથી મીચી દઉં છું — આવી રીતે — અને કલ્પના કરવા લાગું છું કે આન્ના કરેનિના કેવી દેખાતી હશે અને કેવી રીતે બોલતી હશે, અથવા કશાક ઐતિહાસિકની, પુરાતન જમાનાના કશાકની, કલ્પનામાં મશગૂલ થઈ જવાની કોશિશ કરું છું..."

નાદ્યાને લાગ્યું કે મા મને સમજતી નથી, સમજી શકે એમ જ નથી. તેને એવી લાગણી અગાઉ ક્યારેય નહોતી થઈ. એથી તે જાણે ભયભીત બની ગઈ. તેને છુપાઈ જવાનું મન થયું, અને તે પાછી પોતાના ખંડમાં ચાલી ગઈ.

બે વાગ્યે સૌ જમવા બેઠાં. બુધવારનો એટલે માંસ ન

ખાવાનો દિવસ હતો. દાદીને માંસ વગરનો સૂપ, મચ્છી, અને થૂલી પીરસવામાં આવ્યાં.

દાદીને ચીડવવાના આશયે સાશાએ માંસ વગરનો અને માંસવાળો બેઉ સૂપ લીધા. જમતી વેળા બધો વખત તે ટોળટપ્પા કરતો રહ્યો, પરંતુ તેની મજાક મશ્કરીઓમાં હંમેશાં વધારે પડતી વિગતો અને અંતમાં કશોક બોધ હોય જ. ચતુરાઈભરી વાતો શરૂ કરતાં પહેલાં તે પોતાની લાંબી, સૂકલી, મડદાલ આંગળીઓ ઊંચી કરે ત્યારે જરાય રમૂજ ન પડતી. આ માણસ સખત બીમાર છે અને હવે બહુ ઝાઝું કદાચ નહિ જ જીવે, એવો વિચાર મનમાં આવે ત્યારે તેના પ્રત્યે અનુકંપાની લાગણી થતી અને જાણે રડવાનું મન થઈ આવતું.

જમવાનું પૂરું થઈ ગયું એટલે દાદી આરામ કરવા પોતાના ખંડમાં ચાલ્યાં ગયાં. નીના ઈવાનોવ્નાએ થોડી વાર પિયાનો વગાડયો, અને પછી તે પણ ખંડમાંથી બહાર ચાલી ગઈ.

"અરે નાદ્યા, બેનબાઈ," સાશાએ જમણ પછીની રાબેતા મુજબની વાત શરૂ કરી દીધી, "મારું કહેવું માની લો ને! માની લો!"

તે જૂની ઢબની આરામખુરશીમાં કોકડું વળીને બેઠી હતી. તેની આંખો મીચેલી હતી. સાશા ખંડમાં ધીમે ધીમે આંટા મારી રહ્યો હતો.

"તમે અહીંથી ચાલ્યાં જાઓ અને અભ્યાસ કરો," તેણે કહ્યું. "માત્ર સુજાણ અને સાધુચરિત લોકો જ દિલચસ્પ હોય છે, અને માત્ર એવા લોકોની જ જરૂર છે. એવા લોકો જેમ વધારે તેમ પૃથ્વી ઉપર સ્વર્ગ વહેલું આવે, અને ત્યારે તમારા આ શહેરમાં પથ્થર ઉપર પથ્થર નહિ ટકે, બધું ઊંધુંચત્તું થઈ જશે, જાણે જાદુ થયું હોય એમ બધું પલટાઈ જશે. મોટી મોટી અજબ ઈમારતો ખડી થઈ જશે, મનોહર

બાગબગીચા બની જશે, અદ્ભુત ફુવારા બંધાઈ જશે, મઝાના ઈન્સાનો હશે... પણ મુખ્ય બાબત એ નથી. અસલ વાત તો એ છે કે આપણે ટોળું શબ્દને જેવા અર્થમાં સમજીએ છીએ એવાં ટોળાં ત્યારે હશે જ નહિ, હાલના રૂપની એ બદી ખતમ થઈ જશે, કારણ કે દરેક માણસ શ્રદ્ધા રાખતો હશે, જાણતો હશે કે પોતે શાને ખાતર જીવી રહ્યો છે, કોઈ ટોળાનો ટેકો ગોતવા નહિ જાય. મીઠાં બહેન, વહાલુડાં બહેન, અહીંથી ચાલ્યાં જાઓ! સૌને બતાવી આપો કે આ બંધિયાર, નીરસ, ભ્રષ્ટ જીવનથી તમે સાવ કંટાળી ગયાં છો! ઓછામાં ઓછું તમારા પોતાના અંતરાત્માને તો બતાવી જ આપો!"

"ના, સાશા, એમ ન થાય, મારી તો શાદી પાકી થઈ ગઈ છે."

"સમજ્યા હવે! એથી શો ફેર પડે છે?"

તેઓ બગીચામાં જઈને ફરવા લાગ્યાં.

"મીઠાં બહેન મારાં, તમારે વિચાર કરવો જ જોઈએ, સમજવું જ જોઈએ, કે તમારી આવી આળસુ જિંદગી કેટલી ધૃણાજનક છે, તેમાં કેટલી બધી અનીતિ છે!" સાશા આગળ બોલ્યો. "જરાક ખ્યાલ કરો કે તમે, તમારાં મા, અને તમારાં દાદી કંઈ જ કામ કરતાં નથી, અને તેનો અર્થ એવો થાય છે કે તમારે ખાતર બીજા લોકોને કામ કરવું પડે છે, તમે બીજા લોકોની જિંદગી ભરખી જાઓ છો. એ શું વાજબી છે? ખોટું નથી?"

નાદ્યાને એમ કહેવાનું મન થયું કે "હા, તમારી વાત ખરી છે." તે કહેવા માગતી હતી કે પોતે વાતને સમજે છે, પરંતુ તેની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં, તે ચુપ થઈ ગઈ, જાણે પોતાની અંદર જ સંકોડાઈ ગઈ, અને પોતાના ખંડમાં ચાલી ગઈ.

સાંજે આન્દ્રેઈ આન્દ્રેઇચ આવ્યો અને તેણે હંમેશની જેમ કેટલીય વાર સુધી વાયોલિન વગાડ્યું. તે સ્વભાવે ઓછાબોલો હતો, અને તેને વાયોલિન કદાચ એ કારણે જ બહુ ગમતું કે તેને વગાડતી વેળા ચુપ રહી શકાય. દસ વાગ્યા પછી તે ઓવરકોટ પહેરીને ઘેર જવા તૈયાર થયો ત્યારે તેણે નાદ્યાને બાહુપાશમાં જકડી લઈને તેના મોં પર, ખભા પર, અને હાથ પર આવેશમય ચુંબનોની ઝડી વરસાવી દીધી.

"વહાલી! પ્યારી! રૂપાળી!" તે ગણગણતો રહ્યો. "આહ! કેટલી ખુશી થાય છે! લાગે છે કે ખુશીમાં ને ખુશીમાં હું ઘેલો થઈ જવાનો!"

નાદ્યાને લાગ્યું કે એ બધું પોતે લાંબા લાંબા વખત પહેલાં સાંભળી ચૂકી છે, કોઈ નવલકથામાં વાંચી ચૂકી છે, હવે જેને કોઈ હાથ પણ નથી લગાડતું એવી કોઈ ફાટેલી ચોપડીમાં વાંચી ચૂકી છે.

ભોજનખંડમાં સાશા ટેબલ પાસે બેઠો બેઠો પાંચ લાંબી આંગળીઓને ટેરવે ટેકવેલી રકાબીમાંથી ચા પી રહ્યો હતો. મોટીબા પત્તાંની રમત રમી રહ્યાં હતાં. નીના ઈવાનોવ્ના વાંચી રહી હતી. દીવાની જ્યોત ફરકી રહી હતી, ચોમેર જાણે સુખશાંતિનું વાતાવરણ ફેલાયેલું હતું. નાદ્યા રજા લઈને ઉપર પોતાના ખંડમાં ચાલી ગઈ અને બિછાનામાં લંબાવતાં જ નીંદરમાં પડી ગઈ. પરંતુ આગલી રાતની જેમ જ પ્રાગડના પહેલા દોરા ફૂટતાં જ તે જાગી ગઈ. તેને ફરી નીંદર ન આવી. તેના હૈયા ઉપર જાણે બેચેની પેદા કરતો કશોક ભારે બોજ લદાઈ ગયેલો હતો. તે બિછાનામાં બેઠી થઈ ગઈ અને ગોઠણ ઉપર માથું ટેકવીને ભાવિ પતિ વિશે, લગ્ન વિશે, વિચાર કરવા લાગી... કોણ જાણે કેમ તેને યાદ આવી ગયું કે તેની મા પોતાના પતિને ચાહતી નહોતી, હવે મા પાસે

કંઈ હતું નહિ, તે સાવ મોટીબાના, સાસુના, આધારે જ જિંદગી ગુજારી રહી હતી. નાદ્યાએ બહુ કોશિશ કરી તોયે તેને સમજાયું જ નહિ કે પોતાની મા સાવ સાધારણ દુ:ખી સ્ત્રી હોવા છતાં પોતે તેને કોઈ ખાસ, અદ્‌ભુત વ્યક્તિ કેમ ધારી લીધેલી.

નીચે સાશા પણ જાગતો જ પડયો હતો, તેની ઉધરસનો અવાજ સંભળાઈ રહ્યો હતો. નાદ્યાના મનમાં વિચારો ઊભરાવા લાગ્યા કે સાશા વિચિત્ર ભોળો જીવ છે, મનોહર બાગબગીચા અને અદ્‌ભુત ફુવારાઓનાં તેનાં સ્વપ્નોમાં કશુંક બેહૂદું છે. પરંતુ તેના ભોળપણમાં, તેની બેહૂદગીમાં, એટલી બધી સુંદરતા હતી કે નાદ્યાના મનમાં ચાલ્યા જવાના અને અભ્યાસ કરવાના વિચારો આવતાં જ તેના આખા દિલમાં, સમગ્ર હસ્તીમાં, જાણે તાજગીભરી શીતળતા છવાઈ ગઈ, તે આહ્‌લાદમાં ગરકાવ થઈ ગઈ.

"બહેતર છે કે વિચાર જ ન કરવા, ખ્યાલ જ મૂકી દેવો," તેના હોઠ ફફડયા.

"ઠપ... ઠપ..." દૂરથી ચોકીદારના ઠપકારા સંભળાયા. "ઠપ... ઠપ... ઠપ... ઠપ..."

૩

જૂન મહિનો અરધો વીતી ગયો ત્યારે સાશાને અચાનક બેહદ કંટાળો ચડી ગયો અને તે મોસ્કો પાછા જવાની વાતો કરવા લાગ્યો.

"આ શહેરમાં હવે રહેવાય એમ નથી," તે ચિડાઈને બોલ્યો. "પાણીના નળ નહિ, ગટરનો બંદોબસ્ત નહિ! રસોડું એટલું ભયંકર ગંદું છે કે મને તો ખાવાનું ગળે નથી ઊતરતું..."

"થોડુંક વધારે રોકાઈ જા, ફક્કડ બેટા," દાદી હળવા અવાજે બોલ્યાં, "લગન સાતમી તારીખનું નક્કી થયું છે."

"ના, હવે નથી રોકાવું."

"પણ તેં તો કહેલું કે સપ્ટેંબર સુધી રોકાવાનો."

"હવે મન નથી. કામ કરવું છે."

ઉનાળો હોવા છતાં ટાઢ હતી અને વરસાદ વરસતો રહેતો, ઝાડવાં પરથી પાણી લગાતાર ટપકતું રહેતું, બગીચો જાણે ગમગીન બની ગયો હતો અને જાકારા દેતો હતો, ચાલ્યા જવાની અને કામ કરવાની ઇચ્છા સાવ સ્વાભાવિક હતી. ઉપર અને નીચે બધા ખંડોમાંથી અપરિચિત સ્ત્રીઓના અવાજ સંભળાતા રહેતા, દાદીના ખંડમાં સીવવાનો સંચો લગાતાર ઘરઘરાટ કરતો રહેતો. લગ્નની તૈયારીઓ જોરશોરથી થઈ રહી હતી. શિયાળાના કોટની એકલાની વાત કરીએ તો નાદ્યાને છ મળવાના હતા, અને દાદી શેખી મારતાં હતાં કે તેમાંથી સસ્તામાં સસ્તો કોટ ત્રણસો રૂબલનો છે. એ બધી ધમાલ જોઈને સાશા ચિડાઈ જતો. તે રીસે ભરાઈને પોતાના ખંડમાં બેઠો રહેતો. પણ સૌએ તેને તાણ કરીને રોકાવા મનાવી લીધો, અને તેણે વચન આપ્યું કે જુલાઈની પહેલી તારીખે જઈશ, તે પહેલાં નહિ.

વખત ઝડપથી વીતવા લાગ્યો. સેંટ પિટર દિનના તહેવારે આન્દ્રેઈ આન્દ્રેઇચ ભોજન પછી નાદ્યાને વળી એક વાર મોસ્કો માર્ગનું ઘર જોવા લઈ ગયો. એ ઘર યુવાન દંપતી માટે કેટલાય વખત પહેલાં ભાડે લઈને સજાવી રાખવામાં આવ્યું હતું. ઘર બે માળનું હતું, પરંતુ હજી માત્ર ઉપલે માળે જ ફર્નિચર ગોઠવવામાં આવ્યું હતું. નૃત્યખંડના ચળકતા ભોંયપટમાં કાષ્ઠની તખતીઓ જેવું ચિતરામણ કરેલું હતું. ખંડમાં વળેલા લાકડાની ખુરશીઓ, સરસ પિયાનો, વાયોલિન

વગાડવા માટે સંગીતરચના મૂકવાની ઘોડી, વગેરે ગોઠવેલું હતું. રંગની ગંધ ફેલાયેલી હતી. સોનેરી ફ્રેમ મઢેલું મોટું તૈલચિત્ર દીવાલે ટાંગેલું હતું. તેમાં નગ્ન નારીની બાજુમાં તૂટેલા હાથાવાળું ફૂલદાન અંકિત હતું.

"સુંદર ચિત્ર છે," આન્દ્રેઈ આન્દ્રેઇચ જાણે અંજાઈ ગયો હોય એવી રીતે ઉચ્છવાસ કાઢતો બોલ્યો. "શીશમાચેવ્સ્કીનું છે."

દીવાનખાનામાં ગોળ ટેબલ, સોફા, અને ચળકતા નીલા રંગનું કાપડ જડેલી આરામખુરશીઓની ગોઠવણી હતી. સોફાની ઉપર દીવાલે ફાધર આન્દ્રેઈની મોટી છબી ટાંગેલી હતી. તેણે પોતાના બધા ચંદ્રકો છાતીએ લટકાવેલા હતા અને વારતહેવારનો ઊંચો ટોપો માથે પહેર્યો હતો. તેઓ ભોજનખંડમાં ગયાં. ત્યાં કબાટ ગોઠવેલું હતું. પછી શયનખંડ. ત્યાં જોડાજોડ ગોઠવેલા બે પલંગ આછા અજવાળામાં નજરે પડતા હતા. શયનખંડમાં ફર્નિચરની સજાવટ કરનારાઓએ પાકે પાયે માની લીધેલું લાગતું હતું કે અહીંયાં જીવન સદા સુખી જ રહેવાનું, એથી ઊલટું બની શકે જ નહિ. આન્દ્રેઈ આન્દ્રેઇચે નાદ્યાને એક પછી એક ખંડમાં ફેરવતી વેળા પોતાનો હાથ તેની કમ્મરેથી ક્યારેય હઠાવ્યો નહિ. નાદ્યાને જાણે નબળાઈ લાગી, અપરાધની લાગણી થઈ. એ બધા ખંડો, પલંગો, અને ખુરશીઓ તરફ તેને નફરત છૂટી રહી હતી અને નગ્ન નારીનું ચિત્ર જોઈને તો તેને ચીતરી ચડી. તેને સાફ સમજાઈ ગયું કે પોતે આન્દ્રેઈ આન્દ્રેઇચને હવે ચાહતી નથી, કદાચ ક્યારેય તેના તરફ પોતાને પ્રેમની લાગણી થઈ જ નથી. પરંતુ તેને ખબર નહોતી પડતી કે એ વાત કહેવી કેવી રીતે, કોને કહેવી, અને કહેવી જ શા માટે. તે રાતદિવસ વિચાર કરતી રહેતી તોયે તેને હજી જરાય ખબર નહોતી પડી... આન્દ્રેઈ

આન્દ્રેઈચે પોતાનો હાથ નાદ્યાની કમ્મરે વીંટાળી રાખ્યો હતો, તે ખૂબ હેતથી અને નમ્રતાથી વાત કરી રહ્યો હતો, પોતાના ઘરમાં ફરતી વેળા બેહદ ખુશી અનુભવી રહ્યો હતો. પરંતુ નાદ્યાને તો બધે અસભ્યતા—મૂઢતાભરી, ભોળપણભરી, અસહ્ય અસભ્યતા—જ દેખાતી હતી, અને પોતાની કમ્મરે વીંટાયેલો હાથ તેને લોખંડના ટાઢાબોળ સખત પટ્ટા જેવો લાગતો હતો. તે જાણે ગમે તે ઘડીએ ભાગી જવા, ધ્રુસ્કાફાટ રડી પડવા, બારીમાંથી કૂદી પડવા તૈયાર થઈ ગઈ હતી. આન્દ્રેઈ આન્દ્રેઇચ તેને બાથરૂમ બતાવવા લઈ ગયો. તેણે નળને હાથ લગાવ્યો કે તરત જ ધોધમાર પાણી વહેવા લાગ્યું.

"જોયું ને?" ક્હેતો તે હસી પડયો. "મેં સો બાલદી પાણી સમાય એવડી ટાંકી મુકાવી છે. બાથરૂમના નળમાં રાતદિવસ પાણી આવતું રહેશે."

તેઓ થોડી વાર આંગણમાં આંટા મારીને બહાર નીકળ્યાં અને ઘોડાગાડીમાં બેસી ગયાં. ધૂળની મોટી મોટી ડમરીઓ ઊડી રહી હતી અને લાગતું હતું કે હમણાં જ વરસાદ તૂટી પડશે.

"ટાઢ વાય છે?" આન્દ્રેઈ આન્દ્રેઇચે ધૂળની સામે આંખો સંકોડતાં પૂછ્યું.

નાદ્યાએ કશો જવાબ ન આપ્યો.

"યાદ છે, કાલે સાશાએ મને કંઈ કામ ન કરવા બદલ વેણ સંભળાવેલાં?" તે જરાક વાર થંભીને પછી બોલ્યો. "એની વાત ખરી હતી. સાવ ખરી વાત. હું કંઈ જ કરતો નથી અને મને કોઈ જાતનું કામ આવડતું જ નથી. એમ કેમ હશે, વહાલી? ટોપીમાં ફૂમતું લગાવીને ઑફિસે જવાના ખ્યાલથી જ મને ચીતરી કેમ ચડતી હશે? કોઈ વકીલને કે લૅટિન ભાષાના શિક્ષકને કે નગર સમિતિના સભ્યને હું મારી નજર સામે સાંખી જ કેમ નથી શકતો? ઓહ!

માતા રશિયા! માતા રશિયા! કેટલા બધા આળસુના પીર અને નકામા જીવ હજી તારી છાતીને ખૂંદી રહ્યા છે! મારા જેવા કેટલા બધા જીવ, અપાર યાતના સહેતી ઓ માતા!"

અને પછી તે ખુદ પોતાના પ્રમાદી જીવનના સંબંધમાં સિદ્ધાંત ઘડી કાઢવા લાગ્યો, તેને જમાનાનું લક્ષણ ગણાવવા લાગ્યો.

"આપણાં લગ્ન થઈ જાય ત્યાર પછી આપણે ગામમાં રહેવા જઈશું, વહાલી," તે આગળ બોલ્યો. "ત્યાં આપણે કામ કરીશું, બગીચો હોય અને ઝરણું વહેતું હોય એવી થોડીક જમીન ખરીદી લઈશું અને મહેનત કરીશું, જિંદગી ખરેખર જીવીશું... આહ! કેવી મઝા પડશે!"

તેણે માથેથી ટોપો ઉતારી નાખ્યો અને તેના કેશ હવામાં ફરફરવા લાગ્યા. નાદ્યા તેની વાતો સાંભળતી સાંભળતી બધો વખત મનમાં વિચારતી રહી: "હે ભગવાન! ઘેર જવું છે! અરે ભગવાન!" તેઓ પાછાં નાદ્યાને ઘેર પહોંચે તેનાથી જરાક પહેલાં ગાડી રસ્તે જતા ફાધર આન્દ્રેઈ પાસેથી પસાર થઈ ગઈ.

"અરે, બાપુ!" આન્દ્રેઈ આન્દ્રેઇચ ખુશ થતો બોલી ઊઠયો. "મને બાપુ બહુ વહાલા છે, ખરેખર," તે ગાડીવાળાને પૈસા ચૂકવતો બોલ્યો. "પ્યારા બુઢ્ઢાબાબા! મઝાના બુઢ્ઢાબાબા!"

નાદ્યા ઘરમાં ગઈ ત્યારે તેના મનમાં કડવાશ ભરાઈ ગઈ હતી અને તેને તબિયત સારી નહોતી લાગતી. તે જરાય ભૂલી જ નહોતી શકતી કે સાંજે લગાતાર મહેમાનો આવતા રહેશે, બધાની આગતાસ્વાગતા કરવી પડશે, મોં મલકાવવું પડશે, વાયોલિન સાંભળવું પડશે, જાતજાતનો બકવાદ સાંભળવો પડશે, અને ખાલી શાદીની જ વાતો કરવી પડશે, બીજી કશી વાતો થશે જ નહિ. રેશમના પોશાકનો ઠાઠમાઠ કરીને સામોવાર પાસે અક્કડ બેઠેલાં દાદી મગરૂર દેખાતાં હતાં. મહેમાનો આવવાના હોય ત્યારે તે હંમેશાં એવો દેખાવ

કરતાં. ફાધર આન્દ્રેઈ ખંધું સ્મિત કરતો ખંડમાં દાખલ થયો.

"તમારી સરસ તંદુરસ્તી જોઈને મનમાં ખુશી અને તાજગીની લાગણી થાય છે," તેણે દાદીને કહ્યું, પરંતુ પારખવું મુશ્કેલ હતું કે તેની વાત ખરા દિલની છે કે ખાલી મશ્કરી છે.

૪

પવન બારીઓના કાચ ઉપર અને છાપરા ઉપર ઝપાટા લગાવી રહ્યો હતો. સુસવાટાના સીટી જેવા અવાજ કાને પડી રહ્યા હતા. ધુમાડિયાનું ભૂત ગમગીન શોકાતુર ગીત ગાઈ રહ્યું હતું. રાતના એક વાગ્યાનો વખત હતો. ઘરમાં સૌ પોતપોતાના બિછાનામાં પડયાં હતાં, પરંતુ નીંદર કોઈને આવી નહોતી. નાદ્યાને લાગતું હતું કે નીચેથી વાયોલિનના સૂર જાણે હજી સંભળાઈ રહ્યા છે. બહાર ક્યાંકથી જોરદાર ધડાકો સંભળાયો. કોઈ આગળી તૂટી ગઈ હશે. એક મિનિટ પછી નીના ઈવાનોવ્ના હાથમાં મીણબત્તી લઈને અંદર આવી. તેણે રાતનાં કપડાં પહેર્યાં હતાં.

"નાદ્યા, અવાજ શેનો થયેલો?" તેણે પૂછ્યું.

નાદ્યાની માએ કેશનો એક જ ચોટલો ગૂંથ્યો હતો. ગાજવીજની રાતે ડરપોક સ્મિત કરતી બાઈ રોજની સરખામણીમાં વધારે ઘરડી, ઓછી રૂપાળી, અને વધારે ઠીંગણી લાગતી હતી. નાદ્યાને યાદ આવ્યું કે પોતે હજી તો થોડાક જ વખત પહેલાં માને કેવી અનોખી સ્ત્રી ગણતી હતી અને તેને હોઠેથી સરતા શબ્દો સાંભળવામાં ગર્વની લાગણી અનુભવતી હતી. પરંતુ હવે તેને એ શબ્દો કોઈ રીતે યાદ જ નહોતા આવતા, જે કોઈ શબ્દો યાદ આવ્યા તે બધા નબળા અને આડંબરી હતા.

ધુમાડિયામાંથી ઘોઘરા સૂર રેલાઈ રહ્યા હતા અને "અરે ભગવાન!" શબ્દો પણ જાણે પારખી શકાતા હતા. નાદ્યા બિછાનામાં બેઠી થઈ ગઈ અને જોર જોરથી પોતાના વાળ ખેંચતી ડૂસકાં ભરવા લાગી.

"મમ્મી! મમ્મી!" તે બોલી ઊઠી. "માડી! તને કેમ ખબર પડે કે મારી ઉપર કેવી કેવી વીતી રહી છે! આજીજી કરું છું, તારે પગે પડું છું, મને ચાલી જવા દે!"

"ક્યાં?" નીના ઈવાનોવ્ના હેરતમાં ગરકાવ થઈને પૂછવા લાગી. તે પલંગની કોર ઉપર બેસી ગઈ. "ક્યાં જવું છે?"

નાદ્યા રડતી રહી, બસ રડતી જ રહી, વધુ એક પણ શબ્દ કહી ન શકી.

"મને આ શહેરમાંથી ચાલી જવા દે!" તે આખરે બોલી. "શાદી થવી જ ન જોઈએ, અને થશે પણ નહિ, બરાબર સમજી લે! એ આદમી મને ગમતો નથી, એની વાત કરવાનું પણ મારે માટે શક્ય જ નથી."

"ના, બેટી વહાલી, ના," નીના ઈવાનોવ્ના એકદમ બોલી ઊઠી. તેના તો જાણે હોસહવાસ જ ઊડી ગયા હતા. "શાંત થઈ જા! તું અકળાઈ ગઈ છે. પણ ઠીક થઈ જશે. આવું ઘણી વાર બનતું હોય છે. કદાચ આન્દ્રેઈ સાથે ઝઘડો થયો હશે, પણ પ્રેમીઓના કજિયા તો આખરે ચૂમીઓમાં જ ડૂબી જાય."

"અહીંથી ચાલી જા, મમ્મી! ચાલી જા!" નાદ્યા ડૂસકાં ભરતી બોલી.

"હા," નીના ઈવાનોવ્ના થોડીક વાર ચુપ રહીને બોલી, "હજી તો થોડાક જ વખત પહેલાં તું નાનકડી બાળકી હતી, અને હવે દુલહન બની ગઈ છો. કુદરતમાં સતત

પરિવર્તન થતું રહે છે. તને ખબરેય પડે તે પહેલાં તું મા બની જવાની, અને પછી ડોશી, મારી દીકરીની જેમ જ પરેશાનીઓ ઊભી કરતી દીકરીની મા."

"મારી મીઠી ને મઝાની માડી, તું બહુ ભલી છો ને ચતુર છો, અને તું દુ:ખી છો," નાદ્યા બોલી. "તું ખરેખર બહુ જ દુ:ખી છો. પણ આવી સાવ ચવાઈ ગયેલી વાતો કેમ કરે છે? કેમ? ભગવાનને ખાતર મને કહે તો ખરી કે કેમ?"

નીના ઈવાનોવ્નાએ બોલવાની કોશિશ કરી, પરંતુ તેનાથી બોલાયું નહિ, તે ડૂસકાં ભરવા લાગી અને પાછી પોતાના ખંડમાં ચાલી ગઈ. ધુમાડિયામાંથી ફરી પાછા ઘોઘરા અવાજ સંભળાવા લાગ્યા. નાદ્યાને એકાએક દહેશત લાગી ગઈ. તે બિછાનામાંથી ઠેકડો મારતી દોડી અને માના ખંડમાં પહોંચી ગઈ. નીના ઈવાનોવ્નાની આંખો રડી રડીને સૂજી ગઈ હતી. તે નીલો ધાબળો ઓઢીને બિછાનામાં પડી હતી. તેના હાથમાં પુસ્તક હતું.

"મમ્મી, માની જા ને મારી વાત," નાદ્યા વિનવણી કરતી બોલી. "વિચાર કર, સમજવાની કોશિશ કર, હું તને આજીજી કરું છું! થોડોક તો ખ્યાલ કર કે આપણી જિંદગી કેટલી છીછરી અને હીણપતભરી છે! મારી આંખો ઊઘડી ગઈ છે. હવે મને બધું બરાબર સમજાઈ ગયું છે. અને તારો આન્દ્રેઈ આન્દ્રેઈચ કેવો છે? અરે, એનામાં તો જરાય અક્કલ છે જ નહિ, મમ્મી. હે ભગવાન! હે ભગવાન! મમ્મી, જરાક વિચાર કર, એ તો મૂઢ છે મૂઢ!"

નીના ઈવાનોવ્ના આંચકો ખાતી બેઠી થઈ ગઈ.

"તું ને તારી દાદી મારું લોહી પી રહ્યાં છો," તે

ડૂસકું ભરતી બોલી. "મારે જિંદગી જીવવી છે, જીવવી છે," તે છાતી કૂટતી દોહરાવવા લાગી. "મને છૂટી કરી દો! હજી તો હું જુવાન છું, મારે જિંદગી જીવવી છે, તમે મને ડોસલી બનાવી દીધી છે!.."

તેણે કાળું કલ્પાંત કરતાં કરતાં બિછાનામાં લંબાવીને ધાબળો ઓઢી લીધો. તે સાવ વામણી, દયાજનક, બુઢ્ઢુ દેખાતી હતી. નાદ્યા પાછી પોતાના ખંડમાં ચાલી ગઈ અને કપડાં પહેરીને બારી પાસે બેઠી બેઠી સવાર પડવાની વાટ જોવા લાગી. તે વિચારમાં ગરકાવ થઈને આખી રાત બેઠી રહી. બહાર કોઈ જાણે બારણાં ખખડાવી રહ્યું હતું અને સીટી વગાડી રહ્યું હતું.

સવારે દાદી કકળાટ કરવા લાગ્યાં કે પવનથી બધાં સફરજન ઝાડવાં ઉપરથી ખરી પડયાં છે અને એક પુરાણા ફળઝાડનું થડ ફાટી ગયું છે. વાતાવરણ ઘેરું, અંધારિયું, ગમગીન હતું, સવારથી જ બત્તી પેટાવી દેવાનું મન થાય એવું હતું. સૌ ટાઢની ફરિયાદ કરી રહ્યાં હતાં, બારીઓના કાચ ઉપર વરસાદનાં ફોરાં ટપટપ કરી રહ્યાં હતાં. નાસ્તો કરી લીધા પછી નાદ્યા સાશાના ખંડમાં ગઈ અને કશું જ બોલ્યા વગર ખૂણામાં ખુરશી પાસે ગોઠણભેર બેસી જઈને તેણે પોતાનો ચહેરો હાથ વડે ઢાંકી દીધો.

"આ શું?" સાશાએ સવાલ કર્યો.

"મારાથી સહન નથી થતું..." નાદ્યા બોલી ઊઠી, "મને તો સમજાતું જ નથી કે હું અત્યાર સુધી અહીંયાં રહી જ કેવી રીતે શકી! મને તો જેની સાથે પરણવાનું છે એને જોતાં જ નફરત થાય છે, મારી પોતાની ઉપર નફરત થાય છે, આવી આળસુની ખાલીખમ જિંદગી ઉપર નફરત થાય છે..."

"અરે, અરે..." સાશા વચમાં બોલી ઊઠયો. તેને હજી ખ્યાલ જ નહોતો આવ્યો કે નાદ્યા શાની વાત કરી રહી છે. "ઠીક છે, ઠીક છે, બધું ઠીક છે..."

"આવી જિંદગી ઉપર મને ધિક્કાર છૂટે છે," નાદ્યા આગળ બોલી. "હવે મારાથી એક દિવસ પણ અહીંયાં રહેવાય એમ નથી! હું કાલે જ ચાલી જઈશ. મને તમારા ભેગી લઈ જાઓ, ભગવાનને ખાતર!"

સાશા વિસ્મયમાં ગરકાવ થઈને એક પળ તેને તાકી રહ્યો. આખરે તેને સમજણ પડી. તે નાના બાળકની જેમ ખુશખુશાલ થઈ ગયો અને જાણે આનંદના ઉન્માદમાં નાચ કરતો હોય એવી રીતે ઢીલા ચંપલના તાલ દેતો ડોલવા લાગ્યો.

"બહુ સરસ!" તે હથેળીમાં હથેળી મસળતો બોલ્યો. "પ્રભુ! પ્રભુ! કેવી મઝાની વાત!"

નાદ્યા હેત છલકાવતી વિસ્ફારિત આંખો વડે એકીટસે તેને તાકી રહી, જાણે કેમ મુગ્ધ બની ગઈ હોય, તેની પાસેથી કશુંક મર્મસભર, કશુંક અપાર મહત્ત્વનું, તત્કાળ સાંભળવાની વાટ જોતી હોય. સાશા હજુ કંઈ બોલ્યો નહોતો, પરંતુ નાદ્યાને લાગ્યું કે પોતાની નજર સામે કશાક નૂતન અને અફાટના, પોતે અગાઉ કદી ન જાણેલા એવા કશાકના, દરવાજા ખૂલી રહ્યા છે. તે ગમે તેવી શક્યતા માટે, ખુદ મોત માટે પણ, તૈયાર બનીને અપેક્ષાથી ઊભરાતી નજરે સાશાને નીરખતી રહી.

"હું કાલે જવાનો છું," થોડીક વાર પછી સાશા બોલ્યો. "તમે મને વળાવવા સ્ટેશને આવજો. તમારી બધી ચીજો હું મારી પેટીમાં મૂકી દઈશ, અને તમારી ટિકિટ પણ ખરીદી લઈશ. ત્રીજી ઘંટડી વાગે એટલે તમે ગાડીમાં ચડી જજો અને

આપણે રવાના થઈ જઈશું. મોસ્કો સુધી ભેગાં જઈશું, પછી તમે એકલાં પિટર્સબર્ગ જજો. પાસપોર્ટ છે ને?"

"હા."

"તમને કદી અફસોસ નહિ થાય, કદી પસ્તાવો નહિ થાય, એની તો મને ખાતરી છે," સાશા ઉત્સાહથી બોલ્યો. "તમે અહીંથી નીકળી જાઓ અને અભ્યાસ કરો, પછી રફતે રફતે બધું થાળે પડી જશે. તમારી જિંદગીને એક વાર ખળભળાવી નાખશો એટલે બધું પલટાઈ જશે. મોટી વાત તો જિંદગીને એક વાર ખળભળાવી નાખવાની છે, બીજી કોઈ વાતનું કશું જ મહત્ત્વ નથી. તો કાલે નીકળી જવું છે ને?"

"હા, હા! ઈશ્વર દયા કરે!"

નાદ્યાને લાગેલું કે પોતે બેહદ ઉત્તેજિત થઈ ગઈ છે અને પોતાનું દિલ અગાઉ ક્યારેય નહોતું થયું એટલું ભારે થઈ ગયું છે. તેને પાકી ખાતરી લાગેલી કે હવે રવાનગીની વેળા આવી છે ત્યારે પોતાને દુ:ખ થશે, વેદનામય વિચારો અંતરને કોરી ખાશે. પરંતુ તે ઉપર પોતાના ખંડમાં જઈને બિછાનામાં પડી કે તરત જ ઘસઘસાટ ઊંઘી ગઈ અને છેક સાંજ સુધી ગાઢ નીંદરમાં સૂતી રહી. તેના મોં પર આંસુના ડાઘ હતા અને હોઠ પર મલકાટ રમી રહ્યો હતો.

•

૫

માણસ ઘોડાગાડી લઈ આવવા નીકળી ગયો હતો. નાદ્યા હૅટ અને કોટ પહેરીને છેલ્લી વાર માને જોઈ લેવા અને લાંબા સમયથી જે બધું પોતાનું હતું તેને નીરખી લેવા ઉપર ગઈ. તે પોતાના ખંડમાં બિછાના પાસે થોડીક વાર

ઊભી રહી. બિછાનું હજી હૂંફાળું હતું. પછી તે હળવે પગલે માના ખંડમાં ગઈ. નીના ઈવાનોવ્ના નીંદરમાં ડૂબેલી હતી. ખંડમાં સાવ નીરવતા છવાયેલી હતી. માને બચી ભરીને અને તેના કેશની લટો સરખી કરીને નાદ્યા એકબે મિનિટ ઊભી રહી... પછી તે ધીરે ધીરે નીચે ચાલી ગઈ.

વરસાદ ધોધમાર વરસી રહ્યો હતો. વરસાદમાં તરબોળ અને ચોતરફથી પાણીની ધારાઓ વહાવતી ઘોડાગાડી આંગણમાં ઊભી હતી. તેની છત્રી ખોલી નાખવામાં આવી હતી.

"નાદ્યા, ગાડીમાં તારે બેસવાની જગ્યા જ નથી," નોકર સામાન ગાડીમાં ગોઠવી રહ્યો હતો ત્યારે દાદી બોલ્યાં. "આવા વરસાદમાં તને સ્ટેશને જવાનું ક્યાંથી સૂઝ્યું! ઘરની બહાર ન નીકળો તો સારું. જો તો ખરી, કેવો વરસાદ છે!"

નાદ્યાએ કંઈક કહેવાની કોશિશ કરી પરંતુ તે બોલી ન શકી. સાશાએ તેને મદદ કરીને ઘોડાગાડીમાં બેસાડી દીધી અને તેના ગોઠણ ઉપર ધાબળો ઓઢાડી દીધો. પછી તે પણ બાજુમાં બેસી ગયો.

"આવજે! ઈશ્વર તને સુખી રાખે!" દાદી આંગણમાંથી સાદ પાડીને બોલ્યાં. "મોસ્કો પહોંચીને કાગળ જરૂર લખજે, સાશા!"

"લખીશ. આવજો, મોટીબા!"

"સ્વર્ગની રાણી તારી રખેવાળી કરે!"

"અરે, કેવો ભયંકર વરસાદ!" સાશા બોલ્યો.

આખરે છેક એ વખતે નાદ્યા રડવા લાગી. તેને પૂરું ભાન તો હવે જ થયું કે પોતે ઘર છોડીને જઈ રહી છે. અત્યાર સુધી, દાદીને આવજો કહેતી વેળા પણ, અને માની પાસે ઊભી રહેલી ત્યારે પણ, તેને એ બાબતનો પૂરો ખ્યાલ નહોતો આવ્યો. વિદાય, શહેર! બધી યાદો એકદમ તેના

માનસપટમાં ધસી આવી—આન્દ્રેઈ, તેના બાપુ, નવું ઘર, નગ્ન નારી અને ફૂલદાનનું ચિત્ર. પરંતુ એ બધું હવે તેને બિવડાવી નહોતું શકતું કે તેના દિલમાં ભાર નહોતું બની રહેતું, એ બધું હવે તો જાણે નિરર્થક અને નજીવું બની ગયું હતું અને અતીતમાં વધારે ને વધારે દૂર સરકી રહ્યું હતું. તેઓ સ્ટેશને પહોંચ્યાં, ગાડીના ડબ્બામાં બેસી ગયાં, અને ગાડી ચાલવા લાગી ત્યારે એ બહોળો અને મહત્ત્વનો સમગ્ર ભૂતકાળ જાણે સુકાઈને નાનકડી ગાંઠ જેવો બની ગયો, અને હજી માંડ પારખી શકાય એવું અસીમ ભાવિ તેની સામે ખૂલી ગયું. વરસાદનાં ફોરાં બારીઓ પર ટપટપ કરી રહ્યાં હતાં, હરિયાળાં ખેતરો સિવાય બીજું કંઈ નજરે પડતું નહોતું, તારના થાંભલા એક પછી ઝબકી રહ્યા હતા, તારનાં દોરડાં પર પંખીઓ બેઠાં હતાં, અને નાદ્યાનું ગળું ખુશીથી લગભગ રૂંધાઈ ગયું. તેને યાદ આવ્યું કે પોતે આઝાદીની દુનિયામાં જઈ રહી છે, અભ્યાસ કરવા જઈ રહી છે, પુરાણા જમાનામાં જેને કઝ્ઝાકો પાસે ભાગી જવાનું કૃત્ય ગણાવવામાં આવતું હતું એવું કદમ ઉઠાવી રહી છે. તે હસતી રહી, રડતી રહી, પ્રાર્થના કરતી રહી.

"ઠીક છે, ઠીક છે," સાશા મોકળું સ્મિત કરતો બોલ્યો, "બધું ઠીક છે!"

૬

શરદ વીતી ગઈ, અને પછી શિયાળો પણ વીતી ગયો. નાદ્યાને હવે ઘર બહુ યાદ આવતું હતું, મા અને મોટીબા રોજ યાદ આવતાં હતાં. તેને સાશા પણ યાદ આવતો રહેતો. ઘેરથી પત્રો આવતા, જે બની ગયેલું તેને સ્વીકારી લેતા

અને મમતા નીતરતા પત્રો, જાણે બધું માફ કરી દેવામાં આવ્યું હતું, ભૂલી જવામાં આવ્યું હતું. મે માસની પરીક્ષાઓ સફળતાથી પૂરી કરીને તે ઘર તરફ રવાના થઈ ગઈ. તેની તબિયત સારી હતી અને મનમાં ખુશી છલકાઈ રહી હતી. તે રસ્તામાં મોસ્કો ઊતરીને સાશાને મળવા ગઈ. સાશા એક વરસ પહેલાં જોયેલો એવો જ હતો — દાઢીવાળો, ઝીંથરિયો, એ જ જૂની ઢબનો લાંબો કોટ અને કૅન્વાસનું પાટલૂન, આંખો કાયમ જેવી જ મોટી અને રૂપાળી. પરંતુ તે માંદો અને ફિકરમાં લાગતો હતો, વધારે ઘરડો ને દૂબળો થઈ ગયો હતો, અને લગાતાર ઉધરસ ખાતો રહેતો. નાદ્યાને તે મેલોઘેલો અને ગામડિયા જેવો લાગ્યો.

"અરે, નાદ્યા!" તે ખુશ થઈને હસતો હસતો બોલી ઊઠયો. "મીઠાં બેનબાઈ! વહાલુડાં!"

તેઓ છાપખાનામાં તમાકુના ધુમાડાના ગોટાઓ અને રંગ તથા શાહીની ગૂંગળાવી નાખતી ગંધના વાતાવરણમાં બેસીને વાતો કરવા લાગ્યાં. પછી તેઓ સાશાને ઘેર ગયાં. ત્યાં પણ ધુમાડાની ગંધ ફેલાયેલી હતી અને ચોમેર કચરોપૂંજો તથા ગંદવાડ પથરાયેલો હતો. ટેબલ પર ટાઢા સામોવારની બાજુમાં તૂટેલી પ્લેટ ઉપર ઘેરા રંગનો કાગળ ઢાંકેલો હતો. ભોંયપટ ઉપર તેમ જ ટેબલ ઉપર ઠેરઠેર મરેલી માખીઓ પડી હતી. સાફ વરતાઈ આવતું હતું કે સાશા અંગત જિંદગીની બાબતમાં તદ્દન લાપરવા છે, સતત અવ્યવસ્થાની હાલતમાં રહે છે, અને સુખસગવડને જાણે નફરતની નજરે જુએ છે. કોઈએ તેની જોડે તેના વ્યકિતગત સુખ અને અંગત જિંદગીની વાત કરી હોત, તેને કોઈનાં હેતપ્રેમ મળે છે કે નહિ એવો સવાલ પૂછયો હોત, તો તેને મતલબ જ ન સમજાયો હોત અને તે ખાલી હસી પડયો હોત.

"બધું બરાબર થાળે પડી ગયું છે," નાદ્યા ઉતાવળમાં બોલી. "મા મને મળવા શરદમાં પિટર્સબર્ગ આવેલી. એણે કહ્યું કે દાદી ખીજે નથી ભરાયાં, વારંવાર મારા ખંડમાં જાય છે અને દીવાલો પર કૉસની નિશાની કરે છે."

સાશા ખુશ દેખાતો હતો પરંતુ ઉધરસ ખાતો રહેતો અને જાણે ભાંગેલા અવાજે બોલતો. નાદ્યા તેને જોતી રહી અને મનમાં વિચારતી રહી કે સાશા ખરેખર સખત માંદો હશે કે પછી એવો ખાલી તુક્કો પોતાના મગજમાં ઠસી ગયો છે.

"સાશા! સાશા!" તે બોલી. "તમે માંદા છો!"

"ના, ના, ઠીક છે. તબિયત જરાક મોળી છે, એટલું જ, ખાસ કંઈ નથી..."

"હે ભગવાન!" નાદ્યા ઉત્તેજિત અવાજે બોલી. "તમે ડૉકટર પાસે કેમ નથી જતા? તમારી તબિયતની કાળજી કેમ નથી રાખતા? મારા સાશા! વહાલા સાશા!" તે ગણગણતી રહી, તેની આંખોમાં આંસુ છલકાવા લાગ્યાં, અને કોણ જાણે કેમ પણ આન્દ્રેઈ આન્દ્રેઇચ, નગ્ન નારી તથા ફૂલદાનનું ચિત્ર, અને હવે તો છેક બાળપણની વાત લાગે એટલો દૂર સરકી ગયેલો આખો ભૂતકાળ તેની નજર સામે ખડો થઈ ગયો. તે રડી પડી કારણ કે હવે સાશા તેને એક વરસ પહેલાં લાગેલો એવો અનોખો, બુદ્ધિશાળી, દિલચસ્પ નહોતો લાગતો. "વહાલા સાશા, તમે બહુ જ બહુ જ માંદા છો. તમે આટલા ફિક્કા અને દૂબળા ન રહો એને ખાતર હું શું ન આપું એની મને ખબર નથી! મારી ઉપર તમારું ભારે મોટું અહેસાન છે. સાશા વહાલા, તમે મારે માટે કેટલું બધું કર્યું છે એનો તમને ખ્યાલ જ નહિ આવે! મારી જિંદગીમાં હવે તમે જ સૌથી નજીકના અને સૌથી વહાલા ઇન્સાન છો!"

તેઓ બેઠાં બેઠાં વાતો કરતાં રહ્યાં. શિયાળો પિટર્સબર્ગમાં ગાળ્યા પછી હવે નાદ્યાને સાશાની દરેક વાતમાં, તેના સ્મિતમાં, તેની સમગ્ર હસ્તીમાં કશુંક કાલગ્રસ્ત, જૂની ઢબનું, ખતમ થઈ ગયેલું, કદાચ અરધું કબરમાં પહોંચી ગયેલું વરતાઈ રહ્યું હતું.

"હું પરમ દિવસે વોલ્ગાની સહેલ કરવા નીકળવાનો છું," સાશાએ કહ્યું, "અને પછી કુમિસ. કુમિસ પીવાનું મન છે. મારો એક દોસ્ત અને એની પત્ની ભેગાં આવવાનાં છે. પત્ની અદ્‌ભુત બાઈ છે. હું એને સમજાવતો રહું છું કે જઈને અભ્યાસ કર. મારી મુરાદ એવી છે કે એ પોતાની જિંદગીને ખળભળાવી નાખે."

ખૂબ ખૂબ વાતો કરી લીધા પછી તેઓ સ્ટેશને ગયાં. સાશાએ તેને ચા પિવડાવી અને સફરજન ખરીદી આપ્યાં. ગાડી ચાલવા લાગી અને સાશા ઊભો ઊભો મોં મલકાવતો રૂમાલ હલાવી રહ્યો હતો ત્યારે તેના પગ જોઈને નાદ્યાને ખ્યાલ આવ્યો કે સાશા સખત માંદો છે અને હવે ઝાઝું નહિ જીવે.

નાદ્યા વતનના શહેરમાં પહોંચી ત્યારે બપોરની વેળા હતી. સ્ટેશનથી ઘેર જતાં તેને રસ્તા બહુ પહોળા અને મકાન સાવ નાનાં તથા ચપટાં લાગ્યાં. રાહદારીઓ લગભગ હતા જ નહિ. રસ્તે તેને એક જ માણસ જોવા મળ્યો—પિયાનોના સ્વર મેળવવાનું કામ કરતો બદામી ઓવરકોટવાળો જર્મન. મકાનોની ઉપર ધૂળ છવાઈ ગયેલી હોય એમ લાગતું હતું. હવે ખરેખર જિંદગીને છેડે પહોંચી ગયેલાં અને કાયમ જેવાં જ તગડાં ને બદશકલ દાદી નાદ્યાને ભેટી પડયાં અને કેટલીય વાર સુધી રડતાં રહ્યાં. તે જાણે નાદ્યાથી કોઈ રીતે અળગાં થઈ જ ન શકતાં હોય એમ તેમણે પોતાનું મોં નાદ્યાના ખભા ઉપર દબાવી રાખ્યું. નીના ઈવાનોવ્ના પણ ઘરડી થઈ ગયેલી લાગતી હતી, સાવ કદરૂપી બની ગઈ હતી,

જાણે સંકોડાઈ ગઈ હતી, પરંતુ તેણે કાયમ જેવો જ તંગ પોશાક પહેર્યો હતો અને હજી તેની આંગળીઓ પર હીરા ઝગારા મારી રહ્યા હતા.

"પ્યારી બેટી!" તે બોલી. તેની આખી કાયા ધ્રૂજી રહી હતી. "મારી પ્યારી બેટી!"

પછી તેઓ બેઠાં અને મૂંગાં મૂંગાં રડવા લાગ્યાં. સાફ વરતાઈ આવતું હતું કે ભૂતકાળ કાયમને માટે વિલીન થઈ ગયો હોવાની વાત દાદીને તેમ જ માને બરાબર સમજાઈ ગઈ છે. તેમનું સામાજિક સ્થાન, તેમનો અગાઉનો મોભો, ઘેર મહેમાનોને આમંત્રવાનો તેમનો અધિકાર-- બધું ખતમ થઈ ગયું હતું. લોકો મઝાની ચિંતારહિત જિંદગી માણતા હોય એટલામાં રાતે પોલીસ આવી પહોંચે અને ઘરની તલાશી લે, જાહેર થઈ જાય કે ઘરના માલિકે ઉચાપત કરી છે અથવા બનાવટી કાગળો ઘડી કાઢીને ચોરી કરી છે, અને પછી મઝાની નચિંત જિંદગીને કાયમને માટે સલામ કરી દેવી પડે ત્યારે લોકોને જેવી લાગણી થાય એવી લાગણી તેમને થઈ રહી હતી.

નાદ્યા ઉપર ગઈ. તેણે એ જ પુરાણા બિછાના ઉપર અને અગાઉની જેમ જ સફેદ પડદા વડે સજાવેલી બારી ઉપર નજર ફેરવી. બારીમાંથી બગીચાનો અગાઉ જેવો જ દેખાવ નજરે પડતો હતો. ચોમેર સૂર્યપ્રકાશ પથરાયેલો હતો, વાતાવરણ ઉલ્લાસમય હતું, ધબકતા જીવનનો શોર ફેલાયેલો હતો. તે ટેબલને સ્પર્શ કરીને બેસી ગઈ અને વિચારોમાં ગૂંથાઈ ગઈ. તે સરસ મઝાનું જમી, પછી તેણે ગાઢી મલાઈવાળી લહેજતદાર ચા પીધી, પરંતુ કશીક ખોટ વરતાતી હતી, ખંડોમાં જાણે શૂન્યતાના ભણકારા વાગી રહ્યા હતા, છત બહુ નીચી લાગતી હતી. તેણે રાતે બિછાનામાં લંબાવીને ધાબળો ઓઢી લીધો ત્યારે એ હૂંફાળા અને વધારે પડતા

સુંવાળા બિછાનામાં સૂવાની બાબતમાં તેને કશુંક હાસ્યાસ્પદ લાગ્યું.

નીના ઈવાનોવ્ના થોડી વાર અંદર આવી અને અપરાધી જેવી છાની ભયભીત નજરો આમતેમ નાખતી તેની પાસે બેઠી.

"તો કેમ છે, નાદ્યા?" તેણે પૂછ્યું. "હવે તું સુખી છો? ખરેખર સુખી?"

"હા, મમ્મી."

નીના ઈવાનોવ્ના ઊભી થઈ ગઈ અને તેણે નાદ્યાની ઉપર તેમ જ બારી તરફ ક્રૉસની નિશાની કરી.

"જો ને, હું તો હવે ધર્મમાં માનવા લાગી છું," તે બોલી. "ફિલસૂફીનો અભ્યાસ કરું છું અને સતત વિચારતી રહું છું, વિચારતી રહું છું... અને ઘણી બાબતો હવે મને દીવા જેવી સાફ સમજાય છે. મને લાગે છે કે સૌથી મહત્ત્વની વાત તો સપ્તરંગી જીવનની આરપાર તથ્ય જોવાની છે."

"મમ્મી, દાદીની તબિયત કેવી રહે છે?"

"ઠીક જ લાગે છે. તું સાશા ભેગી ચાલી ગઈ અને દાદીએ તારો તાર વાંચ્યો કે તરત જ ત્યાં ને ત્યાં ઢગલો થઈ ગયાં. ત્રણ દિવસ જરાય હલચલ વગર પથારીમાં પડી રહ્યાં. પછી તો બસ પ્રાર્થના કરતાં રહે ને રડતાં રહે. પણ હવે ઠીક છે."

તે ઊભી થઈ ગઈ અને ખંડમાં આંટા મારવા લાગી.

"ઠપ... ઠપ..." ચોકીદારના ઠપકારા કાને પડયા, "ઠપ... ઠપ..."

"મોટી વાત તો જીવનના સપ્તરંગની આરપાર નીરખવાની છે," તે બોલી. "બીજા શબ્દોમાં કહીએ તો આપણે આપણી આંતરચેતનામાં જીવનને સાવ સાદાં તત્ત્વોમાં વિભાજિત કરી નાખવું જોઈએ, સમજો કે સાત મૂળ રંગોમાં

વિભાજિત કરી નાખવું જોઈએ, અને દરેક તત્ત્વનું અલગ અલગ પરીક્ષણ કરવું જોઈએ."

નીના ઈવાનોવ્ના આગળ શું બોલી, અને ક્યારે ચાલી ગઈ, તેની નાદ્યાને ખબર જ ન પડી કારણ કે તેને થોડી વારમાં જ નીંદર આવી ગઈ.

મે માસ વીતી ગયો અને જૂન મહિનો આવ્યો. નાદ્યા ઘરની જિંદગીથી ફરી ટેવાઈ ગઈ હતી. દાદી સામોવર પાસે બેસીને ચા રેડતાં અને ઊંડા નિસાસા નાખતાં. નીના ઈવાનોવ્ના સાંજે ફિલસૂફીની વાતો કરતી. તેની જિંદગી હજી આશ્રિત જેવી જ હતી અને તેને થોડાક કોપેકની જરૂર પડે તોયે દાદી પાસેથી માગવા પડતા. ઘરમાં પાર વગરની માખીઓ ઊડતી રહેતી અને છત જાણે રોજ વધારે નીચી બની રહી હોય એમ લાગતું. કદાચ ફાધર આન્દ્રેઈ કે આન્દ્રેઈ આન્દ્રેઇચ મળી જાય એવી બીકે મોટીબા અને નીના ઈવાનોવ્ના બહાર જ નહોતાં નીકળતાં. નાદ્યા બગીચામાં તથા રસ્તે ફરવા નીકળતી અને મકાનો તથા બેરંગ વાડવંડીઓ ઉપર નજર ફેરવતી. તેને લાગતું કે શહેર જાણે લાંબા વખતથી ઘડપણના શ્વાસ લઈ રહ્યું છે, તેનો જમાનો વીતી ચૂક્યો છે, અને હવે તે કાં તો ખાતમાની અથવા તાજગી અને ચેતનથી છલકાતા કશાકના આરંભની વાટ જોઈ રહ્યું છે. અરે, એવા નૂતન નિર્મળ જીવનનો આરંભ થાય કે જેમાં માનવી સીધાં આગેકદમ ભરી શકે, પોતાના ભવિતવ્યની સામે હિંમતથી મીટ માંડી શકે, પોતાનું કદમ ખરું હોવાનો આત્મવિશ્વાસ અનુભવી શકે, ઉલ્લાસ અને આઝાદી માણી શકે! એવું જીવન વહેલું કે મોડું ચોક્કસ આવવાનું જ છે. એવો વખત જરૂર આવશે જ કે જ્યારે દાદીના ઘરનું, જેમાં ચાર ચાર નોકરોને એક જ ઓરડીમાં કે ભંડકિયામાં ચોમેર ગંદવાડની

હાલતમાં જિંદગી ગુજારવી પડતી હોય એવા ઘરનું, નામનિશાન પણ બાકી નહિ રહે; હા, એવો વખત જરૂર આવશે જ કે જ્યારે આવું ઘર સાવ ભુલાઈ ગયું હશે, તેને યાદ કરનારું કોઈ બાકી નહિ રહ્યું હોય. નાદ્યાને માત્ર એક જ બાબત પરેશાન કરતી—તે બગીચામાં ફરતી હોય ત્યારે બાજુના ઘરના આંગણમાં રમતા નાનકડા છોકરાઓ વાડ ઉપર ઠપકારા કરીને તેની સામે હસતા અને ઘાંટા પાડતા: "દુલહન! દુલહન!"

સારાતોવથી સાશાનો પત્ર આવ્યો. તેણે ઉતાવળિયા વાંકાચૂકા અક્ષરોમાં લખ્યું હતું કે વોલ્ગાની સહેલમાં બહુ મઝા પડી, પણ પોતે સારાતોવમાં જરાક માંદો પડી ગયો, અવાજ સાવ બેસી ગયો, અને છેલ્લા પંદર દિવસથી હૉસ્પિટલમાં છે. નાદ્યા મતલબ બરાબર સમજી ગઈ, અને તેને અમંગળનો લગભગ ખાતરી જેવો અણસારો આવી ગયો. પરંતુ અમંગળના અણસારાથી અને સાશાના ખ્યાલથી પોતાના દિલમાં અગાઉ જેવા લાગણીના ઉછાળા ન ઊઠયા એટલે તેને અકળામણ થઈ. તે જિંદગી જીવી લેવાનો તલસાટ અનુભવી રહી હતી, તેને પિટર્સબર્ગમાં રહેવાનો ઉમંગ હતો, અને સાશા જોડેની મિત્રતા તો હવે જાણે અતીતની બાબત લાગતી હતી, તેની યાદ પ્યારી હોવા છતાં જાણે ભૂતકાળમાં ખૂબ દૂર સરકી ગયેલી હતી. તેને આખી રાત નીંદર ન આવી. સવારે ઊઠીને તે બારી પાસે જાણે કશુંક સાંભળવાની અપેક્ષાથી બેઠી. અને ખરેખર નીચેથી અવાજ કાને પડયા. દાદી ઉતાવળા ને ચિંતાતુર અવાજે કંઈક પૂછી રહ્યાં હતાં. પછી કોઈ રડવા લાગ્યું... નાદ્યા નીચે ગઈ ત્યારે દાદી ખૂણામાં ઊભાં ઊભાં પ્રાર્થના કરી રહ્યાં હતાં અને તેમનો ચહેરો આંસુથી ખરડાયેલો હતો. ટેબલ પર તાર પડયો હતો.

નાદ્યા તાર હાથમાં લઈને વાંચતાં પહેલાં કેટલીય વાર સુધી ખંડમાં આંટા મારતી રહી અને દાદીને રડતાં સાંભળતી રહી. તારમાં ખબર હતી કે ગઈકાલે સારાતોવમાં આલેક્સાન્દર તિમોફેઇચનું, ટૂંકા નામે સાશાનું, ક્ષયના રોગથી અવસાન થયું છે.

પરલોક સિધાવેલા સ્વજનના આત્માની શાંતિ માટે પ્રાર્થનાની વ્યવસ્થા કરવા દાદી અને નીના ઇવાનોવ્ના દેવળે ગયાં. નાદ્યા વિચારમાં ગરકાવ થઈને એક પછી એક ખંડમાં આંટા મારતી રહી. તેને સાફ સમજાઈ ગયું કે પોતાની જિંદગી સાશાના મનની મુરાદ મુજબ ખળભળી ગઈ છે, અહીંયાં પોતે એકલતામાં અટવાઈ ગયેલી છે, પરાઈ છે, બિનજરૂરી છે, અને પોતાને અહીંયાં કશી વાતનો મોહ રહ્યો નથી, ભૂતકાળ જાણે તૂટીને અળગો થઈ ગયો છે, અદૃશ્ય થઈ ગયો છે, અગ્નિમાં ભસ્મ થઈ ગયો છે અને તેની રાખ પવનમાં ઊડી ગઈ છે. તે સાશાના ખંડમાં જઈને ઊભી રહી.

"ચિરવિદાય, પ્યારા સાશા," તે બોલી. નૂતન, મોકળું, અસીમ જીવન તેની સામે ફેલાયેલું હતું, અને એ જીવન હજુ અસ્પષ્ટ તથા રહસ્યમય હોવા છતાં તેને સાદ પાડી રહ્યું હતું, આગળ ધપાવી રહ્યું હતું.

તે સામાન બાંધવા ઉપર ગઈ, અને બીજે દિવસે સવારે કુટુંબની આખરી વિદાય લઈને શહેરમાંથી રવાના થઈ ગઈ. તેના મનમાં ખુશી અને ઉત્સાહ ઉછાળા મારી રહ્યાં હતાં, અને તેને ખાતરી હતી કે પોતે હવે કદી પણ અહીંયાં પાછી નહિ આવે.

•

૧૯૦૩

